પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ વિશેષાંક

# સ્વામિનારાયણ પ્રકાશ

ફેબ્રુઆરી-માર્ચ, ૨૦૨૩
(સંયુક્ત અંક)
વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-



પ્રાણપ્યારા ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે તેમના
શતાબ્દી મહોત્સવની શાનદાર ભક્તિ-અંજલિ અર્પી મહંત સ્વામી મહારાજે



**પ્રમુખસ્વામી મહારાજના આરાધ્ય ઈષ્ટદેવ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ**
શતાબ્દી મહોત્સવમાં અક્ષરધામ મંદિરમાં શ્રીહરિ તેમના અનન્ય સેવક અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે



**ભગવાન શ્રી સ્વામિનારાયણની અનુગામી ગુણાતીત ગુરુપરંપરાની વિરલ આધ્યાત્મિક ત્રિવેણી !**

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ (જમણે), બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ (ડાબે), બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ (વચ્ચે)

છબિઃ વેંગાર્ડ સ્ટુડિયો, મુંબઈ, સન ૧૯૪૫

પ્રમુખસ્વામી મહારાજ અસલી સાધુ હતા.
તેઓ અનાદિ કાળથી સિદ્ધ પુરુષ હતા.
તેમને ભગવાનનો અખંડ અને અનાદિ સંબંધ હતો.
તેઓનું હૃદય નિર્મળ, પવિત્ર, શુદ્ધ હતું.
તેઓએ સાચા હૃદયથી ભીડો વેઠીને બધાની સેવા કરી હતી.
ભવિષ્યની પેઢી માટે એ દંતકથા બની રહેશે.
તેઓ ધીર, ગંભીર, સૌમ્ય અને આનંદમય હતા.
તેઓ પરોપકારી હતા. તેઓની ઇષ્ટદેવ પ્રત્યેની તેમજ
ગુરુ પ્રત્યેની ભક્તિ અનન્ય હતી. તેઓ દાસભાવે, સેવકભાવે તથા
નિર્માનીપણે સેવા કરી સદાય બીજાને આગળ રાખતા
અને બધામાં ભગવાનને જોતા.
આપણાં મોટાં ભાગ્ય કે આવા ગુરુની પ્રાપ્તિ થઈ.
ભગવાન સ્વામિનારાયણની કૃપાથી આપણને
પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની સેવા મળી છે.
શતાબ્દી, શતાબ્દી, શતાબ્દી.
પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ શાનદાર ઊજવવો છે.
શાનદાર સેવા કરવી છે.

**– સાધુ કેશવજીવનદાસ**
(મહંત સ્વામી મહારાજ)
તા. ૨૩-૬-૨૦૨૨, અમદાવાદ



બધાનાં મનમાં એક જ વિચાર હતો કે
સ્વામીબાપાની શતાબ્દી
ન ભૂતો ન ભવિષ્યતિ કરવી છે,
તે થઈ ગયું.
જે જે શતાબ્દીમાં આવ્યા તે બધાને
અહીં અંતરનો આનંદ થયો.
જે જે લોકો અહીં આવતા હતા
તે બધાના જીવનમાં સુખ, શાંતિ હમેશાં રહે
તે માટે હું રોજ પ્રાર્થના કરું છું.
બધા શતાબ્દીમાં આવ્યા તેને હું એક સેવા જ માનું છું.
તે બધા દિવ્ય થઈ ગયા,
તેમની ચરણરજ માથે ચઢાવું છું.

**– સાધુ કેશવજીવનદાસ**
(મહંત સ્વામી મહારાજ)
તા. ૧૪-૧-૨૦૨૩, અમદાવાદ


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

# સ્વામિનારાયણ પ્રકાશ

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૫, અંક : ૨-૩, ફેબ્રુઆરી-માર્ચ, ૨૦૨૩**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ
સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ,
સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ,
સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહારઃ**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહારઃ**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**





# વિશ્વવંદનીય વિભૂતિનાં ચરણે
# એક વિનમ્ર ભાવાંજલિ



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.

સનાતન ધર્મની એક મહાન સંતવિભૂતિ.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની આધ્યાત્મિક પરંપરાના વાહક.

૯૫ વર્ષનું એવું પ્રેરક અહર્નિશ સેવામય જીવન તેઓ જીવ્યા કે જેના માટે પૂર્વ શંકરાચાર્ય અને જાણીતા સંત સ્વામી શ્રી સત્યમિત્રાનંદગિરિજી બોલી ઊઠ્યા હતા કે ‘એમ હું ચોક્કસ કહી શકું કે આદિ શંકરાચાર્યજી પછી પ્રમુખસ્વામી મહારાજે સમાજમાં આવી ક્રાંતિ આણી છે. પ્રમુખસ્વામી મહારાજે સમાજને અપાર આપ્યું છે તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. ઈતિહાસ એ બધું કહેશે. પણ ઈતિહાસમાં એક પાનું પૂરતું નહીં થાય. પ્રમુખસ્વામીજી માટે તો એક આખો એનસાઈક્લોપીડિયા ગ્રંથ આરક્ષિત રાખવો પડશે.’

પ્રમુખસ્વામી મહારાજ એટલે એક એવું નિર્મળ હૃદયી વ્યક્તિત્વ કે જેમની એક જ મુલાકાતથી, થોડી પળોના જ સંસર્ગથી અમેરિકી રાષ્ટ્રપ્રમુખ શ્રી બિલ ક્લિન્ટન તેમના પર ઓવારી ગયા હતા. શ્રી બિલ ક્લિન્ટન પ્રમુખસ્વામી મહારાજને મળ્યા પછી બોલી ઊઠ્યા હતા કે ‘પ્રમુખસ્વામી મને માયામીમાં મળ્યા ત્યારે એમની આંખોમાં મેં જોયું કે એ બીજાને ઝાંખા પાડીને આગળ નથી આવ્યા. બીજાને આગળ કરીને આગળ આવ્યા છે. પોતાની માન્યતા સિદ્ધ કરવા લોકોએ બીજાનું અને તેમની માન્યતાનું ખંડન કરવું પડતું હોય છે, પરંતુ સ્વામીશ્રી એક એવી વ્યક્તિ મેં જોઈ છે કે જેઓ આનાથી પર છે. એમની આંખોમાં જે પવિત્રતા છે, એવી મેં વિશ્વમાં ક્યાંય જોઈ નથી.’

પ્રમુખસ્વામી મહારાજ એટલે એક એવું ભગવન્મય વ્યક્તિત્વ કે જેમના માટે ભારતના મહાન સંત સ્વામીશ્રી ચિદાનંદ સરસ્વતીજી મહારાજ(દિવ્ય જીવન સંઘ, ઋષિકેશ) બોલી ઊઠ્યા હતા કે ‘અનંત બ્રહ્મનું ચાલવું શક્ય નથી, પણ આવી દિવ્યમૂર્તિ ચાલતાં-ચાલતાં સર્વને અનુગૃહીત કરે છે. જેમ વકીલને જોઈને અદાલત સાંભરે છે, ડૉક્ટરને જોતાં જ દવાખાનું યાદ આવે છે, એમ આવા સંતનાં દર્શન કરતાં ભગવાન યાદ આવે છે.’

પ્રમુખસ્વામી મહારાજ એટલે એક એવું સાધુતા-સંપન્ન વ્યક્તિત્વ કે જેમની સાધુતાએ બાહરિનના આરબ રાજવી શ્રી શેખ ઈસાથી લઈને ઈંગ્લેન્ડના રાજવી કિંગ ચાર્લ્સ સુધી સૌ કોઈના હૃદયમાં અહોભાવ પ્રગટાવ્યો હતો. પ્રમુખસ્વામી મહારાજને પોતાના મહેલોમાં પધરાવીને આ સમ્રાટોએ તેઓને જે રીતે આદર આપ્યો હતો તે ભલભલાની છાતી અહોભાવથી છલકાવી દે એવો હતો, પરંતુ સ્વામીશ્રી તેમાં નિર્લેપ હતા. એટલે જ સ્વામીશ્રીની એ સાધુતાથી પ્રભાવિત કિંગ ચાર્લ્સ (તે સમયે પ્રિન્સ ચાર્લ્સ) બોલી ઊઠ્યા હતાઃ ‘તેઓની વિનમ્રતા અને તમામ જીવ-પ્રાણીમાત્ર પ્રત્યેની કરુણા મને હૃદયમાં ખૂબ સ્પર્શી ગઈ છે. તેઓ બધું જ ભગવાન ઉપર છોડે છે. એવી નિર્માનિતા-અહંશૂન્યતા સિદ્ધ કરવી તે ઘણી અઘરી બાબત છે.’

પ્રમુખસ્વામી મહારાજ એટલે એક એવું પરમ આધ્યાત્મિક વ્યક્તિત્વ કે જેમની અને પરમાત્માની વચ્ચે દોરાભાર પણ અંતર નહોતું. સ્વામીશ્રીના એ ભગવત પ્રેમથી ભીંજાયેલા વ્યક્તિત્વ માટે દક્ષિણ ભારતની મધ્વપીઠના પ્રસિદ્ધ આચાર્ય સ્વામી શ્રી વિબુધેશતીર્થજીએ કહ્યું હતું કે ‘જો પરમાત્મા પોતાની પ્રિયમાં પ્રિય વ્યક્તિની યાદી બનાવવા બેસે તો અવશ્ય તેમાં પ્રમુખસ્વામી મહારાજને સૌથી પહેલા ક્રમાંકે મૂકે.’

પ્રખર વિજ્ઞાની અને રાષ્ટ્રપ્રમુખ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામથી લઈને ગામડાંના અભણ ખેડૂતો કે અબુધ આદિવાસીઓ સુધી સૌ કોઈ સાથે આત્મીય પ્રેમનો સ્વજનસમો સંબંધ ધરાવતા પ્રમુખસ્વામી મહારાજ એટલે સાચા અર્થમાં સૌને શીતળતા આપતો એક વિરાટ ઘેઘૂર વડલો, જેની છત્રછાયામાં હર કોઈને શાંતિ, આનંદ, સુખની સહજ અનુભૂતિ થતી.

આવાં અનંત યશોગાનો જેમના માટે ગવાયાં છે, એવા સંતવિભૂતિ શ્રી પ્રમુખસ્વામી મહારાજ એટલે મારા, તમારા અને કરોડો લોકોના આત્મીય સ્વજન સમા સંતવિભૂતિ, જેમનાં ચરણોમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે શતાબ્દી મહોત્સવની વિરાટ અંજલિ અર્પી, અને જેમાં કરોડો લોકોએ પોતાના હૃદયનો સૂર પુરાવ્યો છે.

મધ્ય ગુજરાતના કાનમ પ્રાંતના ચાણસદ ગામે મોતીભાઈ પ્રભુદાસ અને દિવાળીબાના સામાન્ય પાટીદાર પરિવારમાં એક નાનકડા ખોરડે તેમનો જન્મ. જીવનભર સાદગી સાથે પોતાની મહત્તાનો ઢાંકપીછોડો કરનારા એ મહાન હીરને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના મહાન સંસ્થાપક સંત બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે (૧૮૬૫-૧૯૫૧) પારખી લીધું હતું કે આ એક દુર્લભ રત્ન છે. એટલે જ એ બાળક શાંતિલાલની બાળવયથી શાસ્ત્રીજી મહારાજે તેમને સંત બનાવવાનો સંકલ્પ કરી લીધો હતો. અને શાંતિલાલનું પણ ગુરુ પ્રત્યેનું સમર્પણ એવું જ અનન્ય હતું. કેવળ અઢારેક વર્ષની ઉંમરના એ તરુણનું ગુરુ શાસ્ત્રીજી મહારાજની બે-ત્રણ લીટીની ચિઠ્ઠી

પર જીવતરને યાહોમ કરી દેવું, એ એમની ગુરુભક્તિનો કેટલો મોટો પરિચય આપે છે! ગુરુ-ઇચ્છાથી જ ૧૮ વર્ષની વયે શાંતિલાલમાંથી સ્વામી નારાયણસ્વરૂપદાસજી બની ગયા, શાસ્ત્રીજી મહારાજના ચીંધેલા રાહે જોતરાઈ ગયા - એક જ ધ્યેય સાથે કે ગુરુ અને ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને રાજી જ કરવા છે. ન કોઈ શરત, ન કોઈ અપેક્ષા કે ઇચ્છા, માત્ર ગુરુની જ ઇચ્છાએ જીવનને સતત ઊલટપૂલટ કરતા રહ્યા અને ગુરુના પગલે પગલે ચાલીને ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલી મહાન ઉપાસના પરંપરાનું સહજતાથી વહન કરવા લાગ્યા.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ (૧૭૮૧-૧૮૩૦) એટલે માનસરોવરથી કન્યાકુમારી સુધી અને પૂર્વમાં અરુણાચલ પ્રદેશથી પશ્ચિમમાં ગુજરાત સુધી અખિલ ભારતની પદયાત્રા કરીને ગુજરાતની ધરતી પર સંજીવની છાંટનાર સ્વયં પરમાત્મા. એમની હયાતીમાં જ સાક્ષાત્ પરમાત્મા તરીકે એમની ઉપાસના કરનાર ત્રણ હજારથી વધુ સાધુઓ, લાખો આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષો અને અનેક રાજા-મહારાજાઓ સહિત સૌ કોઈને એમણે દિવ્ય આનંદમાં ઝબકોળ્યાં હતાં. માત્ર પોતાના સમય પૂરતું જ નહીં, પરંતુ હજારો વર્ષો સુધી તેમણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે ચાલવાની મુમુક્ષુઓને પ્રેરણા પ્રાપ્ત થતી રહે અને મુક્તિનો આત્યંતિક માર્ગ મળતો રહે તે માટે તેમણે ગુણાતીત સંત-પરંપરાની ભેટ આપી હતી. પોતાના એક મૌલિક આધ્યાત્મિક સિદ્ધાંત તરીકે તેમણે વેદોક્ત અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું પ્રવર્તન કર્યું હતું. તેમના અનુગામી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી (૧૭૮૪-૧૮૬૫) અને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજે (૧૮૨૯-૧૮૯૯) એ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ઉદ્‌ઘોષ કર્યો હતો. શુદ્ધ ઉપાસનાના એ વૈદિક નાદને સવિશેષ પ્રચંડ બનાવવા શાસ્ત્રીજી મહારાજે જાણે એક મહાયજ્ઞ આદર્યો હતો. એ માટે જ તેમણે બોચાસણ જેવા નાના ગામમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની સ્થાપના કરીને તેના પાયા પાતાળે રોપી દીધા હતા, પરંતુ એક પ્રખર પ્રતાપી ઓજસ્વી વ્યક્તિત્વ ધરાવતા શાસ્ત્રીજી મહારાજના, આ બી.એ.પી.એસ. સંસ્થાના ભાવિ સૂત્રધાર તરીકે કોણ આવશે? એવી અનેક અટકળો સૌ કરી રહ્યા હતા. પરંતુ શાસ્ત્રીજી મહારાજ નિશ્ચિત હતા. કારણ કે તેમણે સુવર્ણપાત્ર ઘડીને તૈયાર રાખ્યું હતું – શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી!

દીક્ષા લીધાને માત્ર દસ જ વર્ષમાં નારાયણ-સ્વરૂપદાસજીએ શાસ્ત્રીજી મહારાજની કૃપા પૂર્ણપણે ઝીલી લીધી હતી. સન ૧૯૫૦માં ૨૮ વર્ષની ઉંમરના એ ગુણિયલ સાધુને શાસ્ત્રીજી મહારાજે પોતાના અનુગામી પ્રમુખ તરીકે સ્થાપી દીધા ત્યારથી વિશ્વને મળ્યું એક અનોખું નામ: 'પ્રમુખસ્વામી'. સામાન્ય લોકોને ૨૮ વર્ષના નવયુવાન સાધુ પાસે શી અપેક્ષા હોય! પરંતુ શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ તો સીમાતીત અને સમયાતીત હતી. એટલે જ બી.એ.પી.એસ. સંસ્થાનું સુકાન પ્રમુખસ્વામીજીને સોંપીને તેઓ સન ૧૯૫૧માં અંતર્ધાન થયા. ત્યારબાદ સતત ૨૦ વર્ષ સુધી શાસ્ત્રીજી મહારાજના આધ્યાત્મિક અનુગામી અને મહાન સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની આજ્ઞામાં રહીને પ્રમુખસ્વામીજીએ સેવાઓ કરી. યોગીજી મહારાજની મરજીએ પોતાની મરજીનો ઘાટ આપીને તેમણે સાચા અર્થમાં યોગીજી મહારાજને પોતાના ગુરુ તરીકે સેવ્યા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખ હોવા છતાં પરદા પાછળ રહીને ગુરુ-ઇચ્છા મુજબ તેઓ સંસ્થાની સેવાઓ કરતા રહ્યા. સન ૧૯૬૮માં યોગીજી મહારાજની ઇચ્છાથી, તેઓના સાંનિધ્યમાં જ મહંત સ્વામીજી અને સૌએ પ્રમુખસ્વામીજીની ૪૮મી જન્મજયંતી ઊજવી, ત્યારે અશ્રુભીની આંખે ગદ્‌ગદ થઈને તેમણે કહ્યું હતું: 'સ્વામીશ્રીના સાંનિધ્યમાં આ રીતે તમોએ સભા યોજી તે મને જરા પણ યોગ્ય લાગતું નથી. અત્યારે તો આપણા સહુની દૃષ્ટિ એક યોગીજી મહારાજ તરફ જ હોય! એ જ આપણા મોક્ષદાતા છે. એમના વિના આપણું આત્યંતિક કલ્યાણ કરે એવો બીજો કોઈ પુરુષ આપણે માટે નથી. શ્રીજીમહારાજ એ દ્વારા અખંડ પ્રગટ છે. હું તો ઘણો જ નાનો માણસ છું. અને શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજની કેવળ કૃપાદૃષ્ટિ અને આશીર્વાદથી આ સંસ્થાની સેવા કરી રહ્યો છું. તેમાં મારી ઘણી ભૂલો થાય છે. સ્વામીશ્રી યોગીજી મહારાજે અવારનવાર માર્ગદર્શન આપી, મારા કાર્યને સરળ બનાવ્યું છે. શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજની અને આપ સહુની મારા પ્રત્યે જે લાગણી છે તેનો બદલો હું કોઈ રીતે વાળી શકું તેમ નથી. છતાં હું આ દેહે કરીને આ સંસ્થાની સેવા કરી શકું, એવા આશીર્વાદ આપ સૌ આપશો. ફરીથી આવો પ્રસંગ કદીપણ ઊભો ન કરવા આપ સૌને મારી નમ્ર અરજ છે.'

તેમની આ વિનમ્રતાએ સૌને નતમસ્તક બનાવી દીધા હતા. જો કે અગાઉની જેમ, યોગીજી મહારાજે તો આ અવસરે પણ તેમનો અપરંપાર મહિમા ગાઈને કહ્યું હતું: 'પ્રમુખસ્વામી શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે, એમાં રોમનો ફેર નથી. દિવ્યભાવ રાખવો. આપણે સાતસો સાધુ

કરવા છે, તે પ્રમુખસ્વામી દ્વારા પૂરા થશે. દર વર્ષે આ જન્મ દિવસ શાનદાર રીતે ઊજવવો.'

આવા અનેકવિધ મહિમાગાન સાથે, પ્રમુખસ્વામીજીને પોતાનું આધ્યાત્મિક ગુરુપદ સોંપીને સન ૧૯૭૧માં યોગીજી મહારાજે દેહલીલા સંકેલી લીધી.

જીવનભર મનાવા-પૂજાવાની લેશમાત્ર ઈચ્છા ન ધરાવતા પ્રમુખસ્વામીજીએ ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુ યોગીજી મહારાજની ઈચ્છાથી ગુરુ તરીકેનું પદ તો સંભાળ્યું, પરંતુ એક મહાન સંસ્થાના પ્રમુખ અને લાખો ભક્તોના ગુરુ તરીકેનો દોરદમામ કે તેની મહાનતાનો ભાર તેમણે લગારેક પણ જણાવવા ન દીધો. તેમણે જીવનભર પોતાની જાતને ભગવાન સ્વામિનારાયણના સેવક તરીકે ગણાવી. એ એમની નખશિખ હાડોહાડ પ્રતીતિ! એટલે તેઓ એક સરળ સેવક બનીને ગામડે ગામડે ઘૂમતા રહ્યા. ન કોઈ સગવડ માંગી કે ન તેની કોઈ અપેક્ષા રાખી. એક પૈસાના પણ સંગ્રહ વિના જીવનભર અકિંચન રહીને, અનેક કષ્ટોને એમણે હસતે મોંએ સહી તો લીધાં, પરંતુ એ સહન કર્યાની કોઈને જાણ પણ ન થાય એટલી સહજતાથી!

પ્રમુખસ્વામીજી એટલે બહુ કોમળ વ્યક્તિત્વ. કોઈનુંય દિલ ન દુભાય એની એમને સતત કાળજી! નાના શિશુની ભાવનાઓનોય એમને હૃદયથી આદર. માનવમાત્રની ભાવનાઓને જાળવવા, લોકોનાં સુખ-દુઃખમાં સહભાગી થવા, આધ્યાત્મિક મૂલ્યોના પ્રવર્તનની સેવા કરવા, સંસ્કૃતિના રક્ષણ માટે, સામાજિક આપત્તિઓમાં અસંખ્ય લોકોને હૂંફ આપવા માટે સ્વામીશ્રી દિવસ-રાત દોડતા રહ્યા. સન ૧૯૭૬ના વર્ષમાં તો તેમણે ૭૨૮ ગામડાંઓમાં વિચરણ કર્યું હતું! સન ૧૯૭૧થી ૨૦૧૧ સુધીનો લગભગ ચાર દાયકા સુધીનો સમય તેમણે અવિરત વિચરણ કરીને અસંખ્યનાં જીવતરને ધન્ય કર્યાં, પોતાની જાતની પરવા કર્યા સિવાય! શરીરના ભાવોથી સદા પર સ્વામીશ્રીએ ન પોતાની ગંભીર બીમારીઓને ગણકારી કે ન ઉંમરને.

રોજના સેંકડો લોકોને વ્યક્તિગત મળીને તેમનાં દુઃખો ઉકેલવા તેઓ હંમેશાં દોડતા રહ્યા. જાણીતા ગુજરાતી લેખક ગુણવંત શાહે કહ્યું હતુંઃ 'હું તેમને કરુણામૂર્તિ કહું છું. આ વિશેષણ બુદ્ધ પછી કોઈને લાગ્યું નથી. આજે તેનો ઉપયોગ કરતાં આનંદ થાય છે. કોઈ પણ જાતના ધર્મને વચ્ચે લાવ્યા વગર ઈન્સાનિયત ઉપર કરુણાનો ઉત્તમોત્તમ દાખલો પૂજ્ય પ્રમુખસ્વામીએ બતાવ્યો છે. ગરીબ માટે, પછાત લોકો માટે આવી કરુણા બતાવનાર કોઈ નથી.'

આ બધું તેમણે માત્ર ને માત્ર નિઃસ્વાર્થ ભાવે કરુણાથી કર્યું. ન કોઈ એની જાહેરાત, ન કોઈ એના યશનો દાવો કે તેની ઈચ્છા! ઊલટું બીજાને યશ આપવાની સ્વાભાવિકતા!

સરળતાની તો તેઓ સાક્ષાત્ મૂર્તિ! નાના શિશુ કરતાંય વધુ સરળ. દેશવિદેશમાં સંસ્કૃતિ ધામ અક્ષરધામ જેવાં મહામંદિરો અને અન્ય ૧૨૦૦થી વધુ મંદિરોનાં નિર્માણ કર્યાં. ૧,૦૦૦ જેટલાં કંચન-કામિનીના ત્યાગી સંતો બનાવ્યા. આરોગ્ય, શિક્ષણ, રાહતકાર્યો, આદિવાસી ઉત્કર્ષ, બાળ-યુવા-મહિલા ઉત્કર્ષ વગેરે અનેક પ્રકારની લોકસેવાઓ અને સત્સંગ સેવાઓ માટે તેમણે જાતને નિચોવીને જીવનની ક્ષણેક્ષણનો ઉપયોગ કર્યો. પરંતુ મૂલ્યોમાં કોઈ બાંધછોડ નહીં! એ પવિત્રતા એમની સ્નેહ નીતરતી આંખોની અજોડ ચમકમાં સૌએ જીવનભર અનુભવી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાઓ રૂપી નિયમ-ધર્મ, નૈતિક મૂલ્યો કે આધ્યાત્મિક સિદ્ધાંતોના ભોગે એક પગલું પણ ન ભર્યું. તેમાં ભીષ્મ પુરવાર થયા.

પૂજ્ય ડોંગરેજી મહારાજ સાથે વર્ષો સુધી રહીને તેમનો સત્સંગ કરનાર પ્રસિદ્ધ વૈષ્ણવ ભક્ત અને કેળવણીકાર શ્રી જીવરામભાઈ પટેલે હૈદરાબાદની જાહેરસભામાં સૌને જણાવ્યું હતુંઃ 'ડોંગરેજી મહારાજે મને રૂબરૂ કહ્યું હતું કે, આ પૃથ્વી ઉપર અત્યારે પ્રમુખસ્વામી મહારાજ જેવા પવિત્ર સાધુ મેં ક્યારેય જોયા નથી.'

ધાર્મિક, આધ્યાત્મિક, સામાજિક, શૈક્ષણિક, આદિવાસી ઉત્કર્ષ, પછાત ઉત્કર્ષ, બાળ-યુવા-મહિલા ઉત્કર્ષ, મંદિર-નિર્માણ, રાહતકાર્ય, આરોગ્ય સેવા, સંસ્કૃતિ પ્રસાર, મહોત્સવો વગેરે અનેકવિધ ક્ષેત્રો અને પ્રવૃત્તિઓમાં સ્વામીશ્રીએ આપેલું યોગદાન સદા અજોડ અને અવિસ્મરણીય બની રહેશે. અનેક દિશાઓમાં, અનેક ક્ષેત્રોમાં તેઓના પ્રદાનને નીરખીને પ્રભાવિત થયેલા જૈનાચાર્ય શ્રી સુશીલકુમારજી હૃદયથી બોલી ઊઠ્યા હતાઃ 'બુદ્ધ અને તીર્થંકર, રામ અને કૃષ્ણ, કબીર અને નાનક વગેરે સંતો અને અવતારોએ ભારતને સંવર્ધિત કર્યું છે. હવે કોઈ આવે એની રાહ જોઈએ છીએ કે જે ભારતીય સંસ્કૃતિને દોરે. ભગવાનની કૃપાથી એવા પુરુષ મળ્યા છે. એમનું નામ છે – પ્રમુખસ્વામીજી. પ્રમુખસ્વામીજી સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રમુખ નથી, હિન્દુ ધર્મના પ્રમુખ છે. હિન્દુ ધર્મના નહીં પણ ભારતીય સમાજના પ્રમુખ છે.'

અણુવ્રત આંદોલન જગાવનાર તેરાપંથી જૈનાચાર્ય શ્રી મહાપ્રજ્ઞજી બોલી ઊઠ્યા હતાઃ 'પ્રમુખસ્વામી મહારાજમાં મેં જે એક મૈત્રીનો ભાવ જોયો તે જોઈ મને લાગ્યું કે, આવું

વાતાવરણ આખા દેશમાં ફેલાઈ જાય તો બધી જ સાંપ્રદાયિક સમસ્યાઓનું મોટું સમાધાન થઈ શકે. તેમણે ખરેખર ત્યાગ કર્યો છે, તપશ્ચર્યા કરી છે.'

સ્વામીશ્રીમાં એક અભિનવ ભગીરથનું દર્શન કરતાં પ્રસિદ્ધ મધ્વાચાર્ય પેજાવર સ્વામી શ્રી વિશ્વેશતીર્થજી બોલી ઊઠ્યા હતા: 'આપણું અધ્યાત્મ, આપણી સંસ્કૃતિ, ભક્તિ, જ્ઞાન બધું જ માત્ર શાસ્ત્રોની પોથીઓમાં બંધાયેલું હતું. પરંતુ શાસ્ત્રોની એ જટામાંથી સંસ્કૃતિની ગંગાને પુનઃ પ્રવાહિત કરવાનું કાર્ય પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે. સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિની ગંગાને પ્રવાહિત કરનારા પ્રમુખસ્વામી મહારાજ નૂતન ભગીરથ છે.'

દુનિયાભરના માંધાતાઓને એમના મુખેથી ઝરતો એકાદ શબ્દ સાંભળવાનું આકર્ષણ રહેતું. એમનું એકાદ સ્મિત જાણે અનેક આસ્તિકો અને નાસ્તિકો માટે જિંદગીનાં તમામ દુઃખોને ભુલાવનારું બની રહેતું. એમનાં દર્શનની એકાદ ઝલક મેળવવા માટે કલાકો સુધી તડકામાં તપવાનું સૌને સહેજે ગમતું. પરમાત્માનો સાક્ષાત્કાર હોવા છતાં, કલાકો સુધી તેઓ ભગવાન સ્વામિનારાયણના નામ-જપ સાથે પ્રાર્થનામાં તલ્લીન થઈ જાય! બીજાનાં દુઃખ જોઈને મધરાતે પથારીમાંથી બેઠા થઈ થઈને કરુણાપૂર્વક પ્રાર્થના કરતા એમને જોયા છે. પ્રાર્થના એ જ એમનું ચાલકબળ. ભગવાનના સર્વ-કર્તાહર્તાપણામાં અનન્ય વિશ્વાસ એ જ એમનું ઊર્જાકેન્દ્ર હતું. સતત પ્રચંડ પુરુષાર્થ કરતા હોવા છતાં 'હું કંઈ જ કરતો નથી, સર્વકર્તા તો સ્વામિનારાયણ ભગવાન છે' એ એમની પર્વતપ્રાય દૃઢતા અને અનન્ય પ્રેમભક્તિ. ભગવાન, ગુરુ કે કોઈપણ વ્યક્તિ પ્રત્યેનો એમનો પ્રેમપ્રવાહ અખંડ વહ્યા કરે. એમના પ્રેમમાં ક્યારેય ઓટ જોઈ નથી. તેમના જેવા અજાતશત્રુ, ક્ષમાશીલ, સહિષ્ણુ, પવિત્ર, ઉદાર, વિશાળહૃદયી, હિંમતવાન, આર્ષદ્રષ્ટા, વિનમ્ર, સાધુતા-સંપન્ન, પરમ એકાંતિક, પરમાત્માના અનન્ય અનુરાગી શોધવા કઠણ!

જો કે આવાં અસંખ્ય મહિમાગાનની ઝડીઓ વચ્ચે સ્વામીશ્રી હંમેશાં તેનાથી અલિપ્ત રહ્યા. પોતાની ભવ્ય સિદ્ધિઓ અને અભૂતપૂર્વ કાર્યોને પાછળ છોડતા જવાનું, એના તરફ ગર્વ કે ગૌરવની નજરસુધ્ધાં નહીં કરવાનું એમને માટે સાવ સાહજિક હતું. માત્ર આપવાનું, બીજાના સુખ માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરવાનું, બીજાના હિતનું જ ચિંતન કરવાનું, સ્વનો વિચાર સુધ્ધાં નહીં કરવાનો - એ હતી એમની સ્વાભાવિકતા. એટલે એક વિરાટ સમુદાયને પોતાની સાથે લઈને તેઓ ચાલી શક્યા. તેમની આત્મીયતા અને પ્રેમભાવના એટલી વિશુદ્ધ અને પ્રબળ હતી કે પ્રત્યેકનું હૈયું કબૂલ કરે - 'સ્વામીબાપા મારા છે.' અને એ 'અમારાપણા'ની ભાવના સમર્પણનું સૌથી મોટું કારણ બની જતું.

એટલે જ, એમના જન્મ શતાબ્દી મહોત્સવે, 'મારા સ્વામીબાપાનો જન્મ શતાબ્દી મહોત્સવ' મારે ઊજવવો છે - એ લાગણીની વસંત લાખો આબાલવૃદ્ધોમાં ખીલી ઊઠી હતી. તેમના અનંત ઋણની સ્મૃતિ સાથે તેઓના આધ્યાત્મિક અનુગામી મહંત સ્વામી મહારાજે શતાબ્દી મહોત્સવની હાકલ પાડી ત્યારે એક અકલ્પનીય પ્રતિસાદ સંતો, ભક્તો, ભાવિકો અને વિશ્વના કરોડો લોકોમાં પ્રગટી ઊઠ્યો. શતાબ્દી મહોત્સવનો એ એક જાણે અદ્વિતીય જુવાળ હતો. સન ૨૦૧૫ થી શરૂ કરીને સન ૨૦૨૨ સુધી *'શત શત વરસ સરે, ગુરુ જીવન જ્યોત જલે...'*નો નાદ ભારત અને વિશ્વમાં ઠેર ઠેર ગુંજતો રહ્યો. અને તેની અંતિમ ચરમસીમા રૂપે મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી અમદાવાદ ખાતે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનો પ્રચંડ જયઘોષ ગુંજી રહ્યો. ૮૦,૦૦૦થી વધુ સ્વયંસેવકોના સમર્પણથી ૬૦૦ એકરની વિશાળ ભૂમિ પર પ્રમુખસ્વામી મહારાજ નગર એવું મહોરી ઊઠ્યું કે તે સૌને માટે એક સોનેરી સ્વપ્ન સમાન બની રહ્યું. ૧,૨૧,૦૦,૦૦૦ કરતાં વધુ લોકો આ મહોત્સવની મુલાકાતે આવ્યા. સંતો-મહંતો, રાષ્ટ્રોના ધુરંધરો, અનેકવિધ ક્ષેત્રોમાં શિખરે બેઠેલા મહાનુભાવો વગેરે સૌ કોઈ અહીં આવ્યા, અને સૌ કોઈ અચંબિત, પ્રભાવિત થઈને ગયા એટલું જ નહીં, અહીંથી કંઈક પ્રેરણા લઈને હર્યાભર્યા થઈને ગયા. એટલે જ આ મહોત્સવ સાચા અર્થમાં પવિત્ર પ્રેરણાઓનો મહોત્સવ બની રહ્યો. આ મહોત્સવ માટે ભવ્ય શબ્દ પણ વામણો લાગે એવો તેનો વ્યાપ અને તેના માનદંડ હતા. છતાં, મહોત્સવના પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના શબ્દોમાં કહીએ તો 'આ વિરાટ મહોત્સવ તો એક વિનમ્ર અંજલિ છે સ્વામીબાપાનાં ચરણે. એમના માટે ગમે તેટલું કરીએ તે ઓછું છે.' આ ભવ્ય, દિવ્ય, નવ્ય અને અવિસ્મરણીય મહોત્સવના અહેવાલ માટે સેંકડો પૃષ્ઠો લખવામાં આવે તો પણ તે અધૂરાં જ બની રહેશે. એમ છતાં મહોત્સવની વિશાળ ફલશ્રુતિઓની સ્મૃતિ સાથે એક અલ્પ આચમન કરાવવાનો અહીં પ્રયાસ થયો છે. સંભવતઃ વધુ વિગતો ભવિષ્યમાં એક ગ્રંથ આકારે માણી શકાશે, પરંતુ અહીં તેની ઝલક માણીને પણ અહોભાવ અનુભવાશે. અસ્તુ.

**– સાધુ અક્ષરવત્સલદાસ** ◆



# પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ

## જેમણે ગુરુભક્તિ રૂપે
## શતાબ્દી મહોત્સવનો પ્રેરણા દીપ ધર્યો છે

# પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે...

પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ કાળના કાળજે કોતરાઈને અમરપટો મેળવી ચૂક્યો છે. એક મહિનાના આ ઉત્સવમાં જોવા મળેલાં શિસ્ત, શાંતિ, સેવા, સમર્પણ, સ્વચ્છતા, સુઆયોજન, સંખ્યા વગેરે સૌનાં દિલ-દિમાગ પર કબજો જમાવી ચૂક્યાં છે. તે પૈકીના કો'કે અહીં આવીને સ્વર્ગ અનુભવ્યું, તો કો'કે સત્યુગ. કો'ક પ્રેરણા પામ્યા, તો કો'ક પરિવર્તન. આ બધાં વિષે અખબારો અને સામયિકોએ થોકબંધ પાનાં લખ્યાં, તો આ ઉત્સવની ગરવી ગાથાથી ટી.વી. કે મોબાઈલ ફોનના ટચૂકડા પડદા અવિરત ચમકતા રહ્યા. તેથી અહીં આ મહોત્સવની વિશ્વવ્યાપી સિદ્ધિ-પ્રસિદ્ધિનાં શિખરોની વાત નથી માંડવી, પણ અહીં કરાવવું છે – ઉત્સવની આધારશિલાનું દર્શન.

હા, ફળ સહેલાઈથી નજરે ચડે છે, પણ મૂળ તો ક્યારેક જ. મૂળનો ગુણધર્મ જ છે કે જીવનભર ભોંમાં ભંડારાયેલા રહી વૃક્ષના વૈભવને ખીલવી દેવો. બરાબર આ જ રીતે પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવમાં એક વિભૂતિ એવી રહી કે જેણે આ વિરાટ ઉત્સવનો ગોવર્ધન પોતે ઊંચક્યો, છતાં એ લોકનજર ઝડપી ન શકે એ રીતે પડદા પાછળ રહી. આપણને આમ-તેમ ડોલતાં વૃક્ષો દેખાય છે, પણ તેને ડોલાવનારો પવન નહીં. એ જ રીતે પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવમાં દેખાતી સંતો અને સ્વયંસેવકોની સક્રિયતા સૌએ નોંધી-નવાજી, પરંતુ આ સક્રિયતાના પ્રેરક તો પવનની જેમ અણદીઠા જ રહ્યા. તેઓ હતા સર્વત્ર, છતાં છૂપા રહ્યા!

એ પ્રેરણામૂર્તિ એટલે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ.

તેઓએ ચારેય દિશામાંથી શતાબ્દીની સેવાસંબંધી પ્રેરણાનો જે પવન ફૂંક્યો તે દિશાઓ આવી રહી – સૂત્રોનો સ્રોત, પત્રોનો પ્રવાહ, પ્રોત્સાહનનાં પીયૂષપાન અને ઉમંગના ઊભરા. આવો, આ દિશાઓનો ઉજાસ માણીએ.

### ૧. સૂત્રોનો સ્રોત

શતાબ્દી મહોત્સવ પૂર્વેના એક વર્ષ દરમ્યાન દેશ અને દુનિયામાં યોજાતી પ્રત્યેક અઠવાડિક સભાઓમાં એક સૂત્ર ગુંજતું રહેલું કે 'મહંત સ્વામીનો નારો છે, હવે અમારો વારો છે...' સમગ્ર બી.એ.પી.એસ. પરિવારમાં શતાબ્દીની ઉજવણી અંગે ચેતનાની ચિનગારી ચાંપતા રહેલા આ સૂત્રના જનક સ્વયં મહંત સ્વામી મહારાજ જ. તેઓએ પ્રમુખસ્વામી મહારાજને તેઓના ૧૦૦મા જન્મદિને અંજલિ આપવા તા. ૯-૧૨-૨૦૨૧ના રોજ ૮૦ મિનિટ જહેમત ઉઠાવી સુંદર શુભેચ્છાપત્ર તૈયાર કરેલો. તેમાં સ્વામીશ્રીએ લખેલું: 'હે પ્રમુખસ્વામી મહારાજ! આપે અમારા માટે બધું જ કર્યું છે. હવે અમારો વારો છે.'

સ્વામીશ્રીના આ સાદા શબ્દો સૌને હરહંમેશ સેવા અને સમર્પણની સડક પર અગ્રેસર કરતા રહ્યા. તે ઉપરાંત સ્વામીશ્રીએ ધનુર્માસ નિમિત્તે તા. ૧૬-૧૨-૨૦૨૧થી તા. ૧૪-૧-૨૦૨૨ દરમ્યાન લખેલાં વિવિધ સૂત્રો પણ સૌને શતાબ્દી મહોત્સવે યાહોમ થવાની પ્રેરણા વર્ષભર આપતા રહ્યા. જેમ કે –

- રોજ સવારે ઊઠીને 'શતાબ્દી મહોત્સવ માટે હું શું કરી શકું?' એવો વિચાર કરવો.
- શતાબ્દી મહોત્સવ 'ન ભૂતો ન ભવિષ્યતિ' ઊજવવો છે.
- મરી તો બધાને જવું છે, પણ શતાબ્દીની સેવા કરીને અમર ન થઈ જઈએ!!!
- શતાબ્દી મહોત્સવ માટે કરેલ સમર્પણને ભગવાન

ક્યારેય ભૂલશે નહીં.

- एक निशान – प्रमुख शताब्दी महोत्सव
- શતાબ્દીની સેવામાં સમર્પિત થશે એનો વ્યવહાર મહારાજ-સ્વામી સંભાળશે.
- શતાબ્દીની સેવા ચુકાશે તો જીવનભર વસવસો રહેશે.
- Serve your BEST for Shatabdi Mahotsav.
- શતાબ્દીએ સ્વામીની ઝોળી સમર્પણથી છલકાવી દઈએ.
- Bapa lived for us, Now its our turn !
- શતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ એવો કરવો છે કે આખું બ્રહ્માંડ ગાજી ઊઠે.

સ્વામીશ્રીના ઉપરોક્ત સોનેરી સૂત્રસંચયને કારણે વહેતા રહેલા પ્રેરણાના પ્રચંડ પ્રવાહની અસર અમાપ રહી.

## ૨. પત્રોનો પ્રવાહ

અનેકનો એક અનુભવ છે કે મહંત સ્વામી મહારાજના હોઠ કરતાં તેઓની આંખો અને કલમ વધુ બોલે છે. તે અનુસાર સ્વામીશ્રીની કલમેથી સમયાંતરે છૂટતો રહેલો પત્રપ્રવાહ પણ સૌના હૈયે શતાબ્દીની સેવાનો ઉત્સાહ છલકાવતો ચાલેલો. ઉદાહરણરૂપે સ્વામીશ્રીએ તા. ૨-૨-૨૦૨૨ના રોજ નોર્થ અમેરિકાનાં સત્સંગ મંડળોને હાકલ મારતાં લખેલું કે 'સ્વામીબાપાએ આપણા માટે ઘણું વિચરણ કર્યું છે, ઘણો ભીડો વેઠ્યો છે, ઘણાં અપમાન સહન કર્યાં છે. આપણે આ બધું સ્મૃતિપટ પર લાવી શતાબ્દીના આયોજનમાં ભળવું. બાપાનો મહિમા સમજાય તે માટે સૌથી વધુ શહેરોમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવું.'

આ જ રીતે સ્વામીશ્રીની કલમેથી તા. ૧૧-૩-૨૦૨૨ના રોજ વધુ એક પત્રધારા વહી છૂટી કે 'હે સ્વયંસેવકો! જાગો... ઊઠો... ચાલો... દોડો... મંડી પડો... શતાબ્દી, શતાબ્દી, શતાબ્દી... એક જ નિશાન... વારમવાર તમને યાદ કરું છું. સમૈયાના ગ્રાઉન્ડમાં તમને સેવા કરતા જોયા છે. હાથમાં મશાલ કે ધજા લઈને દોડતા જોયા છે. યા હોમ થતા જોયા છે. તમારામાં પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન થાય છે. શતાબ્દીએ સેવામાં કોઈ કસર નથી રાખવી. કુટુંબનો દરેક સભ્યો સેવાનો લાભ લઈ શકે તો ઉત્તમ. સમયનું આયોજન કરવું. મહારાજ-સ્વામી બધી અનુકૂળતા કરશે. આપને સેવા માટે સમયની અનુકૂળતા થાય તે માટે પ્રાર્થના કરું છું. સાચા ગુરુની સેવા મળી છે તે એક વર્ષ તો કાંઈ ન કહેવાય. ટાણે મોતી ભરડી નાંખવા. આ વખતે સેવા કરશે તેને રાજીપાના ઢગલા થશે. તો ચાલો, આપણે સૌ મંડી પડીએ શતાબ્દીની સેવામાં...'

પત્રો દ્વારા પ્રેરણા પાથરવાની આ શૃંખલામાં સ્વામીશ્રીએ તા. ૯-૯-૨૦૨૨ના રોજ 'સ્વામીબાપાના લાડીલા યુવકો તથા હરિભક્તો'ના સંબોધન સાથે એક પત્રમાં મથાળું માર્યું કે 'નવરાત્રિ અને દિવાળી-નવું વર્ષ તો નગરમાં જ..'

આ શીર્ષક બાંધી સ્વામીશ્રીએ લખી જણાવ્યું કે 'નગરની પૂર્વતૈયારીની સેવા એ ટાણાની સેવા છે. માટે આ સેવામાં બધાએ અવશ્ય જોડાવું. આ સેવાથી અંતરમાં પ્રકાશ થશે. શતાબ્દી મહોત્સવ પૂર્ણ થાય ત્યાં સુધી આપના ધંધા-નોકરીમાં આવતી તમામ અઠવાડિક રજાઓ તેમજ નવરાત્રિ અને નૂતન વર્ષમાં આવતી તમામ રજાઓનો ઉપયોગ યાત્રા, પ્રવાસ કે અન્ય વ્યાવહારિક કાર્યોમાં ન કરતાં શતાબ્દી ગ્રાઉન્ડ પર સેવામાં જ કરીએ. સ્વામી-બાપાનો અને અમારો ખૂબ રાજીપો છે. ચાલો, મંડી પડીએ..'

સ્વામીશ્રીના આ એક જ પત્રે સૌમાં શતાબ્દીનું એવું જોમ સિંચી દીધું કે દિવાળી અને નૂતન વર્ષના દિવસે ઉત્સવસ્થળે ૧૪,૦૦૦ જેટલા સ્વયંસેવકો સેવામાં મોજૂદ હતા! આ સ્વયંસેવકો પર પ્રસન્નતા વરસાવતાં સ્વામીશ્રીએ એક પત્રમાં લખી જણાવેલું કે 'વાહ, વાહ, શું દૃશ્ય સર્જાયું છે શતાબ્દી મેદાનમાં! એ તો માણવા જેવું. બધા જ મંડી પડ્યા છે. બધાના મનમાં એક જ તાન છે કે સાચા ભાવથી પ્રમુખસ્વામી મહારાજનો અંતરનો રાજીપો લઈ જ લેવો છે. કાંઈ બાકી રાખવું નથી. બાકી રાખે એ બીજા. જે તનથી મોળા છે તેઓ પણ મનથી તો ક્યાંયના ક્યાંય પહોંચી ગયા છે. બધાને ખૂબ ખૂબ આશીર્વાદ છે.'

પરંતુ જેમ હોડી બે હલેસાં દ્વારા આગળ વધે તેમ કોઈપણ કાર્યની નૌકા પણ ઉત્સાહ અને સૂઝ – ગતિ અને સુયોગ્ય દિશાના હલેસાંથી આગળ વધે. તેથી સ્વામીશ્રીના પત્રો સૌમાં ઉત્સાહના સંચારની સાથે સેવાની સચોટ સમજ પણ ચીંધતા રહ્યા.

આ અંગે તેઓએ તા. ૧૧-૩-૨૦૨૨ના પત્રમાં લખેલું કે 'પ્રમુખસ્વામી મહારાજે તો આખું જીવન સેવામાં હોમી દીધું. તેમને સેવા કરતા જોવા તે લહાવો જ હતો. નાના છોકરા આનંદ-કિલોલ કરતાં રમતા હોય તેમ પ્રમુખસ્વામી મહારાજ સહજપણે મોટા મોટા સમૈયાની સેવા કરી લેતા. સેવાનો આનંદ લેતા. કોઈ જાતનો અહમ્ નહીં. ક્યાંથી હોય? પોતાનું અસ્તિત્વ જ અક્ષર-પુરુષોત્તમ, શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપામાં ઓગાળી દીધું હોય તેને અહમ્ કે માન શું હોય? તેમના રાજીપા સિવાય કાંઈ

જોઈતું જ ન હોય તેને માન શું હોય? તો હવે પ્રમુખ-રીત અપનાવો. મોટાં ભાગ્ય માનીને, નમ્રભાવે, કંટાળ્યા વગર, ગુણગ્રહણ કરતાં-કરતાં, અભાવ-અવગુણ પર મોટી ચોકડી મારીને, ઈર્ષ્યા-દંભ-કપટ કર્યા વગર, ઉત્સાહથી, આનંદ સાથે, પ્રાપ્તિનો કેફ અને રાજીપાનો વિચાર રાખી, નિયમ-ધર્મ ચૂક્યા વગર, મહિમા સમજીને, અક્ષરમ્ અહં પુરુષોત્તમ- દાસોસ્મિ મંત્રની દૃઢતા કરતાં-કરતાં સેવામાં મંડી પડો. દુનિયાને દેખાડવા નહીં. કોઈની ઉપર ભાર પાડવા નહીં. પોતાની મોટપ દેખાડવા પણ નહીં, પરંતુ શુદ્ધભાવ, સમર્પણ અને ભક્તિથી સેવા કરવી છે.'

ઉત્સવ-ઉજવણીનું આવું જ એક સુયોગ્ય દિશાદર્શન કરતાં સ્વામીશ્રીએ તા. ૨-૨-૨૦૨૨ના રોજ લખેલા એક પત્રમાં જણાવેલું કે 'શતાબ્દીની સેવાનો આવો અવસર ફરી નહીં મળે. સંપ, એકતા, દિવ્યભાવ, દાસભાવ, ગુણગ્રહણ વગેરે બાપાના ગુણો વ્યક્તિગત જીવનમાં લાવી સાચા અર્થમાં શતાબ્દી ઊજવીએ.'

આ રીતે ઉત્સવ ઊજવવાની આધ્યાત્મિક દિશાની સાથે સ્વામીશ્રી વ્યવહારુ પાસું પણ ઉજાગર કરતા ગયેલા. તે ક્રમમાં જ્યારે તા. ૨૪-૩-૨૦૨૨ના રોજ સુરત મુકામે બિરાજતા તેઓ સમક્ષ જનરલ સ્ટોર વિભાગે પોતાની કાર્યવાહીની રૂપરેખા રજૂ કર્યા બાદ કોઈ સંદેશ લખી આપવા અરજ ગુજારી ત્યારે સ્વામીશ્રીએ લખ્યું: 'ઝીરો બજેટ ઉપર જવું.'

આ જ લક્ષ્ય તરફ ધ્યાન ખેંચતાં તેઓએ તા. ૧૧-૨-૨૦૨૨ના રોજ યોજાયેલી કાર્યવાહક સંતોની એક ઓનલાઈન મીટિંગમાં અટલાદરાથી જોડાતાં જણાવેલું કે 'આ સમૈયામાં બધાના અનુભવનો નિચોડ આવશે. આપણે બધાએ સંપીને કાર્ય કરવાનું છે. 'મહારાજ-સ્વામી જ બધું કરવાના છે' એ કર્તાપણાની ભાવના રાખીને બધું કરીએ. ઝીરો બજેટ પર તાન રાખીને કરીએ.'

આમ, સૂત્રોના સ્રોતની સમાંતર પત્રોના પ્રવાહ દ્વારા પણ સ્વામીશ્રીએ રેલાવેલા પ્રેરણાના પ્રવાહથી સ્વામીબાપાનો શતાબ્દી મહોત્સવ સૌ સંતો-ભક્તોના હૃદયનો ધબકાર બની ચૂકેલો.

### ૩. પ્રોત્સાહનનાં પીયૂષપાન

સુવિખ્યાત સંસ્કૃત કવિ શ્રી ભારવિએ કહ્યું છે કે 'સ ભાવના હ્યધિકૃતસ્ય તનોતિ તેજઃ।' - અધિકૃત વ્યક્તિ તરફથી મળતું પ્રોત્સાહન કાર્ય કરનારની શક્તિઓને વધારે છે. તે મુજબ મહંત સ્વામી મહારાજે પણ શતાબ્દી મહોત્સવનાં વિવિધ આયોજનમાં ભળનારા સંતો-ભક્તોની સેવાને બિરદાવવામાં કોઈ કસર છોડી નથી.

ઉદાહરણરૂપે પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દી ઉપક્રમે યોજાયેલા પારિવારિક શાંતિ અભિયાનમાં ૭૨,૮૦૬ શતાબ્દી સેવકો જોડાયા હતા. તેઓએ ભારતનાં ૧૭ રાજ્યોમાં ૧૦,૦૧૨ ગામો-નગરોમાં વસતા ૨૪,૦૦,૦૫૨ પરિવારોનો સંપર્ક કરી ૬૦,૫૭,૬૩૫ વ્યક્તિઓને પારિવારિક શાંતિની પ્રેરણા આપી હતી. આ સેવકોના ઠેર ઠેર યોજાયેલા અભિવાદન સમારોહની શ્રેણીમાં એક કાર્યક્રમ તા. ૨૪-૪-૨૦૨૨ના રોજ સુરત ખાતે ચાલી રહેલો. તેમાં એક તબક્કે સ્વામીશ્રીએ સામે બેઠેલા સુરત વિસ્તારના ૯,૨૦૦ સેવકોને હાર પહેરાવવાની ઈચ્છા દર્શાવી. તેથી ઉદ્ઘોષકે જાહેરાત કરી કે 'સ્વામીશ્રીની ભાવના તો એકેએકને હાર પહેરાવવાની છે, પણ તે શક્ય ન હોવાથી તેઓ એકસાથે આપણને હાર પહેરાવશે.'

આ સાંભળી સ્વામીશ્રીએ ઊભા થવાની ઈચ્છા પ્રગટ કરી. તે તેઓની તત્કાલીન શારીરિક પરિસ્થિતિ જોતાં શક્ય નહોતું. તેથી સેવકોએ બેઠાં-બેઠાં જ હાર પહેરાવવા વિનંતી કરી ત્યારે આ પ્રસ્તાવને ફગાવતાં સ્વામીશ્રી બોલ્યાઃ 'આ બધાએ આટલું બધું કર્યું છે ને આપણાથી ઊભુંય ન થવાય? પ્રાણ પાથર્યા છે આ સૌએ!' આમ કહેતાં ઊભા થઈ ગયેલા સ્વામીશ્રીએ હાથમાં હાર લઈ તે સૌને પહેરાવતા હોય તેવી ભાવ-મુદ્રા કરી. તે જોઈ ભક્તો સેવાની સાર્થકતા અનુભવી રહ્યા.

આ જ રીતે સપ્ટેમ્બર માસની ૧૨મી તારીખે મહોત્સવના સ્થળ પર સેવારત સંતો-સ્વયંસેવકો પર આવી પહોંચેલો સ્વામીશ્રીનો એક પત્ર પણ પ્રોત્સાહનનું પૂર પ્રસરાવી ગયો. આણંદથી લખાયેલા એ કાગળમાં સ્વામીશ્રીએ જણાવેલું: 'શતાબ્દીની સેવામાં બધાનો ખૂબ ઉત્સાહ દેખાય છે. વરસાદ ખૂબ પડે છે. 'નગર'માં બધે પાણી ભરાયું છે. બધાને ચિંતા છે, પણ હું રોજ રાત્રે માળા કરું છું. સવારે પૂજામાં પ્રાર્થના કરું છું. આવાં વિઘ્નો દરેક સમૈયામાં આવ્યાં છે, પણ આપ ખૂબ બળિયા છો. કોઈ પાછા પડે એમ નથી. સામે વધારે બળિયા થાય છે. બધી પરિસ્થિતિને પહોંચી વળે તેમ છે, કારણ અક્ષર-પુરુષોત્તમના યોદ્ધાઓ છે. બાપાનો સમૈયો છે એટલે ગમે તેટલા વિઘ્નો આવે, પણ ઉત્સવ સર્વોપરી જ થવાનો છે. નેતા કોણ છે! સ્વયંસેવકોના ઢગલા થશે. જોતજોતાંમાં પૂરું થઈ જશે. આ બધું મને નજરે દેખાય છે. બધામાં જબરજસ્ત ઉમંગ દેખાય છે. કાર્યકરોમાં સેવાનો ઊભરો દેખાય છે. ભવ્ય અને દિવ્ય સમૈયો થાય. જયજયકાર થઈ જશે...'

શબ્દે શબ્દે પ્રોત્સાહનનાં પીયૂષ પાતા આ પત્રનું પાન કર્યા પછી સેવાયજ્ઞમાં ઝંપલાવ્યા વિના કોણ બાકી રહે?!

આ જ રીતે તા. ૧૯-૬-૨૦૨૨ના રોજ અમદાવાદ મુકામે યોજાયેલી સ્વયંસેવકોની સભામાં આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ કહેલું: 'તમને બધાને ખૂબ ધન્યવાદ આપવામાં આવે છે. તમે કરી બતાવ્યું છે. શબ્દો જડતા નથી કે 'શું કહેવું?' તમારા બધાની શુભકામનાઓ પાર પડશે. શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી તમારો વ્યવહાર ચલાવશે. શંકા વિનાની વાત છે.'

સમયે સમયે વરસતી રહેતી સ્વામીશ્રીના પ્રોત્સાહનની આ પીયૂષવર્ષાથી ન કેવળ ભારત, પરંતુ અમેરિકા, કેનેડા, ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ, આફ્રિકા વગેરે સ્થળોએ પણ શતાબ્દીની ઉજવણીનો જબરજસ્ત જુવાળ ઊપડેલો. તે અંતર્ગત તા. ૭-૧૦-૨૦૨૨ના રોજ ઑસ્ટ્રેલિયાના સેન્ડ ડ્યૂન્સમાં શતાબ્દી ઉદ્ઘોષ સભા યોજાયેલી. પરંતુ આ દિવસે હવામાન ખાતાના વર્તારા મુજબ ૮૦% વરસાદની આગાહી હતી. તેથી કાર્યકર્તાઓએ આ વિઘ્ન હડસેલવા આશીર્વાદ માંગ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'વરસાદ નહીં પડે અને સભા સારી રીતે થઈ જશે.'

આ આશીર્વાદ અક્ષરશઃ સત્ય ઠરતાં ચારેકોર આનંદનું મોજું ફરી વળ્યું. આમ, વિવિધ પ્રકારે સૌનો ઉત્સાહ સંકોરતા સ્વામીશ્રી જ શતાબ્દી મહોત્સવની મુખ્ય ધરી સમાન બની રહેલા.

## ૪. ઉત્સાહના ઊભરા

શતાબ્દી મહોત્સવની સેવામાં જોડાવા અંગે સૌને પ્રેરણા આપનારું એક મુખ્ય પરિબળ હતું – સ્વામીશ્રીના ઉરમાં ઊભરાતો ઉત્સાહ. તેનો એક પડઘો તેઓએ તા. ૨-૨-૨૦૨૨ના રોજ લખેલા એક પત્રમાં સંભળાય છે. અટલાદરાથી લખાયેલા આ પત્રના પ્રારંભમાં 'હવે આપણો વારો' એમ મથાળું મારી સ્વામીશ્રી જણાવે છે: 'શતાબ્દી વર્ષે સર્વેના મનમાં ખૂબ ઉત્સાહ અને આનંદ છે. કેમ ન હોય! બાપાની શતાબ્દી ઊજવવાની છે. મને પણ ખૂબ ઉત્સાહ છે.'

પરંતુ સ્વામીશ્રીના અંતરમાં ઊછળતો ગુરુની શતાબ્દી ઊજવવાનો ઉત્સાહ કેટલો પ્રચંડ હતો તેનું દર્શન ઉપરોક્ત પત્ર લખાયાના ત્રણ દિવસ પછી જ લાધ્યું. તા. ૫-૨-૨૦૨૨ના રોજ લખેલા એક પત્રમાં સ્વામીશ્રીએ 'અખિલ બી.એ.પી.એસ. પરિવારના દિવ્ય આશ્રિતો' પ્રતિ જણાવ્યું કે 'મારી તબિયત સારી છે. ટટ્ટુ દુબલા હૈ, પર અસવાર તાજા હૈ. દેહ દેહનું કામ કરે. આપણે આપણું કામ કરીએ. યોગીબાપાએ પ્રાર્થના કરી હતી કે 'હે શાસ્ત્રીજી મહારાજ! અમે તમારી જાહેરાત નહીં કરીએ તો તમારા શિષ્ય નહીં કહેવાઈએ.' એમ મેં આજે આપ સૌને સંભારી પ્રમુખસ્વામી મહારાજને પ્રાર્થના કરી છે કે 'હે પ્રમુખસ્વામી મહારાજ! જો અમે તમારો મહિમા નહીં પ્રવર્તાવીએ તો તમારા શિષ્ય નહીં કહેવાઈએ.'

બસ, શતાબ્દી 'ન ભૂતો ન ભવિષ્યતિ' કરવી છે. હવે વિચરણમાં મંડી પડો. મારે શરીર સાથ ન આપે તોય હું મનોમન પધરામણી કરું છું. મંડળોને યાદ કરું, હરિભક્તોના ઘર દેખાય છે. ઘેર ઘેર જઈને બેસું, કથા-વાર્તા કરું. બધે ફર્યા છીએ. પ્રમુખસ્વામી બધે ફર્યા છે તે ઇદમ્ દેખાય છે. શતાબ્દીના વિચારોમાં ગરકાવ થઈ

પ્રમુખસ્વામી મહારાજ નગરના પ્લાનિંગથી લઈને તેના નિર્માણ સુધી અને સ્વયંસેવકોને સેવાનું જોશ આપવાથી લઈને નાનામાં નાની બાબતમાં રસપૂર્વક પ્રેરણાનો પ્રાણવાયુ ફૂંકનાર મહંત સ્વામી મહારાજે ૯૦ વર્ષની વયે પણ અપાર પુરુષાર્થ કરી ગુરુભક્તિ અદા કરી.





જવાય છે. ડંકો વાગશે. ડંકો જ વાગશે અને વાગે જ છે...'

અહીં ઉત્સવ-ઉજવણી અંગે સ્વામીશ્રીનો ઉત્સાહ આસમાનને આંબી રહેલો જણાય છે. તેઓ ૯૦ વર્ષની જૈફ વય અને સ્વાસ્થ્યલક્ષી તકલીફોને કારણે તબીબી સૂચના અનુસાર શારીરિક શ્રમ ઉઠાવી શકે તેમ નહોતા. પરંતુ ઉપરોક્ત પત્રમાં જોઈ શકાય છે કે તનથી અસહાય તેઓનું મન તો સેવાની ખેડ પૂરેપૂરું કરતું રહેલું.

સ્વામીશ્રીનો આ ઉત્સાહ જ્યારે જ્યારે પ્રમુખસ્વામી મહારાજનો જયનાદ ગાજે ત્યારે આગવી રીતે ઊછળી આવતો. ઉત્સવની જય ઝીલતાં ક્યારેક તેઓનો જમણો હાથ, તો ક્યારેક ડાબો હાથ, તો ક્યારેક બંને હાથ ઊંચા થઈ જતા. તેઓ તરફથી જયનાદને મળતું આ અનુમોદન સૌને શતાબ્દીની સેવા માટે તરવરતા કરી મૂકતું.

તેથી જ તો તેઓએ તા. ૧૮-૧૦-૨૦૨૨ના રોજ શતાબ્દી ઉત્સવનું આમંત્રણ પાઠવતાં સ્વહસ્તે લખી દીધું: 'બધાને શતાબ્દી મહોત્સવમાં પધારવા માટે ખાસ આમંત્રણ છે.' પરંતુ બાળકોનું સ્થાન તો સ્વામીશ્રીના જીવનમાં આગવું. તેથી તેઓએ બાળકોને ઉદ્દેશી લખ્યું: 'બધાએ શતાબ્દી મહોત્સવમાં આવવું. બાળનગરીમાં મજા કરવી. બધાને આમંત્રણ છે. તેથી આપના મિત્રો સાથે તથા માતા-પિતા સાથે અચૂક પધારશો. બાપા રાજી થશે.'

સ્વામીશ્રીનો આ ઉમળકો તેઓ જ્યારે જ્યારે શતાબ્દી મહોત્સવના કોઈપણ આયોજનમાં ભળતા ત્યારે અનોખી રીતે વ્યક્ત થઈ રહેતો.

શતાબ્દી સંબંધી આ ઉત્સાહ સાથે વર્તતા તેઓને સન ૨૦૨૨ના નવેમ્બર માસમાં મુંબઈ પધારવાનું હતું. પરંતુ સ્વાસ્થ્યની પ્રતિકૂળતાને કારણે સ્વામીશ્રીને અમદાવાદ ખાતે જ રોકાઈ જવું પડ્યું. જો કે અહીં તેઓએ તા. ૯-૧૧થી એક નવો કાર્યક્રમ આરંભી દીધો અને તેઓ રોજ એકાદ-બે સેવાવિભાગોનું અહેવાલકથન ઓનલાઇન સાંભળવા લાગ્યા. તે અંતર્ગત જ્યારે શતાબ્દી મહોત્સવના પ્રત્યેક સેવાવિભાગના મુખ્ય કાર્યવાહકો પોતાની કાર્યવાહી જણાવે ત્યારે સ્વામીશ્રી તેને પૂરેપૂરી એકાગ્રતાથી સાંભળે. યોગ્ય લાગે ત્યાં સૂચન પણ આપે.

અહેવાલકથનનો આ ક્રમ વિરમ્યો ત્યાંજ તા. ૩-૧૨થી તો સ્વામીશ્રી મહોત્સવના સ્થળ પર રૂબરૂ જઈને દરેક વિભાગની મુલાકાત લેવા માંડ્યા. તે વખતે હજી નગર-નિર્માણનું કામ ચાલુ હોવાથી ઘણી જગ્યાએ રસ્તાઓ ઊબડ-ખાબડ હતા. તેથી મોટરમાં બેઠા હોવા છતાં સ્વામીશ્રી હાલક-ડોલક થાય. આ ભીડો વેઠતા તેઓ બબ્બે કલાક સુધી નિરીક્ષણયાત્રા ચલાવતા.

તેઓના આ ઉત્સાહનો ધોધ શતાબ્દી મહોત્સવના શ્રીગણેશ થઈ ગયા પછી પણ પ્રબળ વેગે વહેતો રહ્યો. ઉત્સવમાં પ્રતિદિન સાયંકાળે યોજાતી સભામાં પધારવા તેઓ ઉતાવળા થઈ જતા. આ સભામાં એક બેઠકે સાડા ત્રણ કલાક સુધી બેસવાના પણ તેઓના દાખલા નોંધાયા. સભાની સમયમર્યાદા મોટેભાગે વધી જતાં સ્વામીશ્રીને રાત્રિભોજન લેવામાં રોજ અડધો-પોણો કે કલાક-કલાક મોડું થતું. છતાં આ બાબતે તેઓએ કદી રાવ-ફરિયાદ તો ન જ કરી, પણ સહજતાથી ભીડો વેઠતા રહ્યા. આયોજકો વિલંબ બદલ સામેથી દિલગીરી વ્યક્ત કરે ત્યારે સ્વામીશ્રીનો ઉત્તર હોયઃ 'ઉત્સવમાં કો'ક દિવસ મોડું થાય.' હકીકતે મોડા થવાનો લગભગ નિત્યક્રમ જ થઈ ગયેલો, પરંતુ શતાબ્દી મહોત્સવને ભવ્યતાથી ઉજવવાની પાંખ પર સવાર થયેલા સ્વામીશ્રીએ કષ્ટની કાંટાળી કેડીને ક્યારેય ગણકારી નહીં.

ઉત્સવની પૂર્વતૈયારી કે ચાલુ ઉત્સવે જ્યારે કો'ક વિઘ્ન ઝળૂંબે ત્યારે સૌ 'संतप्तानां त्वमसि शरणम्' કહેતાં સ્વામીશ્રી પાસે ધસી જાય. તે વખતે જે તે તકલીફના નિવારણ માટે સ્વામીશ્રી સ્વયં માળા કરવા માંડે. તેમાં તેઓની નિદ્રા અને નિત્યક્રમનો લય ખોરવાય, પણ તેને તેઓ હોંશે હોંશે વધાવી લે. તે વખતે તેઓની રગરગમાં શતાબ્દીની રટના લાગી ગયેલી સ્પષ્ટ દેખાય. સ્વામીશ્રીનો આવો અદકેરો ઉમંગ સૌમાં ભક્તિની ભરતી ચડાવતો રહે.

આમ, શતાબ્દી મહોત્સવ સંબંધી નાના-મોટા પ્રત્યેક આયોજનમાં સ્વામીશ્રી એકડો થઈને રહ્યા હતા. પરંતુ તેઓ તો servant leader(સેવક નેતા)ની સાથે silent leader(શાંત નેતા). તેથી નવાગંતુકને તો ખ્યાલ પણ ન આવે કે આ સંત ભવ્યાતિભવ્ય મહોત્સવનો મેરુદંડ છે. ખરેખર, સ્વામીશ્રીએ આધારશિલાની જેમ ભૂગર્ભમાં રહીને સ્વામીબાપાના શતાબ્દી મહોત્સવની સફળતાનું શિખર ચડાવી દીધું. તેઓએ મૂળની જેમ જમીનમાં રહીને શતાબ્દીના વૈભવને ખીલવી દીધો. તેઓએ પવનની જેમ અદૃશ્ય રહીને સેંકડો સંતો, હજારો સ્વયંસેવકો અને લાખો ભક્તોને સક્રિય કરી મૂક્યા અને તે બધું જ માત્ર પોતાની એક નિતાંત ગુરુ-ભક્તિના કારણે.

તેથી જ જ્યાં સુધી પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના યશોગાન ગવાતાં રહેશે ત્યાં સુધી આ ઉત્સવના પ્રેરક તરીકે મહંત સ્વામી મહારાજનાં ગુણગાન પણ ગુંજતાં રહેશે.

**– સાધુ આદર્શજીવનદાસ** ◆



# વિશ્વભરમાં સતત સાત વર્ષ સુધી ગુંજતો રહ્યો
# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ



**અમેરિકા ખંડના જગપ્રસિદ્ધ નાયગ્રા ધોધથી લઈને સિડનીના ઓપેરા હાઉસ અને ઇંગ્લેન્ડની વેમ્બલી આર્ચ સુધી કે બ્રિટિશ અને કેનેડિયન પાર્લમેન્ટ હાઉસથી લઈને આદિવાસીઓનાં ઝૂંપડાંઓ સુધી પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના નાદ સતત સાત વર્ષ સુધી ગુંજતા રહ્યા. અનેકવિધ આયોજનો, અનેકવિધ ફલશ્રુતિઓ, અનેકવિધ આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષોનાં ભક્તિપૂર્વક તપ-વ્રત સાથે મહોત્સવના સપ્તવર્ષીય પર્વમાં દેશ અને દુનિયાના લાખો લોકો ઝબકોળાયા, સૌને પવિત્ર પ્રેરણાઓ મળી, પ્રમુખસ્વામી મહારાજના ચીંધેલા માર્ગે ચાલવાની શક્તિ મળી. આવો, એ સપ્તવર્ષીય પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી પર્વનાં વિવિધ આયોજનો-કાર્યક્રમોની એક અલ્પ ઝાંખી મેળવીએ,**

**અને ત્યારબાદ તેની ચરમસીમા રૂપે અમદાવાદ ખાતે ઊજવાયેલા શતાબ્દી મહોત્સવની એક ઝલક માણીએ...**



## ૨૦૧૫ સારંગપુરમાં શતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રત્યક્ષ સંનિધિમાં, તેઓનો ૯૫મો જન્મજયંતી મહોત્સવ ઊજવાયો અને તે સાથે પંચવર્ષીય શતાબ્દી પર્વનો મંગલ પ્રારંભ થયો. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ મહોત્સવની વિધિવત્ ઘોષણા કરી, પંચવર્ષીય કાર્યક્રમોનો ઉદ્‌ઘોષ થયો અને સૌએ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના જયનાદોથી ગગન ગુંજાવી દીધું.



## ૨૦૧૬ સુરતમાં શતાબ્દી મહોત્સવનું પ્રથમ ચરણ

સુરતમાં શતાબ્દી મહોત્સવના પ્રથમ ચરણરૂપે ૧૧ દિવસીય ૯૬મો જન્મજયંતી મહોત્સવ ઊજવાયો. પ્રમુખસ્વામી મહારાજનાં જીવન-કાર્ય-સંદેશને પ્રસ્તુત કરતા 'સ્વામિનારાયણ નગર'નો યાત્રિકોનાં હૃદય પર અમીટ પ્રભાવ પથરાયો. શતાબ્દીના ઉપક્રમે સ્વામીશ્રીને અંજલિ આપતાં ભારત સરકારે સ્વામીશ્રીની ચિરંતન સ્મૃતિમાં બે પોસ્ટલ સ્ટેમ્પ પ્રકાશિત કરી.



## ૨૦૧૭ ગાંધીનગર અક્ષરધામ રજતજયંતી મહોત્સવ

ગાંધીનગર સ્થિત અક્ષરધામનો રજત જયંતી મહોત્સવ શતાબ્દી પર્વે મહંત સ્વામી મહારાજ અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈની ઉપસ્થિતિમાં ૨-૧૧-૨૦૧૭ના રોજ ઊજવાયો. 'પ્રોજેક્શન મેપિંગ શો' અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે શ્રીહરિના જીવન-દર્શન પેઈન્ટિંગ પ્રદર્શનનું ઉદ્ઘાટન પણ થયું. હજારો ભક્તોએ ઉપસ્થિત રહીને આ અવસરનો લાભ પ્રાપ્ત કર્યો હતો.



## ૨૦૧૭ આણંદમાં દ્વિતીય ચરણ: જયંતી મહોત્સવ

આણંદ ખાતે શતાબ્દીના દ્વિતીય ચરણ રૂપે પ્રમુખસ્વામી મહારાજનો ૯૭મો જન્મજયંતી મહોત્સવ યોજાયો. 'હે ગુરુજી! નહીં ભૂલું તમને...' મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં હરિભક્તોના સ્વાનુભવ કથન દ્વારા સ્વામીશ્રીના નિ:સ્વાર્થ પ્રેમનાં સંસ્મરણો વાગોળીને સૌએ પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પી હતી.



## ૨૦૧૮ માનસરોવરના તટે સ્મૃતિસ્થાન

શતાબ્દી પર્વે તિબેટની ધરતી પર પવિત્ર માનસરોવરના તટે રચાયું શ્રી નીલકંઠવર્ણી અને પ્રમુખસ્વામી મહારાજનું સ્મૃતિસ્થાન. આ સ્મૃતિસ્થાન, હિમાલયના કાતિલ શિયાળામાં ભગવાન શ્રીસ્વામિનારાયણે નીલકંઠવર્ણી વેશે કરેલી યાત્રા તથા માનસરોવરમાં પ્રમુખસ્વામી મહારાજના અસ્થિવિસર્જનની ચિરંતન સ્મૃતિ કરાવતું રહેશે.

## ૨૦૧૮ શતાબ્દી પર્વે સમૂહ લગ્નોત્સવ



નાત-જાત કે અન્ય ભેદભાવ વિના અસંખ્ય લોકો પર સ્નેહવર્ષા કરનારા પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે બોડેલી ખાતે સંસ્થા દ્વારા સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ ઉપરાંત અમેરિકામાં રોબિન્સવિલ ખાતે પણ સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. મહંત સ્વામી મહારાજે સૌને પ્રમુખસ્વામી મહારાજે આપેલો પારિવારિક એકતાનો મંત્ર ઘૂંટાવ્યો હતો.

## ૨૦૧૮ રાજકોટમાં શતાબ્દીનું તૃતીય ચરણ



સૌરાષ્ટ્રની રાજધાની સમા રાજકોટમાં સ્વામીશ્રીનો ૧૧ દિવસીય ૯૮મો જન્મજયંતી મહોત્સવ ઊજવાયો. 'સ્વામિનારાયણ નગર'માં કલાત્મક મંદિરો, પ્રદર્શન ખંડો, લાઇટ એન્ડ સાઉન્ડ શો વગેરે પ્રેરણાત્મક કાર્યક્રમો વચ્ચે વચનામૃત દ્વિશતાબ્દીનો ઉદ્‌ઘોષ કરવામાં આવ્યો. વચનામૃતના ધારક સ્વામીશ્રીને આ મહોત્સવ એક અનોખી અંજલિરૂપ બની રહ્યો.

## ૨૦૧૯ અખિલ ભારતીય બાળ-બાલિકા અધિવેશન



શતાબ્દીના ઉપક્રમે મહંત સ્વામી મહારાજની છત્રછાયામાં મે ૨૦૧૯માં સારંગપુર ખાતે અખિલ ભારતીય બાળ અધિવેશન યોજાયું. તેમાં જોડાયેલાં ૧૫૦ શહેરોનાં ૮૨૭૮ બાળમંડળોમાંથી કુલ ૪૦,૦૦૦ બાળ-બાલિકાઓએ ૯ સ્પર્ધાઓમાં કુલ ૧,૯૩,૦૦૦થી વધુ પ્રસ્તુતિઓ કરી, પ્રમુખસ્વામી મહારાજને ભક્તિપૂર્ણ ભાવાંજલિ અર્પી.

## ૨૦૧૯ અખિલ ભારતીય યુવા-યુવતી અધિવેશન



શતાબ્દી અને વચનામૃત દ્વિશતાબ્દીના ઉપક્રમે સારંગપુરમાં મહંત સ્વામી મહારાજની નિશ્રામાં અખિલ ભારતીય યુવા અધિવેશન યોજાયું. કુલ ૨૦,૦૦૦ યુવાઓએ ક્ષેત્રીય સ્તરે ભાગ લીધો. જેમાંથી પસંદગી પામેલાં કુલ ૪૦૦૦ યુવા-યુવતીઓએ ૯ પ્રકારની સ્પર્ધાઓમાં ભાગ લઈને ૪૨,૦૦૦થી વધુ પ્રસ્તુતિઓ કરી પ્રમુખસ્વામી મહારાજને ભક્તિભરી વંદના કરી.

## ૨૦૧૯ મુંબઈમાં સ્ટેડિયમમાં ભવ્ય મહોત્સવ



મુંબઈ ખાતે આ મહોત્સવ ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં 'દિવ્ય સ્પર્શ' મધ્યવર્તી વિચાર હેઠળ ત્રણ હજારથી વધુ યુવાનો-બાળકોએ રચનાત્મક પ્રસ્તુતિઓ કરીને પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પી વધાવ્યા. સમગ્ર વર્ષ દરમ્યાન મુંબઈ સત્સંગમંડળના આબાલવૃદ્ધ હરિભક્તોએ ભક્તિસભર કાર્યક્રમોની શૃંખલા દ્વારા ગુરુભક્તિ અદા કરી હતી.

## ૨૦૨૦ પરબ્રહ્મ સાથે અક્ષરબ્રહ્મ વિરાજ્યા



પ્રમુખસ્વામી મહારાજના હૃદય સમા શ્રીહરિકૃષ્ણ મહારાજની ચલમૂર્તિ સાથે મહંત સ્વામી મહારાજે તા. ૩૧-૧૦-૨૦૨૦ના રોજ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની ચલમૂર્તિની પ્રતિષ્ઠા કરી. વિશ્વશાંતિ મહાયાગ, શોભાયાત્રા, પ્રતિષ્ઠા મહોત્સવ, ગુણાતીત વ્યાખ્યાનમાળા સત્ર વગેરે કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરીને આ અવસરને ચીરસ્મરણીય બનાવ્યો.

## ૨૦૨૦ વર્ચ્યુઅલ ઊજવાઈ ૯૯મી જન્મજયંતી



શતાબ્દી મહોત્સવના ચતુર્થ પુષ્પ તરીકે સ્વામીશ્રીનો ૯૯મો જન્મજયંતી મહોત્સવ, કોરોના મહામારીને કારણે સર્વપ્રથમ વખત વર્ચ્યુઅલ ટેક્નોલોજી દ્વારા ઊજવાયો. દેશ-વિદેશના લાખો ભક્તોએ ઓનલાઇન કાર્યક્રમને ઘેર બેઠાં માણ્યો. હિમાલયની ગિરિકંદરાઓની વર્ચ્યુઅલ રચનાયુક્ત આ કાર્યક્રમ સૌના સ્મૃતિપટ પર સદાને માટે અંકિત થઈ ગયો.

## ૨૦૨૧ રોબિન્સવિલમાં તપોમૂર્તિ નીલકંઠની સ્થાપના



શતાબ્દીના ઉપક્રમે, સ્વામીશ્રીના સંકલ્પ અનુસાર અમેરિકામાં નિર્માણાધીન સ્વામિનારાયણ અક્ષરધામમાં, ૪૯ ફૂટ ઊંચી તપોમૂર્તિ શ્રીનીલકંઠ વર્ણીની મૂર્તિપ્રતિષ્ઠા સંપન્ન થઈ. સારંગપુર બિરાજતા મહંત સ્વામી મહારાજની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ૧૦-૧૦-૨૦૨૧ના રોજ રોબિન્સવિલ ખાતે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના હસ્તે વિધિવત્ પ્રતિષ્ઠા સંપન્ન થઈ.

## ૨૦૨૧ યુ.એસ.માં વીડિયો શ્રેણી દ્વારા શતાબ્દી વંદના




પ્રચંડ પુરુષાર્થ કરીને પ્રમુખસ્વામી મહારાજે નોર્થ અમેરિકામાં જગાવેલા આધ્યાત્મિક આંદોલનના દસ્તાવેજી ઇતિહાસને શતાબ્દીના ઉપક્રમે, કુલ છ દસ્તાવેજી ફિલ્મો દ્વારા પ્રસારિત કરવામાં આવ્યો. અમેરિકાના છ રિજિયનોમાં પ્રમુખસ્વામી મહારાજે કરેલા અપાર પરિશ્રમ અને વરસાવેલાં નિ:સ્વાર્થ વાત્સલ્યની સૌએ તાદૃશ્ય અનુભૂતિ કરી હતી.

## ૨૦૨૧ ઘરે ઘરે ઊજવાયો શતાબ્દી જન્મોત્સવ



કોરોના મહામારીને કારણે, શતાબ્દી વર્ષે, મધ્યસ્થ કાર્યાલય દ્વારા નિર્દિષ્ટ આયોજન અનુસાર દેશ-વિદેશના લાખો હરિભક્તોએ પ્રમુખસ્વામી મહારાજની ૧૦૦મી અને મહંત સ્વામી મહારાજની ૮૮મી જયંતી ઘરે ઘરે ઊજવી હતી. સૌએ ઘર અને ઘરમંદિરને ભક્તિભાવથી સુશોભિત કરી, રંગોળીઓ પૂરી, અન્નકૂટ કર્યા અને ગુરુહરિને અર્ઘ્ય અર્પી વિશિષ્ટ ભક્તિ અદા કરી હતી.



## ૨૦૨૧ તીર્થધામ ચાણસદના વિકાસની પરિયોજના

શતાબ્દીના ઉપક્રમે ગુજરાત સરકાર અને બી.એ.પી.એસ.ના સંયુક્ત ઉપક્રમે પ્રમુખસ્વામી મહારાજની જન્મભૂમિ તીર્થધામ ચાણસદના વિકાસની પરિયોજના કરવામાં આવી. 'નારાયણ સરોવર' અને ગામનાં દેવસ્થાનોનો જીર્ણોદ્ધાર કરીને પ્રવાસ-તીર્થયાત્રાની સુંદર વ્યવસ્થાઓ કરવામાં આવી અને ગામના વૈશ્વિક ગૌરવને ઉજાગર કરવામાં આવ્યું.



## ૨૦૨૧ જન્મભૂમિ ચાણસદમાં શતાબ્દી વંદના

પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્યનું એકસોમું વર્ષ '3D વર્ચ્યુઅલ ટેક્નોલોજી' દ્વારા તેઓની જન્મભૂમિ ચાણસદમાં આંતરરાષ્ટ્રીય સ્તરે વર્ચ્યુઅલ માધ્યમથી ઊજવાયું. બાળભક્ત શાંતિલાલ અને વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના સદ્‌ગુણોની સ્મૃતિનું પંચામૃત પીરસાયું. આ વર્ચ્યુઅલ મંચ પરથી અમદાવાદમાં ઊજવાનાર શતાબ્દી મહોત્સવનો શાનદાર ઉદ્‌ઘોષ થયો.




## ૨૦૨૨ લંડન મંદિરના નિર્માણની દસ્તાવેજી ગાથા

પ્રમુખસ્વામી મહારાજે લંડન મંદિર નિર્માણ માટે કરેલા અનન્ય પુરુષાર્થની ગાથાને વણી લેતી દસ્તાવેજી વીડિયો શ્રેણી - 'ધ ફર્સ્ટ ઓફ ઇટ્સ કાઇન્ડ'ના શીર્ષક હેઠળ પ્રસારિત કરવામાં આવી અને શતાબ્દીએ સ્વામીશ્રીને, તેમના વિરાટ કાર્યને અંજલિ અપાઈ. ૧૩ ભાગની આ હૃદયસ્પર્શી વીડિયો શ્રેણીએ એક અદૃશ્ય ઇતિહાસને તાદૃશ કરી દીધો.



## ૨૦૨૨ શતાબ્દીએ વિરાટ પારિવારિક શાંતિ અભિયાન

શતાબ્દી વર્ષે સ્વામીશ્રીના પારિવારિક એકતાના સંદેશને ગુંજાવતું 'પારિવારિક શાંતિ અભિયાન' યોજાયું. ૭૨,૮૦૬ પુરુષ-મહિલા સ્વયંસેવકોએ ૧૦,૦૦૦ નગરોમાં ૨૪,૦૦,૦૫૨ પરિવારોનો સંપર્ક કરીને ૬૦,૫૭,૬૩૫ વ્યક્તિઓને પારિવારિક શાંતિની પ્રેરણા આપી. ૪,૨૪,૬૯૬ પરિવારોએ ઘરસભા, ૧૦,૨૮,૫૬૦ પરિવારોએ સમૂહ આરતી-પ્રાર્થનાનો સંકલ્પ કર્યો.



## ૨૦૨૨ પ્રાસાદિક આંબલીવાળી પોળનો જીર્ણોદ્ધાર

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજને જ્યાં પાર્ષદ દીક્ષા આપી હતી અને સંસ્થાના 'પ્રમુખ' તરીકે નિયુક્ત કર્યા હતા એ અમદાવાદ સ્થિત મહાપવિત્ર તીર્થસ્થાન સમી આંબલીવાળી પોળ(યજ્ઞપુરુષ પોળ)નો શતાબ્દી પર્વે જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. મહંત સ્વામી મહારાજે અહીં પધારીને પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુવર્યોને અંજલિ અર્પી.

## ૨૦૨૨ દિલ્હીમાં ભારતના ભક્તો દ્વારા શતાબ્દી વંદના



રાજધાની દિલ્હીમાં પ્રમુખસ્વામી મહારાજે રચેલા અક્ષરધામ ખાતે તેઓને વંદના કરતો વિશિષ્ટ કાર્યક્રમ 'શતાબ્દી વંદના સમારોહ' યોજાયો. ઉત્તર ભારતના હજારો ભક્તો અને મહાનુભાવોએ ઉપસ્થિત રહીને સ્વામીશ્રીનાં શ્રીચરણોમાં ભક્તિ-ભાવાંજલિ અર્પણ કરી હતી. ભારતીય સનાતન સંસ્કૃતિ માટે સ્વામીશ્રીએ કરેલા અદ્વિતીય પુરુષાર્થના ગુણગાન ગવાયાં હતાં.

## ૨૦૨૨ એશિયા-પેસિફિક દેશોમાં શતાબ્દીનો ઉદ્‌ઘોષ



શતાબ્દી મહોત્સવના ઉપક્રમે એશિયા-પેસિફિક દેશોમાં સપ્તવર્ષીય કાર્યક્રમોની હારમાળા સર્જાઈ. બાળ સંસ્કાર અભિયાનમાં દસ હજારથી વધુ પરિવારો જોડાયા. વિખ્યાત 'ગ્રેટ બેરિયર રીફ' ખાતે સમુદ્રના પેટાળમાં, સિડનીના વિખ્યાત 'ઑપેરા હાઉસ' ખાતે તેમજ અન્ય આઇકોનિક સ્થળોએ સ્વામીશ્રીનો સંદેશ પ્રસરાવાયો. ઑપેરા ખાતે ૫૦,૦૦૦થી વધુ લોકોએ કાર્યક્રમને માણ્યો.

## ૨૦૨૨ ઠેર ઠેર સો સો કીર્તન આરાધનાઓનું અર્ઘ્ય



શતાબ્દી મહોત્સવના ઉપક્રમે દેશ-વિદેશમાં બી.એ.પી.એસ. સત્સંગ કેન્દ્રોમાં ભક્તિસંગીતના કાર્યક્રમો યોજાયા હતા. ઠેર ઠેર સંગીતજ્ઞ સંતો-યુવકોએ સો સો કીર્તન આરાધનાઓ કરીને ગુરુહરિને ભક્તિ-અંજલિ અર્પી હતી. શતાબ્દી પર્વે યુવાનોએ યુ.કે.-યુરોપનાં ૧૦૦થી વધુ સ્થળોએ ભક્તિસંગીત યોજીને સ્વામીશ્રીનાં ચરણે શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં.

## ૨૦૨૨ બાળકો દ્વારા વિરાટ વ્યસનમુક્તિ અભિયાન




લાખો લોકોને વ્યસનમુક્તિનો માર્ગ ચીંધનાર સ્વામીશ્રીની શતાબ્દીએ, વિશાળ સમુદાયને વ્યસનમુક્તિની પ્રેરણા આપવા સંસ્થાની બાળપ્રવૃત્તિ દ્વારા આયોજિત વ્યસનમુક્તિ અભિયાનમાં બી.એ.પી.એસ.નાં ૧૬,૦૦૦ તાલીમબદ્ધ બાળકોએ ૧૬,૦૦,૦૦૦ લોકોને વ્યસનમુક્તિની પ્રેરણા આપી. વિશ્વ તમાકુ નિષેધ દિને ૫૦,૦૦૦થી વધુ બાળકો વ્યસનમુક્તિ યાત્રામાં જોડાયા.

## ૨૦૨૨ બાલિકાઓ દ્વારા પ્રકૃતિ સંવર્ધન અભિયાન



શતાબ્દીના ઉપક્રમે બી.એ.પી.એસ. બાલિકા-પ્રવૃત્તિ દ્વારા 'પ્રકૃતિ સંવર્ધન અભિયાન' યોજાયું, જેમાં ૧૪,૦૦૦ બાલિકાઓએ ઘરોઘર જઈને ૧૩,૦૦,૦૦૦ લોકોનો વ્યક્તિગત સંપર્ક કરી પ્રકૃતિના જતનનો સંદેશ આપ્યો હતો. ૧૨,૦૦,૦૦૦ લોકો પાણી-વીજળીના બચાવ માટે અને ૭,૫૦,૦૦૦ લોકો વૃક્ષોના વાવેતર અને જતન માટે કટિબદ્ધ થયા.

## ૨૦૨૨ ઠેર ઠેર યુનિવર્સિટીઓમાં એકેડેમિક સેમિનાર



શતાબ્દી પર્વે પ્રમુખસ્વામી મહારાજના બહુપરિમાણીય વ્યક્તિત્વને વિવિધ દૃષ્ટિકોણથી મૂલવતા એકેડેમિક સેમિનાર 'આર્ષ શોધ સંસ્થાન', ગાંધીનગર અને ગુજરાતની જુદી જુદી ૧૮ યુનિવર્સિટીઓના સંયોજનથી યોજાયા. વિદ્વાન સંતો-પ્રાધ્યાપકો દ્વારા સંશોધનાત્મક પ્રસ્તુતિઓ સાથે આ એકેડેમિક સેમિનારોમાં સૌએ ઉચ્ચ જીવનની પ્રેરણાઓ પ્રાપ્ત કરી.

## ૨૦૨૨ દેશ-વિદેશમાં રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના




પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે ભારત ઉપરાંત પૃથ્વીના પાંચેય ખંડોમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટનો આરંભ કરાયો હતો. લંડન (યુ.કે.-યુરોપ), ટોરન્ટો (કેનેડા), રોબિન્સવિલ (અમેરિકા) અને સિડની (ઑસ્ટ્રેલિયા) ખાતે મહંત સ્વામીજીની પ્રેરણાથી સ્થપાયેલ સંશોધન કેન્દ્રો દ્વારા અનેક વિદ્વાનો તૈયાર થશે.

## ૨૦૨૨ ઠેર-ઠેર યોજાયા માનવ ઉત્કર્ષ પર્વ



શતાબ્દી પર્વના ભાગરૂપે રાજકોટ, મહેસાણા, ભાવનગર, વગેરે ગુજરાતનાં મહાનગરોમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા માનવ ઉત્કર્ષ પર્વો યોજાયાં, જેમાં વિદ્વાન સંતોનાં પ્રેરક વક્તવ્યો અને વીડિયો દ્વારા હજારો લોકોને શુદ્ધ અને ઉન્નત જીવનની પ્રેરણા પ્રાપ્ત થઈ. અનેક લોકોએ જીવન-પરિવર્તનની પ્રતિજ્ઞાઓ લીધી.

## ૨૦૨૨ શતાબ્દી સુહૃદયાત્રા અને યુનિટી ફોરમ



શતાબ્દીના ઉપક્રમે યુ.એસ., યુ.કે., કેનેડા, ઑસ્ટ્રેલિયા, આફ્રિકા વગેરે દેશોમાં સનાતન હિન્દુ મૂલ્યોનું પોષણ અને સંવર્ધન કરી રહેલાં હિન્દુ સંસ્થાનો અને અગ્રણીઓએ બી.એ.પી.એસ. દ્વારા આયોજિત 'યુનિટી ફોરમ'માં એક મંચ પર એકત્રિત થઈને સાંસ્કૃતિક મૂલ્યો અંગે વિમર્શ કર્યો અને સ્વામીશ્રીને ભાવાંજલિ અર્પી.

## ૨૦૨૨ યુ.કે.નાં આઇકોનિક સ્થાનો ઝળહળ્યાં



પ્રમુખસ્વામી મહારાજને શતાબ્દીએ વંદના કરતાં ઇંગ્લેન્ડનાં બે પ્રસિદ્ધ આઇકોનિક સ્થાનો - 'વેમ્બલી સ્ટેડિયમ આર્ચ' તથા 'બ્લેકપૂલ ટાવર'ને બી.એ.પી.એસ. ધ્વજના લાલ અને સફેદ રંગની રોશની કરીને સ્વામીશ્રીને અનોખી અંજલિ અર્પી હતી. 'બ્લેકપૂલ ટાવર'ના ૧૨૮ વર્ષના ઇતિહાસમાં પ્રથમવાર એક ધર્મગુરુ તરીકે સ્વામીશ્રીને આ સન્માન અપાયું હતું.



## ૨૦૨૨ ઠેર ઠેર યોજાયાં સંત-સ્નેહ સંમેલનો

શતાબ્દી પર્વે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા દેશનાં ૨૯ શહેરોમાં પાવનકારી સંત-સંમેલનો યોજાયાં હતાં. આ પાવનકારી સંત-સંમેલનોમાં સેંકડો સંતો-મહંતો-મહામંડલેશ્વરો-આચાર્યો -મઠાધિપતિઓ ઉપસ્થિત રહ્યા હતા. દરેક પ્રાંતના અગ્રગણ્ય સંતોએ પ્રમુખસ્વામી મહારાજની ગુણગાથાઓ ગાઈને સનાતન હિન્દુ ધર્મની સ્વામીશ્રીએ કરેલી સેવાઓને બિરદાવી હતી.



## ૨૦૨૨ આફ્રિકામાં શતાબ્દી મહોત્સવનો જયજયકાર

અનન્ય પુરુષાર્થ કરીને પૂર્વ અને દક્ષિણ આફ્રિકાના દેશોમાં સંસ્કૃતિ અને સત્સંગને વિસ્તારનારા પ્રમુખસ્વામી મહારાજના શાનદાર શતાબ્દી પર્વો નૈરોબી, કંપાલા, દારેસલામ, મ્વાન્ઝા, જોહાનિસબર્ગ વગેરે શહેરોમાં યોજાયા. નૈરોબીમાં ૧૦ એકર ભૂમિ પર સ્વામિ-નારાયણ નગર રચાયું હતું. પ્રેરક પ્રદર્શનો સહિતના વિવિધ કાર્યક્રમોને ૮૦ હજારથી વધુ દર્શનાર્થીઓએ માણ્યા.



## ૨૦૨૨ અમેરિકામાં યોજાયા ભવ્ય શતાબ્દી કાર્યક્રમો

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દીની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ઉત્તર અમેરિકાનાં ૧૪૩ મહાનગરો-નગરોનાં બી.એ.પી.એસ. કેન્દ્રો દ્વારા ભવ્યતાપૂર્ણ કાર્યક્રમો યોજાયા. 'પરમ શાંતિ' શીર્ષક સાથે આ કાર્યક્રમ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય વ્યક્તિત્વ પર કેન્દ્રિત હતો. અનેક મહાનુભાવો અને લાખો લોકોએ સ્વામીશ્રીનાં શ્રીચરણોમાં અંજલિ અર્પણ કરી.



## ૨૦૨૨ યુ.કે.-યુરોપમાં શતાબ્દી પર્વનો જયઘોષ

પ્રમુખસ્વામી મહારાજ જન્મ શતાબ્દીની ઉજવણીના ભાગરૂપે યુ.કે.-યુરોપમાં વિવિધ કાર્યક્રમોની ભવ્યતાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. નિસડન ખાતે યોજાયેલ ભવ્યાતિભવ્ય 'ફેસ્ટિવલ ઓફ ઇન્સ્પિરેશન્સ'નો લાભ લઈને બ્રિટિશ વડાપ્રધાનથી લઈને અનેક મહાનુભાવો અને દેશી-વિદેશી હજારો ભાવિકોએ પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પી.



## ૨૦૨૨ ધાર્મિક સંવાદિતાના વૈશ્વિક મંચ પર અંજલિ

સાઉદી અરેબિયામાં રિયાધ ખાતે આયોજિત વિશ્વ ધર્મ પરિષદમાં તેમજ ઇન્ડોનેશિયામાં બાલી ખાતે આયોજિત G20ની રિલિજિયસ પરિષદમાં (R20) બી.એ.પી.એસ.ના સંતોએ હિન્દુ ધર્મનું પ્રતિનિધિત્વ કરીને પ્રમુખસ્વામી મહારાજનો એકતા-સંવાદિતાનો મંત્ર ગુંજાવ્યો હતો. શતાબ્દી પર્વે પ્રમુખસ્વામી મહારાજના વિચારોથી વિશ્વ ધર્મનેતાઓ પ્રભાવિત થયા હતા.

## ૨૦૨૨ બ્રિટન, કેનેડાની પાર્લામેન્ટમાં બહુમાન



કેનેડા અને બ્રિટનની પાર્લામેન્ટમાં સાંસદોએ ૭ ડિસેમ્બરના રોજ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી દિને અંજલિ આપીને આ દિનને પ્રમુખસ્વામી મહારાજ દિન તરીકે જાહેર કર્યો. સ્વામીશ્રીનાં જીવન, કાર્ય અને સંદેશના વૈશ્વિક પ્રભાવનો મહિમા ગાઈને સાંસદોએ પાર્લામેન્ટ વતી બહુમાન અર્પણ કર્યું. ઓસ્ટ્રેલિયન વિક્ટોરિયા પાર્લામેન્ટમાં પણ સ્વામીશ્રીનું બહુમાન કરાયું.

## ૨૦૨૨ સ્વામીશ્રીને યુનોમાં અપાઈ શતાબ્દી-અંજલિ



સન ૨૦૦૦માં સંયુક્ત રાષ્ટ્ર સંઘ - યુનો દ્વારા આયોજિત વિશ્વધર્મ સંસદમાં સંવાદિતાનો બોધ આપનાર પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી જન્મદિન તા. ૭ ડિસેમ્બરના રોજ, યુનોમાં એક વિશિષ્ટ કાર્યક્રમ દ્વારા અનેક દેશોના રાજદૂતો સહિત મહાનુભાવોએ સ્વામીશ્રીને શતાબ્દી પર્વે ભાવાંજલિ અર્પી વૈશ્વિક બહુમાન અર્પ્યું હતું.

## ૨૦૨૨ નાયગ્રા ધોધ સ્વામીશ્રીના રંગે પ્રકાશિત થયો



કેનેડા સરકારે વિશ્વના સૌથી મોટા 'નાયગ્રા ધોધ'ને પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી જન્મ દિને બી.એ.પી.એસ.ના ધ્વજના સફેદ અને ભગવા રંગોથી પ્રકાશિત કર્યો હતો અને સ્વામીશ્રીને ભાવાંજલિ અર્પી હતી. કેનેડામાં પ્રમુખસ્વામી મહારાજે આપેલાં પ્રદાનોની સ્મૃતિ કરીને વડાપ્રધાનશ્રી જસ્ટીન ટ્રુડો તેમજ સરકારે સ્વામીશ્રીને આ બહુમાન અર્પ્યું હતું.

## ૨૦૧૬-૨૨ ઠેર ઠેર વિવિધ શતાબ્દી અભિયાનો




શતાબ્દીના ઉપક્રમે ૨૦૧૬ થી ૨૦૨૧ દરમ્યાન દેશવિદેશમાં ઠેર-ઠેર વિરાટ પાયે અભિયાનો જેવાં કે વૃક્ષારોપણ, જળજાગૃતિ, ટ્રાફિક જાગૃતિ, વૃદ્ધાશ્રમ-અનાથાશ્રમમાં સદ્ભાવના, વસ્ત્રદાન, કારકિર્દી સેમિનાર, સ્ટડીસર્કલ, શિક્ષક સંમેલન, મહિલા સંમેલન, સ્વચ્છતા, ઉપરાંત પ્રતિભા પર્વ, મહામંત્ર લેખન, વર્ચ્યુઅલ પારાયણ વગેરે અનેક ભક્તિપૂર્ણ કાર્યક્રમોનો લાખોએ લાભ લીધો હતો.

## ૨૦૧૬-૨૨ ઠેર ઠેર આરોગ્ય સેવાઓનો યજ્ઞ



પોતાના જીવન-કાર્ય દ્વારા નિ:સ્વાર્થ સેવાનો રાહ ચીંધનાર સ્વામીશ્રીની સ્મૃતિમાં શતાબ્દી પર્વે સંસ્થા દ્વારા યોજાયેલા રક્તદાન યજ્ઞોમાં કુલ ૧૨,૦૦,૦૦૦ સી.સી.થી વધુ રક્તદાન થયું. નિ:શુલ્ક થેલેસેમિયા ટેસ્ટ, મેડિકો-સ્પિરિચ્યુઅલ કોન્ફરન્સ, નિ:શુલ્ક રોગનિદાન કેમ્પ, વગેરે કાર્યક્રમોનો લાભ પણ લાખો લોકોએ મેળવ્યો.

## ૨૦૧૬-૨૨ નૂતન મંદિરો શતાબ્દીએ અર્પણ



૧૨૦૦થી વધુ મંદિરો દ્વારા દેશ-વિદેશમાં સનાતન ધર્મની જ્યોત પ્રસારનારા સ્વામીશ્રીના શતાબ્દી પર્વે, તેઓના સંકલ્પ અનુસાર, પૂણે, ધુલિયા, નવસારી અને નાસિક ખાતે ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરો તેમજ સેંકડો હરિમંદિરો મહંત સ્વામી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠિત થયાં. મહાયજ્ઞો, શોભા-યાત્રાઓ વગેરે કાર્યક્રમોમાં લાખો ભક્તો સંમિલિત થયા.

## ૨૦૧૬-૨૨ સેંકડો યુવાનોનું જીવન-સમર્પણ



જેમની દિવ્ય પ્રેમ-પ્રતિભાથી ૧૧૦૦થી વધુ યુવાનોએ જીવન સમર્પણ કર્યું છે એવા સ્વામીશ્રીના શતાબ્દી પર્વે, મહંત સ્વામી મહારાજની નિશ્રામાં સન ૨૦૧૬થી ૨૦૨૨ દરમ્યાન કુલ ૧૪ દીક્ષા સમારોહ યોજાયા. કુલ ૧૭૬ યુવાનોએ પાર્ષદી દીક્ષા અને ૨૦૦ પાર્ષદોએ ભાગવતી દીક્ષા ગ્રહણ કરીને જીવન સમર્પણ દ્વારા સ્વામી-ચીંધ્યા માર્ગે સેવાનો આજીવન ભેખ લીધો.

## ૨૦૧૬-૨૨ શૈક્ષણિક સેવાઓના નૂતન આયામો




શતાબ્દીના ઉપક્રમે બી.એ.પી.એસ. દ્વારા ગોંડલમાં નિવાસી ગુરુકુળ અને કન્યાશાળા, જૂનાગઢમાં નિવાસી શાળા, રાંદેસણમાં નિવાસી કન્યાશાળા વગેરે શૈક્ષણિક પ્રકલ્પો લોકાર્પિત થયાં. કોલેજોમાં આઈ.પી.ડી.સી. કોર્સનો પ્રારંભ કરાયો, નૈરોબીની બોમેટ કાઉન્ટી શાળામાં નવા ઓરડાઓનું નિર્માણ કરાયું. સારંગપુરમાં 'પ્રમુખસંસ્કૃતમ્' કોર્સનો આરંભ કરાયો.

## ૨૦૧૬-૨૨ નૂતન સૈદ્ધાંતિક-શાસ્ત્રીય રચનાઓ



શતાબ્દી પર્વે મહંત સ્વામી મહારાજે 'સત્સંગદીક્ષા' ગ્રંથની રચના કરીને આવનારી અનેક પેઢીઓને આધ્યાત્મિક ઉપહાર આપ્યો. શ્રીસ્વામિનારાયણ આરતી, નૂતન મહાપૂજા, સહજાનંદ નામાવલિ રચાવી અને નૂતન સાધનામંત્ર તથા આશ્રયમંત્ર આપીને તેઓએ શતાબ્દી પર્વે ચિરંતન સૈદ્ધાંતિક કાર્યો કર્યાં અને કરાવ્યાં. સ્વહસ્તે 'અક્ષરપુરુષોત્તમ દર્શન'નો ઘોષણાપત્ર લખ્યો!

## ૨૦૧૭-૨૨ મહંત સ્વામીજીની શતાબ્દી ધર્મયાત્રાઓ



મહંત સ્વામી મહારાજે પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે ભારત તેમજ સમગ્ર વિશ્વમાં બી.એ.પી.એસ. સત્સંગનાં મુખ્ય કેન્દ્રોમાં પધારીને લાખો ભક્તોને લાભાન્વિત કર્યા હતા. આફ્રિકા ખંડ (૨૦૧૭), યુ.કે., યુરોપ, અમેરિકા, કેનેડા (૨૦૧૭), એશિયા-પેસિફિક દેશો (૨૦૧૮), યુ.એ.ઈ. (૨૦૧૯)માં વિચરણ કરીને સૌને આધ્યાત્મિક પ્રેરણાઓથી છલકંતાં કર્યાં હતાં.



## ૨૦૧૭-૨૨ પ્રકાશનોની વિસ્તૃત શતાબ્દી ગ્રંથમાળા

શતાબ્દીના ઉપક્રમે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, બંગાળી, મરાઠી પ્રકાશનો પ્રકાશિત થયાં. સ્વામીશ્રીની વિરાટ જીવનગાથાનું આચમન કરાવતી વિસ્તૃત જીવનચરિત્ર ગ્રંથશ્રેણી તેમજ અનેકવિધ પ્રકાશનો પ્રકાશિત થયાં હતાં. આ ઉપરાંત ‘અક્ષર અમૃતમ્’ અને ‘પ્રેરણા સેતુ’ વગેરે મોબાઇલ એપ તેમજ પ્રમુખ શતાબ્દી વંદના આદિ ઓડિયો પ્રકાશનો પ્રકાશિત થયાં.



## ૨૦૧૭-૨૨ શતાબ્દી નિમિત્તે યોજાઈ વિવિધ યાત્રાઓ

શતાબ્દી નિમિત્તે ભક્તિ-ભાવાંજલિ અર્પણ કરતાં સંતો, આબાલ-વૃદ્ધ ભક્તો-ભાવિકોએ દેશ-વિદેશમાં ઠેર ઠેર વિવિધ ભક્તિ-યાત્રાઓ યોજી હતી. પદયાત્રાઓ, પર્યાવરણ જાગૃતિયાત્રાઓ, સાઈકલ યાત્રાઓ, જ્યોતયાત્રાઓ યોજીને સૌએ શતાબ્દીનો સંદેશ ગુંજાવ્યો હતો. ચાણસદ ક્ષેત્રના યુવાનોએ ચાણસદથી છપૈયા સુધીની જ્યોતયાત્રા યોજીને સ્વામીશ્રીનો સંદેશ ગુંજવ્યો હતો.







## ૨૦૧૭-૨૨ અનેક સ્થળોનાં નામકરણ દ્વારા અંજલિ

ઠેર ઠેર પ્રમુખસ્વામી મહારાજના પવિત્ર નામ સાથે સેંકડો શહેરોનાં વિવિધ અંગ-ઉપાંગો કે માર્ગોને જોડીને સ્વામીશ્રીને શતાબ્દી અંજલિ અપાઈ. જેમ કે, • વિશ્વના સૌથી લાંબા ‘સાબરમતી રિવરફ્રન્ટ’નો પશ્ચિમ માર્ગ : ‘પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ માર્ગ’ • ટોરન્ટોના ક્લેરવિગ માર્ગ : ‘પ્રમુખસ્વામી મહારાજ રોડ’ • ન્યૂયોર્કના લોંગ આઇલેન્ડમાં ‘પ્રમુખસ્વામી મહારાજ ડ્રાઇવ’ • લંડનનો બ્રેન્ટફિલ્ડ રોડ : ‘પ્રમુખસ્વામી રોડ’ • કેન્યાની રાજધાની નૈરોબીનો મસારી રોડ : ‘પ્રમુખસ્વામી એવન્યૂ’ • જયપુર ખાતે અજમેર રોડથી ભરત એપાર્ટમેન્ટ સુધીનો માર્ગ : ‘પ્રમુખસ્વામી મહારાજ માર્ગ’ • દિલ્હી અક્ષરધામ સમક્ષ પસાર થતો ૬ કિ.મી.નો ધોરીમાર્ગ : ‘પ્રમુખસ્વામી મહારાજ માર્ગ’ • બેંગલુરુ બી.એ.પી.એસ. મંદિર પાસેથી પસાર થતો માર્ગ : ‘પ્રમુખસ્વામી મહારાજ માર્ગ’ • વેરાવળ સ્થિત શ્રીસોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો મુખ્ય પ્રવેશદ્વાર : ‘પ્રમુખસ્વામી મહારાજ દ્વાર’ • આ સિવાય અન્ય ઘણાં શહેરોમાં પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિમાં નામાભિધાન કરવામાં આવ્યું છે.



## ૨૦૧૮-૨૨ નોર્થ અમેરિકામાં શતાબ્દી-શિબિરો

શતાબ્દીના ઉપલક્ષ્યે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં દેશ-વિદેશમાં ઠેર ઠેર શિબિરો યોજાઈ. ઉત્તર અમેરિકા ખંડના ૧૦,૦૦૦થી વધુ બાળ-યુવાઓનું ‘નોર્થ અમેરિકા યુથ કન્વેન્શન-૨૦૧૮’ યોજાઈ ગયું. ઉપરાંત દેશ-વિદેશમાં બાળ-કિશોર-યુવા-મહિલા શિબિરો, તબીબી શિબિર, પ્રેરણા શિબિર, મેડિકલ કોન્ફરન્સ વગેરે યોજાયાં હતાં.



## ૨૦૨૦-૨૧ ઠેર-ઠેર યોજાઈ ઓનલાઈન મહાપૂજા

કોરોના મહામારી વચ્ચે, શતાબ્દી પર્વે સમગ્ર સત્સંગ સમુદાયમાં અનેક પરિવારોએ સહકુટુંબ ઓનલાઈન મહાપૂજામાં ભાગ લીધો હતો. ગોંડલમાં અક્ષરદેરીના સાંનિધ્યમાં તેમજ અન્ય શિખરબદ્ધ મંદિરો અને યુ.કે.-યુરોપ સાથે કુલ બે લાખથી વધુ પરિવારો જોડાયા હતા. ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડના ૧૮૦૦ પરિવારોએ સૌની સુખાકારી માટે પ્રાર્થના યજ્ઞો કર્યા હતા.




## ૨૦૨૦-૨૧ પ્રકાશિત થઈ શતાબ્દી વીડિયો શ્રેણી

બીજાના સુખ માટે પોતાનું જીવન સમર્પિત કરનાર પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી અવસરે તેમના જીવન-કાર્ય-સંદેશની અનુભૂતિ કરાવતી સુંદર વીડિયો શ્રેણી પ્રમુખ છબિકથા પ્રકાશિત થઈ. નર્મદા યોજના, ભૂકંપ રાહતકાર્ય, મોરબી ડેમ દુર્ઘટના, ગુજરાતના દુષ્કાળ જેવા કપરા સમયે સ્વામીશ્રી દ્વારા થયેલાં સેવાકાર્યોની દસ્તાવેજી વીડિયોએ સૌને પ્રભાવિત કર્યા.



## ૨૦૨૦-૨૧ સત્સંગ દીક્ષા મુખપાઠ મહોત્સવ

શતાબ્દી પર્વે ભારતીય સ્તરે સત્સંગદીક્ષા સંપૂર્ણ શ્લોક મુખપાઠ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ૧૦,૦૦૦થી વધુ યુવા-યુવતી, બાળ-બાલિકાઓએ ભાગ લીધો. ઉપરાંત આફ્રિકા ખંડના ૧૬ દેશોનાં સત્સંગ કેન્દ્રોમાં અને એશિયા-પેસિફિકના દેશોમાં પણ વિવિધ પ્રકારે મુખપાઠ કાર્યક્રમો યોજાયા. મુખપાઠ કરનાર સૌને સ્વામીશ્રીએ 'રાજીપા'નું પારિતોષિક આપીને વધાવ્યા.



## ૨૦૨૦-૨૧ સત્સંગ નોલેજ ઓનલાઇન ટેસ્ટ

શતાબ્દીના ઉપક્રમે સંસ્થા દ્વારા આયોજિત 'સત્સંગ નોલેજ ઓનલાઇન ટેસ્ટ'માં, સમગ્ર ભારતનાં બી.એ.પી.એસ. કેન્દ્રોમાંથી કુલ ૧૩,૫૦૦થી વધુ યુવક-યુવતીઓએ ભાગ લીધો. 'શતદલ પ્રમુખ પરિમલ' અને 'સાધુતાનું શિખર મહંત સ્વામી મહારાજ' પુસ્તકો પર આધારિત આ કસોટી દ્વારા સૌને સત્સંગની વિશેષ દૃઢતા થઈ.



## ૨૦૨૧-૨૨ હજારો ગામો અને ઘરોમાં સંત વિચરણ

ઘરોઘર ઘૂમનાર સ્વામીશ્રીના શતાબ્દી પર્વે દેશ-વિદેશનાં અનેક કેન્દ્રોમાં સંસ્થાના સંતો, વરિષ્ઠ સંતોએ વિચરણ કરીને સ્વામીશ્રીનો આધ્યાત્મિક સંદેશ ગુંજાવ્યો હતો. આફ્રિકાના ૧૨ દેશોનાં ૧૦,૦૦૦થી વધુ ઘરો સંતોની પધરામણીથી ધન્ય થયાં હતાં. જ્યારે ભારતમાં સંતો દ્વારા થયેલા વિચરણમાં ૪૮૪૬ ગામોમાં ૧,૧૧,૦૦૦થી વધુ ઘરોમાં પધરામણી થઈ.





# પ્રમુખસ્વામી મહારાજ નગરઃ

# સ્મરણ યાત્રા



પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં, તેઓના આધ્યાત્મિક અનુસંધાન સાથે અમદાવાદના આંગણે પ્રમુખસ્વામી મહારાજનો જન્મ શતાબ્દી મહોત્સવ એટલે લોકસેવા, સંસ્કૃતિ-સેવા અને અધ્યાત્મ-સેવાના ક્ષેત્રે અનન્ય યોગદાન આપનાર એ મહાન સંતવિભૂતિનાં ચરણે એક વિનમ્ર ભાવાંજલિ. 'બીજાના ભલામાં આપણું ભલું, બીજાના સુખમાં આપણું સુખ' – એ જીવનસૂત્ર જીવનાર પ્રમુખસ્વામી મહારાજનો આ શતાબ્દી મહોત્સવ, તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૨૨ થી તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૩ દરમ્યાન, એક મહિના સુધી ભક્તિભાવપૂર્વક અમદાવાદ ખાતે ઊજવાઈ ગયો. આ મહોત્સવની ભવ્ય આંતરરાષ્ટ્રીય ઉજવણી માટે ૬૦૦ એકરની વિશાળ ભૂમિ પર અપૂર્વ અને અદ્‌ભુત 'પ્રમુખસ્વામી મહારાજ નગર' રચવામાં આવ્યું હતું. સમાજના દરેક સ્તરમાંથી દેશ-વિદેશના એક કરોડ એકવીસ લાખથી વધુ લોકો પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને હૃદયપૂર્વક ભાવાંજલિ અર્પવા આ પ્રમુખસ્વામી મહારાજ નગરમાં ઊમટ્યા. પ્રમુખસ્વામી મહારાજનાં વૈશ્વિક જીવન-કાર્ય-સંદેશ તેમજ સનાતન સાંસ્કૃતિક મૂલ્યો, વિવિધ માધ્યમો અને અદ્‌ભુત કલાકૃતિઓ દ્વારા આ નગરમાં પ્રસ્તુત થયાં, જે લાખો લોકોને જીવન-ઘડતરની પ્રેરણાઓથી છલકાવતાં રહ્યાં. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ૧૨૦૦થી વધુ સુશિક્ષિત સંતો અને કુલ ૮૦,૦૦૦થી વધુ સ્વયંસેવકોએ દિવસ-રાત સેવા કરીને એક અભૂતપૂર્વ સર્જન અને સંચાલન અહીં કરી બતાવ્યું, જેણે સૌ કોઈને અભિભૂત કરી દીધા.

બી.એ.પી.એસ. દ્વારા નિર્મિત અને પ્રેરણાનું અમૃત વહાવતું આ પ્રમુખસ્વામી મહારાજ નગર એટલે એક અપૂર્વ 'કલ્ચરલ વન્ડરલેન્ડ'. આવો, સમયની સોડમાં અને લાખો લોકોના હૈયે સદાને માટે લપાઈ ગયેલા આ નગરની એક સ્મરણયાત્રા છબિ દર્શન દ્વારા માણીએ...

**આ ઉત્સવ દેખાવ માટે નહોતો કર્યો.**
**સ્પર્ધા કે છાપ પાડવાનો તો લેશ પણ વિચાર નહીં.**
**આ ઉત્સવ જીવનને સાર્થક કરવાનો હતો.**
**સંપ-સુહૃદભાવ અને એકતાનો ઉત્સવ હતો.**
**કરોડો લોકોની સેવા કરવાનો ઉત્સવ હતો.**
**દોષો ટાળી બ્રહ્મરૂપ થવાનો ઉત્સવ હતો.**
**ભગવાન અને સંતને રાજી કરવાનો ઉત્સવ હતો.**

**- પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ**

## મહાન સંત-પરંપરાને વંદના કરતું સંતદ્વાર




પ્રમુખસ્વામી મહારાજ એટલે ભારતની મહાન સનાતન સંત-પરંપરાનું વહન કરનાર આ યુગના મહાન સંતવિભૂતિ. એટલે જ તેઓના શતાબ્દી મહોત્સવના વિશાળ સ્થળ પ્રમુખસ્વામી મહારાજ નગરનું મુખ્ય પ્રવેશદ્વાર હતું - સંત દ્વાર. ૩૮૦ ફૂટ લાંબું, ૫૨ ફૂટ ઊંચું અને ૩૫ ફૂટ પહોળું આ કલાત્મક પ્રવેશદ્વાર ગવાક્ષોમાં વિરાજતા મહાન સંતોની ૮ ફૂટ ઊંચી ૨૮ પ્રતિમાઓથી શોભતું હતું.







શ્રી ગૌતમ બુદ્ધ



શ્રી આદિ શંકરાચાર્ય



શ્રી ચૈતન્ય મહાપ્રભુ



શ્રી મીરાંબાઈ



## શતાબ્દી મહોત્સવનું રચનાત્મક મુખ્ય પ્રતીક

પ્રમુખસ્વામી મહારાજ એક અહોરાત્ર ભક્તિમય મહાપુરુષ હતા. સતત અનેક સેવાપ્રવૃત્તિઓમાં પરોવાયેલા હોવા છતાં તેઓ સદા ભક્તિમય રહેતા હતા. તેઓની ભક્તિની સ્મૃતિરૂપે તેઓના માળા ફેરવતા હસ્તકમળને શતાબ્દી મહોત્સવના મુખ્ય પ્રતીક તરીકે રાખવામાં આવ્યું હતું. આથી નગરના મુખ્ય પ્રવેશદ્વાર પર પણ તેઓના માળાયુક્ત હાથની વાંસમાંથી નિર્મિત અદ્‌ભુત કલાકૃતિ પ્રસ્તુત હતી, જે સૌને ભક્તિની પ્રેરણા આપતી હતી.











## પ્રમુખસ્વામી મહારાજ વંદના સ્થળ

નગરના કેન્દ્ર પથ પર પ્રમુખસ્વામી મહારાજ વંદના સ્થળ સૌની આસ્થાનું એક અનોખું કેન્દ્ર હતું. ૪૦ ફૂટ પહોળી પીઠિકા પર બિરાજમાન પ્રમુખસ્વામી મહારાજની ૩૦ ફૂટ ઊંચી ભવ્ય પ્રતિમા સૌ પર આશીર્વાદનું અમૃત વરસાવી કૃતાર્થ કરતી હતી. આ મૂર્તિની ચારેકોર ૨૪ કલાક પરોપકાર માટે વિતાવનારા પ્રમુખસ્વામી મહારાજના પ્રેરક જીવન પ્રસંગો સૌને સેવાની પ્રેરણા આપતા હતા. ચારે તરફ વર્તુળમાં રચાયેલું સુંદર લેન્ડસ્કેપિંગ જાણે ધ્યાનાવસ્થા માટે પ્રેરણા આપતું હતું.

પ્રમુખસ્વામી મહારાજની સ્વર્ણિમ મૂર્તિની સમક્ષ તેમના પ્રિય શ્રી હરિકૃષ્ણ મહારાજની પણ પાંચ ફૂટ ઊંચી મૂર્તિ બિરાજમાન હતી. નિત્ય હજારો લોકો અહીં ભક્તિ-પ્રાર્થના અદા કરીને સુખ-શાંતિની નિરાળી અનુભૂતિ કરતા હતા.





## અક્ષરધામ મહામંદિરની મહાકાય પ્રતિકૃતિ

ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્ઝ દ્વારા પ્રમુખસ્વામી મહારાજને મંદિરોના 'માસ્ટર બિલ્ડર' તરીકે બિરદાવવામાં આવ્યા છે.

તેઓએ સંસ્કૃતિની શાન સમાં ૧૨૦૦થી વધુ મંદિરોનું નિર્માણ કરી એક અતૂટ વિશ્વવિક્રમ રચ્યો છે. તેમાંનું એક વિશ્વપ્રસિદ્ધ મહામંદિર એટલે તેઓએ દિલ્હી ખાતે સર્જેલું સ્વામિનારાયણ અક્ષરધામ, જે વિશ્વના સૌથી મોટા સર્વગ્રાહી મંદિરનું ગૌરવ પામ્યું છે. સ્વામીશ્રીનાં યુગકાર્યોની એક યશકલગી સમા એ મહામંદિરની ૬૭ ફૂટ ઊંચી હૂબહૂ પ્રતિકૃતિ નગરમાં ખડી કરીને સ્વામીશ્રીને શતાબ્દી-વંદના કરવામાં આવી હતી.


શ્રી શિવ-પાર્વતી


શ્રી રાધા-કૃષ્ણ


શ્રી સીતા-રામ

## દિવ્ય ભગવત્સ્વરૂપો

અક્ષરધામની પ્રતિકૃતિની ચારે તરફ વિશાળ ગર્ભગૃહમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમની ગુણાતીત ગુરુપરંપરા, ભગવાન શ્રી શિવ-પાર્વતીજી, ગણેશજી, ભગવાન શ્રી રાધા-કૃષ્ણ, ભગવાન શ્રી સીતા-રામ, હનુમાનજીની મૂર્તિઓ સ્થાપવામાં આવી હતી. અહીંથી સૌને ભગવાનનાં વિવિધ સ્વરૂપો અને ગુરુમાં શ્રદ્ધાની પવિત્ર પ્રેરણા મળતી હતી.

## નારાયણ સભાગૃહ

નગરમાં બે વિશાળ સભાગૃહો, બે વિશાળ કોન્ફરન્સ ખંડો અને નારી ઉત્કર્ષ મંડપમ્ વિવિધ કાર્યક્રમોથી સતત 30 દિવસ સુધી ગુંજતાં રહ્યાં હતાં. દેશ અને દુનિયાભરના મહાનુભાવો-સંતોએ સૌને પ્રેરણાઓથી છલકાવી દીધા હતા.



## વાંસમાંથી નિર્મિત ભક્તિમય હસ્તમુદ્રાઓ

મહોત્સવ સ્થળે વિશાળ કદની ભક્તિમય હસ્તમુદ્રાઓ પ્રમુખસ્વામી મહારાજના સતત ભક્તિમય જીવનનું સ્મરણ કરાવતી હતી. વાંસમાંથી નિર્મિત તેઓની કલાત્મક ભક્તિમય મુદ્રાઓ ભક્તિ અને શ્રદ્ધાની અનોખી પ્રેરણા આપતા હતા. શ્રીહરિની ચલમૂર્તિનું પૂજન કરતી મુદ્રા, પ્રાર્થનામુદ્રા, અભયદાનમુદ્રા, બોધમુદ્રા, પત્રલેખન મુદ્રા, હસ્તમિલન મુદ્રા અને કળશયુક્ત વિધિ-વિધાન મુદ્રા - દરેક મુદ્રામાં સ્વામીશ્રીની ભક્તિનો નિર્મળ ઝળહળાટ અનુભવાતો હતો.





વિધિ-વિધાન મુદ્રા



પ્રાર્થનામુદ્રા



અભયદાનમુદ્રા



બોધમુદ્રા





## પ્રમુખસ્વામી મહારાજની મુખમુદ્રા

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની મનોહર મુખાકૃતિ લાખો લોકોનાં હૃદયમાં સ્પર્શી જતી હતી. આથી જ, નગરમાં રચાયેલા અક્ષરધામ મહામંદિર સમક્ષ વાંસમાંથી નિર્મિત તેઓની ૧૦ ફૂટ ઊંચી મુખમુદ્રા પણ એટલી જ મનમોહક હતી. તેમની એ દિવ્ય મુખાકૃતિ સૌને અહોભાવ પ્રગટાવતી હતી.

## પ્રેરણાના પ્રકાશથી ઝળહળતું પ્રમુખ જ્યોતિ ઉદ્યાન

નગરનું એક અનોખું આકર્ષણ એટલે પ્રમુખ જ્યોતિ ઉદ્યાન (ગ્લો ગાર્ડન). શ્રદ્ધાની જ્યોતિથી અનેકનાં અંધકારમય જીવનને પ્રકાશિત કરનાર પ્રમુખસ્વામી મહારાજના સંદેશની પ્રસ્તુતિ કરતું હતું - પ્રમુખ જ્યોતિ ઉદ્યાન. જ્યાં દિવસે વિવિધ રંગ-રચનાઓ અને રાત્રે રંગમય પ્રકાશથી શોભતાં પૂર્ણ કદની વિવિધ રચનાઓ અને આકર્ષક પ્રતીકો દ્વારા લાખોએ જીવનમાં શ્રદ્ધા દૃઢ કરી.

પ્રમુખસ્વામી મહારાજને અમર અંજલિ આપવા નગરમાં ૨,૮૪,૦૦૦ ચો.ફૂટમાં સંતો-સ્વયંસેવકો દ્વારા 'પ્રમુખ જ્યોતિ ઉદ્યાન'નું અદ્‌ભુત સર્જન કરવામાં આવ્યું હતું. આ ઉદ્યાન ભગવાન, ગુરુ, શાસ્ત્ર, રાષ્ટ્ર, વિશ્વ અને પ્રકૃતિમાં શ્રદ્ધા દૃઢ કરવાનો સંદેશ આપતું હતું. તે માટે આ ઉદ્યાનમાં પશુ-પંખીઓ અને માનવની સોહામણી સૃષ્ટિ ખીલી ઊઠી હતી. અહીં મૈત્રીભાવનો સંદેશ ફેલાવતા ૪૦ ફૂટના વ્યાસ અને સાડા દસ ફૂટની ઊંચાઇ ધરાવતા માળા જેવી અનેક રજૂઆત જોવાલાયક હતી.







## પવિત્ર પ્રેરણાઓથી છલકાવતા પ્રદર્શન ખંડો

રોજ જ્યાં હજારો લોકો ઊમટીને આદર્શ વ્યક્તિ થવાની પ્રેરણા પ્રાપ્ત કરતા હતા, તે પાંચ પ્રદર્શન ખંડો મહોત્સવના એક આગવા આકર્ષણ રૂપ હતા. વીડિયો, દૃશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિ, જીવંત પાત્રો દ્વારા નાટ્યાત્મક અને રચનાત્મક રજૂઆતો વગેરે દ્વારા પ્રદર્શન ખંડો સૌને મોહિત કરી દેતા હતા. અહીંથી પ્રેરણા પામીને ૧,૨૩,૦૦૦ લોકોએ વ્યસનમુક્તિ અને પારિવારિક એકતા માટે ઘરસભાની પ્રતિજ્ઞા લીધી હતી.

પ્રમુખસ્વામી મહારાજના જીવન-સંદેશની અનુભૂતિ કરાવતા કુલ પાંચ પ્રદર્શન ખંડો વહેલી સવારથી મોડી સાંજ સુધી માનવમેદનીથી છલકાતા હતા. 'સંત પરમ હિતકારી' પ્રદર્શન પ્રમુખસ્વામી મહારાજના કરુણામય વ્યક્તિત્વની ભાવસભર પ્રસ્તુતિ કરતું હતું. 'ટૂટે હૃદય, ટૂટે ઘર' પ્રદર્શન પારિવારિક એકતાનો સંદેશ આપતું હતું. 'ચલો તોડ દેં યહ બંધન' પ્રદર્શન વ્યસનમુક્તિ અને કુટેવોમાંથી મુક્ત થવાની પ્રેરણા આપતું હતું. 'અવર ઇન્ડિયા, માય ઇન્ડિયા' પ્રદર્શન એક આદર્શ નાગરિક તરીકેની આપણી ફરજોનું ભાન કરાવતું હતું. અને 'સહજાનંદ જ્યોતિ ઉદ્યાન' પ્રદર્શન ભગવાન સ્વામિનારાયણના જીવન-કાર્ય-સંદેશની જ્યોતિર્મય અનુભૂતિ સાથે સ્વામીશ્રીનો સંદેશ આપતું હતું.



**સંત પરમ હિતકારી પ્રદર્શન એક અદ્‌ભુત ફિલ્મ પ્રસ્તુતિ હતી. આ પ્રદર્શન ખંડની બહારી દીવાલમાં ઇંગ્લેન્ડના ૧૫૦ સ્વયંસેવકો દ્વારા ૮,૫૦,૦૦૦ બબલ્સમાં ઇંજેક્શન દ્વારા રંગો પૂરીને તૈયાર કરવામાં આવેલી સ્વામીશ્રીની વિશાળ છબિએ એક વિશ્વવિક્રમ રચ્યો હતો.**



**'ટૂટે હૃદય, ટૂટે ઘર' પ્રદર્શન દશ્ય-શ્રાવ્ય અને નાટ્યાત્મક પ્રસ્તુતિ સાથે પારિવારિક એકતાની પ્રેરણા આપતું હતું. આ પ્રદર્શન દ્વારા લાખો લોકોએ પારિવારિક એકતાની પ્રેરણા મેળવી.**



'ચલો તોડ દેં યહ બંધન' પ્રદર્શન એક ભાવસભર ફિલ્મ પ્રસ્તુતિ હતી. અહીંથી પ્રમુખસ્વામી મહારાજે જગાવેલી વ્યસનમુક્તિનાં અજવાળાં પામીને લાખો દર્શનાર્થીઓ વ્યસનો-કુટેવોનાં બંધનોને તોડવાની નૈતિક હિંમત કેળવીને નવું જીવન જીવવા કટિબદ્ધ થતા હતા.



'સહજાનંદ જ્યોતિ મંડપમ્'માં પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય જીવન-કાર્ય-સંદેશની રજૂઆત કરતા જ્યોતિર્મય ડાયોરામાઓની અદ્‌ભુત સંરચના માણીને સૌ શ્રીહરિના પવિત્ર પ્રકાશથી પ્રભાવિત થઈને સદાચારમય જીવનની પ્રેરણા પામતા હતા.




'હમારા ભારત, મેરા ભારત' પ્રદર્શનમાં ફિલ્મ અને યુવાનોની રચનાત્મક-નાટ્યાત્મક પ્રસ્તુતિ દ્વારા ભારતમાતાની સેવા કરવાનો અને એક ગૌરવવંતા નાગરિક બનવાનો સ્વામીશ્રીનો મંત્ર ગુંજતો હતો, જ્યાંથી લાખો લોકોએ પોતાની ફરજોની સભાનતા કેળવી હતી.




## આનંદ-કિલ્લોલ સાથે પ્રેરણાનું પંચામૃત પીરસતી બાળનગરી

મહોત્સવમાં ઊમટનારાં લાખો બાળકોને આનંદ-કિલ્લોલ સાથે સંસ્કાર, શિક્ષણ, સેવા, સાંસ્કૃતિક અસ્મિતા અને સ્વાસ્થ્યની પ્રેરણાઓથી ભર્યાભર્યાં મૂલ્યોનું પંચામૃત પીરસતી બાળનગરી એટલે બાળ સ્વયંસેવકો દ્વારા સંચાલિત એક વિશિષ્ટ નગરી. ૧૭ એકરમાં પથરાયેલી બાળનગરીનાં વિવિધ આકર્ષણો બાળકોને પ્રેરણાઓથી છલકાવી દેતાં હતાં. માતાપિતાને વંદનથી લઈને તેજસ્વિતાના અનેક પવિત્ર સંસ્કારો અહીં બાળકોમાં સહજતાથી સિંચાઈ જતા હતા.











■ **નાનાં શિશુ, ઉચ્ચ શૈલી**

બાળનગરીના ચાર ખૂણે ચાર પ્રાણીઓની પ્રતિકૃતિ મૂકવામાં આવી હતી. તે પૈકી હાથી બાળકોને શાકાહારી અને બળવાન બનવાની પ્રેરણા આપતો હતો, જિરાફ બાળકોની સાદગીસભર જીવનશૈલીમાં વણાયેલા ઉચ્ચ આદર્શો દર્શાવતું હતું. ગેંડો બી.એ.પી.એસ.નાં બાળકોની સાહસી છતાં શાંત જીવનશૈલી દર્શાવતો હતો, સિંહ બી.એ.પી.એસ.ના બાળકોની નીડરતા વ્યક્ત કરતો હતો.








**શેરુનું જંગલઃ** ગુરુનું મહત્ત્વ સમજાવતી આ રજૂઆતમાં જંગલમાં વિહરતા એક બાળસિંહની રોમાંચક કથા છે. એકસાથે ૩૦૦ બાળકો દ્વારા થતી આ પ્રસ્તુતિમાં જંગલની ભયાનકતા, વન્ય પ્રાણીઓની સૃષ્ટિ, સિંહની શૂરવીરતા અને સંદેશની મધુરતાનો સુંદર સંગમ હતો.




**બુઝોનું ગામઃ** માતા-પિતાના ઉપકારોનું ઋણસ્મરણ કરાવતી એક આદિવાસી બાળક બુઝોની આ કથા-રજૂઆત જીવંત અભિનય તથા વીડિયોના સંયોજન દ્વારા માત્ર બાળકો જ નહીં, પરંતુ મોટાઓનાં હૈયે પણ માતાપિતા પ્રત્યે આદર છલકાવી દેતી હતી.




**સુવર્ણાનો સમુદ્રઃ** સુવર્ણા માછલીના કથાનક દ્વારા પ્રાર્થના અને પુરુષાર્થનું મહત્ત્વ દર્શાવતી આ પ્રસ્તુતિમાં સાગર-તરંગો પર ઊછળતી બી.એ.પી.એસ.ની ૩૦૦ બાલિકાઓએ જીવંત રસપ્રદ અભિનય કરીને સાહસ અને પ્રાર્થનાની પ્રેરણા આપી હતી.



બાળનગરીના માર્ગો પર નાનાં-મોટાં સૌના ચહેરા પર આનંદ ફરકાવી દેતાં મપેટ-મેસ્કોટ સૌ માટે અનેરું આકર્ષણ બની રહ્યાં હતાં. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા નિર્મિત આવાં અનેક મૌલિક મપેટ બનાવવામાં સંતો-સ્વયંસેવકોએ છેલ્લા એક વર્ષથી મહેનત કરી હતી.



પ્રિ-શો બાદ ગણતરીની સેકંડોમાં એક સાથે ૧૨૦૦-૧૩૦૦ દર્શકો ખુરશી પર ગોઠવાઈ જતા અને ‘બુઝો...’ની બૂમો સાથે શો આરંભાઈ જતો. દિલધડક દૃશ્યો વચ્ચે બી.એ.પી.એસ. વિદ્યામંદિર અટલાદરાના ૯૦ બાળકોની રજૂઆત સૌ કોઈને અભિભૂત કરી દેતી હતી.



બી.એ.પી.એસ. વિદ્યામંદિર-રાંદેસણની ૩૦૦ બાલિકાઓ માટે સ્વયંસેવકોએ એટલાં સુંદર રચનાત્મક કોસ્ચ્યૂમ, વીડિયો બેકગ્રાઉન્ડ અને સેટ તૈયાર કર્યાં હતા કે દર્શકો અહીં પ્રવેશતાં જ સમુદ્રના પેટાળમાં પહોંચી ગયાનો આભાસ અનુભવતા.



**શાંતિનું ધામ, ચાણસદઃ** બાળનગરીમાં ખડા થયેલા ચાણસદ ગામમાં દર્શનાર્થી બાળકો બાળવયના પ્રમુખસ્વામી મહારાજ એટલે કે શાંતિલાલના પગલે-પગલે વિહાર કરતાં-કરતાં આદર્શ બાળક બનવાની પ્રેરણા પ્રાપ્ત કરતા હતા.



'શાંતિનું ધામ, ચાણસદ'માં શાંતિલાલના છ પ્રેરણાદાયી પ્રસંગો હૂબહૂ ખડા કરાયા હતા. દર્શકો સમક્ષ બાળસેવકો આ પ્રસંગની પૂર્વ-ભૂમિકા આપે ત્યારબાદ વીડિયો સ્ક્રીન દ્વારા પ્રાણી-પક્ષીઓ આ પ્રસંગોનું વર્ણન કરીને સૌને શાંતિલાલ જેવા આદર્શ થવાની પ્રેરણા આપતા.



**બાળમંડળ એક્સપ્રેસઃ** પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનો નિઃસ્વાર્થ સ્નેહ પામીને તૈયાર થયેલાં બાળકોનું કાર્ય અને બી.એ.પી.એસ. બાળ-પ્રવૃત્તિનું દર્શન કરાવતી બાળમંડળ ઍક્સપ્રેસ ૧૮૦ ફૂટ લાંબી કલાત્મક અને પ્રેરણાત્મક રચના હતી.

## ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્મૃતિ કરાવતા સ્પોટ્સ



નગરના પ્રમુખ જ્યોતિ ઉદ્યાનની બંને તરફ ભગવાન શ્રી સ્વામિનારાયણની તેમના મહાન પરમહંસ સંતો અને ભક્તો સાથે સ્મૃતિ કરાવતી જીવંત કદની સુંદર ડાયોરામા-પ્રસ્તુતિઓ હતી. પરમહંસ સંતો સાથે વચનામૃત ઉચ્ચારતા શ્રીહરિ.



ગામડે-ગામડે વિચરણ કરતા, પોતાના પ્રિય ભક્તો વચ્ચે બિરાજીને બોધ આપતા ભગવાન શ્રી સ્વામિનારાયણ.

## સતત ૩૦ દિવસ સુધી ચાલેલો વિશ્વશાંતિ મહાયજ્ઞ



જીવનભર સર્વ પ્રકારે યજ્ઞમય જીવન જીવનારા પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ સાથે નગરની યજ્ઞ કુટિરમાં મહાન વૈદિક યજ્ઞપરંપરા અનુસાર ૨૧૯૩ યજમાન ભક્તોએ કુલ ૧૨૧ સત્રોમાં ૮ લાખથી વધુ આહુતિઓનું અર્ઘ્ય અર્પ્યું હતું.



## સતત ૩૦ દિવસ સુધી બ્રહ્મનાદથી ગુંજતી ભજન કુટિર



પ્રમુખસ્વામી મહારાજના ભજનાનંદી વ્યક્તિત્વની સ્મૃતિ સાથે રચાયેલી 'ભજન કુટિર'માં સતત ૩૦ દિવસ સુધી ભગવાનનાં નામ-સ્મરણ, કથા, કીર્તનની રમઝટ ગુંજતી રહી હતી. ભક્તિની અનોખી સરવાણી અહીં વહેતી રહી હતી.



## મહોત્સવ પૂર્ણ પુરુષ કા (લાઇટ એન્ડ સાઉન્ડ શો)

અસંખ્ય લોકોને પોતાના સ્નેહ અને સાંનિધ્યથી ધન્ય કરનારા પ્રમુખસ્વામી મહારાજે અનેકને પૂર્ણતાનો અનુભવ કરાવ્યો છે. અસંખ્ય લોકોને એમના સાંનિધ્યમાં જીવન પૂર્ણ તથા પ્રફુલ્લિત અનુભવાતું, કારણ કે પ્રમુખસ્વામી મહારાજ સ્વયં એક પૂર્ણ પુરુષ હતા. તેઓની આ વિશેષતા એક રસપ્રદ લાઇટ એન્ડ સાઉન્ડ પ્રોજેક્શન મેપિંગ શો દ્વારા પ્રસ્તુત થઇ હતી. આધુનિક તકનીક અને ઉપકરણો તેમજ ૩૦૦થી વધુ બાળકો-યુવકોની પ્રસ્તુતિથી દર્શકોને મંત્રમુગ્ધ કરી દેતા હતા. ૨૫,૦૦૦થી વધુ દર્શકો વિવિધતાસભર આ પ્રસ્તુતિ નિહાળીને પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવન અને સંદેશની પ્રત્યક્ષ અનુભૂતિ કરતા હતા.







**ભારતીય લોકનૃત્ય મંચ અને બી.એ.પી.એસ. ટેલેન્ટ મંચ**

ભારતનાં ૧૬ પ્રાદેશિક નૃત્યો - નૃત્યનાટિકાને પ્રસ્તુત કરતા બી.એ.પી.એસ.ના યુવાનોનો ભારતીય લોકનૃત્ય મંચ હજારો લોકોને પ્રભાવિત કરતો હતો. તો બાળનગરીમાં આવેલો બી.એ.પી.એસ. ટેલેન્ટ મંચ બાળકો-બાલિકાઓ, યુવક-યુવતીઓની વિવિધ કલા પ્રસ્તુતિને માણીને દંગ રહી જતો હતો.









## આબાલવૃદ્ધોના ભક્તિભર્યા પ્રચંડ પુરુષાર્થની ગાથા...
## વિરાટ પ્રમુખસ્વામી મહારાજ નગરની અજોડ

# નિર્માણગાથા






પ્રમુખસ્વામી મહારાજ નગર એટલે ૮૦,૦૦૦ સ્વયંસેવકો અને ૧,૦૦૦થી વધુ સંતોના ભક્તિસભર અપાર પુરુષાર્થની ગાથા. એક વેરાન ભૂમિ પર ૬૦૦ એકરમાં નંદનવન સમું પ્રમુખસ્વામી મહારાજ નગર આટલા ટૂંકા સમયમાં રચવું અને તેનું સંચાલન કરવું તે આજેય મેનેજમેન્ટ અને નિર્માણ વ્યવસ્થાઓના ધુરંધરો માટે આશ્ચર્યનો વિષય બની રહ્યો છે. અનેક વિભાગોમાં વહેંચાયેલું આ વિરાટ કાર્યવાહીનું સરળ અને અદ્‌ભુત સંચાલન જાણે કોઈ દૈવી શક્તિથી જ સંચાલિત થતું હોય તેવું સૌને અનુભવાતું હતું. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે દાયકાઓ સુધી આપેલી પ્રેરણા અને તાલીમ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું પ્રેરણાસભર નેતૃત્વ, વરિષ્ઠ સદ્‌ગુરુ સંતો અને મહોત્સવ સમિતિના અનુભવી સંતોનું સતત માર્ગદર્શન, દરેક વિભાગના સંચાલનકર્તા સંતોની અનન્ય કાર્યનિષ્ઠા તેમજ તન-મન-ધનથી સમર્પિત થયેલા ૮૦,૦૦૦ સ્વયંસેવકો અને લાખો ભક્તો-ભાવિકોના સહયોગનું એક અકલ્પનીય સર્જન એટલે પ્રમુખસ્વામી મહારાજ નગર. અનેકવિધ કલાત્મક-રચનાત્મક આકર્ષણોનું નિર્માણ હોય, પ્રેરણાસભર સભાકાર્યક્રમો હોય, રોજ ઊમટતી લાખોની જનમેદનીનું સંચાલન હોય કે ભારત અને દુનિયાના ૪૦ દેશોમાંથી ઊમટેલા વિદેશસ્થિત ભક્તો-ભાવિકોને ભોજન-ઉતારાથી લઈને અનેકવિધ વ્યવસ્થાઓ પૂરી પાડવાનું તંત્ર હોય, એ બધા પાછળ એક વિરાટ પુરુષાર્થની ગાથા છે. એ વિરાટ ગાથામાંથી કેટલાક વિભાગોની માહિતી સાથે એક અલ્પ આચમન અહીં પ્રસ્તુત છે.

**પ્રમુખસ્વામી મહારાજ નગરને, નગરના અદ્ભુત કાર્યક્રમોને, નગરની સંચાલન-વ્યવસ્થાઓને નિહાળીને સૌ કોઈ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના મેનેજમેન્ટને હૃદયથી નમી પડતા હતા. પરંતુ હકીકતે, આ વિરાટ કાર્ય મેનેજમેન્ટના ખેરખાંઓ દ્વારા સંચાલિત નહોતું થતું, આ તો પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ પ્રત્યેના અપાર ભક્તિભાવ-આદરને કારણે હૃદયથી નિઃસ્વાર્થભાવે સેવામાં જોડાયેલા સંતો-ભક્તોનાં નિષ્ઠાસભર સમર્પણનો ચમત્કાર હતો, એ ગુણાતીત સત્પુરુષોએ સીંચેલાં સંપ-સુહૃદભાવ-એકતાનું પ્રતિબિંબ હતું, અને સૌથી વિશેષ તો એ મહાન ગુરુની કૃપાનો પ્રસાદ હતો. એટલે સામાન્ય ગણાતા અને દેખાતા એ ભક્તોએ અસામાન્ય કાર્ય કરી બતાવ્યું. અહીં એ મહિમાગાથાનાં થોડાંક રસબિંદુઓને જુદા જુદા વિભાગોના અહેવાલ સાથે માણીએ...**

## બાંધકામ વિભાગ

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ લાખોના અંતરની ભક્તિનો ઉત્સવ હતો. સતત ૭ વર્ષથી જે મહોત્સવના જયનાદ ગુંજતા હતા, તે મહોત્સવની પૂર્વતૈયારીઓ તો ત્રણ વર્ષ પહેલાંથી જ શરૂ થઈ ગયેલી. સદ્ગુરુ સંતો અને વરિષ્ઠ સંતો-હરિભક્તોની હાજરીમાં ૨૦૧૯માં યોજાયેલી મીટિંગથી આ મહોત્સવની પૂર્વ તૈયારીઓના શ્રીગણેશ થયા તે જ સમયથી નિખિલેશદાસ સ્વામી અને જ્ઞાનેશ્વરદાસ સ્વામીના નેતૃત્વ હેઠળ બાંધકામ વિભાગની સેવા શરૂ થઈ ગઈ.

સૌથી પ્રથમ કાર્યવાહી હતી, જમીનની પસંદગીની. સન ૨૦૦૭માં બી.એ.પી.એસ. સંસ્થા શતાબ્દી મહોત્સવ જ્યાં ઊજવાયો તે ચાંદખેડા ગામની જમીન પર જ સર્વે આયોજકોની નજર હતી, પરંતુ અમુક સંતો-હરિભક્તોને ભાડજ સર્કલ વચ્ચેની, સાયન્સ સિટી વિસ્તારની વિશાળ જમીન ધ્યાનમાં આવી. ઈશ્વરચરણદાસ સ્વામી અને અન્ય વરિષ્ઠ સંતો આ જમીન જોવા આવ્યા ત્યારે સૌનો પહેલો જ પ્રતિભાવ હતો કે 'આ જમીન સારી છે, રિંગ રોડને અડીને છે. આથી શહેર બહારથી પણ બધી દિશાઓમાંથી હરિભક્તો-ભાવિકોને આ જગ્યાએ પહોંચવું સરળ થઈ રહેશે.' સૌનો એકમત પડતાં જમીનના નકશા, ફોટોગ્રાફ્સ એના વીડિયો લઈ સંતો રાજકોટમાં બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને મળ્યા. અને સઘળું નીરખીને સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું : 'જગ્યા સારી છે; સર્વોપરી સમૈયો થશે.' આમ, જમીનની પસંદગીની પ્રક્રિયા પૂરી થઈ.

### જમીન સંપાદન કાર્ય

મહોત્સવ માટે પસંદ થયેલી જમીન કુલ ચાર ગામોની સીમ વચ્ચે આવેલી હતી. ઓગણજ, લપકામણ, રકનપુર અને સાંતેજ. એ જ રીતે અમદાવાદ અને ગાંધીનગર - બે જિલ્લાની સરહદ અહીં મળતી હતી. વળી, સર્વેક્ષણ કરતાં ખ્યાલ આવ્યો કે લગભગ ૪૦૦ જેટલા ખેડૂતો, બિલ્ડરો ને ખાતેદારો આ જમીનના માલિકો હતા. આથી અમદાવાદના સત્સંગી બિલ્ડરો - શ્રી ત્રિકમભાઈ પટેલ અને શ્રી કલ્પેશભાઈ પટેલ, શ્રી સુરેશભાઈ પટેલ (ગોપી ફાર્મ) વગેરે સૌ સંતો સાથે જમીન માલિકોને મળવાની, વાટાઘાટ કરવાની સેવામાં જોડાયા. સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી ઉત્સવ ઊજવાઈ રહ્યો છે - એ વાત સાંભળીને, સૌએ રાજી-ખુશીથી આ મહોત્સવ માટે જમીન આપીને સહકાર આપવાની બાંહેધરી આપી. આમ, નગર ઉપરાંત સ્વયંસેવકોના ઉતારા, રસોડું તેમજ વિશાળ પાર્કિંગ, વગેરેની વ્યવસ્થા માટે કુલ ૬૦૦ એકર જમીન સંપાદિત થઈ!

### એક ઈંચના પણ માપફેર વગર જમીનનું સીમાંકન થયું!

બાંધકામ વિભાગમાં જોડાયેલા સંતો અને અનુભવી સ્વયંસેવકોએ 'ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ'ની આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા દરેક ખેતરની પદ્ધતિસર માપણી કરી અને સૉફ્ટવેર દ્વારા તમામ જમીનોની સીમાઓનું ડિજિટલ/વર્ચ્યુઅલ રૂપાંતરણ કર્યું. મોટેભાગે જમીનોમાં વાડ તરીકે લગભગ છ કિ.મી. જેટલી 'ફોલ્ડેબલ સિમેન્ટ વૉલ' હતી, આ વૉલ એ રીતે ઉતારવામાં આવી જેથી સમૈયા બાદ તેનો પુનરોપયોગ થઈ શકે! મહોત્સવની પૂર્ણાહુતિ બાદ દરેક જમીન માલિકોને એક ઈંચના પણ માપફેર વગર તેઓની જમીન પરત થઈ શકી!

### નગર રચના માટે ઉપયુક્ત બની સેંકડો એકર જમીન

મહોત્સવ નિમિત્તેની જમીન જ્યારે સંસ્થા પાસે આવી, ત્યારે મોટાભાગની જમીન ઊબડ-ખાબડ હતી, બાવળિયાનું જંગલ હતું. આથી જમીનની સાફ-સફાઈ શરૂ થઈ. મોટાં-મોટાં વૃક્ષોને યથાવત્ રાખીને કાંટાવાળા બાવળ, જ્યાં-ત્યાં ઊગી નીકળેલા ઘાસ-છોડ અને અન્ય કચરો જમીનમાંથી દૂર કરવામાં આવ્યો. ખૂબ મહેનતવાળી અને ધીરજ માંગી લે તેવી આ સેવા હતી. માત્ર બે જે.સી.બી.અને બે ટ્રેક્ટરથી શરૂ થયેલી સેવામાં અંત સુધીમાં ૨૫ જે.સી.બી. અને ૧૨૫ જેટલા પાવડા-ટ્રેક્ટર દ્વારા સમગ્ર જમીનની સફાઈ થઈ. આમ તો ફેબ્રુઆરી ૨૦૨૦થી નગર ઉપર સંતો-સ્વયંસેવકોએ પ્રાથમિક સેવાઓ શરૂ કરી દીધી હતી. પરંતુ કોરોનાને કારણે વિશ્રામ બાદ, ૭ ડિસેમ્બર ૨૦૨૧થી ઉત્સવની સેવાઓ પુનઃ શરૂ થઈ. જમીનના જરૂરી ખાડા-ટેકરાને પૂરીને સમથળ કરવા માટે આસપાસના બિલ્ડરભાઈઓએ જરૂરી માટી અને રોલર્સની વ્યવસ્થા કરી આપી. કાળી, ચીકણી અને પોચી માટીનાં આ ખેતરોમાં વરસાદની ઋતુમાં નગર-નિર્માણ ચાલુ રહે તે માટે નગરની ફરતે અને નગરની વચ્ચે છ કિ.મી. જેટલો કાચો રસ્તો તૈયાર

કરી દેવામાં આવ્યો, જે વર્ષાઋતુમાં આશીર્વાદરૂપ બની રહ્યો.

### નગર નિર્માણ : વિશિષ્ટ પ્લાનિંગ

મહંત સ્વામી મહારાજ અને સદ્ગુરુ સંતોનો સંકલ્પ હતો કે પ્રમુખસ્વામી મહારાજનો જન્મશતાબ્દી મહોત્સવ 'ન ભૂતો ન ભવિષ્યતિ' ઊજવવો છે. આ માટે પૂર્વે ક્યારેય ન થઈ હોય તેવી વિશિષ્ટ નગર રચના આ વખતે નિર્માણ થવા પામી હતી. મહોત્સવના અનુભવી સંતો-કાર્યકરોએ ખૂબ વિમર્શ કર્યો, તે બધાં સૂચનો અને વિચારોને ડિઝાઈનમાં રચનાત્મક રીતે મૂકીને શ્રીજીસ્વરૂપ સ્વામી અને ડિઝાઈન ટીમ દ્વારા નગરનો માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો. ઘણા વિકલ્પોમાંથી એક વિકલ્પ પર સૌએ પસંદગી ઉતારી અને તેની વિગતપૂર્ણ ડિઝાઈન તૈયાર કરવામાં આવી. આડા-ઊભા માર્ગો સાથે નગરને કુલ સાત દરવાજા આપવામાં આવ્યા, જેથી બધી દિશાઓમાંથી મુમુક્ષુઓ-ભાવિકો પ્રવેશ કરી શકે. સરદાર પટેલ રિંગ રોડના કિનારે મહોત્સવ સ્થળે આવેલું હોવાથી આ રિંગ રોડ ઉપર ડાબી અને જમણી તરફથી આવતાં વાહનો માટે બંને બાજુએ વિશાળ પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી. નગરની મુખ્ય ધરી પર મુખ્ય પ્રવેશદ્વાર, પ્રમુખસ્વામી મહારાજની મહામૂર્તિ, ગ્લો ગાર્ડન, અક્ષરધામ મંદિર, બાળનગરી વગેરે આકર્ષણો ગોઠવવામાં આવ્યાં. નગરની મુખ્ય ધરીની બંને બાજુએ બે ઉપમાર્ગો આપીને તે તરફ પ્રદર્શન ખંડો તેમજ પ્રેમવતી, બુકસ્ટોલ વગેરે આનુષંગિક રચનાઓ કરવામાં આવી.

### નગર નિર્માણ : પેટા વિભાગો અને કાર્યપદ્ધતિ

નગર નિર્માણના સફળ સંયોજન માટે બાંધકામ વિભાગ વિવિધ પેટા વિભાગોમાં વહેંચાયેલો હતો. દરેક પેટા વિભાગમાં જોડાયેલા સંતો-સ્વયંસેવકોની નિયમિતપણે, રોજ મીટિંગ થતી. કાર્યોની વિચારણા અને સોંપણી થતી, ફ્લો-ચાર્ટ તૈયાર કરીને, પદ્ધતિસર તેનું અનુસરણ થતું. દરેક રચનાની ડિઝાઈન વિભાગીય મુખ્ય સંતને મોકલવામાં આવે, બધા તરફથી લીલી ઝંડી મળે, તે પ્રમાણે કાર્યવાહી આગળ ધપે. વરિષ્ઠ સંતોની મરજી મુજબ બધા માત્ર સહકાર આપવા જ નહીં, પણ પોતાના વિચારો, પોતાનું મનગમતું મૂકવા સૌ તૈયાર થઈ જતા! સંપની એ ભાવના આ સેવાનો પ્રાણ બની રહી.

### સરકારશ્રી તરફથી મળ્યો સંપૂર્ણ સહકાર

શતાબ્દી મહોત્સવની જમીન પર વિવિધ કાર્યવાહી કરવા માટે અમદાવાદ મહાનગરપાલિકા, ઔડા, કલેક્ટર કચેરી જેવાં તમામ સરકારી સંસ્થાનો તરફથી પણ પૂરતો સહયોગ પ્રાપ્ત થયો. ડ્રેનેજની વ્યવસ્થા, ઈલેક્ટ્રિક વ્યવસ્થા, ટી.પી. સ્કીમ હેઠળ આવતા રસ્તાઓનું નિર્માણ વગેરે બાબતોમાં મહાનગરપાલિકા તેમજ સરકારશ્રી દ્વારા યોગ્ય વૈધાનિક કાર્યવાહીઓ ખૂબ સમયસર કરવામાં આવી, જેથી નગર નિર્માણની પ્રવૃત્તિમાં ઘણી સરળતા રહી.

### વિશિષ્ટ શૌચાલય વ્યવસ્થા

મહોત્સવોના આયોજન માટે દાયકાઓથી અનુભવ ધરાવતી બી.એ.પી.એસ. સંસ્થા દરેક મહોત્સવમાં ઉત્તરોત્તર નવાં નવાં આયામો ઉમેરીને લોકોની સુવિધાઓને વધુ લક્ષ્યમાં રાખીને મહોત્સવ સ્થળોનું નિર્માણ કરતી રહી છે. આ વખતે નગર-નિર્માણમાં સ્વચ્છતાને વધુ પ્રાધાન્ય આપીને બે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યાઃ (૧) પાકા બાંધકામ અને ડ્રેનેજ વ્યવસ્થા સાથેનાં શૌચાલયો રચવાં. (૨) મહોત્સવ સ્થળને પેવર બ્લોકથી મઢવું.

નગર અને ઉતારા-પાર્કિંગ સહિતનાં તમામ સ્થળોએ કુલ ૨૪૦ જેટલા ટૉઈલેટ બ્લૉક્સનું બાંધકામ કરવામાં આવ્યું. ચણતર, ટાઈલ્સ, વૉશ બેસિન, ટૉઈલેટ ટબ, વગેરેનો ઉપયોગ કરી ઉત્તમ, સ્વાસ્થ્યજનક સ્વચ્છતા જળવાઈ રહે એવી રીતે શૌચાલયોનું બાંધકામ થયું. તે માટે ટાઈલ્સ, વૉશ બેસિન વગેરે અંગે સત્સંગીઓ તથા ભાવિક વેપારીઓએ ખૂબ સહયોગ આપ્યો. શૌચાલયો દુર્ગંધથી મુક્ત રહે તે માટે તેની છતની

બાંધકામ વિભાગે અનેક વિશિષ્ટ કાર્યો કર્યાં, પરંતુ તેમાં બે બાબત વિશેષ ધ્યાનાકર્ષક રહી. એક તો નગરમાં બંધાયેલા ૨૪૦ સ્વચ્છ ટોઈલેટ બ્લોક્સ અને બીજું, ૨૧,૮૨,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં સ્વયંસેવકોએ પાથરેલા એક કરોડથી વધુ પેવર બ્લોક્સ...





વિશિષ્ટ ડિઝાઈન કરવામાં આવી અને શૌચાલયની અંદર જ વેલી, છોડવાઓ વાવવામાં આવ્યા. મહિલા શૌચાલયોમાં નવજાત શિશુઓને ધ્યાનમાં રાખીને સુચારુ સગવડો ઊભી કરવામાં આવી.

બીજો મહત્ત્વનો નિર્ણય હતો - નગરમાં પેવર બ્લોક્સ પાથરવાનો. આવા વિરાટ મહોત્સવ માટે સંસ્થાના ઈતિહાસમાં પ્રથમવાર, કદાચ ધાર્મિક સંસ્થાઓ કે ધાર્મિક મહોત્સવોના ઈતિહાસમાં પણ સૌ પ્રથમ વખત મહોત્સવ સ્થળને પેવર બ્લોક્સ દ્વારા 'ડસ્ટ ફ્રી' બનાવવાનું સુંદર આયોજન થયું હતું. નગરના કુલ ૨૧,૮૨,૦૦૦ ચોરસ ફૂટ જેટલા વિસ્તારમાં આશરે એક કરોડથી વધુ બ્લૉક્સ પાથરવાની સેવા કરવામાં આવી. આટલા બધા મોટા પ્રમાણમાં પેવર બ્લૉક્સ માટે સત્સંગીઓ-ભાવિકોની કુલ ૭ જુદી-જુદી એજન્સીઓ ઉપરાંત નગરની અંદર જ એક ઉત્પાદકીય એકમ ઊભું કરવામાં આવ્યું હતું. જો કે પેવર બ્લોક્સ પાથરવામાં મોટા પડકાર રૂપ હતી અહીંની ઊબડ-ખાબડ જમીનની કાળી, પોચી, ચીકણી માટી. પરિણામે, વજન આવવાથી પેવર બ્લૉક્સ બેસી ન જાય તેવી કડક અને સમથળ બનાવવા માટે ૨૩ ટન જેટલી પીળી માટી પાથરવામાં આવી, ઉપરાંત બ્લૅક ડસ્ટ - ગ્રીટ વડે પ્રાથમિક થર કરવામાં આવ્યો. તેની ઉપર પેવર બ્લૉક્સ પાથરવામાં આવ્યા હતા. રોજ લાખો લોકો ઊમટવા છતાં પ્રમુખસ્વામી મહારાજ નગરમાં જળવાયેલી વિશિષ્ટ સ્વચ્છતાનું કારણ પણ આ પેવર બ્લૉક્સ જ હતા.

### પેવર બ્લોક્સનાં કાર્યમાં વિઘ્નો

ઑગસ્ટની ૩જી તારીખથી શરૂ થયેલી પેવર બ્લોક્સ પાથરવાની સેવામાં મુખ્ય વિઘ્ન હતું વરસાદનું. વરસાદમાં ભીની, પોચી, ચીકણી માટી પર પેવર બ્લોક કેવી મૂકી શકાય? અમુક વાર તો એટલો બધો વરસાદ પડતો કે આખું નગર જાણે પાણીના વિરાટ હોજમાં ફેરવાઈ જતું. ત્યારે સૌ સાથે મળીને એ પાણીનો નિકાલ કરવામાં લાગી પડતા. પેવર બ્લોક્સને આધાર આપવા માટે ભીની કાળી માટીમાં જ બ્લૅક ડસ્ટ - ગ્રીટ પાથરી દેવામાં આવી અને વર્ષા ઋતુના વિઘ્નો વચ્ચે પણ બ્લૉક્સ માટે જરૂરી 'બેડિંગ' બનાવવાની કામગીરી આયોજનબદ્ધ રીતે કરવામાં આવી. સરેરાશ ૫૫૦ સ્વયંસેવકો રોજના ૮ થી ૯ કલાક બ્લૉક્સ પાથરવાની સેવા કરતા હતા. એકવાર તો એક જ દિવસમાં ૮૦૦ પુરુષ સ્વયંસેવકો દ્વારા ૨,૩૪,૦૦૦ નંગ પેવર બ્લૉક્સ પાથરવામાં આવ્યા હતા! આટલી મોટી સંખ્યામાં પેવર બ્લૉક્સ પાથરવા માટે સ્વયંસેવકોની સાથે સંસ્થાના વરિષ્ઠ સંતો, સંયોજન સમિતિના સંતો પણ સેવામાં હોંશે-હોંશે જોડાઈ ગયા! જ્યારે વધુ સ્વયંસેવકોની જરૂરિયાત જણાઈ ત્યારે આ શ્રમયુક્ત સેવામાં મહિલા સ્વયંસેવિકાઓ પણ જોડાઈ ગઈ. સ્વયંસેવિકાઓ દ્વારા પેવર બ્લૉક્સ પાથરવાની સેવામાં અદ્ભુત નોંધપાત્ર સેવા થઈ. સફાઈ કરવાની હોય, બેડિંગ માટે રેતી નાખવાની હોય, સાવરણા કે બ્રશથી એને પહોળી કરવાની હોય, બ્લૉક્સના સાંધા પૂરવાના હોય, બ્લૉક્સને ટ્રક/ટ્રેલરમાંથી ઉતારી હરોળબદ્ધ પાથરવાના સ્થળ સુધી પહોંચાડવા કે અંતે વધારાની રેતી સાવરણાથી પાછી ભરી લેવાની હોય... આ તમામ પ્રકારની સેવા મહિલા વિભાગ દ્વારા સફળતાપૂર્વક થઈ. સામાન્ય રીતે ૧૫૦ કારીગરો છ મહિના સુધી મંડ્યા રહે તોપણ કાર્ય પૂરું ન થાય, એવી કાર્યવાહી સૌ સંતો-સ્વયંસેવકોએ સંપીને, માત્ર ચાર મહિનામાં પૂર્ણ કરી! આટલી વિરાટ સંખ્યાના પેવર બ્લૉક્સની સાથે-સાથે બાગ-બગીચા કે કલાત્મક સ્પોર્ટ્સ આસપાસ ૪૫,૦૦૦ નંગ બ્લોક્સનું કર્બિંગ પણ કરવામાં આવ્યું હતું.

### વિઘ્નો સામે સંતો-સ્વયંસેવકોનાં સેવા-સમર્પણ

મહોત્સવ માટે જમીન પર તૈયારીઓ તો ફેબ્રુઆરી ૨૦૨૦થી જ શરૂ થઈ ગઈ હતી. પરંતુ કોરોનાકાળને લક્ષમાં રાખીને ઘણા સમય સુધી આ સેવાઓ મંદ ગતિએ ચાલી. ૭ ડિસેમ્બર ૨૦૨૧થી મહોત્સવ સ્થળે નિખિલેશ સ્વામીની દેખરેખ હેઠળ પુનઃ સેવાઓ શરૂ થઈ. પ્રારંભકાળે તો નગરની જમીન ઉપર પણ કોઈ પ્રકારની વ્યવસ્થા નહીં. તેમ છતાં સંતો-સ્વયંસેવકો સેવામાં જોડાયેલા રહ્યા. ઉનાળામાં ૪૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન હતું. એ સમયમાં એન્જિનિયર, ડૉક્ટર, એમ.બી.એ. જેવી ડિગ્રી ધરાવતા યુવાનો-કિશોરો પણ વૅકેશનમાં સેવા કરવા આવ્યા, જેઓએ ક્યારેય બાંધકામનું કાર્ય કર્યું જ નહોતું. પથ્થર ઉપાડવા, માલનાં તગારાં ઊંચકવા, માલ બનાવવો, આર.સી.સી. માલ બનાવવાનું મશીન ચલાવવું વગેરે શ્રમયુક્ત સેવાઓમાં તેઓ હોંશે-હોંશે જોડાઈ ગયા! સૌને એક જ ઉત્સાહ હતો કે 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની સેવા કરીને જીવનભરનું ભાથું ભરી લેવું છે.'

એટલું જ નહીં, ઘણીવાર તો સિમેન્ટ-કોંક્રીટની ગાડીઓ રાત્રે આઠ વાગ્યે આવે તો તેને ખાલી કરતાં મધરાતના ૧૨:૦૦ કે ૨:૦૦ પણ વાગી જાય, તોપણ સંતો-સ્વયંસેવકો પાયાનું કાર્ય પૂર્ણ કરીને પછી જ વિદાય થતા. બીજા દિવસે વળી સૌ એટલા જ ઉત્સાહથી સમયસર સેવામાં જોડાઈ જતા.

ચોમાસામાં સૌની ખરેખરી પરીક્ષા થઈ. વરસાદ પડવાથી આખું નગર વિશાળ સરોવરમાં ફેરવાઈ જાય. વરસાદ બંધ થાય એટલે બધા જ સ્વયંસેવકો એક સાથે પાણી કાઢવામાં જોડાઈ જાય. કાદવ સાફ કરીને તરત સેવાકાર્ય ચાલુ કરી દે. ઘણીવાર તો એવું પણ બનતું કે સવારે ૯:૦૦ વાગ્યે સેવા શરૂ થાય તો બપોરે અને સાંજે એકાદ કલાક ભોજનના વિશ્રામ સિવાય છેક રાત્રે ૧૧:૦૦-૧૧:૩૦ વાગ્યા સુધી સતત સેવાઓ ચાલતી! આમ છતાં, તમામ સ્વયંસેવકો-હરિભક્તોએ શારીરિક મુશ્કેલીઓને અવગણીને, આર્થિક, સામાજિક વ્યવહાર છોડીને કેવળ ગુરુહરિને રાજી કરવાના શુદ્ધ હેતુ સાથે, નિઃસ્વાર્થભાવે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં સેવા કરી હતી.

## લેન્ડસ્કેપ વિભાગ

- નગરમાં બાગ-બગીચા-લેન્ડસ્કેપ વિસ્તારઃ કુલ ૮.૯ એકર
- વાવેતર માટે માટીનું પૂરણકામઃ ૧૨૦૦ ડમ્પર માટી
- નગરમાં વપરાયેલા વિવિધ છોડ, વૃક્ષના પ્રકારઃ ૧૨૫
- નગરમાં વિવિધ છોડ, વૃક્ષના રંગઃ ૨૫૦થી વધુ રંગો
- નગરમાં છોડ-વૃક્ષનું વાવેતરઃ ૧૦,૩૫,૧૦૮ નંગ
- નર્સરીમાં ૧૨,૦૦૦ નંગ રંગબેરંગી પીટુનિયા છોડ
- નર્સરીમાં ૫૦૦૦ 'ક્રિસેન્થીમમ'નો ઉછેર
- નગરમાં વપરાયેલાં માટીનાં કુંડાંઃ ૧૦,૦૦૦ નંગ
- નગરમાં ડ્રીપ સિસ્ટમ માટે પાઈપઃ ૧૩૪.૯ કિ.મી.
- નર્સરી માટે રચાયેલું નેટ હાઉસઃ ૮૨,૦૦૦ ચો.ફૂ.
- સતત ૮ મહિના સુધી સેવામાં સ્વયંસેવકોઃ ૪૦૦
- સતત ૪ મહિના સુધી સેવામાં સ્વયંસેવિકાઓઃ ૨૦૦

એક તરફ પ્રમુખસ્વામી મહારાજ નગરમાં અનેક પ્રકારની રચનાઓનું બાંધકામ પૂરવેગમાં ચાલી રહ્યું હતું, બીજી તરફ એવી જ વેગવંતી પ્રવૃત્તિ ચાલી રહી હતી - લેન્ડસ્કેપની. નગરના અદ્વિતીય સુશોભનમાં રંગબેરંગી પુષ્પોની બિછાત, નાના-મોટા છોડ અને વૃક્ષોએ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ માટે લેન્ડસ્કેપ વિભાગ મહિનાઓ અગાઉથી કાર્યરત થઈ ગયો હતો. કૉલેજકાળથી માંડીને અગાઉના ઉત્સવ-સમૈયાઓમાં લેન્ડસ્કેપ-સુશોભનમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો મનગમતો વિષય અને બહોળો અનુભવ રહ્યો છે. એટલે તેઓના આશીર્વાદ સાથે શતાબ્દી મહોત્સવમાં જ્ઞાનવર્ધનદાસ સ્વામી, બ્રહ્મચિંતનદાસ સ્વામી અને દિવ્યનિધિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ લેન્ડસ્કેપ વિભાગની કાર્યવાહી ૨૦૨૧થી જ શરૂ કરવામાં આવી હતી, જેમાં ઉદ્યાન-નર્સરીનો બહોળો અનુભવ ધરાવતા કાર્યકરોએ પણ પ્રશંસનીય સેવા બજાવી હતી.

### લેન્ડસ્કેપ સુશોભન માટે ઊંડાણપૂર્વકનું સંશોધન

લેન્ડસ્કેપના સુશોભન માટે દર વર્ષે યોજાતા અમદાવાદના 'ફ્લાવર શો,' દુબઈના 'મિરેકલ ગાર્ડન,' વગેરે સ્થાનો તેમજ ગુજરાત, મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતની વિખ્યાત નર્સરીઓની મુલાકાત લઈને વાતાવરણને અનુરૂપ પુષ્પ-છોડ વગેરેનો ઊંડો અભ્યાસ કરવામાં આવ્યો. કેવું બિયારણ વાપરવું? સિંચાઈ માટે કઈ પદ્ધતિ વાપરવી? કયા છોડ માટે દવા, ખાતર, વગેરેની વ્યવસ્થા કેવી જોઈએ? વગેરે ઝીણી-ઝીણી બાબતોનું ઊંડાણપૂર્વકનું સંશોધન થયું. ત્યારબાદ સમગ્ર નગરમાં જુદી જુદી જગ્યાએ કઈ પ્રકારે લેન્ડસ્કેપ સુશોભનનું કાર્ય થઈ શકે? તેની ડિઝાઈન તૈયાર કરવામાં આવી.

અક્ષરધામ મંદિરની આજુબાજુનો વિસ્તાર, પરમહંસોની છત્રીઓ, મયૂરાકારમાં છોડની ગોઠવણી, જ્યોતિ ઉદ્યાનની અંદરનું લેન્ડસ્કેપ, નગરના ત્રણેય મુખ્ય માર્ગ ઉપર કુંજા, કમાનો, પ્રમુખસ્વામી મહારાજ મહામૂર્તિની આસપાસનું વર્તુળ વગેરેની ડિઝાઈન અનુભવી સંતોના માર્ગદર્શન હેઠળ સુંદર રીતે તૈયાર થઈ. એ જ ડિઝાઈન અનુસાર કમ્પ્યૂટરમાં નકશા તૈયાર કરીને, કેવા રંગનાં ફૂલો કઈ જગ્યાએ મૂકવાં? કયા આકારમાં મૂકવાં? તે નક્કી કરવામાં આવ્યું. ડિઝાઈનના આધારે જરૂરી માટીની પૂરણી કરવાની હતી. જ્યોતિ ઉદ્યાનના ઢોળાવવાળા ટેકરા અને પ્રમુખસ્વામી મહારાજ મહામૂર્તિની આસપાસનું ગોળાકાર ઉદ્યાન વગેરે રચનાઓ પડકારજનક હતી. એટલે જી.પી.એસ. ટેક્નોલોજીની મદદથી આ ટેકરાઓનું જમીન પર અંકન કરવામાં આવ્યું. કેટલાક ટેકરા તો ૧૪ ફૂટની ઊંચાઈ ધરાવતા હતા! આ ટેકરાઓના બાંધકામમાં ઘણીવાર એવું પણ થતું કે વરસાદ પડવાથી માટીનું ધોવાણ થઈ જાય. ત્યારે સંતો-સ્વયંસેવકો ફરીથી એટલી જ શ્રદ્ધા સાથે ઉત્સાહથી આ ટેકરાના નિર્માણની સેવામાં જોડાઈ જતા! આમ, અત્યંત કઠિન પુરુષાર્થના અંતે લેન્ડસ્કેપ માટેના ટેકરાઓ

કુલ ૧૦,૩૫,૧૦૮ વૃક્ષો-છોડનો બી.એ.પી.એસ. નર્સરીમાં ઉછેર તેમજ નગરમાં તેનું નિયોજન કરીને લેન્ડસ્કેપ વિભાગના સ્વયંસેવકોએ નગરની શોભાને ચાર ચાંદ લગાવી દીધા. દુર્લભ અને રંગબેરંગી પુષ્પોની બિછાતથી નગરમાં વસંત ખીલી ઊઠી...





વિવિધ ડિઝાઈન, આકાર અને માપ અનુસાર તૈયાર કરવામાં આવ્યા.

આ ટેકરાઓ ઉપર બ્રહ્મચરણ સ્વામીએ ચૂના વડે ૧૮૦-૨૦૦ ફૂટ મોટી ડિઝાઈનની ભાત જાતે જ દોરીને તૈયાર કરી. પહેલી વાર તૈયાર થયેલી ડિઝાઈન તો વરસાદના કારણે ધોવાઈ જ ગઈ! પરંતુ તેમણે ફરીથી મહેનત કરીને એ ટેકરાઓ ઉપર હાથથી જ ડિઝાઈન કરી! ડ્રોન વડે ફોટા લઈને, જરૂરી ફેરફાર કરીને, તે પ્રમાણે જ રંગબેરંગી ફૂલ-છોડ તેમજ ઘાસની ગોઠવણી કરી, વાવવાની તૈયારીઓ શરૂ થઈ. આમ, આવા અથાક પરિશ્રમથી ૧૦,૩૫,૦૦૦થી વધુ ફૂલ-છોડ-વૃક્ષોની ગોઠવણી નગરની ૮.૯ એકરની જમીન ઉપર કરવામાં આવી.

આટલા વિશાળ લેન્ડસ્કેપિંગના ફૂલ છોડની માવજત માટે નગરની બાજુમાં જ ૫૫ x ૯૫ ફૂટના ૧૦૦ જેટલા પ્લોટ્સમાં છોડ-ઉછેરની નર્સરી કરવામાં આવી હતી. પુષ્પ-છોડને જરૂરી વાતાવરણ અને ઠંડક પૂરી પાડવા માટે ૮૨,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારનું વિશાળ નેટ હાઉસ તૈયાર કરવામાં આવ્યું. તેમાં બે સ્તરમાં છોડ રાખી શકાય તેવી ગોઠવણી કરવામાં આવી હતી! જેને કારણે ઓછા વિસ્તારમાં વધુ છોડોની માવજત શ્રેષ્ઠ રીતે થઈ શકી. આ નેટહાઉસ તૈયાર કરવા માટે જરૂરી બધો જ સામાન ભક્તો-ભાવિકો પાસેથી સંપૂર્ણ સેવામાં પ્રાપ્ત થયો!

ફૂલ છોડની માવજત અને સંવર્ધન માટે નેટ હાઉસમાં ૧૫,૦૦૦ તગારાં, ૫૦૦૦થી વધુ વળીઓ અને ૧૨,૦૦૦થી વધુ સિમેન્ટ બ્લોક્સની આવશ્યકતા હતી. વિવિધ પ્રકારનાં ખાતર અને જીવજંતુઓ કે કીટાણુઓથી છોડવાંઓની રક્ષા થાય, તે માટે વિવિધ પ્રકારની 'ઑર્ગેનિક દવા'ઓની પણ વ્યવસ્થા કરવાની હતી. ઉપરોક્ત મોટાભાગની વસ્તુઓની ગોઠવણી સેવામાં જ થઈ ગઈ!

### ફૂલ-છોડમાં હતી સેવા-સમર્પણની સુવાસ

અન્ય વિભાગોની જેમ લેન્ડસ્કેપ વિભાગમાં પણ સેવા સમર્પણની જ સુવાસ અનુભવાતી હતી. લેન્ડસ્કેપ વિભાગના તમામ સંતોએ ભારતભરમાં વિચરણ કરીને વિવિધ નર્સરીઓનો સંપર્ક કરી શતાબ્દી મહોત્સવનો સંદેશ પહોંચાડ્યો! પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે અપાર પ્રેમ-આદર ધરાવતા નર્સરીઓના માલિકોએ રાજી ખુશીથી સેવા કરી. કોઈએ ૫૦૦ છોડ, કોઈએ ૧૨,૦૦૦; તો કોઈએ ૩૫,૦૦૦ નંગ તાજા રોપા આપીને, મહોત્સવમાં સેવા કરી. દક્ષિણ ભારતમાં વિજયવાડા પાસેના ભાવિકોએ કોઈએ ૫ ટન છોડ, તો કોઈએ ૭-૮ ટન છોડ, તો વળી કોઈએ તો ૨૫-૨૫ ટન જેટલા છોડના રોપા આપીને શતાબ્દી મહોત્સવની સેવા કરી.

### દુર્લભ પિટુનિયા છોડ નગરમાં આવ્યા

ઘણું સંશોધન કર્યા પછી સંતો નિર્ણય ઉપર આવ્યા કે મોટાભાગે પિટુનિયા પ્રકારના રંગબેરંગી ફૂલવાળા છોડ નગરમાં લાવવા અને તેનાથી નગરની સજાવટ કરવી. પરંતુ ભારતમાં આ પ્રકારનાં ફૂલોની માવજત કોણ કરે છે? અને તેનું બિયારણ ક્યાંથી મળે છે? તે મોટો પ્રશ્ન હતો. તપાસ કરતાં ખબર પડી કે સાતથી આઠ મહિનાનો સમય એ માટે જોઈએ, જે સમયની દૃષ્ટિએ અશક્ય હતું. તે સમયે 'રામવાટિકા નર્સરી'વાળા શ્રી પવાર ભક્તિભાવપૂર્વક સેવામાં જોડાયા. તેઓના અનુભવ પ્રમાણે જ્યારે પણ બિયારણની વાવણી કરવામાં આવે ત્યારે સરેરાશ ૧૦૦માંથી ૭૦ બીજ ઊગે. પરંતુ તેઓએ પણ ત્યારે આશ્ચર્ય વ્યક્ત કર્યું જ્યારે શતાબ્દી મહોત્સવ નિમિત્તે થયેલી વાવણીમાં ૮૭% બીજ ઊગ્યાં! આમ, લાખોની સંખ્યામાં પિટુનિયા છોડનો ઉછેર સરળતાપૂર્વક થયો.

પરંતુ પ્રશ્ન એ હતો કે પિટુનિયા છોડ પર જો સીધો જ વરસાદ પડે તો તે મરી જાય. આથી ૮૨,૦૦૦ ચોરસ ફૂટના વિશાળ નેટહાઉસમાં તેને રાખવામાં આવ્યા. એક દિવસ આ વિશાળ નેટહાઉસનો ૨૫% જેટલો ભાગ આંધીને સહન ન કરી શકતાં, જમીનદોસ્ત થઈ ગયો! તરત જ ૨૦૦ જેટલા સંતો-સ્વયંસેવકો પોતપોતાના વિભાગનું સેવાકાર્ય પડતું મૂકીને ઘટના સ્થળે આવી ગયા અને થોડા જ કલાકોમાં આખું નેટહાઉસ પૂર્વવત્ તૈયાર કરી દીધું! આમ, વિઘ્નો વચ્ચે પણ સૌના સંપ-સહકારથી પિટુનિયા છોડની માવજત સારામાં સારી રીતે થઈ શકી. નગરના લેન્ડસ્કેપ અને નગર સુશોભનમાં પિટુનિયા છોડની રંગબેરંગી વિવિધતાએ ખરેખર રંગ રાખ્યો હતો!

### એમેઝોનના જંગલોનાં 'રાજકમળ'

એમેઝોનના જંગલોમાં ઊગતું વિક્ટોરિયા લીલી એક એવા પ્રકારનું કમળ છે, જેનાં પાંદડાં ચારથી પાંચ ફૂટ લાંબા હોય છે અને તે ૩૦-૪૦ કિલોનું વજન પણ ખમી શકે! ભારતમાં પૂણેના શ્રી દીપકભાઈ વગેરે માત્ર ત્રણ-ચાર વ્યક્તિ જ આ 'રાજકમળ' ઉગાડે છે. તેઓના માર્ગદર્શન અનુસાર નગરમાં આ રાજકમળના છોડ લાવવામાં આવ્યા. સામાન્ય રીતે ગુજરાતનું વાતાવરણ આ રાજકમળ માટે અનુકૂળ નહોતું, પરંતુ નગરમાં રાજકમળ ખીલી ઊઠ્યાં! ચાર મહિના સુધી છોડની અનેક પ્રકારે માવજત કરીએ ત્યારે માંડ બે-ત્રણ પાંદડા થાય. જ્યારે અહીં તો આ છોડને બે દિવસમાં એક પાન આવી ગયું હોય ને ચાર દિવસમાં ૩ ફૂટનું મોટું થઈ ગયું! આમ, નગરમાં કુલ ૨૦ ફૂટના ૪ કુંડમાં આ રાજકમળો શોભી ઊઠ્યાં.

### વિશિષ્ટ 'ડ્રીપ ઇરિગેશન' વ્યવસ્થા

૮.૯ એકર જમીનમાં ફેલાયેલા લેન્ડસ્કેપના લાખો છોડને પાણી કેવી રીતે પિવડાવવું? આ માટે ઊંડું આયોજન કરીને નિષ્ણાત સંતો, સ્વયંસેવકો અને ભાવિકોની મદદથી નગરમાં 'ડ્રીપ ઈરિગેશન સિસ્ટમ' નાંખવામાં આવી. ૧૨૨ કિ.મી. જેટલી ડ્રીપ પાઈપ દોડાવવામાં આવી! ક્યાંક ૪ ફૂટથી ૧૪ ફૂટ સુધીના ટેકરા વગેરે પણ હતા. તે પ્રમાણે પાઈપનું નેટવર્ક તૈયાર કરવામાં આવ્યું અને તેના દ્વારા જળ સીંચીને પાણીના બચાવપૂર્વક લાખો વૃક્ષ-છોડને મહોરાવવામાં આવ્યા.

## પાણી વિભાગ

- નગરમાં બનાવાયેલાં જળસંચય સરોવરો: કુલ ૪, ક્ષમતા ૪૩,૦૦,૦૦૦ લિટર
- નગરમાં પીવાના પાણી માટે પરબ: કુલ ૫૫ પરબ
- નગરમાં વિવિધ હેતુથી પથરાયેલી પાઇપલાઇન: કુલ ૬૧,૦૦૦ મીટરથી વધુ

શતાબ્દી મહોત્સવમાં લાખોની સંખ્યામાં ઊમટનાર ભક્તમેદનીથી લઈને અનેક વિભાગોની જરૂરિયાત પૂરી પાડવા માટે ભક્તિજીવન સ્વામી, આનંદનિલય સ્વામી, આનંદનિધિ સ્વામી વગેરે મહોત્સવના પાણી વિભાગના ૩૦થી વધુ સંતો અને ૧,૬૦૦થી વધુ સ્વયંસેવકોએ ખૂબ મહત્ત્વની ભૂમિકા બજાવી. રસોડામાં રસોઈ બનાવવા માટે જરૂરી પાણી નિયમિતપણે પૂરું પાડવું; પ્રેમવતી ઉપાહાર ગૃહમાં પાણી પૂરું પાડવું; ઉતારામાં રહેતા સ્વયંસેવકો અને હરિભક્તોને નિત્યક્રિયા માટે પાણી પૂરું પાડવું; મહોત્સવમાં પધારનાર તમામ ભક્તો-ભાવિકો માટે પેયજળ પૂરું પાડવું; નગરમાં નિર્મિત શૌચાલયો માટે પાણીની વ્યવસ્થા કરવી, આ પાણી પુરવઠા માટે જરૂરી પાઇપલાઇન નેટવર્ક તૈયાર કરવું... વગેરે જવાબદારીઓનું સફળતાપૂર્વક વહન પાણી વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉત્સવ માટે રોજના પાણીના વપરાશ માટે અમદાવાદ મહાનગરપાલિકા, અમદાવાદ જળ પુરવઠા વિભાગ તેમજ સરકારશ્રીની મદદથી નર્મદા પાઇપલાઇન દ્વારા નગરમાં પાણી પહોંચે તેવી વ્યવસ્થા કરવામાં આવી. સાથે-સાથે ભૂજળ પણ પાણીનો મુખ્ય સ્રોત બની રહે તે માટે જમીન માલિકોની પરવાનગીથી બોર-વૅલની વ્યવસ્થા કરવામાં આવી હતી.

વળી, એકઠા થયેલા પાણીના સંચય માટે સમગ્ર નગરમાં વિવિધ સ્થાનોએ ચાર કૃત્રિમ સરોવરોની રચના કરવામાં આવી. જરૂરી માપ પ્રમાણે ખાડા ખોદી, તેના પર પ્લાસ્ટિક પાથરીને આ કૃત્રિમ સરોવરો બનાવવામાં આવ્યા હતાં. આ ચાર સરોવરોમાંથી જ મુખ્યત્વે પાણીની વ્યવસ્થા કરવામાં આવતી.

### પાણી પૂરું પાડવા માટે વિશિષ્ટ પુરવઠા વ્યવસ્થા

૬૦૦ એકરની જમીનમાં વિવિધ જગ્યાઓએ પાણી પહોંચાડવા ઊંડું આયોજન કરી વિશિષ્ટ પાઇપલાઇન નેટવર્ક તૈયાર કરવામાં આવ્યું. બધી જ જગ્યાએ, બધા જ વિભાગોમાં એક સરખું પાણીનું પ્રેશર મળી રહે તે માટે 'રિંગ સિસ્ટમ'નો ઉપયોગ કરવામાં આવ્યો. યુ.પી.વી.સી., સી.પી.વી.સી., એચ.ડી.પી. અને કોઈક જગ્યાએ ગેલ્વેનાઇઝ્ડ લોખંડના પાઇપ દ્વારા આ સમગ્ર નેટવર્ક તૈયાર કરવામાં આવ્યું. નગરમાં કુલ ૬૧,૦૦૦ મીટર જેટલી નાની-મોટી પાઇપલાઇન નાખવામાં આવી હતી!

સાથે સાથે સ્વયંસેવકો તથા ભાવિકોના ઉતારામાં પ્રાતઃસ્નાન જરૂરી ગરમ પાણીની વ્યવસ્થા માટે બોઇલર દ્વારા રોજ ૪,૦૦,૦૦૦ લિટર પાણી ગરમ કરીને ટેન્કરો દ્વારા વિવિધ સ્થાનોએ પહોંચાડવામાં આવતું.

નગરમાં પધારનાર લાખો ભાવિકો અને હજારો સ્વયંસેવકોને પીવાનું પાણી પૂરું પાડવા માટે 'ફિલ્ટર પ્લાન્ટ'ની વ્યવસ્થા કરવામાં આવી હતી. નગર પરિસરમાં કુલ ૫૫ પેય જળની પરબો દર્શનાર્થીઓની તરસ છિપાવતી રહી. આ ઉપરાંત ૫૦૦૦થી વધુ જગ અને એટલા જ 'જગ રિફિલ'ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

૧લી સપ્ટેમ્બર ૨૦૨૨થી મહોત્સવ સ્થળે શરૂ થયેલા પાણી વિભાગના ધમધોકાર કાર્યમાં, વરસાદનું વિઘ્ન ખૂબ અડચણરૂપ બન્યું. પરંતુ સંતો અને સ્વયંસેવકોએ પાઇપલાઇનના ખાડાઓમાંથી તગારાં ભરી ભરીને કાદવ બહાર કાઢ્યો અને આખી પાઇપલાઇન ફરી નાંખી. આમ, ઘણાં વિઘ્નો વચ્ચે શ્રદ્ધાપૂર્વક પુરુષાર્થ કરીને સફળતાપૂર્વક સેવા પાર પાડી હતી.

નગરમાં રોજ ઊમટતા લાખો દર્શનાર્થીઓને શુદ્ધ પેયજળ પૂરું પાડવાથી લઈને રસોઈગૃહ અને એકરોમાં પથરાયેલા લેન્ડસ્કેપ સુધી જળ પહોંચાડવાનું જટિલ કાર્ય પાણી વિભાગે કુલ ૬૧,૦૦૦ મીટરથી વધુ લાંબી પાઇપલાઇન નાખીને પાર પાડ્યું...





## ઇલેક્ટ્રિક વિભાગ

- નગરમાં નાનાં-મોટાં કુલ ૧૦૩ જનરેટર્સની વ્યવસ્થા
- નગરમાં કુલ ૧૮ સ્થાનોમાં ૪૬ ટ્રાન્સફૉર્મર્સની ગોઠવણી તેમાંથી ૯૫ કનેક્શન પેનલ્સ.
- નગરમાં ૮ મૅગાવૉટ; નગરથી બહાર: ઉતારા વ્યવસ્થા માટે ૧૫ મૅગાવૉટ: કુલ ૨૩ મૅગાવૉટ વીજ પુરવઠો.
- નગરમાં ૭૧૦ સ્ટ્રીટ-લાઇટ પોલ અને ૭૨૦૦ ફ્લડ લાઇટ્સનો ઉપયોગ.
- પાર્કિંગમાં ૧૩૫ વીજ-સ્તંભો ઉપર ૨૦૦૦ એલ.ઈ.ડી. ફ્લડ લાઇટ્સનો ઉપયોગ.
- ૯૮,૦૦૦ બલ્બ અને ૧૦,૦૦૦ ટ્યૂબ લાઇટનો ઉપયોગ.
- ૧૩૦ કિ.મી. કેબલ અને ૫૦૦ કિ.મી. વાયરિંગનું નેટવર્ક.

### સમગ્ર નગરમાં થયેલી ઇલેક્ટ્રિક વ્યવસ્થા

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં ઈલેક્ટ્રિકલ વ્યવસ્થાઓ પૂરી પાડવાનું ખૂબ જવાબદારીપૂર્વકનું સેવાકાર્ય શીલભૂષણદાસ સ્વામી, વિવેકદર્શનદાસ સ્વામી તેમજ શ્વેતપ્રકાશદાસ સ્વામીના નેતૃત્વ હેઠળ ૪૦ સંતો અને ૪૦૦ સ્વયંસેવકોએ સુંદરતાથી સંપન્ન કર્યું. નગરમાં વીજ પુરવઠો પૂરો પાડવા માટે ૨૩ મૅગાવૉટ વીજળીની ૨૪ કલાકની વ્યવસ્થા કરવામાં આવી હતી. જી.ઈ.બી. તેમજ યુ.જી.વી.સી.એલ.ની મદદથી કુલ ચાર પાવર સ્ટેશન દ્વારા સમગ્ર વીજ પુરવઠો પહોંચાડવામાં આવ્યો હતો. દરેક વિભાગમાં વીજ-પુરવઠાની તેમજ વીજ-ઉપકરણોની પૂરતી વ્યવસ્થા કરવા માટે ઈલેક્ટ્રિક વિભાગ ૧૧ પેટા વિભાગોમાં વહેંચાયેલો હતો.

૬૦૦ એકરના નગરમાં ખૂણે-ખૂણે વાયર-કેબલ દોડાવવાનું કામ પડકાર સમાન હતું. નગરના નિર્માણ- સંચાલનના ૪૫થી વધુ વિભાગો માટે વિવિધ જગ્યાઓએ હજારોની સંખ્યામાં વીજ-જોડાણ પૂરાં પાડવાં એ પણ સમય માંગી લે તેવો પ્રકલ્પ હતો, પરંતુ સંતો-સ્વયંસેવકોના રાત-દિવસના ભક્તિમય પુરુષાર્થ દ્વારા, માત્ર દોઢ મહિનામાં સમગ્ર નગરમાં ૪૬ ટ્રાન્સફોર્મર, ૮૫ બેક-અપ જનરેટરોની સાથે ૯૮ કિ.મી. જેટલા વાયર-કેબલ દોડાવીને વીજ-નેટવર્ક તૈયાર થયું અને દરેક જગ્યાએ વીજ જોડાણો પહોંચાડી દેવામાં આવ્યાં!

મહોત્સવ દરમિયાન ઈલેક્ટ્રિક વિભાગ માટે ઉપયોગમાં આવનાર વાયર-કેબલ્સ, ફ્લડલાઇટ્સ, એલ.ઈ.ડી. લેમ્પ્સ, ટ્યૂબલાઇટ્સ, વગેરે વસ્તુઓ સેવામાં પ્રાપ્ત થઈ. તો બીજી તરફ બી.એ.પી.એસ. સંસ્થાનાં તમામ મંદિરોમાંથી પણ આવશ્યક ચીજો ભેગી કરીને જરૂરિયાતોને પહોંચી વળવાનો સુંદર અને સફળ પ્રયત્ન થયો!

મહોત્સવ દરમ્યાન વીજ-પુરવઠો સતત મળી રહે તે માટે પાવર બૅક-અપની સુંદર વ્યવસ્થા થઈ હતી. પાવર-કટ વખતે જનરેટર શરૂ થતાં ૩૦ સેકંડથી ૧ મિનિટ જેટલો સમય લાગી જાય, તે દરમ્યાન વીજ-ઉપકરણો બંધ ન થાય તે માટે નગરમાં ઠેર-ઠેર ઈન્વર્ટર્સની વ્યવસ્થા કરવામાં આવી હતી. પાવર બૅક-અપ માટે કુલ ૮૫ નાનાં-મોટાં જનરેટર્સ હાજર હતાં. તમામ સ્થળોમાં કેબલ-નેટવર્ક દ્વારા 'રિંગ' પદ્ધતિ વિકસાવવામાં આવી, જેથી સરળતાપૂર્વક કોઈપણ જગ્યાએ જરૂરી વીજ-પુરવઠો પહોંચી રહે. જી.ઈ.બી. તરફથી પધારેલા અધિકારીઓએ પણ આ પદ્ધતિના ઉપયોગની અને સંસ્થાના ઈલેક્ટ્રિક વિભાગ દ્વારા થયેલી પૂર્વતૈયારીઓની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી.

## રસોડા વિભાગ

- નગરમાં ભોજનશાળાઓનો વિસ્તાર: ૨૨ એકર
- નગરમાં રસોડાં અને સ્ટોરનો વિસ્તાર: ૧૩ એકર
- 'થર્મિક બોઈલર': ૬ નંગ, ૪૮ લાખ કિલો કેલરી
- રોજ ભોજન કરનાર વ્યક્તિ: ૩,૧૦,૦૦૦થી વધુ

મહોત્સવ દરમ્યાન નગરના ૭૧૦ સ્ટ્રીટ લાઈટિંગ પોલથી લઈને ઠેર ઠેર અખંડિત વીજળીની વ્યવસ્થાઓ પૂરી પાડવા માટે ઈલેક્ટ્રિક વિભાગે કુલ ૧૩૦ કિલોમીટર કેબલ અને ૫૦૦ કિલોમીટર વાયરિંગનું વિશાળ નેટવર્ક કર્યું...





મહોત્સવની અનેકવિધિ સેવાપ્રવૃત્તિઓમાં સતત ધમધમતો રહેલો વિભાગ એટલે રસોડું અને પ્રેમવતી વિભાગ. ઘનશ્યામપ્રસાદ સ્વામી, બ્રહ્મતીર્થ સ્વામી અને ધર્મરત્ન સ્વામી વગેરે સંતોના માર્ગદર્શન હેઠળ ૬૦ સંતો, ૬૦૦ રસોઇયા મહારાજ તથા ૪૦૦૦ સ્વયંસેવક ભાઈઓ અને ૪૦૦૦ સ્વયંસેવિકા બહેનોએ રસોડા વિભાગમાં મહિમાપૂર્વક સેવા કરીને ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

૨૦૨૨ના આરંભથી મહોત્સવ સ્થળે સ્વયંસેવકોની સેવાઓ શરૂ થઈ ત્યારે પ્રારંભમાં શાહીબાગ બી.એ.પી.એસ. મંદિરે રસોઈ બનાવી નગરમાં મોકલવાની શરૂઆત થઈ. ધીમે ધીમે સ્વયંસેવકોની સંખ્યા હજારોમાં પહોંચી. અમદાવાદ મંદિરના ભંડારી સંતો ધર્મરત્નદાસ સ્વામી અને અધ્યાત્મપ્રિયદાસ સ્વામીએ ખૂબ જહેમત ઉઠાવીને રસોઈનો સુમેળ કરી આપ્યો હતો. સાથે-સાથે મુંબઈ, સુરત, મહેળાવ, નડિયાદ, મહેસાણા, ધોળકા, લીંબડી, ભાવનગર, મહુવા, વગેરે બી.એ.પી.એસ. મંદિરોમાંથી સ્વયંસેવકો માટે મિષ્ટાન્ન વગેરે આવતું. નગરમાં રસોઈ પહોંચાડવામાં ક્યારેય મોડું થયું નહોતું! સમયસર, ગરમાગરમ ભોજન જમી સૌ સ્વયંસેવકો ખૂબ રાજી થતા. ફેબ્રુઆરીથી ઑક્ટોબર સુધીમાં એટલે કે ૨૭૭ દિવસ શાહીબાગ મંદિરેથી નગરમાં રસોઈ મોકલવામાં આવી, જેના દ્વારા કુલ ૧૧,૫૦,૦૦૦ હરિભક્તોએ ભોજન-પ્રસાદ લીધો હતો.

### સીધાં-સામાનની સેવાનો પ્રવાહ :

મહોત્સવના આ વિશાળ રસોઈકાર્યમાં ગુજરાતનાં વિવિધ શહેરો-ગામડાં ઉપરાંત ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, દિલ્હીના ભક્તો-ભાવિકોએ ગજા બહારની સેવા કરી હતી. મુંબઈથી કઠોળ આવ્યું; દિલ્હી અને દસક્રોઈ મંડળે ચોખાની સેવાઓ કરી; દાળ-કઠોળ અને ઘઉંની પણ ઘણી મોટી સેવા ગામોગામથી પ્રાપ્ત થઈ હતી. કોઈ ૧૦ કટ્ટા, ૨૦ કટ્ટા કે કોઈક ટ્રેક્ટર ભરીને પણ ઘઉં-દાળ-કઠોળની સેવા આપતા. ગોંડલ, ભાદરા, લીમડી, સુરેન્દ્રનગરમાંથી મોટી માત્રામાં ચણાની સેવા પ્રાપ્ત થઈ; પૂના સત્સંગ મંડળ ઉપરાંત સાંકરી, ભરૂચ, નવસારીથી ખાંડ સેવામાં આવી; રાજકોટથી ફરસાણ અને નમકીન વાનગીઓ પ્રાપ્ત થઈ. ડીસા, હિંમતનગર, મોડાસા વગેરે સ્થળોએથી ભક્તો-ભાવિકોએ બટાકાની સેવા કરી હતી. વળી આણંદ સત્સંગમંડળ તરફથી તેલ અને ઘીની સેવા પ્રાપ્ત થઈ. સાથે-સાથે રસોડા વિભાગના વડીલ સંતોએ પણ આખા ભારતમાં વિચરણ કરીને, ડ્રાયફ્રૂટ, ફળો વગેરેની સેવા પણ એકત્રિત કરી હતી. આ ઉપરાંત મહોત્સવ દરમ્યાન લીલાં શાકભાજી સમયસર મળી રહે તે માટે મહિનાઓ અગાઉથી આયોજન કરી દેવામાં આવ્યું હતું.

આ બધી જ સેવા આવી તેનું મુખ્ય કારણ એક જ હતું કે પ્રમુખસ્વામી મહારાજે પોતાના જીવન દરમ્યાન અસહ્ય ભીડો વેઠીને નાનાં-મોટાં શહેર-ગામડાંમાં વિચરણ કરીને બધાંનાં મન સાચવ્યાં હતાં. માટે તેઓના શતાબ્દી મહોત્સવમાં સૌના અંતરનો સમર્પણભાવ છલક્યો હતો.

### સીધું-સામાનના સંગ્રહની રીત :

શતાબ્દી મહોત્સવમાં સેવામાં આવેલા અનાજ-કઠોળની સાફ-સફાઈ કરીને પુનઃ ગુણવત્તા મુજબ પેકિંગ કરીને પૅકેટના ક્રમાંક સાથે તેને સ્ટોરેજ ગોડાઉનમાં સંગૃહીત કરવામાં આવ્યું. મહોત્સવનો આ સીધાં-સામાનનો વિભાગ ખરેખર મહત્ત્વપૂર્ણ રહ્યો, જેને કારણે સેવામાં પ્રાપ્ત થયેલા પ્રત્યેક સીધાં-સામાનને લાંબા સમય સુધી સાચવી શકાયો. આ માટે અમદાવાદ શહેરમાં ગોડાઉન અને કોલ્ડ સ્ટોરેજ ધરાવનાર ઘણા વેપારીઓએ હોંશે-હોંશે સેવા બજાવી હતી.

રસોઈમાં સરેરાશ રોજ વપરાતી ૫૦થી ૭૦ ટન સામગ્રી માટે કોઠાર વિભાગ દ્વારા 'સ્ટૉક મૅનૅજમેન્ટ' પણ સુંદરતાથી કરવામાં આવ્યું હતું. આ માટે એક સૉફ્ટવેરની રચના કરવામાં આવી હતી. કોઠારમાં તમામ સામાનની એવી રીતે ગોઠવણ

રોજના ૩,૧૦,૦૦૦થી વધુ લોકોની ભોજનવ્યવસ્થા કરવા માટે રસોડા વિભાગે અતિ આધુનિક ઉપકરણો તેમજ ૮,૦૦૦ સ્ત્રી-પુરુષ સ્વયંસેવકો દ્વારા અદ્ભુત આયોજન કર્યું. મહોત્સવના થર્મિક બોઈલરનું વિધિવત્ ઉદ્ઘાટન કરતા પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી...





કરવામાં આવી હતી જેથી બધી વસ્તુ ‘ફોર્કલિફ્ટ’ દ્વારા લાવી-કાઢી શકાય. અનાજ, કઠોળ, ડ્રાયફ્રૂટ, મસાલા, વગેરે કોઠારમાં આયોજનબદ્ધ ગોઠવવામાં આવ્યા હતા. તેલ માટે મોટરયુક્ત ટાંકી બનાવવામાં આવી હતી, જેથી આખા રસોડામાં જ્યાં પણ તેલની જરૂર હોય ત્યાં સીધું પાઈપ દ્વારા જ પહોંચાડી દેવામાં આવતું.

અનાજ દળવા માટે ૨૦ ટનની બે ઘંટી હતી, જેનાથી રોજનું ૫-૭ ટન અનાજ દળાતું હતું. ખાંડ દળવા માટે ૧૫ ટનની એક ઘંટી અને ૭.૫ ટનની બે ઘંટીમાં બધા મસાલા દળાતા હતા.

રોજ, ક્યારે અને કેટલો સીધાં-સામાન કઈ જગ્યાએ વપરાયો તેનું કમ્પ્યૂટર સૉફ્ટવેર દ્વારા નિરીક્ષણ થતું, જેથી જે-તે સામગ્રી સમયસર રસોડામાં હાજર થઈ જતી. આમ, ખૂબ જ વિશાળ માત્રામાં સીધાં-સામાન હોવા છતાં, રસોડા વિભાગમાં ચીવટતાપૂર્વકનું પ્રબંધન થઈ રહ્યું.

## મહોત્સવ રસોડાનું વિભાગીકરણ :

રસોડાની ગંજાવર કાર્યવાહીનું મુખ્યત્વે નીચે મુજબ વિભાજન કરવામાં આવ્યું હતું.

**રસોડું-૧(એ):** પ્રાથમિક મિષ્ટાન્ન રસોડું. ઉત્સવમાં પીરસાયેલ મિષ્ટાન્ન અહીં બનતું.

**રસોડું-૧(બી):** શાક-ભાજી રસોડું. રોજ સરેરાશ ૭૦ ટન અને શનિ-રવિના દિવસોમાં આશરે ૧૨૦ ટન શાકનો ઉપયોગ થતો. ‘પોટેટો પીલર’ મશીનમાં એક સાથે ૧૦૦ કિ.ગ્રા. બટાકા માત્ર અઢી મિનિટમાં છાલ ઊતરીને તૈયાર થઈ જતા! અહીં ૮૦૦ લિટરનાં મોટાં-મોટાં ૯ વાસણ રહેતાં, જેમાં પ્રતિ વાસણ, સવા કલાકમાં ૭૦૦૦ ભાવિકો જમી શકે તેટલું શાક તૈયાર થઈ જતું. અર્થાત્ ૧:૩૦ કલાકમાં ૮૦,૦૦૦ વ્યક્તિ જમી શકે તેટલું શાક તૈયાર થઈ જતું હતું! સાથે પ્રેમવતીના પાઉં-ભાજીની ભાજી પણ આ વિભાગમાં જ તૈયાર થતી.

**રસોડું-૧(સી):** આ વિભાગમાં સવારે ઉકાળાપાણી, બપોરે દાળ અને સાંજે કઢી બનાવવામાં આવતાં. સવારે ૩:૦૦ વાગ્યાથી નાસ્તા માટે ૧૨,૦૦૦ લિટર ઉકાળાપાણી બને; બપોરના ભોજન માટે રોજ ૧,૨૫,૦૦૦ માણસોની દાળ થતી હતી; એટલા જ પ્રમાણમાં કઢી પણ બનતી.

**રસોડું-૧(ડી):** અહીં બપોરના ભોજન માટે ભાત અને પ્રેમવતી માટે ખીચડી, અને બપોરનું કઠોળ બનાવવામાં આવતું. એક સાથે ૬ મોટાં તપેલાંમાં માત્ર ૩૦ મિનિટમાં ૩૫૦ કિલો ભાત અને ખીચડી તૈયાર થઈ જતાં.

**રસોડું-૨(એ):** અહીં નાસ્તો, બપોરનું ફરસાણ અને સાંજે સેન્ડવિચ, દાબેલી, ફ્રેન્કી વગેરેનો મસાલો બનતો.

**રસોડું-૨(બી):** વિશિષ્ટ મિષ્ટાન્નનું રસોડું. અહીં જલેબી, રસગુલ્લા, મેસુબ, ગુલાબજાંબુ, ઘારી, વગેરે વિશિષ્ટ પ્રકારનાં મિષ્ટાન્ન તૈયાર કરવામાં આવતાં.

**રસોડું-૨(સી):** દૂધ-ડેરી વિભાગ. અહીં દૂધ, દહીં, છાશ, ચીઝ, પનીર વગેરે સંગૃહીત કરવામાં આવતાં. સવાર-સાંજ નિયમિત ૨૫,૦૦૦-૩૦,૦૦૦ લિટર છાશ અહીંથી ભોજનશાળામાં પહોંચાડવામાં આવતી. તેમજ સ્વયંસેવકોને આપવાનું સાંજનું શરબત પણ અહીં જ બનતું. આ માટે અહીં ૮૦૦ લિટરનાં છ મોટાં તપેલાં રહેતાં.

**રસોડું-૨(ડી):** આ વિભાગમાં રોટલી, ભાખરી અને થેપલાં બનતાં. એક મશીન દ્વારા ૧ કલાકમાં ૨૦૦૦ રોટલી બનતી. એવાં કુલ ૨૦ મશીન દ્વારા રોજ ૪૦,૦૦૦ રોટલી બનતી! સાથે સંધ્યાભોજન માટે થેપલાં, ભાખરી વગેરે પણ આ જ વિભાગમાં બનાવવામાં આવતાં હતાં. ૬ મોટા તવા ઉપર સવા લાખ ભાખરી નિયમિત બનતી.

**રસોડું-૩(એ):** આ વિભાગમાં મહિલાઓ દ્વારા રસોઈ બનતી હતી. રોટલા, પૂરણપોળી, ઢેબરાં, હાંડવો, વગેરે વાનગીઓ બનાવવામાં ૭૦૦ બહેનો સતત સેવામાં રહેતાં. ૫૫૦થી વધુ નાના-નાના ચૂલાઓ ઉપર બહેનો રસોઈ કરતાં.

## થર્મિક બોઇલર રૂપે અનોખું રસોડું!

આ મહોત્સવમાં રસોઈ વિભાગમાં ‘થર્મિક બોઈલર સિસ્ટમ’ ખૂબ સફળ પુરવાર થઈ હતી. વીજળીથી ચાલતા થર્મિક બોઈલરમાં ૮૦૦ લિટર અને ૧૨૦૦ લિટરના ખાસ પ્રકારનાં ૪૦ વાસણો રાખવામાં આવ્યાં હતાં. લગભગ ૩૫૦ નાનાં-મોટાં મશીન સેવામાં આવ્યાં હતાં. આ પ્રકારનાં વાસણોની વિશેષતા એ હતી કે રસોઈ બનાવવામાં ઝડપ મળતી અને ગેસનો ખર્ચ પણ બચી જતો. ચૂલા કે ગેસની ગરમીથી રસોડાના સેવકો પરસેવે રેબઝેબ થઈ જતા એ આ વખતે બન્યું નહોતું. કારણ કે થર્મિક બોઈલર વડે ગરમી લાગતી નહોતી. લગભગ સવા કરોડ માણસની રસોઈ થઈ, પરંતુ એક વ્યક્તિ પણ દાઝી નથી કે આગનું નાનું-મોટું છમકલું પણ થયું નથી! તેમ છતાં આપાતકાલીન સહાય માટે ગેસ-સિસ્ટમની ગોઠવણ પણ કરવામાં આવી હતી. જો બોઈલરનાં વિશિષ્ટ પ્રકારનાં વાસણોમાં કોઈ પ્રશ્ન થાય તો તરત જ ગેસ સિસ્ટમ શરૂ થઈ જાય, પરંતુ રસોઈ બનાવવાની કાર્યવાહી અટકે નહીં!

ધુમાડા વિનાનું આ થર્મિક બોઈલર રસોડું પર્યાવરણની જાળવણી માટે પણ હિતાવહ સાબિત થયું હતું. નિષ્ણાતો પણ આ રસોડાની મુલાકાત લઈને પ્રભાવિત થયા હતા.

વળી, આ વિશિષ્ટ પ્રકારનાં મોટાં વાસણોની નીચે બટરફ્લાય વાલ્વ લગાડેલો હતો, જેથી ચા, કઢી, દાળ, શાક અને રાંધેલા ભાતનો પણ ત્યાંથી સરળતાપૂર્વક નિકાલ થઈ શકતો. આ વાસણો ધોવા માટે પ્રેશર-પંપની પણ વ્યવસ્થા કરેલી હતી. આમ, મહોત્સવમાં નવી યંત્ર-પદ્ધતિ, સેવાકાર્યને સમયસર અને શ્રેષ્ઠતાથી પાર પાડવામાં ઘણી સહાયરૂપ બની રહી.

વળી, રોજના લાખો હરિભક્તોની ભોજનની વ્યવસ્થા સૉફ્ટવેર દ્વારા ખૂબ ગણતરીપૂર્વક કરવામાં આવતી હતી.

## પંદર દિવસમાં કોઈ વાનગીનું પુનરાવર્તન નહીં!

રસોડા વિભાગના અનુભવી સંતોએ ખૂબ મહેનત કરીને ૧૫ દિવસનું મેનુ તૈયાર કર્યું હતું. ૧૫ દિવસ સુધી કોઈ વાનગી પુનરાવર્તિત ન થાય, આવનાર ભાવિકો અને નિત્ય સેવા કરનાર સ્વયંસેવકોને રોજ નવીન અને પૌષ્ટિક આહાર મળી રહે તેનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણેય ટંક ભગવાનને થાળ ધરાવીને પ્રસાદીની વાનગીઓને બધા ભોજનમાં મિશ્રણ કરવામાં આવતી અને પછી સમગ્ર ભોજન ભગવાનની પ્રસાદીરૂપે હરિભક્તોને પીરસાતું.

પ્રમુખસ્વામી મહારાજ નગરમાં ૨૨ એકરની ભૂમિ પર વિવિધ ભોજનશાળાઓ રચવામાં આવી હતી. અને ૧૩ એકર ભૂમિમાં રસોડું કાર્યરત હતું. નગરમાં વિવિધ ભોજનશાળાઓમાં અડધા કલાકમાં ૩૦,૦૦૦ હરિભક્તો ભોજન ગ્રહણ કરીને બહાર નીકળતા, જે આયોજન ખરેખર કલ્પના બહારનું હતું. દરેક ભોજનશાળામાં કેમેરા મૂકેલા હતા. તેના દ્વારા પણ સંતો અંદાજ કાઢી શકતા કે કઈ ભોજનશાળામાં હરિભક્તોનો ધસારો છે અને કેટલી રસોઈની જરૂર પડશે. આથી બધે સમયસર અને પ્રમાણસર રસોઈ પહોંચી જતી.

## પ્રેમવતી વિભાગ

- નગરમાં કાર્યરત પ્રેમવતી ઉપાહાર ગૃહ સંખ્યા : ૩૫
- પ્રેમવતીમાં ઉપલબ્ધ સ્વાદિષ્ટ વાનગીઓ : ૭૦થી વધુ
- ખીચડી, પાંઉભાજીની દૈનિક માંગ : ૨,૫૦,૦૦૦ ડિશ
- સમોસાં : સરેરાશ દૈનિક ૧,૦૦,૦૦૦ નંગ
- પિત્ઝાની ખપત : સરેરાશ દૈનિક ૧૫,૦૦૦ નંગ
- ઉત્સવ દરમ્યાન કુલ લાભાર્થી : ૨,૦૫,૦૦,૦૦૦

પ્રમુખસ્વામી મહારાજ નગરમાં આવનાર લાખો દર્શનાર્થીઓ માટે ઉપાહારની સુંદર વ્યવસ્થા એટલે 'પ્રેમવતી.' નગરમાં ઠેર ઠેર ૩૫ જેટલા પ્રેમવતી પ્રસાદમ્ સ્ટૉલ્સ રચવામાં આવ્યા હતા. વિશાળ દર્શનાર્થી સમૂહને સ્વાદિષ્ટ, તાજું, પૌષ્ટિક ભોજન બજાર કરતાં અત્યંત રાહત દરે મળી રહે તે માટે અનેક સ્તરીય વિચારણા અને વ્યવસ્થા હાથ ધરવામાં આવી.

### અનેક સ્તરીય પૂર્વ આયોજનઃ

પ્રેમવતી વિભાગની આગોતરી વ્યવસ્થાનું આયોજન સંતવૃંદ સાથે બ્રહ્મતીર્થ સ્વામી અને ધર્મરત્ન સ્વામી છેલ્લા એક વર્ષથી અનેક સ્તરે કરી રહ્યા હતા. સીધાં-સામગ્રીની ખરીદી, શાકભાજી, રસોડું, વાસણ, અનાજ-કોઠાર, ટ્રાન્સપોર્ટ, એકાઉન્ટ્સ, પ્રેમવતી સંચાલન-સંયોજન, સ્વયંસેવક પ્રબંધન, વગેરે પેટા વિભાગોની રચના દ્વારા અનેક સ્તરીય આયોજન થયું. સામગ્રીની માહિતી સરળતાથી ઉપલબ્ધ થાય, કોઠાર અને અનાજ પુરવઠાનું વ્યવસ્થિત નિરીક્ષણ થઈ શકે, હિસાબ મળી રહે - આ હેતુસર સૉફ્ટવૅર-કમ્પ્યૂટર વગેરેની પણ ગોઠવણી કરવામાં આવી.

સદ્ગુરુ સંતોની ઈચ્છાનુસાર ૭૦થી વધુ પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓના રુચિકર 'મેનૂ' સાથે તમામ ખાદ્યસામગ્રી રાહત દરે ઉપલબ્ધ કરાઈ હતી.

### વાનગીઓના સ્વાદમાં સાતત્યઃ

૩૦ દિવસ સુધી ચાલનારા આ મહોત્સવમાં પ્રેમવતી વિભાગ માટે સૌથી અગત્યનો મુદ્દો હતો – સ્વાદના સાતત્યનો. અનેકવિધ વાનગીઓનો સ્વાદ ૩૦ દિવસ સુધી એક સરખો જળવાઈ રહે તે માટે વર્ષોથી મહોત્સવોમાં રસોડાની જવાબદારી સંભાળતા અનુભવી સંતોએ બધી ખાદ્યસામગ્રીઓનો સ્વાદ નક્કી કર્યો. ત્યારબાદ એક સૉફ્ટવૅર બનાવવામાં આવ્યું, જેના આધારે એકસરખી ગુણવત્તા ટકાવવા માટે કરિયાણા કે મસાલાના ચોક્કસ વજનનાં પૅકેટ તૈયાર થાય અને રસોઈ કરતી વેળા સીધા પૅકેટ જ વાપરવાના રહે! પરિણામે વાનગીઓના સ્વાદમાં સાતત્ય જળવાઈ રહ્યું.

### નગરની શરૂઆતથી જ પડકારઃ

મહોત્સવની શરૂઆત થઈ ત્યારે કોઈને કલ્પના ન હતી કે

રોજ અત્યંત રાહત દરે દર્શનાર્થીઓને લાખો ડિશ ભોજન પૂરું પાડતા પ્રેમવતી પ્રસાદમ્ વિભાગનું સંચાલન કરવામાં બી.એ.પી.એસ.નાં યુવતી-સ્વયંસેવિકાઓએ દિવસ-રાત અપાર જહેમત લીધી...






રોજ લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ પ્રેમવતી પ્રસાદમ્‌નો લાભ લેશે. પ્રથમ દિવસે જ ધાર્યા કરતાં અનેકગણી ભીડ થઈ ગઈ. ખીચડી અને પાંઉભાજીનું પૂર્વ આયોજન હતું - રોજની ૨૦,૦૦૦ ડિશનું અને જરૂરિયાત ઊભી થઈ ૨,૫૦,૦૦૦ ડિશની!! સમોસાંનું પૂર્વ આયોજન હતું ૧૦,૦૦૦ નંગનું અને જરૂરિયાત ઊભી થઈ ૧,૦૦,૦૦૦ સમોસાંની!! પિત્ઝાનું પૂર્વ આયોજન હતું ૧૦૦૦ નંગનું, જ્યારે જરૂરિયાત ઊભી થઈ ૧૫,૦૦૦ પિત્ઝાની!! પૂર્વાયોજિત એક મહિનાનું કરિયાણું ફક્ત ત્રણ જ દિવસમાં પૂરું થઈ ગયું! કેવી રીતે પહોંચી વળવું? મહંત સ્વામી મહારાજે આશીર્વાદ આપતાં જણાવ્યું: 'સ્વામીબાપાના આશીર્વાદ છે, બધું સારું થશે. સંપથી બધું થશે.' ઈશ્વરચરણ સ્વામીએ પણ બળભર્યા શબ્દો ઉચ્ચાર્યા. અને ખરેખર! જાણે સેવા કરનાર પ્રત્યેક સ્વયંસેવકો-સ્વયંસેવિકાઓમાં નૂતન પ્રેરણાનો સંચાર થયો. અશક્ય લાગતી પરિસ્થિતિમાં પણ સૌએ સંપ, ધૈર્ય, નમ્રતા તેમજ પ્રાર્થના-ભક્તિના બળથી તમામ જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી. સવારે ૮:૦૦ વાગ્યાથી શરૂ કરીને રાત્રે ૧૧:૦૦ સુધી નિરંતર સેવા ચાલુ જ રહેતી! બધી જ કામગીરી એટલી સરળતાથી અને ફટાફટ થતી કે દરરોજ સરેરાશ ૧૫,૦૦૦ પિત્ઝા લાભાર્થીઓ સુધી પહોંચતા! સ્વયંસેવિકાઓના ભક્તિમય પુરુષાર્થથી રોજ લાખોની સંખ્યામાં તમામ ખાદ્યસામગ્રીઓનું સફળતાપૂર્વક વેંચાણ થતું રહ્યું!

ઘણીવાર તો એવું પણ બનતું કે રાત પડી હોય, બધા થાકી ગયા હોય, મોડી રાત્રે સાફસૂફી કે વાઈન્ડ અપ ચાલુ હોય; ત્યારે કાઉન્ટર ઉપર લાઈટ ચાલુ જોઈને લોકો આવે. પરંતુ બહેનો સૌ દર્શનાર્થીઓ માટે વાનગી તૈયાર કરી આપે! આવી ઉચ્ચ સેવાભાવનાથી સહુ કોઈ 'પ્રેમવતી'માં ઉત્સાહભેર સેવામાં જોડાયેલાં હતાં.

નગરના તમામ પ્રેમવતી પ્રસાદમ્‌ના સંચાલન, સંયોજન અને કાર્યવહનમાં બહેનોએ ખૂબ ખંતથી, જવાબદારીપૂર્વકની સેવા નિભાવી. આ અનોખી સેવા એ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા થયેલા નારી સશક્તિકરણ કે મહિલાશક્તિ પ્રોત્સાહનની એક ઐતિહાસિક મિસાલ બની રહેશે.

## જ્યોતિ ઉદ્યાન વિભાગ

- જ્યોતિ ઉદ્યાનનાં તેજોમય શિલ્પો: ૮૫૦૦થી વધુ
- સેવામાં જોડાયેલા સ્વયંસેવકો: ૩૬૫૦
- જ્યોતિ ઉદ્યાન તૈયાર કરવામાં થયેલા પુરુષાર્થ: ૧૧,૨૮,૮૬૦ માનવ કલાકો
- જ્યોતિ ઉદ્યાનમાં વપરાયેલી એલ.ઈ.ડી. સ્ટ્રીપ લાઈટ્સ: ૨૫,૦૦૦ મીટર
- ઉદ્યાનમાં વપરાયેલાં એલઈડી બલ્બ: ૧૮,૦૦૦ નંગ
- ઉદ્યાનમાં ઈલેક્ટ્રિકલ કનેક્શન: ૪,૫૦,૦૦૦થી વધુ
- ઉદ્યાનનાં શિલ્પોમાં વપરાયેલું કાપડ: ૪૦,૦૦૦ મીટર
- ઉદ્યાનનાં શિલ્પો બનાવવા વપરાયેલા સળિયા: ૬૦ ટન
- ઉદ્યાનના નિર્માણમાં વપરાયેલ વાયર: ૨૩૦ કિ.મી.

પ્રમુખસ્વામી મહારાજ નગરનાં વિવિધ આકર્ષણોમાંનું એક અનોખું આકર્ષણ એટલે રંગબેરંગી રોશનીથી ઝગમગતું 'પ્રમુખ જ્યોતિ ઉદ્યાન.' ભારતમાં આટલા મોટા પાયે 'ગ્લો ગાર્ડન' સૌપ્રથમવાર તૈયાર થયું હતું. આ જ્યોતિ ઉદ્યાન માત્ર મનોરંજનનો જ વિષય ન રહેતાં તેમાંથી સહુ કોઈને પ્રેરણા મળે એવું બોધપ્રદ, અદ્વિતીય જ્યોતિ ઉદ્યાન તૈયાર થાય એ રીતે તેની રચના અને ડિઝાઈનની વિચારણાઓ શરૂ થઈ.

ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રેરણા આપ્યા અનુસાર આ ગ્લો ગાર્ડન કરવાનું નિર્ધારિત થયું, પરંતુ આ પહેલાં સંસ્થામાં કોઈને આ વિશેનો અનુભવ નહોતો. આથી જવાબદાર સંતોએ તે અંગે ઊંડું સંશોધન કર્યું, પરંતુ કોઈ ખાસ પરિણામ મળ્યું નહીં. આથી મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સંતો-યુવકોએ જ્યોતિ ઉદ્યાનના શિલ્પો તૈયાર કરવા માટેની એક વિશિષ્ટ અને નવી

૮,૫૦૦થી વધુ તેજોમય શિલ્પોની અનોખી સૃષ્ટિ સમા પ્રમુખ જ્યોતિ ઉદ્યાનની નિર્માણગાથા રોમાંચક છે. સ્વયંસેવકોના ૧૧ લાખથી વધુ માનવ કલાકોની એ અદ્વિતીય સેવા રોજ લાખો દર્શનાર્થીઓનાં હૃદયમાં શ્રદ્ધાની જ્યોતિ પ્રગટાવી જતી હતી...





જ પદ્ધતિ વિકસાવી ! નારાયણમુનિદાસ સ્વામી અને બ્રહ્મચરણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ, કઈ રીતે લોખંડના સળિયાઓમાંથી શિલ્પનું પાંજરું તૈયાર કરવું ? કઈ રીતે એની અંદર વાયરિંગ અને લાઇટિંગ કરવું ? વળી વિવિધ પ્રકારનાં કાપડ, કાપડ લગાવવાની રીત; કાપડ ચોંટાડવા માટે કયા પ્રકારના વિવિધ પદાર્થો વાપરી શકાય ? તૈયાર થઈ ગયેલા શિલ્પની ઉપર કયા પ્રકારના રંગનો ઉપયોગ કરવો ? વગેરે તમામ પ્રકારનું સંશોધન સારંગપુર ખાતે થયું. તેમાં ખૂબ સફળતા મળી.

**જ્યોતિ ઉદ્યાનનો કેન્દ્રવર્તી વિચાર ને ડિઝાઇન:**

પ્રમુખસ્વામી મહારાજે કરોડો લોકોનાં હૈયે શ્રદ્ધાની જ્યોત જગાવી છે. આથી શ્રદ્ધાના મધ્યવર્તી વિચાર સાથે જ્યોતિ ઉદ્યાનમાં મુખ્ય પાંચ વિભાગ કરવામાં આવ્યા : મૂલ્યોમાં શ્રદ્ધા, ભગવાનમાં શ્રદ્ધા, ગુરુમાં શ્રદ્ધા, શાસ્ત્રોમાં શ્રદ્ધા, રાષ્ટ્ર પ્રત્યે શ્રદ્ધા.

પ્રાણી, પક્ષી, ફૂલો, પ્રકૃતિનાં વિવિધ અંગો, કલાત્મક શિલ્પના સ્વરૂપે મહાનુભાવો કે પ્રમુખસ્વામી મહારાજે આપેલાં જીવનસૂત્રો વગેરેની રચનાત્મક પ્રસ્તુતિ અંગે વિચારણા કરીને નારાયણમુનિદાસ સ્વામી અને શ્રીજીસ્વરૂપદાસ સ્વામીએ સમગ્ર જ્યોતિ ઉદ્યાનની ડિઝાઇન તૈયાર કરી. જ્યોતિ ઉદ્યાનમાં ૮૦ જેટલા વિવિધ સ્પોટ્સ નક્કી કરવામાં આવ્યા અને સૉફ્ટવેરની મદદથી ગ્લો ગાર્ડનનું ૩ડી મૉડેલ તૈયાર કરવામાં આવ્યું. એક સાથે હજારો લોકો જ્યોતિ ઉદ્યાનમાંથી પસાર થઈ શકે તે માટે પહોળા રસ્તા અને સૌને સુપેરે શિલ્પો દૃષ્ટિગોચર થાય તે રીતે તેની ઊંચાઈ રાખવામાં આવી.

બોધપ્રદ સંદેશ આધારિત પ્રત્યેક શિલ્પની ૩ડી ડિઝાઇન તૈયાર થઈ ગયા મુજબ ફ્લેક્સ પ્રિન્ટ કરીને તેના આધારે સળિયાનાં પાંજરાં તૈયાર કરવામાં આવ્યાં. પ્રાથમિક પાંજરું તૈયાર થઈ ગયા પછી અનુભવી સંતો-સ્વયંસેવકો દ્વારા તેમાં મોઢું, આંખ, પગ, પૂંછડી જેવાં અંગોનું વધુ બારીકાઈથી ફિનિશિંગ કરવામાં આવ્યું. ત્યારબાદ તેમાં જરૂરી વાયરિંગ કરીને લાઇટિંગ કરવામાં આવ્યું, જેના પર કાપડ મઢવામાં આવ્યું. અંતે, જરૂર પડી તે રીતે તેના ઉપર ચોક્કસ રંગકામ કરવામાં આવ્યું.

જ્યોતિ ઉદ્યાનના નિર્માણની આ લાંબી પ્રક્રિયા માટે મહોત્સવ સ્થળની નજીક વિવિધ પ્રકારનાં વર્કશોપ કરવામાં આવ્યાં હતાં. કમ્પ્યૂટર વર્કશોપમાં સંતોના માર્ગદર્શન હેઠળ પ્રતિભાશાળી ૧૦-૧૨ યુવકોની નાની ટુકડીએ જ્યોતિ ઉદ્યાનના પ્રત્યેક શિલ્પના નિર્માણમાં કમ્પ્યૂટરનો ઉપયોગ કર્યો, જેને કારણે લોખંડના વર્કશોપમાં પાંજરું તૈયાર કરતા સ્વયંસેવકોને કોઈ મુશ્કેલી ન પડી. આશ્ચર્યની વાત એ હતી કે સળિયા વાળવા સુધીની બધી જ કાર્યવાહી સ્વયંસેવકો જાતે, હાથ વડે જ કરતા! એક શિલ્પમાં તેના કદ કે રચના પ્રમાણે ઓછામાં ઓછા ૧૫૦-૨૦૦ નાના-મોટા સળિયા આવે, તેને વાળવા માટે કોઈ પ્રકારના મશીનનો ઉપયોગ કરવામાં નહોતો આવ્યો ! ઉપરાંત, બીજો મોટો પડકાર એ હતો કે આ વર્કશોપમાં સેવા કરનારા તમામ સ્વયંસેવકો પોતાના વારા પ્રમાણે દર ૧૫ દિવસે બદલાઈ જતા ! તેમ છતાં શ્રદ્ધા રાખીને નવી બેચમાં આવનાર સ્વયંસેવકો ઝડપથી કાર્યવાહી શીખી લેતા.

લોખંડનું પાંજરું તૈયાર થયા બાદ ઇલેક્ટ્રિક વર્કશોપમાં તેની અંદર ઇલેક્ટ્રિક ફિટિંગ અને લાઇટિંગ કરવામાં આવતું. મોટાભાગની લાઇટિંગનું નિર્માણ આ વિભાગમાં સેવારત યુવા સ્વયંસેવકો દ્વારા જ થયું હતું. આટલા મોટા પ્રમાણમાં કોઈ પાસે લાઇટ્સનો સ્ટૉક હાજર ન હતો. આથી સ્વયંસેવકોએ જાતે જ વિવિધ જગ્યાએથી આ પ્રકારની લાઇટિંગ બનાવવાનો સામાન ભેગો કરી આ સેવા પાર પાડી હતી ! ડિઝાઇન અને વીજ ઉપકરણોની માત્રાને ધ્યાનમાં રાખીને 'કસ્ટમાઇઝ્ડ એલ.ઈ.ડી. ડ્રાઈવર્સ'નું નિર્માણ પણ જાતે કરવામાં આવ્યું હતું.

લાઇટિંગ સાથે શિલ્પનું પાંજરું તૈયાર થઈ ગયા પછી તેના ઉપર કાપડ મઢવા માટેની એક જુદી જ કાર્યશાળા ઊભી કરવામાં આવી હતી. કાપડને લોખંડના સળિયા સાથે ચોંટાડવા ઘણા પ્રયોગો પછી એવો ગુંદર પસંદ કરવામાં આવ્યો, જે પાણીમાં ઓગળે નહીં અને લાંબા સમય સુધી ટકી રહે. ૫,૦૦૦થી વધુ ફૂલો અને અન્ય હજારો શિલ્પો, જેમાં અમુક શિલ્પો તો ૨૦-૨૦ ફૂટ જેટલાં મોટાં હતાં, તેના પર કાપડ મઢવામાં સ્વયંસેવિકા બહેનોએ ખૂબ ઝડપથી તાલીમ મેળવી લઈને ચોકસાઈપૂર્વક સેવા બજાવી.

દરેક શિલ્પ ઉપર કાપડ મઢાઈ ગયા બાદ, તેને રંગકામના વર્કશોપમાં લઈ જઈને તેના ઉપર રંગકામ કરવામાં આવ્યું. રંગકામ એટલી સરસ રીતે થયું કે રાત્રે અને દિવસે બંને સમયે નયનરમ્ય લાગે. જ્યોતિ ઉદ્યાનના નિર્માણ દરમિયાન સેવા આપનાર પ્રત્યેક સંત તથા સ્વયંસેવકના અનુભવનો એક જ સૂર રહ્યો કે 'પૂર્વે ક્યારેય ન કરેલું અને કોઈપણ પ્રકારના અનુભવ વિના શરૂ કરેલું કાર્ય, આટલી સફળતાપૂર્વક પાર પડ્યું તેની પાછળ માત્ર એ જ પ્રેરણા-બળ દેખાય છે – ભગવાનની પ્રેરણા અને પ્રગટ સત્પુરુષના આશીર્વાદ.

## બાળનગરીનું આયોજન

લાખો બાળકો પર નિઃસ્વાર્થ સ્નેહ વરસાવનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે રચાયેલા પ્રમુખસ્વામી મહારાજ નગરમાં બાળકો કેવી રીતે વંચિત રહી જાય ! તેથી જ અહીં બાળકો માટે વિશિષ્ટ બાળનગરીની રચના કરવામાં આવી હતી. ૧૭ એકરમાં રચાયેલી આ સુંદર બાળનગરી બાળકો માટે અનન્ય આકર્ષણનું કેન્દ્ર બની હતી.

ઈશ્વરચરણદાસ સ્વામી અને મહોત્સવ સમિતિના માર્ગદર્શન મુજબ સંસ્થાના બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલયના વિશ્વસ્વરૂપદાસ સ્વામી, ભગવત્સેતુદાસ સ્વામી, નિર્મલવદનદાસ સ્વામી, પુરુષોત્તમપ્રિયદાસ સ્વામી વગેરે સંતો અને પારસભાઈ વગેરે કાર્યકરો દ્વારા બાળનગરીની રચના અંગેનું આગોતરું આયોજન શરૂ થયું. પ્રમુખસ્વામી મહારાજ બાળકોને મુખ્ય ત્રણ સંદેશ

આપતા: માતાપિતાને આદર આપવો, પ્રાર્થના + પુરુષાર્થ = સફળતા, સાચા ગુરુના શરણે જશો તો તમારી શક્તિઓ બહાર આવશે. આ ત્રણેય સંદેશને અનુલક્ષીને, કોઈપણ ધર્મનો બાળક કે બાલિકા આવે તે આનંદ-ગમ્મત સાથે અહીંથી કંઈક પ્રેરણા લઈને જાય, તેને આદર્શ બાળક બનવાની દિશા મળે એવી બાળનગરીની રચના કરવાનું નિર્ધારિત થયું. પરિણામે, બાળનગરીમાં નીચે મુજબ વિવિધ અંગ-ઉપાંગો રચવાનું આયોજન કરાયું: • સૌને આવકારતું ૬૦ ફૂટ ઊંચું પ્રવેશદ્વાર. • બાળપ્રવૃત્તિ દ્વારા બાળકોમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, સંસ્કાર, સંસ્કૃતિ અને સત્સંગ જેવાં પાયાનાં મૂલ્યોની અપાતી પ્રેરણાની રજૂઆતો. • ૧૮૦ ફૂટ લાંબી અને ૮ બોગીઓ યુક્ત બાલપ્રવૃત્તિ ઍક્સપ્રેસ, જેના જુદા જુદા ટેબ્લો દ્વારા બાળસભા દ્વારા થતું બાળકોના સંસ્કાર-સિંચન અને સર્વાંગી વિકાસનું નિદર્શન. • પ્રમુખસ્વામી મહારાજના બાળપણના છ દૃશ્યાત્મક પ્રસંગોની પ્રસ્તુતિ દ્વારા શાંતિનું ધામ ચાણસદ ગામની અદ્‌ભુત રજૂઆત. • ત્રણ પ્રદર્શન ખંડો: વિલેજ ઑફ બુઝો, જંગલ ઑફ શેરુ અને સી ઑફ સુવર્ણા. • બાળકોના સ્નેહી પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની બાળકો સાથેની સુંદર પ્રસ્તુતિ યુક્ત બાળસ્નેહી ઉદ્યાન. • બી.એ.પી.એસ.નાં બાળકો-બાલિકાઓનાં અદ્‌ભુત કલા-કૌશલ્યનો પરિચય કરાવતો બી.એ.પી.એસ. ટેલેન્ટ મંચ. • બાળકોને વિવિધ નિયમો દ્વારા આદર્શ બાળક થવાની પ્રેરણા આપતી નિયમ કુટિરો. • અન્ય આનંદ સાથે સંદેશ આપતી પ્રેરક રજૂઆતો.

**પ્રદર્શન ખંડોની રચના:**

બાળનગરીના સામ્રાજ્યમાં ત્રણ પ્રદર્શન ખંડો બાળકોનાં મન પર અનોખું રાજ કર્યું હતું. પ્રથમ પ્રદર્શન ખંડમાં, 'વિલેજ ઑફ બુઝો'માં બુઝો નામના આદિવાસી બાળકની વાર્તાની રજૂઆત હતી. ૬૦×૧૪ ફૂટ સ્ક્રીન અને ૧૨૦ બાળકો દ્વારા થતી જીવંત રજૂઆતો અહીં માતા-પિતાની આજ્ઞાનું પાલન કરવાની પ્રેરણા આપતી હતી. આ પ્રદર્શન ખંડમાં પ્રવેશ પૂર્વે એક હજાર લોકો બેસી શકે તેવો પ્રતીક્ષાખંડ રચવામાં આવ્યો હતો. અહીં અંદરના પ્રદર્શન ખંડનો એક પ્રી-શો મૂકવામાં આવ્યો હતો, જેમાં કાર્યકરો બાળકોને વિવિધ રમતો રમાડીને વધુ સારા બનવાનો સંદેશ આપતા હતા.

દ્વિતીય પ્રદર્શન ખંડ 'સી ઑફ સુવર્ણા'માં સફળતા માટે પ્રાર્થના અને પુરુષાર્થની પ્રેરણા આપવામાં આવતી હતી. સુવર્ણા નામની એક માછલીની પ્રેરક વાર્તાને બી.એ.પી.એસ. વિદ્યામંદિર રાંદેસણની ૩૦૦ બાલિકાઓએ નૃત્યનાટિકા સ્વરૂપે સુંદર પ્રસ્તુત કરી હતી.

તૃતીય પ્રદર્શન ખંડ 'જંગલ ઑફ શેરુ'માં બાળકોની અંદર છુપાયેલી અનંત શક્તિને ગુરુપ્રેરણાથી બહાર લાવવાની સુંદર રજૂઆત હતી. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ બાળકોને વારંવાર શેરુની અદ્‌ભુત બોધકથા કહીને બોધ આપતા, તેને બી.એ.પી.એસ. વિદ્યામંદિર ગોંડલના બાળકોએ સુંદર રીતે નૃત્યનાટિકા સ્વરૂપે અભિવ્યક્ત કરી હતી.

આ ત્રણેય પ્રદર્શન ખંડોનું ફિલ્માંકન, કમ્પ્યૂટર ગ્રાફિક્સ, મ્યૂઝિક, ગીતો અને બાળકો-બાલિકાઓની જીવંત રજૂઆતો એટલી બધી પ્રભાવક હતી કે આ પ્રદર્શન ખંડો માત્ર બાળકો જ નહીં, પરંતુ મોટા મોટા મહાનુભાવોથી લઈને સૌ કોઈના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

બુઝોના પ્રદર્શન ખંડનું શૂટિંગ ડાંગ જિલ્લામાં પ્રાકૃતિક સંપદાથી ભરપૂર કળમ ડુંગરમાં થયું છે. તેના નિર્માણમાં લોકેશન સિલેક્શનથી લઈને તેના સેટનિર્માણમાં તેમજ વરસાદની ઋતુના નિયમન અંગે શૂટિંગ સેવામાં જોડાયેલા કાર્યકર્તાઓ અને સંતોને અનેકવિધ ચમત્કૃતિભર્યા અનુભવો થયા હતા. વરસાદની ઋતુ અને હવામાન ખાતાની આગાહી વચ્ચે સૌની પ્રાર્થના અને મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી શૂટિંગ નિર્વિઘ્ને પૂર્ણ થયું. અકલ્પનીય સંજોગોમાં કાર્ય પૂર્ણ થયું

સંતો અને સ્વયંસેવકોએ જાતે મળીને ૧૦૧ પ્રાણીઓ અને પક્ષીઓનાં મેસ્કોટ્સની રચના કરી બાળનગરીમાં રોજ ઊમટતાં હજારો બાળકોને અને તેમના વાલીઓને આનંદકિલ્લોલ સાથે પવિત્ર પ્રેરણાઓમાં ઝબકોળ્યાં...



ત્યારે સૌને અનુભવ થયો કે ખરેખર ! પ્રમુખસ્વામી મહારાજ જ દરેક કાર્યમાં કૃપા કરી રહ્યા છે.

'જંગલ ઑફ શેરુ' પ્રદર્શન ખંડમાં બી.એ.પી.એસ. વિદ્યામંદિરના બાળકોએ ચાર મહિના સુધી પ્રૅક્ટિસ કરી હતી. એમાંના થોડાક બાળકોને દિવાળીના વૅકેશનમાં ઘરે જવાનું થયું. તેમને કહેવામાં આવ્યું કે રોજ તમે કલાક પ્રેક્ટિસ કરજો. તે માટે બાળકોને ઓડિયો ટ્રેક આપવામાં આવ્યા હતા. અમુક બાળકો ગામડાંઓમાં રહેતા હોવાથી તેમના ઘરમાં એવી કોઈ વ્યવસ્થા હતી નહીં કે જેથી તે નૃત્યની પ્રેક્ટિસ કરી શકે. તેથી તેઓએ જ્યાં જગ્યા મળી ત્યાં પ્રેક્ટિસ કરી. કોઈએ તો ગાય-ભેંસ બાંધેલી હોય ત્યાં, તો કોઈએ ગમાણમાં મોબાઈલમાંથી ઓડિયો ટ્રેક વગાડીને પ્રેક્ટિસ કરીને અદ્‌ભુત પ્રસ્તુતિ કરી.

સુવર્ણા પ્રદર્શન ખંડની કોરિયોગ્રાફીની સેવા કરનારા મુંબઈના પ્રખ્યાત કોરિયોગ્રાફર દીપકસિંઘ અને તેમની ટીમે રાંદેસણમાં બાલિકાઓને શીખવવાનું શરૂ કર્યું તો છ કલાકની આકરી પ્રેક્ટિસ બાદ માત્ર દસ સેકન્ડનું નૃત્ય શીખવી શક્યા. તેઓને લાગ્યું કે આ બધી બાલિકાઓ તો અનપ્રૉફેશનલ છે, તેથી ચાર દિવસમાં કઈ રીતે પૂરું કરી શકશે ? પરંતુ બીજા દિવસે જાણે ચમત્કાર જ સર્જાયો. બાળકો ઉત્સાહથી મંડી પડ્યાં. બીજા ચાર દિવસમાં તો ૨૨ મિનિટની કોરિયોગ્રાફી પૂર્ણ થઈ ગઈ ! પાંચમા દિવસે દીપકસિંઘે માઇક હાથમાં લઈને ગળગળા થઈને ઉચ્ચાર્યું કે 'મેં અહીં ચાર દિવસ સુધી સવારથી સાંજ સુધી બાળકો પાસે મહેનત કરાવી, છતાં પણ તેમના ચહેરા પર આળસ, કંટાળો કે થાકનો ભાવ દેખાયો નથી. બાર કલાકની તનતોડ પ્રેક્ટિસ પછી તેરમા કલાકે હું કહું કે રિહર્સલ કરવાનું છે, તો એ જ એનર્જી, ઉત્સાહ અને જુસ્સા સાથે હાજર થઈ જાય ! મારા દિલને આ સ્પર્શી ગયું છે. હું તમારી પાસેથી ઘણું શીખ્યો છું.'

આ રીતે બુઝો પ્રદર્શન ખંડ, સુવર્ણા પ્રદર્શન ખંડ અને શેરુ પ્રદર્શન ખંડ – આ ત્રણેય ખંડનાં મળીને ૭૨૦ બાળકોએ પાંચ મહિના પ્રેક્ટિસ કરી અદ્વિતીય રજૂઆત કરી.

વિવિધ પ્રદર્શન ખંડોમાં મૂલ્યસભર પ્રસ્તુતિઓથી પ્રેરણા મેળવીને બાળકો વધુ સંસ્કારયુક્ત બને તે માટે નિયમ કુટિરનું પણ એક વિશિષ્ટ આયોજન કરાયું હતું. આ નિયમ કુટિરોમાં હજારો બાળકોએ વિવિધ નિયમો ગ્રહણ કર્યા હતા, જેવા કે માતાપિતાની સેવા કરવી, વડીલોનો આદર કરવો, સારો અભ્યાસ કરવો, આજીવન નિવ્યર્સની રહેવું વગેરે.

બાળનગરીના ત્રણેય પ્રદર્શન ખંડોની વિષય પસંદગીથી લઈને તેની રચનામાં સતત અવનવા અનુભવોથી સૌને પ્રતીતિ થતી રહી કે અહીં પ્રમુખસ્વામી મહારાજની કૃપા, મહંત સ્વામી મહારાજની કૃપા સતત વહે છે.

**બી.એ.પી.એસ. ટેલેન્ટ મંચ :**

જંગલ ઓફ શેરુ પ્રદર્શન ખંડની બંને તરફ બી.એ.પી.એસ. ટેલેન્ટ મંચ ઊભા કરાયા હતા. પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી ગતિમાન બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ દ્વારા તાલીમ પામેલા દેશ-વિદેશના બાળકોના કલા-કૌશલ્યનું અદ્‌ભુત દર્શન અહીં થયું હતું. આ મંચ પર ભારત, અમેરિકા, ઇંગ્લેન્ડ, ઑસ્ટ્રેલિયા, આફ્રિકા, યુરોપના દેશોની બાળપ્રવૃત્તિઓનાં ૨૦૦થી વધુ બાળકો-બાલિકાઓએ આ ટેલેન્ટ મંચ ઉપર સતત ૩૦ દિવસ સુધી પોતાની કળા રજૂ કરી હતી. નૃત્ય, ગીત, સંગીત, વક્તૃત્વ, યોગ, તબલાંવાદન વગેરે જેવી અનેકવિધ કુશળતાઓ અહીં સહજ રીતે ખીલી ઊઠી હતી.

કલામંચ પર રજૂઆત કરનારાં બાળકો અને બાલિકાઓએ દિવાળી વૅકેશનના દિવસો મોજમજાને બદલે બી.એ.પી.એસ. મંદિર, શાહીબાગ ખાતે તાલીમમાં વિતાવ્યા. ૩૦ બાળકો અને ૨૦ બાલિકાઓએ દિવાળીના વૅકેશન દરમ્યાન સારંગપુરમાં રહીને વેદગાનની પ્રેક્ટિસ કરી હતી.

આમ, અનેકવિધ આકર્ષણોથી યુક્ત આ બાળનગરીમાં જુદા જુદા ૧૧ વિભાગોમાં ૪,૫૦૦ બાળકો રજૂઆત અને સેવામાં

બી.એ.પી.એસ. ટેલેન્ટ મંચ હોય કે નિયમ કુટિરમાં વ્યસનમુક્તિ કે પારિવારિક એકતા અને અન્ય પ્રતિજ્ઞાઓ લેવાની હોય, નાનાં નાનાં બાળકો-બાલિકાઓ કે યુવાનો-યુવતીઓ સૌ માટે પ્રેરણાનું પરિબળ બની રહ્યાં...





જોડાયાં હતાં. બાળકો દ્વારા જ સંચાલિત આ નગરી ખરા અર્થમાં બાળકોની નગરી બની રહી હતી. ૩૦ દિવસના ઉત્સવ દરમ્યાન ૪,૫૦૦થી વધુ બાળકો વૅકેશનમાં હરવા-ફરવા કે મોજમજાના આનંદ-પ્રમોદને બદલે તાલીમમાં જોડાયાં અને નગરમાં તેમણે અદ્‌ભુત સેવા-પ્રસ્તુતિઓ કરીને સૌને પ્રભાવિત કરી દીધા.

આમ, બાળકોને ગમ્મત સાથે જ્ઞાન, વાર્તા દ્વારા બોધ આપતી સુંદર બાળનગરી સૌનાં આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી. અહીં ત્રણ-ત્રણ કલાક કતારોમાં ઊભા રહીને પણ દર્શનાર્થીઓએ પ્રદર્શન ખંડોને માણ્યા હતા. આ બાળનગરીમાંથી પ્રમુખસ્વામી મહારાજે લાખો બાળકોમાં સિંચેલા સત્સંગ, સંસ્કૃતિ, સંસ્કાર, શિક્ષણ, સ્વવિકાસ અને સ્વાસ્થ્ય વિષયક પ્રેરક મૂલ્યો હૃદયસ્થ કરીને, પ્રોત્સાહન પામીને બાળકો આનંદકિલ્લોલ સાથે બાળનગરીમાંથી વિદાય લેતા હતા.

આ ૪,૫૦૦ બાળકો અને બાલિકાઓનો અભ્યાસ ન બગડે એની પણ તકેદારી સંસ્થા તરફથી રાખવામાં આવી. ઉતારામાં તેમના અભ્યાસખંડો તૈયાર કરવામાં આવ્યા હતા. રોજ બાળકો જે ધોરણમાં અભ્યાસ કરતા હોય તેનો અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. ગુજરાત બૉર્ડ અને સેન્ટ્રલ બૉર્ડનો અભ્યાસક્રમ નિષ્ણાત કાર્યકરો દ્વારા ભણાવવામાં આવ્યો. આ ઉપરાંત, તેમની વ્યવસ્થા સારામાં સારી રીતે સચવાય એ માટે ૬,૫૦૦ બાલ-બાલિકા પ્રવૃત્તિના કાર્યકરો પણ તેમની સેવામાં જોડાયા હતા. આમ, સંપૂર્ણ બાલનગરીનું સંચાલન કરવા માટે ૧૧,૫૦૦ બાળકો, બાલિકાઓ અને કાર્યકર્તાઓએ આ અભૂતપૂર્વ સેવા કરી હતી. સ્વયંસેવકોએ પોતાની શારીરિક તકલીફો, વ્યાવહારિક તકલીફો બધું જ ગૌણ કરીને સેવા કરી છે.

**મેસ્કોટ્સ:**

બાળનગરીનું વધુ એક રસપ્રદ આયોજન એટલે પ્રાણીઓ અને પક્ષીઓનો પહેરવેશ પહેરીને બાળકોને આનંદ કરાવતા મેસ્કોટ્સ. ડિઝનીલેન્ડમાં મિકી માઉસ વગેરે અનેકવિધ મનોરંજક પાત્રો વેશભૂષા પહેરીને બાળકોને આનંદ કરાવતાં રહે છે. ભારતીય અને કેટલાક વિદેશી પ્રાણી-પક્ષીઓના મેસ્કોટ્સ બનાવવાનું નિર્ધારિત થયું, પરંતુ ભારતમાં આવા મેસ્કોટ્સ કોઈ બનાવતું ન હોવાથી સંતો-કાર્યકરોએ જાતે જ મેસ્કોટ્સ બનાવવાની પડકાર ભરી સેવા ઉપાડી લીધી. મુંબઈના મલાડ ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં જુદાં જુદાં મટીરિયલમાંથી નમૂના બનાવવા પ્રયત્નો કર્યા. ઉઘાડ-બંધ થતી આંખ બનાવવાની પણ એક વેક્યુમ ફોર્મિંગ ટેક્નોલોજી સેટ કરી. વિવિધ પક્ષીઓના મેસ્કોટ્સ બનાવીને તેને અનુરૂપ કાપડ લગાડવું એ પણ મોટો પડકાર હતો. દિલ્હી, લુધિયાણા, મુંબઈ, પૂણે, સુરત વગેરે શહેરોમાં ફરીને કાપડ કેવી રીતે શોધ્યું તેની પણ એક રોચક ગાથા છે. આ રીતે મહામહેનતના પરિણામે ૧૦૧ પ્રાણી અને પક્ષીઓના વિશાળકાય મેસ્કોટ તૈયાર થયા, જેમાં મુંબઈના સ્વયંસેવકો અને હરિભક્તોએ ખૂબ સેવા કરી હતી. ડાયનાસોરનું મહાકાય મેસ્કોટ સુરત મંડળે બનાવ્યું હતું.

મેસ્કોટની અંદર રહેનાર સ્વયંસેવકને તેની અંદર સુવિધાજનક વાતાવરણ રહે તેનો પણ ઊંડો વિચાર કરવામાં આવ્યો હતો. હજુ તો મેસ્કોટ માંડ ૧૫-૨૦ ડગલાં આગળ જ વધ્યું હોય ત્યાં જ બાળકો પોતાનાં માતાપિતા સાથે સેલ્ફી લેવા ટોળે વળતા હતા. ઉત્સાહસભર માહોલમાં બાળકો કિલકિલાટ કરતાં સેલ્ફી લેવા અને હાથ મિલાવવા ટોળે વળતા. સૌ બાળકો ખૂબ રાજી થતા. નગરમાં નિત્ય સવારે ૧૦:૩૦ અને સાંજે ૫:૩૦ વાગ્યે પરેડ નીકળતી. પાછળ પ્રાણી-પક્ષીઓના મેસ્કોટ્સ, જોકર, થ્રી ઈન વન માણસ, ચાર પગ વાળો માણસ, ઊંચા પગવાળો પોલીસ વગેરે ૧૦૧ વિવિધ કૌતુકભર્યાં આકર્ષણો બાળકોને ખૂબ આનંદથી છલકાવી દેતાં.

આમ, મેસ્કોટ્સથી લઈને બાળનગરીનાં અનેક આકર્ષણો બાળકો જ નહીં, સૌ કોઈ માટે આનંદ સાથે પ્રેરણાની ગંગા સમાં બની રહ્યાં હતાં.

## સ્વચ્છતા વિભાગ

- સ્વચ્છતા વિભાગમાં કાર્યરત પેટા વિભાગો: ૨૨
- પુરુષ-મહિલા સ્વયંસેવકો: કુલ ૨,૧૫૦
- નગરમાં કુલ કચરાપેટીઓ: ૧,૭૦૦ નંગ
- સ્વચ્છતા વિભાગ માટે વાહનો: ૪૭
- 'વેસ્ટમાંથી બેસ્ટ' કચરાપેટીઓ: ૪,૫૦૦ બૉટલોમાંથી ૫૦ કચરાપેટી.

પ્રમુખસ્વામી મહારાજ નગરની ઊડીને આંખે વળગે એવી વિશેષતા હતી – સ્વચ્છતા. રોજના લાખો દર્શનાર્થીઓનું આવન-જાવન અને સવારે ૮:૦૦થી રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધી કાર્યરત રહેવા છતાં શૌચાલયોથી માંડીને સમગ્ર પરિસરમાં દેખાતી સ્વચ્છતા ધ્યાનાકર્ષક હતી. ૬૦૦ એકરમાં ફેલાયેલા વિશાળ નગરની શ્રેષ્ઠ રીતે સફાઈ થાય તે માટે નગરને વિવિધ ઝોનમાં વહેંચી ધર્મકીર્તિદાસ સ્વામી, સર્વનિવાસદાસ સ્વામી, ભક્તિપ્રકાશદાસ સ્વામી, વેદાંતમુનિદાસ સ્વામી વગેરે ૧૧ સંતો અને ૨,૧૫૦ સ્વયંસેવકોનાં વિવિધ વૃંદને તેની જવાબદારી સોંપી દેવામાં આવી હતી. સવારે ૮:૦૦ થી સાંજે ૪:૩૦ અને સાંજે ૪:૩૦ થી રાત્રે ૧૨:૦૦ એમ કુલ બે પાળીમાં સ્વયંસેવકો સતત સેવારત રહેતા. નગર પરિસર, પ્રદર્શન ખંડો, બાળનગરી, પ્રેમવતી, શૌચાલયો, નગરની બહારના ભાગમાં પાર્કિંગ, નગરમાં સ્વયંસેવક ઉતારા વગેરે ઝોનની વહેંચણી અનુસાર દર ૧૦૦-૧૦૦ ફૂટના અંતરે સ્વચ્છતા વિભાગના સ્વયંસેવકો સજ્જ રહેતા. પોતાની આસપાસના સોંપાયેલા વિસ્તારમાં જેવો કચરો પડે કે તરત તે સ્વયંસેવક કચરો ઉપાડી, નજીકની કચરાપેટીમાં નાંખી દે! કુલ ૧,૭૦૦ જેટલી કચરાપેટીઓ નગરમાં રાખવામાં આવી હતી, જે ભરાઈ જતાં ટ્રેક્ટર દ્વારા ડમ્પિંગ યાર્ડમાં લઈ જવામાં આવતી. ડમ્પિંગ યાર્ડમાં કચરાનું

તેના પ્રકાર અનુસાર વર્ગીકરણ થતું. પૂઠાં, પ્લાસ્ટિક, તાંબું, પાણીની બોટલ, તેલના ડબ્બા તેમજ બાયોડિગ્રેડેબલ વેસ્ટને જુદા પાડવામાં આવતાં. ત્યારબાદ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની મદદથી જે તે કચરાનો યોગ્ય નિકાલ કરાતો.

નગરમાં કુલ ૨૪૦ ટોઈલેટ બ્લૉક્સ હતા. તે દરેક શૌચાલયની સફાઈ માટે સ્વયંસેવકો ત્યાં હાજર જ રહેતા. દર અડધો કલાકે દરેક શૌચાલયની પૂર્ણ સફાઈ થઈ જતી!

રોજ રાત્રે નગર પરિસર બંધ થયા બાદ, સતત પાંચ કલાક સુધી વિવિધ પ્રકારનાં મશીનો દ્વારા પેવર-બ્લૉક્સ ઉપરથી ધૂળ-માટીની સફાઈ થતી. કુલ ૨૦,૦૦,૦૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલા આ પેવર બ્લૉક્સની સફાઈ સવારે ૪:૩૦ વાગ્યે પૂરી થતી, જેના પરિણામે 'ડસ્ટ ફ્રી' નગરનું વરિષ્ઠ સંતોનું સ્વપ્ન સફળતાપૂર્વક સાકાર થયું.

**સ્વયંસેવકોની વંદનીય સેવાભાવના:**

નગરની સ્વચ્છતાની સેવામાં ૬૦૦ મહિલા સ્વયંસેવિકાઓ સહિત કુલ ૨,૧૫૦ સ્વયંસેવકો જોડાયા હતા. તેમને સ્વચ્છતાની તાલીમ આપવામાં આવી હતી. ભણેલા-ગણેલા અને ઉચ્ચ પદ પર નોકરી-ધંધો કરતા આ સ્વયંસેવકોએ આ પૂર્વે સ્વચ્છતાનું આવું કોઈ કામ કર્યું ન હતું. ક્યારેક મળના ખાડામાં અથવા તો મોટી ડ્રેનેજ લાઇનમાં અંદર ઊતરીને જમા થઈ ગયેલો મળ અને કચરો ઉલેચવાનો થાય, પરંતુ બહેનો અને ભાઈઓએ સહેજ પણ મોં મચકોડ્યા વિના આ પ્રકારની સેવાઓ રાત-દિવસ હોંશે હોંશે કરી.

**જમા થયેલા કચરાનું વિશિષ્ટ પ્રબંધન:**

મહોત્સવમાં સ્વચ્છતાનું એવું આયોજન થયું હતું કે પર્યાવરણ સંરક્ષણમાં ચૂક ન પડે અને તમામ ધારાધોરણનું પાલન થઈ શકે. 'રિયૂઝ' અને 'રિસાઇકલ' પદ્ધતિના ઉપયોગ દ્વારા પ્લાસ્ટિકનો યથાર્થ નિકાલ, 'સોલિડ વેસ્ટ', 'કિચન વેસ્ટ' તેમજ 'મૅડિકલ વેસ્ટ'નો પણ યોગ્ય નિકાલ થાય તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગો સાથે મળીને, સંસ્થા દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

## ટ્રાન્સપોર્ટ વિભાગ

- વિભાજિત થયેલ પાર્કિંગ બ્લૉક્સ: કુલ ૬૨
- આ વિભાગમાં સેવારત સ્વયંસેવકો: કુલ ૪,૪૦૦
- વિવિધ સેવાઓ માટે આવેલાં સેવા-વાહનો: ૩,૪૮૦
- સ્વયંસેવકોની વ્યવસ્થા માટે સિટી બસ: ૧૩૦
- પાર્કિંગ માટે વપરાયેલ કાષ્ઠદંડ: ૧૩,૦૦૦થી વધુ
- પાર્કિંગ માટે વપરાયેલી દોરી: ૭,૦૦,૦૦૦ ફૂટથી વધુ

પ્રમુખસ્વામી મહારાજ નગરમાં રોજના લાખો માણસો આવવાની ધારણા હતી. આથી નગરમાં ટ્રાન્સપોર્ટ-પાર્કિંગ વિભાગની મહત્ત્વપૂર્ણ અને જવાબદારી યુક્ત ભૂમિકા રહી હતી. ઋષિરાજદાસ સ્વામી, મુનિવંદનદાસ સ્વામી તથા ત્યાગરાજદાસ સ્વામીના નેતૃત્વ હેઠળ નગરમાં ટ્રાન્સપોર્ટ-પાર્કિંગ વિભાગની સેવાઓનો પ્રારંભ મે-જૂન ૨૦૨૨થી થઈ ગયો હતો. આ વિભાગ મુખ્યત્વે ચાર પેટા વિભાગોમાં વહેંચાયેલો હતો - ૧. ટ્રાન્સપોર્ટ વિભાગ, ૨. પાર્કિંગ વ્યવસ્થા, ૩. ટ્રાફિક નિયમન અને ૪. સ્વયંસેવક શટલ વિભાગ.

નગરમાં કાર્યરત ૪૫ જેટલા વિભાગોમાં જરૂરિયાત મુજબનાં વાહનો ટ્રાન્સપોર્ટ વિભાગ તરફથી જ ફાળવવામાં આવ્યાં હતાં. મહોત્સવમાં જરૂરી ટુ-વ્હીલર, કાર, બસ, ટ્રેક્ટર, ટ્રેલર, આઇશર, જેવાં ૩૪૮૦ વાહનો હરિભક્તો દ્વારા સેવામાં જ પ્રાપ્ત થયાં હતાં! નગર-નિર્માણમાં જરૂરી જે.સી.બી., ક્રેન, હાઇડ્રો, ડમ્પર કે રોલર્સ જેવાં 'હેવી-ડ્યૂટી' વાહનોની પણ સેવા હરિભક્તોએ કરી હતી. આ વાહનો માટે પેટ્રોલ અને ડીઝલની સંપૂર્ણ વ્યવસ્થા પણ હરિભક્તોની સેવા દ્વારા જ થઈ! સ્વયંસેવકોની ટ્રાન્સપોર્ટ શટલ સર્વિસ અમદાવાદ મહાનગરપાલિકાની ૧૩૦ જેટલી સિટી બસ નિર્ધારિત દરે પ્રાપ્ત થઈ હતી.

પ્રમુખસ્વામી મહારાજ નગરનાં શૌચાલયો હોય કે એકરોમાં પથરાયેલી ભૂમિ હોય, મહિલા-પુરુષ સ્વયંસેવકોએ દિવસ-રાત મહેનત કરીને સ્વચ્છતાનો એવો અદ્ભુત પ્રભાવ પાથર્યો હતો કે સૌનાં હૃદયમાં નગર વસી ગયું...





**પાર્કિંગ વ્યવસ્થા, રચના અને આયોજન:**

અમદાવાદના સરદાર પટેલ રિંગ રોડ પર મહોત્સવ સ્થળ હોવાથી રોડની બંને તરફથી આવનારાં હજારો વાહનો માટે નગરની બંને બાજુ ૬૨ પાર્કિંગ બ્લૉક્સ બનાવવામાં આવ્યા હતા. નગરની રચના જ એવી રીતે કરવામાં આવી હતી કે બંને તરફના પાર્કિંગ બ્લૉક્સને અડીને આવેલાં છ પ્રવેશદ્વારોમાંથી દર્શનાર્થીઓ સીધા જ નગરમાં પ્રવેશ કરી શકે. વળી, જુદાં જુદાં પ્રકારનાં વાહનોનું પદ્ધતિસર પાર્કિંગ થાય તેવી પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. પાર્કિંગમાં વાહનનું આગમન થાય તે સાથે જ સ્વયંસેવકો દ્વારા તેને ચોક્કસ સ્થાને દોરી જવામાં આવતું હતું, પરિણામે અવ્યવસ્થા કે ટ્રાફિકને અવકાશ ન રહે.

પ્રત્યેક બ્લૉકમાં વાહનની આવન-જાવનની જગ્યા અને બંને તરફ વાહનને પાર્ક કરવાની જગ્યા ફાળવવામાં આવી હતી. લાકડાંના દંડા અને દોરી વડે એક પાર્કિંગ બ્લૉકનો વિસ્તાર આંકીને તેમાં ચૂના વડે જમીન પર પ્રત્યેક વાહનના કદ અને વિસ્તાર પ્રમાણે જગ્યા દોરવામાં આવી હતી. આમ, કુલ ૧૩,૦૦૦ દંડા, લગભગ ૭,૦૦,૦૦૦ ફૂટ દોરી અને ૨૩ ટન જેટલા ચૂનાની મદદથી વિવિધ પ્રકારના પાર્કિંગ બ્લૉક્સની રચના કરવામાં આવી હતી.

પાર્કિંગના વિસ્તારની ગણતરી કરીને, એકસાથે કુલ ૩,૦૦,૦૦૦ દર્શનાર્થીઓનું પાર્કિંગ થઈ શકે એ પ્રકારે વ્યવસ્થા કરાઈ હતી. મહોત્સવ સ્થળ સિવાય મહંત સ્વામી મહારાજના નિવાસ-સ્થાને, ભાવિકો-સ્વયંસેવકોના ઉતારા વગેરે સ્થાનોમાં પણ સુઆયોજિત પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવી હતી.

**પાર્કિંગની વિશેષતાઓ:**

૩૨૫ એકર જેટલા વિશાળ વિસ્તારમાં ફેલાયેલા પાર્કિંગમાં પધારનાર પ્રત્યેક દર્શનાર્થી, પોતે કયા પાર્કિંગ બ્લૉકમાં પોતાનું વાહન પાર્ક કરી રહ્યો છે, તેનું વાહન-માલિકને અનુસંધાન રહે તે માટે, દરેક પાર્કિંગ બ્લૉકમાં એલ.ઈ.ડી. લાઇટ્સ અને 'નિયોન રિફ્લેક્ટર્સ'વાળા ક્રમાંકથી અંકિત મોટાં-મોટાં બોર્ડ્સ એવી રીતે રાખવામાં આવ્યાં હતાં કે દૂરથી જે-તે પાર્કિંગ બ્લૉકનો ક્રમાંક દર્શનાર્થી અંધારામાં પણ વાંચી શકે અને પોતાનું વાહન શોધવામાં તેનો સમય ન બગડે.

સાથે-સાથે દરેક પાર્કિંગ બ્લૉકના છેડે ક્યૂ.આર. કોડ રાખવામાં આવ્યા હતા, જેને સ્કેન કરીને ઍપ્લિકેશન દ્વારા લોકો પોતાના પાર્કિંગની 'લોકેશન પીન' મોબાઇલમાં સાચવી શકે. નગરમાંથી પાછા ફરતી વેળાએ તે વ્યક્તિ લોકેશન પીનને આધારે જ પોતાના વાહન સુધી સરળતાથી પહોંચી શકે.

વળી, કોઈક પાસે ઍપ્લિકેશનની વ્યવસ્થા ન થઈ શકે એમ હોય તો દરેક પાર્કિંગ બ્લૉકમાં પાર્કિંગ કરનારને ચિઠ્ઠી પણ આપવામાં આવતી. આ ચિઠ્ઠીમાં તેના પાર્કિંગનો બ્લૉક ક્રમાંક અને તેના વાહનનો હરોળ ક્રમાંક લખીને આપવામાં આવતો. આટલી વ્યવસ્થા કર્યા પછી પણ, સ્વયંસેવકો મોડી રાત સુધી દર્શનાર્થીઓને વાહન શોધવામાં મદદ કરવા સજ્જ રહેતા.

મહોત્સવ દરમિયાન શિયાળાની ઋતુ હોવાથી ઘણીવાર એવું બનતું કે દર્શનાર્થીઓની કાર શરૂ ન થતી. તો એવા સંજોગોમાં એક્સ્ટ્રા બેટરીની વ્યવસ્થા પાર્કિંગ વિભાગમાં કરવામાં આવી હતી. બંધ પડેલી ગાડીને આ સુવિધા દ્વારા 'જમ્પ સ્ટાર્ટ' કરી આપવામાં આવતી અને દર્શનાર્થીઓ રાજી-ખુશીથી પોતાની ગાડીમાં જ ઘરે પરત ફરી શકતા.

આટલું જ નહીં, પરંતુ જો કોઈ લાભાર્થીના વાહનમાં કોઈ ક્ષતિ આવે, તો નગરના પાર્કિંગમાં જ એક ગેરેજની વ્યવસ્થા કરવામાં આવી હતી. અહીં ગાડીની મરમ્મત કરનાર મિકેનિક સ્વયંસેવકો જરૂરી સાધનો સાથે નિરંતર હાજર રહેતા, જેથી જરૂર પડતાં જ પંક્ચર રિપેરિંગથી માંડીને અન્ય તમામ પ્રકારની મદદ દર્શનાર્થીઓને તત્કાળ ને નિઃશુલ્ક મળી રહેતી.

અતિ વિશાળ પાર્કિંગમાંથી કોઈ દિવ્યાંગ અથવા તો વૃદ્ધ-અશક્ત વ્યક્તિને નગર સુધી પહોંચવા માટે 'દિવ્યાંગ

એકરોમાં ફેલાયેલું વિશાળ પાર્કિંગનું તંત્ર સૌ કોઈને અચંબિત કરી દેતું હતું. આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ સાથે સ્વયંસેવકોએ એવી સુંદર વ્યવસ્થા કરી હતી કે મહોત્સવ દરમ્યાન લાખો લોકો રોજ ઊમટ્યા, છતાં વાહન ચોરીની કોઈ ઘટના ન બની...



શટલ વ્યવસ્થા' રાખવામાં આવી હતી. વળી, નગરચર્યા કરવામાં પણ તેઓને અનુકૂળ રહે તે માટે નગરની અંદર પણ આ પ્રકારની ઈલેક્ટ્રિક શટલો દિવ્યાંગો, વૃદ્ધો, અશક્તોની મદદમાં દોડતી રહેતી.

### ટ્રાફિકનું નિયમન અને પ્રબંધન :

મહોત્સવ સ્થળે ઊમટનારા રોજનાં હજારો વાહનોનો ધસારો તેમજ હાઈવે પરનાં વાહનોનો ધસારો સારી રીતે નિયોજિત કરવા માટે આ વિભાગ દ્વારા ટ્રાફિકના નિયમનની સુંદર યોજના ઘડવામાં આવી હતી. મહોત્સવ સ્થળની નજીકના બંને ચાર રસ્તા પરથી પ્રતિદિન કેટલાં અને કેવા પ્રકારનાં વાહનો પસાર થાય છે? જુદાં જુદાં પ્રકારનાં વાહનોમાંથી યાત્રિકોને ચડવા-ઊતરવામાં કેટલો સમય લાગે? વગેરે તમામ બાબતોનો ઊંડો અભ્યાસ કરવામાં આવ્યો. તેના આધારે નિર્ધારિત કરેલા આયોજન મુજબ, અમદાવાદના સરદાર પટેલ રિંગ રોડ પર ટ્રાફિકનું નિયમન કરતા સેંકડો સ્વયંસેવકો વહેલી સવારથી મોડી રાત સુધી રસ્તા પર હસતે મોંએ સેવા બજાવતા રહ્યા હતા. વાહનોના સતત પ્રવાહ વચ્ચે, તડકો હોય કે ઠંડી હોય, સુસવાટા મારતો પવન હોય કે આંખોમાં ધૂળ ભરી દેતી માટીની ડમરીઓ હોય, ક્યારેક વાહન ચાલકોનો ગુસ્સો હોય, આવું બધું જ સહન કરતાં કરતાં સ્વયંસેવકો પોતાની સેવા ધૈર્યપૂર્વક બજાવતા રહ્યા. અમદાવાદ ટ્રાફિક પોલીસના સહયોગ તેમજ ટ્રાફિક વિભાગના સ્વયંસેવકોની સૂઝથી સમગ્ર ઉત્સવ દરમિયાન ઉત્તમ પ્રકારે ટ્રાફિકનું નિયમન થઈ રહ્યું.

દર્શનાર્થીઓને આશ્ચર્ય થતું કે જ્યારે પણ તેઓ સ્વયંસેવકોને જુએ ત્યારે સૌ હાથ જોડીને જ આગંતુકો સાથે વાત કરતા હોય! આ સ્વયંસેવકોમાં ઘણા મોટા મોટા વેપારીઓ હતા, આર્થિક અને સામાજિક રીતે ખૂબ મોભાદાર વ્યક્તિત્વ ધરાવતા હતા. તેમ છતાં એ સ્વયંસેવકોને આવી વિનમ્રતાપૂર્વક સેવા કરતા જોઈને, તેઓના ઘડવૈયા પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજને સૌ મનોમન નમી પડતા.

## ઉતારા વ્યવસ્થા

- ઉતારા માટે વપરાયેલ કુલ નિવાસ યોજનાઓ : ૮૬
- ઉતારા માટે વપરાયેલ કુલ ફ્લેટ/બંગલો : ૫,૦૫૬
- ઉતારાનો લાભ લેનાર દર્શનાર્થીઓ : ૫,૦૩,૨૫૦

ઉતારા વિભાગ એટલે મહોત્સવમાં મધ્યસ્થ સત્સંગપ્રવૃત્તિ કાર્યાલય દ્વારા આયોજિત દર્શન વ્યવસ્થા અનુસાર પધારેલા ભક્તો અને હજારો સ્વયંસેવકોની ઉતારા-વ્યવસ્થા કરતો વિભાગ. મધ્યસ્થ કાર્યાલયના આયોજન મુજબ જુદાં જુદાં નગરો-ગામોમાંથી રોજ સરેરાશ ૨૫,૦૦૦ ભક્તો મહોત્સવની બે દિવસીય યાત્રાએ પધારતા હતા. અગાઉથી તેનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવ સમિતિના માર્ગદર્શન મુજબ આત્મતૃપ્તદાસ સ્વામી અને વિમલપ્રકાશદાસ સ્વામીના નેતૃત્વ હેઠળ સમગ્ર ઉતારા વિભાગ ૨,૦૬૬ પુરુષ-મહિલા સ્વયંસેવકો સાથે સતત કાર્યરત રહ્યો. મહોત્સવના દર્શનાર્થીઓ, મહાનુભાવો અને સ્વયંસેવકો – એકસાથે ૫૫,૦૦૦ થી ૬૦,૦૦૦ જેટલી સંખ્યામાં રહી શકે, એ પ્રમાણે ઉતારાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. આ ઉપરાંત, નગરની અંદર પણ અન્ય ૨૫,૦૦૦ સ્વયંસેવકોની આવાસ વ્યવસ્થા તૈયાર કરવામાં આવી હતી.

જાન્યુઆરી ૨૦૨૨થી જ ઉતારા વિભાગ દ્વારા ઉતારાઓની શોધખોળ શરૂ થઈ ગઈ હતી. આ માટે અમદાવાદના બિલ્ડર ભાઈઓ તરફથી ખૂબ જ ઉત્સાહભર્યો સહકાર સાંપડ્યો! શહેરના ૨૫-૩૦ કિ.મી. સુધીના વિસ્તારમાં બંધાઈ રહેલી વિવિધ નિવાસ યોજનાઓ બિલ્ડરભાઈઓએ અનેક મુશ્કેલીઓ વચ્ચે સમયસર પૂર્ણ કરીને મહોત્સવમાં ઉતારા માટે આપી. રશિયા-યુક્રેન યુદ્ધને કારણે બમણા થયેલા લોખંડના ભાવ, વિવિધ ઉત્પાદન કર્મીઓની હડતાળ, હોળી અને દિવાળીની રજાઓ, કોરોના દ્વારા સર્જાયેલી આર્થિક ભીંસ, ઈલેક્ટ્રિસિટી, ડ્રેનેજ, લિફ્ટ વ્યવસ્થા તથા પાણી માટે પરવાનગીઓ કે જોડાણના પ્રશ્નો અને તદુપરાંત વર્ષાઋતુનો સમયગાળો... આ તમામ વિઘ્નોની પરંપરાઓ વચ્ચે પણ તૈયાર થઈ ગયેલાં મકાનો ગ્રાહકોને મહોત્સવનો મહિમા સમજાવી એક-બે મહિના મોડાં આપવાં... આ બધું જ પડકારજનક હતું. પરંતુ ૩ ઑગસ્ટ ૨૦૨૨ના રોજ થયેલી બિલ્ડરોની વિશિષ્ટ સભામાં સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા : 'હજારો હરિભક્તો દેશ-પરદેશથી આવવાના છે. એમના ઉતારા માટે તમારું મકાન વપરાશે. સૌની ભદ્ર, શુભભાવના છે એટલે આપનાં મકાનો તીર્થરૂપ થઈ જશે!' સ્વામીશ્રીનાં પ્રેરણા, પ્રોત્સાહનથી સૌ કોઈમાં સેવાનો એક નૂતન ઉત્સાહ પ્રગટ થયો. સત્સંગી બિલ્ડર્સ અને સિવિલ એન્જિનિયર્સની વિવિધ ટુકડીઓ તૈયાર કરવામાં આવી. વિભાગનું સુંદર આયોજન-સંયોજન કરવા માટે એક સુંદર સોફ્ટવેર એપ્લિકેશન તૈયાર કરવામાં આવી. અનેક પડકારો વચ્ચે આટલી મોટી સંખ્યામાં ઉતારા પ્રાપ્ત થયા, તેનું સુંદર સંયોજન કરાયું.

### વ્યવસ્થાપન માટે સોફ્ટવેર એપ્લિકેશન :

પૂર્વ આયોજન મુજબ રોજ ઉતારા વિભાગમાં ૨૫,૦૦૦ હરિભક્તો નવા આવે ને રોજ ૨૫,૦૦૦ હરિભક્તો વિદાય લે. સવારે સાત વાગે ઉતારા ખાલી થાય અને બપોરે ૨ વાગે નવા હરિભક્તો આવી જાય. આ સમયગાળામાં તમામ ઉતારાની સાફ-સફાઈ થાય. લગભગ ૫૦ કિલોમીટરના વર્તુળમાં આવેલાં રહેઠાણ-સ્થાનોમાં ઉતારા વહેંચાયેલા હતા. એટલે કે ૨૫,૦૦૦ હરિભક્તો આવે, એમાંથી કયા હરિભક્ત કઈ સ્કીમની અંદર, કયા રૂમમાં જશે એની ફાળવણી રોજ કરવી પડે. ઉતારા વિભાગે આ કાર્યવાહી સક્ષમતાથી નિભાવી.

યાત્રીઓના આગમન પહેલાંની નોંધણી, આગંતુકોની સંખ્યા, તારીખ અને તેઓના ઉતારાની ફાળવણી, તેઓના

ઉતારાથી નગર સુધીના રસ્તાનું દિશાદર્શન વગેરે તમામ બાબતોને આવરી લેતી ખાસ ઍપ્લિકેશન બનાવવામાં આવી હતી, જે સંતો-સ્વયંસેવકોની મહિનાઓની પ્રોગ્રામિંગ-સેવાની ફળશ્રુતિ હતી! દર્શનાર્થીઓના પધારવાના બે દિવસ પહેલાં સોફ્ટવેરથી ઉતારાની ફાળવણી થઈ જાય. ત્યારબાદ સમગ્ર ડેટા ‘દર્શનયાત્રી ઍપ’માં મોકલી દેવામાં આવે; એ ઍપ દ્વારા તમામ હરિભક્તોને જાણ થઈ જાય કે એમનો ઉતારો કયા સ્થાને છે? તેઓએ કયા રસ્તે ઉતારા સુધી પહોંચવાનું છે? અને તેઓના ઉતારાથી કયા રસ્તે પ્રમુખસ્વામી મહારાજ નગર સુધી પહોંચવાનું છે? વગેરે.

વળી, ઉતારા વિભાગમાં યાત્રિકોના સમય અને સુવિધા સાચવવા ‘ક્લસ્ટર ઑફિસ’ રચવામાં આવી હતી. લગભગ ૫૦ કિ.મી.થી પણ વધારે વર્તુળમાં ફેલાયેલાં ૯૦થી પણ વધુ વિવિધ પ્રકારનાં ઉતારા-સ્થાનો માટે, જ્યાં યાત્રીઓના ઉતારા ફાળવેલા હોય તે જ જગ્યાએ ઑફિસ બનાવવામાં આવી હતી. જેથી યાત્રીઓને અત્યંત સરળતા રહી હતી.

શિયાળાની ઋતુમાં દરેક દર્શનાર્થી ગરમ પાણી વડે સ્નાન કરી શકે તે માટે દરેક જગ્યાએ વોટર હીટરની અથવા ગીઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ ઉપરાંત, મહોત્સવમાં પધારનાર મહેમાનો તેમજ પરદેશથી આવનાર ભક્તો માટે ઉતારા વિભાગ તરફથી ૧૦૦ જેટલાં ફોર-વ્હીલર વાહનો નિઃશુલ્કપણે સેવામાં તૈનાત હતાં. કુલ મળીને ૯૦,૦૦૦ વ્યક્તિઓનાં પાગરણની વ્યવસ્થા પણ આ ઉત્સવ દરમિયાન આ વિભાગ દ્વારા કરવામાં આવી હતી!

આ વિભાગમાં સેવા આપનાર સ્વયંસેવકો ઉત્સવ દરમિયાન ઉત્સવનો લાભ લેવાને બદલે, ઉતારા સ્થળે રોકાઈને ૨૪ કલાક પોતાની ફરજ બજાવતા હતા! રોજ સવારે ૭:૦૦-૮:૦૦ વાગ્યે આગલા દિવસે આવેલા હરિભક્તો વિદાય થાય અને બપોરે ૨:૦૦ વાગે નવા હરિભક્તોનું આગમન થાય તે સમયગાળાની વચ્ચે ઉતારાની સાફ-સફાઈ કરવી, પાગરણ વ્યવસ્થિત ગોઠવવાં, ઉતારામાં લાઇટ-પંખા, ડોલ-ટમ્બલર, પાણી તથા સાબુ વગેરેની તપાસ કરવી – એ તમામ જવાબદારી સ્વયંસેવકો નિભાવતા. સારાં ઘરની અમદાવાદની સ્વયંસેવિકા બહેનો તેની સફાઈ કરતી. વહેલી સવારથી મોડી રાત સુધી તેઓ ખડે પગે હાજર રહીને સૌ યાત્રીઓની સેવા કરતાં. આમ, ઉતારા વિભાગની સેવાએ લાખો હરિભક્તોને ઉતારો પૂરો પાડીને સૌના ખૂબ આશીર્વાદ મેળવ્યા.

આ ઉપરાંત, મહોત્સવમાં પધારનારા સંતોના ઉતારા માટે સ્થાપત્ય, હીરામણિ વગેરે સ્કીમો ઉપરાંત સોપાન તથા અન્ય સ્કીમોમાં રહેતા હરિભક્તોએ પણ મહિનાઓ સુધી પોતાનાં મકાનો આપીને નોંધપાત્ર સેવા કરી હતી.

**મહંત સ્વામી મહારાજના ઉતારાની સેવાઃ**

શતાબ્દી મહોત્સવ દરમ્યાન મહંત સ્વામી મહારાજના નિવાસ માટે અલગ-અલગ સ્થાનો અંગે વિચારણા થઈ રહી હતી, ત્યારે જાણીતા બિલ્ડર અને સત્સંગીબંધુ શ્રી મૂકેશભાઈ પટેલ, શ્રી જસ્મિનભાઈ પટેલ, શ્રી ભરતભાઈ પટેલ અને સમગ્ર પરિવારે એકરોમાં પથરાયેલો પોતાનો વિશાળ બંગલો સ્વામીશ્રીના નિવાસ માટે અર્પણ કરી દીધો હતો. તેમના વિશાળ બંગલાના પ્રાંગણમાં જ સ્વામીશ્રીની પ્રાતઃપૂજા માટે વિશાળ પંડાલ રચવામાં આવ્યો હતો. તા. ૧-૧૨-૨૦૨૨ના રોજ સ્વામીશ્રી અહીં પધાર્યા ત્યારે તેમણે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે સ્વામીશ્રીનું શાનદાર સ્વાગત કર્યું હતું. સ્વામીશ્રીની તમામ અનુકૂળતાઓ સચવાય તેમજ રોજ હજારો સંતો-ભક્તોને સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન થાય તે માટે મૂકેશભાઈ અને સમગ્ર પરિવારે ખૂબ ભીડો વેઠ્યો હતો. સતત દોઢ મહિના કરતાં વધુ સમય સુધી અહીં રોકાઈને સ્વામીશ્રીએ અદ્‌ભુત લાભ આપ્યો હતો. શ્રી મૂકેશભાઈ, જસ્મિનભાઈ અને પરિવારે તેમની ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ ચેનલના માધ્યમથી રોજ સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન લાખો લોકો સુધી પહોંચાડ્યાં હતાં. શતાબ્દીના રોજના સમાચાર લાખો લોકો સુધી પહોંચાડવા માટે પણ અપાર પુરુષાર્થ કરીને લાખો લોકોની ચાહના મેળવી હતી. સ્વામીશ્રીએ એમને અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા.

આ જ રીતે સદ્‌ગુરુ સંતોના નિવાસ માટે શ્રી મહેન્દ્રભાઈ પ્રજાપતિ અને પરિવારે પોતાના બે બંગલાઓ સમર્પિત કરી દીધા હતા.

## સલામતી વિભાગ

- સેવા આપનાર સ્ત્રી-પુરુષ સ્વયંસેવકોઃ ૩,૯૫૦
- અગ્નિશામક વ્યવસ્થાઃ નગરમાં હાઈપ્રેશર પાઈપ-લાઈનની ૨૯ હોઝ-રીલ, ૭૫૦થી વધુ અગ્નિશામક બૉટલ, ૫ અગ્નિશામક ટેન્કર
- નગરમાં ઉપસ્થિત વિવિધ સલામતી થાણાંઓઃ ૪૧૮
- સલામતી માટે વપરાયેલા સી.સી.ટી.વી. કેમેરાઃ ૯૫૦

શતાબ્દી મહોત્સવમાં સલામતી વિભાગ એક મહત્ત્વનું અંગ બની રહ્યું હતું. દર્શનાર્થીઓને કોઈપણ પ્રકારની અડચણ ઊભી ન થાય, કોઈ અઘટિત ઘટના ન ઘટે તે માટે સલામતી વિભાગે અત્યંત સક્રિય ભૂમિકા અદા કરી હતી.

આ વિભાગમાં ઉત્તમપ્રિયદાસ સ્વામી, શ્રીજીનંદનદાસ સ્વામી, સાધુચરિતદાસ સ્વામી, શ્રી નિર્મલસિંહ રાણા વગેરે ૨૧ સંતો-કાર્યકરોના નેતૃત્વમાં લગભગ ૪,૦૦૦ સ્ત્રી-પુરુષ સ્વયંસેવકો ઉપરાંત પોલીસ દળ તેમજ સરકારશ્રી સાથે વર્ષોથી સંકળાયેલા અનુભવી હરિભક્તો પણ સેવામાં જોડાયા હતા.

સલામતી વિભાગના ચાર પેટા વિભાગો કાર્યરત રહ્યાઃ નગર સુરક્ષા, પ્રોટોકોલ વિભાગ, કાયદાકીય વિભાગ અને પોલીસ તંત્ર. સલામતી વિભાગને મુખ્યત્વે પાંચ ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યો હતો. નગરની અંદર વિવિધ

સંવેદનશીલ સ્થળો નક્કી કરીને તે જગ્યાએ સુરક્ષા-થાણાં અને સલામતી વ્યવસ્થાઓ ગોઠવાઈ હતી. સાથે ચાર અગ્નિશામક દળની ઑફિસ, એક પોલીસ સ્ટેશન, એક સલામતી સહાયક દળ ઑફિસ, એક મહિલા ઑફિસ, એક લિગલ પ્રોટોકોલ ઑફિસ જેવાં કાર્યાલયો સલામતી વિભાગમાં કાર્યરત હતાં.

**સ્વયંસેવકો બન્યા તાલીમબદ્ધ સુરક્ષા કર્મીઓ:**

સલામતી વિભાગમાં સ્વયંસેવકો સામાન્ય નાગરિક તરીકે સેવામાં જોડાયા હતા, જેથી સલામતીનું પ્રાથમિક જ્ઞાન પણ તેઓને નહોતું. આથી પોલીસ અધિકારીઓ, સી.આર.પી.એફ., પેરામિલિટરી ફોર્સ વગેરેની સહાયથી સલામતી વિભાગના સ્વયંસેવકોને પ્રારંભિક તાલીમ આપવામાં આવી હતી. અસામાજિક તત્ત્વો નગરમાં કોઈ અડચણ ઊભી ન કરે, ચોરી ન કરે એ માટે સજ્જતા કેળવવામાં આવી હતી.

સલામતી વિભાગની સાથે સાથે પૂછપરછ વિભાગ પણ સેવામાં સક્રિય હતો. કોઈપણ વ્યક્તિની કોઈપણ વસ્તુ પડી જાય, ચોરાઈ જાય અથવા કોઈ વ્યક્તિ પોતાના સભ્યોથી અલગ પડી જાય, ત્યારે તેઓ પૂછપરછ કેન્દ્રમાં જાણ કરતા અને ત્યાંથી એ તમામ માહિતી સુરક્ષાદળ સુધી પહોંચાડવામાં આવતી.

નગરની બંને બાજુએ બનાવવામાં આવેલાં છ પ્રવેશદ્વારમાંથી પ્રવેશ મેળવતાં દર્શનાર્થીઓની સાથે રહેલા બાળકોની સલામતી માટે પૂછપરછ વિભાગ દ્વારા આગવું આયોજન કરાયું હતું, જેમાં બાળકનું નામ અને તેની સાથેના તેના વાલીનો મોબાઈલ નંબર લખીને એક ચિઠ્ઠી બાળકના ખિસ્સામાં રાખવામાં આવતી હતી. તેના આધારે બાળકનો તેના વાલી સાથે ભેટો કરાવી શકાતો હતો.

તદુપરાંત, બોમ્બ સ્ક્વૉડના નિષ્ણાત જવાનો પણ આરક્ષિત રખાયા હતા. ૧૦૦થી વધુ વૉકી-ટૉકીના માધ્યમથી સ્વયંસેવકો રાત્રિ પેટ્રોલિંગ સાથે સતત સતર્ક રહેતા હતા. ઝોન પ્રમાણે ઈમર્જન્સી ફોર્સ તરીકે એક 'ક્વીક રિસ્પૉન્સ ટીમ' અર્થાત્ આપત્કાલીન ટુકડી મૂકવામાં આવી હતી. કોઈપણ સ્થળે નાનો-મોટો કોઈપણ પ્રશ્ન ઊભો થાય તો તાત્કાલિક તેનો ઉકેલ લાવવા માટેની તાલીમબદ્ધ ૨૫૦ યુવકોની ટુકડી સેવામાં હાજર રહેતી.

લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ હોય ત્યારે ભીડ કે ધક્કા-મુક્કી થવાની શક્યતા પણ વધી જ જાય. આથી 'ક્રાઉડ કંટ્રોલ' અર્થાત્ ભીડ નિયમન માટે પણ આ વિભાગ દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સી.સી.ટી.વી. કેમેરા દ્વારા આખા નગરમાં ક્યાં, કેટલી ભીડ છે? ક્યાં પરિસ્થિતિ કાબૂ બહાર જઈ શકે તેમ છે? વગેરેનું નિરીક્ષણ કરીને તે પ્રમાણે સ્વયંસેવકો નિયમનની વ્યવસ્થામાં જોડાઈ જતા. પરિણામે કુલ સવા કરોડ લોકો એક મહિનામાં નગરમાં ઊમટ્યા, તેમ છતાં એક પણ દિવસ ક્યાંય ધક્કા-મુક્કી, અરાજકતા કે અવ્યવસ્થા સર્જાઈ નહોતી.

સલામતી વિભાગમાં સેવા આપતા સ્વયંસેવકોની ત્રણ પાળી ગોઠવવામાં આવી હતી. દિવસ-રાત, ઠંડી-ગરમી-વરસાદ, અગવડ-સગવડને અવગણીને સલામતી વિભાગના તમામ સંતો-સ્વયંસેવકો ૨૪×૭ સેવામાં ખડેપગે હાજર હતા. ૧૨-૧૨ કલાક સુધી તેઓ એક જ સ્થાને સેવા કરતા! નાનાં-મોટાં ઘણાં કષ્ટોની વચ્ચે હસતે મોંએ સેવા કરતા આ સ્વયંસેવકોની અખૂટ શ્રદ્ધાનાં દર્શન સૌને થયાં હતાં.

**સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જતા:**

સમગ્ર નગરમાં લાખોની જનમેદની વચ્ચે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેની સજાગતા માટે સમગ્ર નગરને સી.સી.ટી.વી. કેમેરાથી આવૃત્ત કરાયું હતું. સૌની સલામતી જળવાઈ રહે તે માટે સમગ્ર નગરના ખૂણેખૂણાને આવરી લેતા ૮૨૫ સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવ્યા હતા. ૧૫૦ તાલીમબદ્ધ અને અનુભવી યુવાનો આ દ્વારા સમગ્ર નગરની નાનામાં નાની બાબતનું નિરીક્ષણ કરી, નગરમાં જાહેર જનતાની વચ્ચે ફરજ બજાવી રહેલા સલામતી વિભાગના સ્વયંસેવકોને માર્ગદર્શન આપતા રહેતા હતા.

નગરમાં ક્યાંય પણ આગ લાગવાની ઘટના બને તો તાત્કાલિક ધોરણે તેને કાબૂમાં લેવા માટે નગરની અંદર સાવચેતીની સાથે સાથે સ્પેશિયલ અગ્નિશામક વ્યવસ્થાઓ કરવામાં આવી હતી.

સલામતી વિભાગની મહત્ત્વની બાબત, સંતો-યુવકો દ્વારા તૈયાર કરવામાં આવેલી એક વિશિષ્ટ મોબાઈલ ઍપ્લિકેશન હતી, જે સલામતી વિભાગને ખૂબ મદદરૂપ થઈ હતી. આગ જેવા અકસ્માત વખતે આજુબાજુની ૫૦ ફૂટની પરિસીમામાં ફાયર-બૉટલ કે ફાયર હોઝ-રીલ ક્યાં પડી છે તે પણ મોબાઈલ દ્વારા જોઈ શકાતું હતું.

કોઈપણ જગ્યાએ અઘટિત બનાવ બને તો તે ઍપ્લિકેશનમાં એલાર્મ વાગે એટલે સૌને ખ્યાલ આવે કે આ સ્થળે તાત્કાલિક ધોરણે પગલાં લેવાની આવશ્યકતા છે. તાત્કાલિક ધોરણે તેની કાર્યવાહીમાં સૌ જોડાઈ જાય. આમ, આધુનિક ટેક્નોલોજીની સુવિધા સાથે સલામતી વિભાગ સેવામાં સતત જાગ્રત અને સજ્જ રહ્યો હતો.

## જનરલ સ્ટોર વિભાગ

- જનરલ સ્ટોર વિભાગમાં સ્વયંસેવકો: ૨૬૦
- સ્ટોરમાં વિવિધ સામગ્રીઓ: ૧,૫૦૦થી વધુ પ્રકારની
- ઑફિસ અને ગોડાઉન વિસ્તાર: ૧,૧૧,૦૦૦ ચોરસ ફૂટ

જનરલ સ્ટોર વિભાગ એટલે શતાબ્દી મહોત્સવમાં તમામ વિભાગોને તમામ પ્રકારની માલ-સામાન-સાધનોની જરૂરિયાત પૂરી પાડવા માટેની ફરજ બજાવતો વિભાગ. સર્વદર્શનદાસ સ્વામી, અક્ષરપ્રેમદાસ સ્વામી, વિમલસ્મરણદાસ સ્વામી વગેરે સંતોના નેતૃત્વ હેઠળ આ વિભાગ કાર્યરત હતો.

મહોત્સવમાં સેવારત તમામ વિભાગોને નાની-મોટી કોઈપણ ચીજ-વસ્તુની જરૂરિયાત પૂરી પાડવા માટે જનરલ સ્ટોર દ્વારા ભક્તો-ભાવિકો પાસેથી તમામ વસ્તુઓ સેવામાં

મેળવવાનો પ્રયાસ થયો. પ્રમુખસ્વામી મહારાજનાં જીવન-કાર્ય-સંદેશથી પ્રભાવિત ઘણા બધા વેપારીઓએ વસ્તુઓ સંપૂર્ણ સેવામાં આપી હતી. ગુજરાત, મહારાષ્ટ્ર ઉપરાંત રાજસ્થાન, હરિયાણા, પંજાબ, દિલ્હી, મેઘાલય, આસામ, કેરાલા, પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યોના ભક્તો-ભાવિકોનો સાથ-સહકાર મળી રહ્યો. ઓછી વસ્તુથી, ઓછા સમયની અંદર, ઓછા ખર્ચમાં વધારે સેવાકાર્ય થઈ શકે એ રીતે જનરલ સ્ટોર વિભાગ હંમેશાં સેવારત રહેતો હતો.

**ટેક્નોલોજીની સહાય :**

જનરલ સ્ટોર વિભાગમાં એક નાની ખીલીથી માંડીને મોટામાં મોટી વિવિધ પ્રકારની લગભગ ૧,૫૦૦થી વધુ પ્રકારની સામગ્રીઓ રાખવામાં આવી હતી. આ તમામ સામગ્રીનું મૅનેજમૅન્ટ કરવા માટે એક સૉફ્ટવેર બનાવવામાં આવ્યું હતું. જે તે વિભાગમાંથી જવાબદાર સંત અથવા સ્વયંસેવક પોતાના મોબાઇલમાંથી જરૂરી વસ્તુનો મોબાઇલ ઍપ્લિકેશન દ્વારા ઓર્ડર કરે એટલે જનરલ સ્ટોરના સૉફ્ટવેરમાં તેની નોંધણી જાય. તે નોંધણી મુજબની વસ્તુ લેવા માટે જે તે વિભાગનો સ્વયંસેવક આવે ત્યાં સુધીમાં જનરલ સ્ટોરના ગોડાઉન અથવા સ્ટૉકમાંથી વસ્તુ નીકળીને તેમને આપવા માટે કાઉન્ટર પર આવી જાય! આમ, સમયનો સુપેરે બચાવ થતો.

વિશાળ માત્રામાં જુદી જુદી સેંકડો પ્રકારની સામગ્રી એકત્ર કરવાની કાર્યવાહી પણ ખૂબ જટિલ અને જહેમત ભરેલી હતી. જુદા જુદા ભક્તો-ભાવિકો સંપર્ક કરીને, સેવામાં વસ્તુ પ્રાપ્ત કરીને, મહોત્સવ સ્થળ સુધી જે તે વસ્તુ પહોંચાડવાનો પુરુષાર્થ ખૂબ ધીરજ અને ખંત માંગી લે તેવો હતો. વળી, જુદાં જુદાં રાજ્યોમાંથી ભક્તો-ભાવિકો દ્વારા પ્રાપ્ત વસ્તુઓ સમયસર મહોત્સવ સ્થળે પહોંચે એ બાબત પણ વરસાદને કારણે થોડી અઘરી થઈ જતી. કેરાલા, આસામ અને મેઘાલય જેવાં છેવાડાનાં રાજ્યોમાં પણ સંતો ગયા, ત્યાં ઘણી મુશ્કેલી પડી. છતાં સંતો-સ્વયંસેવકોએ તમામ સાધન-સામગ્રીઓ સેવામાં લાવવા ખૂબ પુરુષાર્થ કર્યો હતો. મહોત્સવનો વ્યાપ અને તેનો સ્કેલ એટલો મોટો હતો કે અહીં તમામ સામગ્રીઓ ટનબંધ વપરાઈ હતી! આમ છતાં, જનરલ સ્ટોર વિભાગે તે ટનબંધ માંગને ખૂબ સક્ષમતાથી પૂર્ણ કરી બતાવી હતી.

## સ્વયંસેવક દળ

- પૂર્વતૈયારીથી પૂર્ણાહુતિ સુધી સ્વયંસેવકો : કુલ ૮૦,૦૦૦
- મહોત્સવમાં એક સાથે સેવારત સ્વયંસેવકો : ૪૨,૨૬૬
- ૩૫ દિવસની સેવામાં જોડાનાર સ્વયંસેવકો : ૩૪,૬૬૧
- ૬૦થી ૧૮૦ દિવસની સેવા કરનાર સ્વયંસેવકો : ૩,૫૫૦
- દિવાળીમાં એક સાથે સેવા કરનાર સ્વયંસેવકો : ૧૪,૦૦૦
- મહોત્સવની સંકેલણીની સેવાના સ્વયંસેવકો : ૩,૫૦૦

ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ શાનદાર રીતે ઊજવવાનો ઉમંગ સત્સંગીમાત્રના હૈયે ઊછળતો હતો. મહંત સ્વામી મહારાજે પ્રેરણા આપી એ ઉત્સાહને ભક્તિભર્યો વળાંક આપી દીધો. આથી મહોત્સવનો સ્કેલ વિરાટ બની રહ્યો. આટલા મોટા વ્યાપને પહોંચી વળવા માટે જરૂરી હજારો સ્વયંસેવકો કઈ રીતે સેવામાં જોડાય? તેનું આયોજન અને સંયોજન સ્વયંસેવકદળ વિભાગ દ્વારા કરવામાં આવ્યું. સત્સંગ પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલયના મુખ્ય સંચાલક યજ્ઞપ્રિયદાસ સ્વામી, વિવેકમુનિદાસ સ્વામી, વિવેકશીલદાસ સ્વામી વગેરે ૨૨ સંતો તથા ૧,૭૭૫ જેટલા સ્વયંસેવકો સ્વયંસેવક દળની વિવિધ કાર્યવાહીઓમાં જોડાયા હતા.

સૌ પ્રથમ ડિસેમ્બર ૨૦૨૧માં યોજાયેલી કાર્યકર શિબિરોમાં બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિના ૧૮,૦૦૦ જેટલા કાર્યકરોને સેવામાં જોડાવાની પ્રેરણા આપવામાં આવી. ત્યારબાદ ૨૦ માર્ચથી ૩૦ એપ્રિલ, ૨૦૨૨ દરમ્યાન પ્રેરણા સભાઓ યોજાઈ, જેમાં ૩૫ દિવસથી માંડીને ૧૮૦ દિવસની સેવાવાળા કુલ ૮૦,૦૦૦થી વધુ પુરુષ-મહિલાઓએ ઉમંગભેર શતાબ્દીની સેવામાં પોતાનું નામ નોંધાવ્યું. આ નોંધણીમાં વિદેશના

૧૫૦૦ કરતાં વધારે પ્રકારની સામગ્રીનું સંચાલન કરતા જનરલ સ્ટોરનું આયોજનબદ્ધ તંત્ર હોય કે અન્ય વિભાગો હોય, એ તમામ વિભાગોના હજારો સેવકોનું સંચાલન કરતો સ્વયંસેવક દળ વિભાગ આદિથી અંત સુધી ખૂબ ચોકસાઈથી કાર્યરત રહ્યો...





૧,૪૦૦ જેટલા સ્વયંસેવકો પણ જોડાયા હતા. નોંધણી બાદ દરેક સ્વયંસેવકને વ્યક્તિગત મળીને તેમણે નોંધાવેલા સેવાનો સમયાવધિ પાકો કરવામાં આવ્યો.

સ્વયંસેવકોની નોંધણી-ફાળવણી માટે સ્વયંસેવક દળ દ્વારા એક મોબાઇલ ઍપ્લિકેશન તૈયાર કરવામાં આવી હતી. પરિણામે, તમામ ગામ-શહેરોના સ્વયંસેવકોની નોંધણી-ફાળવણીની પ્રક્રિયા ખૂબ સરળ થઈ ગઈ.

**નગરની પૂર્વતૈયારીમાં હોમાયા હજારો સ્વયંસેવકો:**

માર્ચ માસની શરૂઆત થતા નગરનું નિર્માણકાર્ય ધીરે ધીરે વેગ પકડતું ગયું. મહોત્સવ સમિતિના આયોજન મુજબ વર્ષાઋતુના પ્રારંભ પૂર્વે નગરનું મોટાભાગનું બાંધકામ પૂર્ણ થાય તે ખૂબ જરૂરી હતું. આથી એપ્રિલ, મે તથા જૂનના પ્રથમ અઠવાડિયા દરમ્યાન ૧,૩૦૦ સ્વયંસેવકો સેવામાં જોડાયા. આ વખતે મહત્તમ તાપમાન ૪૭ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. છતાં કાળઝાળ ગરમીમાં પણ યુવકો તન-મનની પરવા કર્યા વિના હોંશે-હોંશે બાંધકામની કઠણ સેવામાં જોડાયા.

જૂન માસથી દરેક વિભાગમાં સ્વયંસેવકોની માંગ વધવા લાગી. તેને લક્ષમાં લઈને સ્થાનિક સ્વયંસેવકો મોટી સંખ્યામાં સેવામાં જોડાયા. સમાંતરપણે તેઓના ઉતારા, ઉતારાથી ઉત્સવ સ્થળ સુધીનાં પરિવહન વગેરેની પણ સુચારુ વ્યવસ્થા કરવામાં આવી હતી.

મહોત્સવ દરમ્યાન દરેક સ્વયંસેવક જવાબદારીપૂર્વક, શિસ્તપૂર્વક સેવા બજાવે તે માટે વિશિષ્ટ સેવા-તાલીમ સત્રો ઠેર ઠેર યોજવામાં આવ્યાં. સપ્ટેમ્બર-ઑક્ટોબર દરમ્યાન ૪૨ જેટલાં સત્સંગ કેન્દ્રોમાં આ સ્વયંસેવક તાલીમ સત્રો યોજાયાં, જેમાં વિવિધ તાલીમ પ્રાપ્ત કરીને સૌ સ્વયંસેવકો સજ્જ થયા.

દિવાળી વૅકેશનમાં સ્વામીશ્રીના આદેશને સ્વીકારીને ૧૪,૦૦૦ જેટલાં પુરુષ-મહિલા સ્વયંસેવકો સેવાયજ્ઞમાં જોડાઈ ગયા! મહોત્સવ દરમ્યાન સેવા કરનારા ૪૦,૦૦૦થી વધુ સ્વયંસેવકોનું આગમન થયું – ૧૨ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ. તે સૌનું સ્વાગત કરતી વિરાટ સભા નગરમાં યોજાઈ. આ સભામાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કરી સૌ સેવા માટે વધુ કટિબદ્ધ થયા.

**સ્વયંસેવકો માટે થયું અપૂર્વ આયોજન:**

શતાબ્દી મહોત્સવના સંચાલન માટે આયોજિત કુલ ૪૮ જેટલા વિવિધ વિભાગોમાં કુલ ૮૦,૦૦૦ જેટલા સ્વયંસેવકોએ સમગ્ર મહોત્સવ દરમ્યાન મહિમાપૂર્વક સેવા કરી. આ તમામ સ્વયંસેવકોના ગણવેશમાં એકસૂત્રતા રહે તે માટે સ્વયંસેવક દળ વિભાગ દ્વારા પેન્ટ-શર્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. શિયાળાને ધ્યાનમાં રાખીને એક જ રંગના સ્વેટર પણ સ્વયંસેવકો માટે તૈયાર કરવામાં આવ્યાં હતાં.

સ્વયંસેવકો માટે સગવડદાયક ઉતારા ઉપરાંત કન્ઝ્યુમર સ્ટોર, હેર કટિંગ સલૂન, દરજી, મોચી, લૉન્ડ્રી, દવાખાનું, સ્વયંસેવક બૅંક જેવી વ્યવસ્થાઓ પણ નગરમાં જ ઊભી કરવામાં આવી હતી. સ્વયંસેવકોને ભોજન માટે પોતાના સેવા-સ્થળથી બહુ દૂર ન જવું પડે, તે માટે સમગ્ર નગરમાં ત્રણ સ્વયંસેવક ભોજનશાળા રાખવામાં આવી હતી. પ્રતિદિન પ્રાતઃકાળે યોજાતી સ્વયંસેવક સભામાં સૌને શાનદાર સેવાની શીખ પ્રાપ્ત થતી. પ્રતિદિન યોજાતી અગ્રેસર કાર્યકરોની મીટિંગમાં સેવાકાર્ય દરમ્યાન આવતા પ્રશ્નોનું સમાધાન થતું તેમજ દરેક વિભાગને જરૂરી સૂચના-માર્ગદર્શન પણ પ્રાપ્ત થતાં.

તારીખ ૧૫ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ શતાબ્દી મહોત્સવની પૂર્ણાહુતિ બાદ ત્રણ દિવસ સુધી સૌ સ્વયંસેવકો નગરના સંકેલણી કાર્યમાં જોડાયા અને જોતજોતાંમાં ૫૦-૬૦% જેટલું સંકેલણીનું કાર્ય પણ સ્વયંસેવકોએ પૂર્ણ કર્યું. આ હજારો સ્વયંસેવકોએ પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનો અંતરનો રાજીપો પ્રાપ્ત કર્યો.

## યજ્ઞ વિભાગ

- યજ્ઞશાળામાં પાંચ યજ્ઞકુંડ પર યોજાયેલાં યજ્ઞસત્રો: ૧૨૧
- યજ્ઞમાં અપાયેલી કુલ આહુતિઓ: ૮,૦૫,૮૬૦
- યજ્ઞનો લાભ લેનાર યજમાનો: ૨,૧૯૩
- સેવા કરનાર પુરુષ-મહિલા સ્વયંસેવકો: ૯૦

પ્રમુખસ્વામી મહારાજ નગરનું એક અનોખું પાસું હતું – વૈદિક યજ્ઞશાળા. યજ્ઞસંસ્કૃતિનું ગૌરવ જગતભરમાં પ્રસારનાર પ્રમુખસ્વામી મહારાજે મોટા મોટા અસંખ્ય યજ્ઞ-મહોત્સવો કરીને લાખો લોકોને સંસ્કૃતિ-અભિમુખ કર્યા હતા. એટલે જ તેઓના શતાબ્દી મહોત્સવે તેઓને અંજલિ આપતો વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો.

આ માટે પારંપારિક શૈલીની વાંસમાંથી નિર્મિત સુંદર યજ્ઞશાળા નગરના મુખ્ય પ્રવેશદ્વાર તરફ રચવામાં આવી હતી. સંપૂર્ણ કુંડ-મંડપ સિદ્ધિ-શાસ્ત્ર પ્રમાણે શાસ્ત્રીય અને પારંપરિક રીતે રચવામાં આવ્યા હતા. આ યજ્ઞશાળામાં સમગ્ર મહોત્સવ દરમ્યાન ૨૪ કલાક યજ્ઞકુંડની જ્યોતિ પ્રગટ રહે એવો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. ભક્તો આ યજ્ઞનો લાભ સરળતાથી લઈ શકે એ માટે yagna.psm100.org નામની એક વેબસાઇટ બનાવવામાં આવી હતી.

આ પારંપરિક યજ્ઞમાં સ્વામિનારાયણીય યજ્ઞવિધિ કરવામાં આવી હતી. તે માટે યજ્ઞવિધિની એક માર્ગદર્શિકા પુસ્તિકા તૈયાર કરવામાં આવી હતી. યજ્ઞના યજમાનોને શતાબ્દી મહોત્સવ નિમિત્તે તૈયાર થયેલી યજ્ઞની વિશિષ્ટ પૂજા-સામગ્રી અને પૂજાપાનો થાળ ભેટ સ્વરૂપે આપવામાં આવ્યાં હતાં.

સમગ્ર દિવસ દરમ્યાન યજ્ઞવિધિનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો હતો. દિવસનાં ૪ સત્રો દરમ્યાન કુલ ૬૪ યજમાનોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

ભગવાન સ્વામિનારાયણથી આરંભીને અત્યાર સુધી થયેલા

યજ્ઞોમાં આટલા લાંબા સમય સુધી ચાલનારો યજ્ઞ આ પ્રથમ વખત થયો હતો. મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે તારીખ ૧૬ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ યજ્ઞકુંડમાં ગોંડલ અક્ષરદેરીથી આવેલી ૧૫૫ વર્ષ જૂની અખંડ જ્યોતના અગ્નિથી બ્રહ્માગ્નિ પ્રગટાવવામાં આવ્યો, જે અગ્નિ દરેક કુંડમાં સમગ્ર મહોત્સવ દરમ્યાન ૩૦ દિવસ અખંડ પ્રજ્વલિત રાખવામાં આવ્યો.

ઉત્સવ દરમ્યાન પધારેલા સંતો, મહંતો, મહામંડલેશ્વરો, આચાર્યો વગેરે મહાનુભાવોએ પણ અહીં આહુતિ અર્પી હતી. ૧૫ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ આ 'શ્રીસ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયાગ'ની પૂર્ણાહુતિ થઈ હતી.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે આયોજિત 'શ્રીસ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયાગ'માં કુલ ૨,૧૯૩ યજમાનોએ ૧૨૧ સત્રોમાં ૮,૦૫,૮૬૦ આહુતિઓ અર્પી હતી. સંસ્થાના વિદ્વાન સંત શ્રુતિપ્રકાશદાસ સ્વામી, અનિર્દેશદાસ સ્વામી, પ્રિયસ્વરૂપદાસ સ્વામી વગેરે છ સંતો અને ૯૦ સ્વયંસેવકો દ્વારા આ વિભાગ સંચાલિત થયો હતો.

## દર્શન વ્યવસ્થા વિભાગ

શતાબ્દી મહોત્સવમાં પ્રમુખસ્વામી મહારાજનો સંદેશ લાખો દર્શનાર્થીઓ સુધી પહોંચે એ માટેનું મુખ્ય માધ્યમ હતું – છ પ્રદર્શન ખંડો અને લાઈટ એન્ડ સાઉન્ડ શો. આ તમામ અને અક્ષરધામ મંદિરનાં દર્શન માટે પધારતા લાખો દર્શનાર્થીઓની દર્શન વ્યવસ્થા માટેનો વિભાગ એટલે દર્શન વ્યવસ્થા વિભાગ. હરિકિશોરદાસ સ્વામી, આદર્શસ્વરૂપદાસ સ્વામી, હરિપ્રકાશદાસ સ્વામી, જ્ઞાનવિજયદાસ સ્વામી, હરિનારાયણદાસ સ્વામી વગેરે સંતોના નેતૃત્વમાં સ્વયંસેવકોએ દર્શન વ્યવસ્થાનું સુંદર સેવાકાર્ય સંભાળ્યું હતું. જે તે જગ્યાએ કયા કયા પ્રકારની જવાબદારી રહેશે તેની સ્વયંસેવક માર્ગદર્શિકા આ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવી હતી. સ્વયંસેવકોને તે માટેની તાલીમ પણ આપવામાં આવી. પ્રદર્શન ખંડોમાં ખુરશીઓ ગોઠવવી, રેલિંગ મૂકવી, પ્રતીક્ષા ખંડનું આયોજન, દેશ-પરદેશના મહાનુભાવો અને આમંત્રિત મહેમાનોની વ્યવસ્થા વગેરેનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. એક ખંડમાં પ્રવેશવામાં અને બહાર નીકળવામાં દર્શનાર્થીઓને કેટલો સમય લાગશે? તેનું ડેમોન્સ્ટ્રેશન કરીને તેના પરથી કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા, તેના લીધે રોજ સરેરાશ કુલ અઢી લાખથી વધારે દર્શનાર્થીઓ પ્રદર્શનનો લાભ લઈ શક્યા.

સ્વયંસેવકોની વિનમ્રતા, સહનશીલતા, અરસ-પરસ સહકારની ભાવના, સંપની ભાવના અને ભીડો ખમવાની તૈયારી વગેરેએ સૌ દર્શનાર્થીઓને પ્રભાવિત કર્યા. ક્યારેક કોઈક દર્શનાર્થી આવેગમાં આવી જાય ત્યારે સ્વયંસેવકો હાથ જોડીને પ્રેમથી તેમને સમજાવતા હતા. નગર દર્શને આવેલા વૃદ્ધો-અશક્તોની ખૂબ સારી સેવા સ્વયંસેવકો કરતા હતા. ભોજન-આરામની ચિંતા કર્યા વિના ખડે પગે સજ્જતાથી સેવા કરતા સ્વયંસેવકોને નીરખીને સૌ નતમસ્તક બનતા હતા.

## મીડિયા વિભાગ

મીડિયા વિભાગ એટલે સમાજને પવિત્ર પ્રેરણા આપતા શતાબ્દી મહોત્સવના સમાચાર જન-જન સુધી પહોંચાડવા માટે સેવા કરતો વિભાગ. આ વિભાગે જ્ઞાનેશ્વરદાસ સ્વામી, વિવેકજીવનદાસ સ્વામી, અપૂર્વમુનિદાસ સ્વામી વગેરે સંતોના માર્ગદર્શન મુજબ ૧૨ સંતો અને ૨૩૦થી વધુ સ્વયંસેવકો દ્વારા એક વર્ષથી તૈયારી આરંભી દીધી હતી. ૧૨ જેટલા પેટા વિભાગો દ્વારા સંચાલિત આ વિભાગે જુદાં જુદાં શહેરોમાં તાલીમ સત્રો યોજીને સ્વયંસેવકોને સુંદર તાલીમ આપી હતી.

મહોત્સવ સ્થળ પર આ વિભાગની કાર્યવાહીનો પ્રતિસાદ આપતાં ગુજરાત અને ભારતભરના કુલ ૧,૧૧૬ રિપોર્ટર્સ અને ૬૦૨ કેમેરામેન કવરેજ માટે આવ્યા હતા. ઉપરાંત, ૬,૦૦૩ ફેમિલી વિઝિટર્સ અને ૧૮૯ અન્ય સહકર્મીઓ નગરમાં આવ્યા હતા. તેમની જિજ્ઞાસાને સંતોષવા માટે ૪૫ ગાઈડની ટીમ અને ૬ પ્રવક્તાઓની ટીમ સજ્જ રહેતી હતી. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી વગેરે ભાષામાં ઈમેઈલ તથા વ્હોટ્સએપ દ્વારા ૨,૮૦૦થી વધુ લોકોને રોજના કાર્યક્રમોની પ્રેસનોટ મોકલવામાં આવતી હતી. સોશિયલ મીડિયાની ટીમ દ્વારા પણ વિવિધ પ્લેટફોર્મ્સ દ્વારા લાખોની સંખ્યામાં માહિતી પહોંચાડવામાં આવી હતી. વિવિધ ૭૧ ચેનલ્સ દ્વારા સેંકડો કલાકોનું કવરેજ કરવામાં આવ્યું હતું અને તેમના દ્વારા ૧,૪૪૫ જેટલાં વીડિયો કવરેજ પ્રકાશિત કરાયાં હતાં. અલગ અલગ ભાષાની અંદર મહોત્સવના સમાચારો છપાતા હતા. ગુજરાતી ભાષામાં ૨,૬૯૨ આર્ટિકલ્સ, ઈંગ્લિશમાં ૬૧૭, હિન્દીમાં ૨૫૦, મરાઠીમાં ૩૭, તેલુગુમાં ૩, સંસ્કૃતમાં ૩, કન્નડ અને પંજાબીમાં ૩ આર્ટિકલ્સ છપાયા હતા. ૫૭૦ ઈલેક્ટ્રોનિક્સ મીડિયા, ૨૯૪ પ્રિન્ટ મીડિયા, ૧૦૬ ડિજિટલ મીડિયા, ૧૧૦ સોશિયલ મીડિયા અને ૩૬ અન્ય માધ્યમો દ્વારા પ્રમુખસ્વામી મહારાજ નગરનું કવરેજ કરવામાં આવ્યું હતું. ભારત ઉપરાંત વિદેશમાં યુ.કે., યુ.એસ.એ., કેનેડા, આફ્રિકા, ઑસ્ટ્રેલિયા, આરબ દેશો વગેરેના ભારતીય અને બિનભારતીય માધ્યમોમાં પણ શતાબ્દી મહોત્સવનો નાદ ગુંજ્યો હતો.

શતાબ્દી મહોત્સવનો સંદેશ આપતાં નાનાં-મોટાં શહેરોમાં લગભગ ૨,૦૦૦થી વધુ જેટલાં હોર્ડિંગ્સ સેવામાં લગાડવામાં આવ્યાં હતાં. અમદાવાદમાં જ ૩૦૦ હોર્ડિંગ્સ લગાડવામાં આવ્યાં હતાં.

મહોત્સવમાં ઘણા મીડિયાકર્મીઓ આવ્યા હતા. તેમાં આશ્ચર્યની વાત એ બની કે ઘણા મીડિયાકર્મીઓએ દારૂ, સિગારેટ અને તમાકુ છોડ્યાં. પ્રમુખસ્વામી મહારાજનાં જીવન,

કાર્ય અને સંદેશે તેમજ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યે સૌને પ્રભાવિત કર્યા હતા. આ મહોત્સવમાં વિવિધ માધ્યમો દ્વારા અપાયેલી પ્રેરણા સૌને વિશેષ સ્પર્શી ગઈ હતી.

## મેડિકલ વિભાગ

- મૅડિકલ વિભાગમાં સેવા આપનાર સ્વયંસેવકો: ૭૮૯
- નગરમાં સેવારત દવાખાનાંઓ: ૨૪ ક્લિનિક્સ
- ઉત્સવ દરમ્યાન થયેલાં વિવિધ લેબ પરીક્ષણો: ૨,૫૮૯
- આ વિભાગ દ્વારા સારવાર પામેલા દર્દીઓ: ૨,૯૩,૬૮૪
- નગરમાં સેવારત ઍમ્બ્યુલન્સ: ૧૮
- મહોત્સવ પ્રસંગે રક્તદાન: ૫૬,૨૮,૯૫૦ સી.સી.
- નગરમાં થયેલી ઇમરજન્સી સારવાર: ૧,૪૦૨

શતાબ્દી મહોત્સવ દરમ્યાન અત્યંત મહત્ત્વપૂર્ણ વિભાગ હતો – મૅડિકલ વિભાગ. અદ્‌ભુતાનંદદાસ સ્વામી, વેદમનનદાસ સ્વામી તથા સંસ્થાના નિષ્ણાત તબીબોના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકો તથા લાખો દર્શનાર્થીઓને જરૂર પડ્યે નિઃશુલ્ક સારવાર પ્રાપ્ત થઈ રહે એવી સેવાભાવના સાથે આ વિભાગ સતત કાર્યરત રહ્યો હતો. નગર-નિર્માણની શરૂઆતથી જ મૅડિકલ વિભાગ પ્રાથમિક સારવારની સુવિધા સાથે આરંભાઈ ગયો હતો. કોઈ મોટી જરૂરિયાત ઊભી થાય તો નજીકમાં ડૉ. વિસ્મયભાઈ નાયકની આશીર્વાદ હૉસ્પિટલનો લાભ લેવામાં આવતો હતો.

નગરમાં વિશિષ્ટ તબીબી સુવિધાઓ ઊભી કરવા માટે એક નારાયણ માર્ગ ઉપર અને બીજો શાંતિ માર્ગ ઉપર, એમ બે મૅડિકલ ડોમની રચના કરવામાં આવી હતી. બંને મૅડિકલ ડોમમાં પ્રાથમિક સારવારથી માંડીને, ઓ.પી.ડી. વૉર્ડ, ઇમરજન્સી વૉર્ડ, આઇ.સી.યુ. વૉર્ડ, એક્સ-રે વૉર્ડ, સોનોગ્રાફી યુનિટ, ફિઝિયોથેરાપી વૉર્ડ, ડેન્ટલ યુનિટ, ઈ.સી.જી. અને સી.પી.આર. વ્યવસ્થા, ઑક્સિજન બાટલા તેમજ ઑક્સિજન ટ્યૂબિંગ, દાખલ થયેલા દર્દીઓ માટે સુવિધાયુક્ત હૉસ્પિટલ બેડ, હૃદય રોગના દર્દીઓ માટે વાતાનુકૂલિત વૉર્ડ્સ, દર્દીઓને ઠંડી ન લાગે તે માટે હીટર વગેરે, એક મલ્ટિ-સ્પેશિયાલિટી હૉસ્પિટલમાં હોય એ પ્રકારની તમામ સુવિધાઓ અહીં હંગામી ધોરણે ઊભી કરવામાં આવી હતી! સામાન્યપણે નગરમાં તૈયાર થયેલા અન્ય ડોમની ફર્શ પર પેવર બ્લૉક, કાર્પેટ કે નેટ પાથરવામાં આવી હતી. પરંતુ મૅડિકલ ડોમમાં સ્ટ્રેચર, વ્હીલ ચેર વગેરે ચલાવવા અનુકૂળ થાય તેવું ૧૬૦૦ ચોરસ ફૂટ વિટ્રિફાઇડ ટાઇલ્સનું ફ્લોરિંગ, ડૉક્ટરોએ ભેગા મળીને જાતમહેનતથી કર્યું હતું.

નગરમાં સરકારશ્રી તરફથી ૧૦૮ ઇમરજન્સી ઍમ્બ્યુલન્સની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. મહોત્સવ દરમ્યાન તમામ તબીબી શાખાઓના અનુભવી ૭૮૯ પુરુષ-મહિલા તબીબી સ્વયંસેવકોએ ખડે પગે સેવાઓ આપી હતી! આ તમામ નિષ્ણાત સત્સંગી ડૉક્ટરોએ પોતાની નોકરી અથવા પ્રૅક્ટિસ બંધ કરી, ઘણું આર્થિક નુકસાન ભોગવીને હોંશે-હોંશે સેવા કરી હતી. જે ડૉક્ટરની મુલાકાત લેવા માટે કલાકો સુધી લાઇનમાં ઊભા રહેવું પડે એવા ડૉક્ટરો અહીં તમામ પ્રકારની સેવા કરવા માટે સ્વયંસેવક તરીકે હાજર હતા. પણ અહીં તો નર્સિંગની ઘણી જવાબદારીઓ ડૉક્ટરોએ જ નિભાવી હતી!

શતાબ્દી સ્વયંસેવકોના સ્વાસ્થ્ય માટે પણ આ વિભાગ સતત સજ્જ રહ્યો. સ્વયંસેવકોના આગમનને દિવસે જ મૅડિકલ વિભાગ દ્વારા તમામનું 'બ્લડ પ્રેશર', 'શુગર' વગેરે જેવી પ્રાથમિક તપાસ કરી સૌનું વર્ગીકરણ કરવામાં આવતું.

### નગરમાં મેડિકલ વિભાગની કાર્યપદ્ધતિ:

મહોત્સવમાં સેવારત દવાખાનાની કાર્યપદ્ધતિ એકદમ ચોકસાઈપૂર્વકની હતી. દર્દીના નિદાન-સારવાર વગેરે તમામના ચોકસાઈભર્યા રેકોર્ડ્સ માટે કમ્પ્યૂટર ઍપ્લિકેશનનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ વ્યવસ્થાનો લાભ લેનાર તમામ

મહોત્સવમાં પધારનારા દર્શનાર્થીઓ અને સ્વયંસેવકો માટે એક મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ જેવી તમામ સુવિધાઓ ખડી કરવામાં આવી હતી. મહોત્સવ દરમ્યાન ૫૬ લાખથી વધુ સીસી રક્તદાન જેવી વિક્રમ સર્જક સેવાઓનું સંચાલન મેડિકલ વિભાગે કર્યું...





દર્દીઓએ એકી સ્વરમાં કહ્યું હતું કે 'ઘર પણ યાદ ન આવે એવી મમતાથી સ્વજનની જેમ અહીંના ડૉક્ટર્સ શ્રેષ્ઠ પ્રકારે સેવા-સારવાર કરે છે !'

આ ઉપરાંત, કોઈપણ પ્રકારની મૅડિકલ ઇમરજન્સી ઊભી થાય તો બી.એ.પી.એસ. યોગીજી મહારાજ હૉસ્પિટલ, સિવિલ હૉસ્પિટલ, આશીર્વાદ હૉસ્પિટલ, કે.ડી. હૉસ્પિટલ, હેલ્થ વન હૉસ્પિટલ અને યુ.એન. મહેતા હૉસ્પિટલનો સહયોગ પૂર્વ નિર્ધારિત કરી દેવામાં આવ્યો હતો. મૅડિકલ વિભાગમાં પણ ઇમરજન્સી કંટ્રોલ રૂમની વ્યવસ્થા હતી. ત્યાં ૨૦ ડૉક્ટર્સ હાજર જ હોય અને નગરમાં જાહેર કરાયેલ ઇમરજન્સી નંબર પર જેવો ફોન આવે કે તરત એ જગ્યાથી નજીક ઊભેલી ઍમ્બ્યુલન્સ દ્વારા ૫-૭ મિનિટમાં નજીકના મૅડિકલ ડોમ સુધી પહોંચાડી દેવામાં આવે, જેથી યોગ્ય કાર્યવાહી સત્વરે શરૂ થઈ જાય ! ઇમરજન્સી વૉર્ડમાં વર્ષોનો અનુભવ ધરાવતી ૧૫ ટુકડીઓ કાર્યરત હતી, જેઓએ હજારો દર્દીઓને તાત્કાલિક યોગ્ય સારવાર આપીને બચાવી લીધા હતા. રોજ હજારોની સંખ્યામાં દર્દીઓની સારવાર માટે, ફાર્મસીઓ અને ફાર્માસ્યુટિકલ કંપનીઓએ નિ:શુલ્ક દવાઓની સેવા કરી હતી. નગરની ફાર્મસીમાં દવાઓના સ્ટૉક મૅનેજમૅન્ટ માટે એક ખાસ ઍપ્લિકેશન પણ તૈયાર કરવામાં આવી હતી.

### નગરમાં યોજાયેલ રક્તદાન યજ્ઞ:

નગરમાં યોજાનાર રક્તદાન યજ્ઞ માટે બી.એ.પી.એસ. મૅડિકલ વિભાગ સાથે સમગ્ર ભારતની ૨૫ જેટલી બ્લડ બૅંક સંસ્થાઓ જોડાઈ હતી. નગરનાં બંને મુખ્ય આરોગ્ય કેન્દ્રોમાં રક્તદાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩૦ દિવસમાં ૫૬,૨૮,૯૫૦ સી.સી. જેટલું રક્ત એકત્રિત થયું હતું. સમગ્ર ભારતમાં કોઈપણ એક સ્થળેથી એકત્રિત થયેલા રક્તદાનમાં શતાબ્દી મહોત્સવનું રક્તદાન સૌથી મોટું બની રહ્યું.

## સાંસ્કૃતિક વિભાગ

- મંચ પ્રસ્તુતિ કરનાર સ્વયંસેવકો: ૧,૧૦૦
- અન્ય સેવા આપનાર સ્વયંસેવકો: ૪૦૦
- રજૂ થયેલા કાર્યક્રમો: ૧૬ લોકનૃત્યો-નૃત્યનાટિકાઓ
- લોકનૃત્ય મંચ ઉપર કુલ પ્રસ્તુતિ: ૧,૦૧૯
- લોકનૃત્ય મંચ દર્શનાર્થીઓ: ૧૩,૪૫,૬૦૦થી વધુ
- લાઇટ એન્ડ સાઉન્ડ શો: કુલ ૨૮,૪૭,૨૫૦થી વધુ દર્શનાર્થીઓ અને કુલ ૧૨૫ શો
- ટેલેન્ટ મંચ: કુલ ૨,૧૭૮ શો, કુલ ૮૧૦ કલાકાર યુવક-યુવતીઓ, કુલ ૩૦,૧૮,૩૦૦ દર્શનાર્થીઓ
- સાંસ્કૃતિક પ્રસ્તુતિ ધરાવતા પ્રદર્શન ખંડો: કુલ ૫,૩૮૨ શો
- પ્રદર્શનનોના દર્શનાર્થીઓ: કુલ ૬૬,૬૩,૨૦૦થી વધુ

શતાબ્દી મહોત્સવનાં મુખ્ય આકર્ષણોમાં નગરમાં પ્રસ્તુત છ પ્રદર્શન ખંડો, ભારતીય લોકનૃત્ય મંચ, બી.એ.પી.એસ. ટેલેન્ટ મંચ અને 'લાઇટ એન્ડ સાઉન્ડ પ્રોજેક્શન મેપિંગ શો'નો સમાવેશ થતો હતો. આ તમામ પ્રસ્તુતિઓમાં પ્રમુખસ્વામી મહારાજના જીવન-સંદેશ પર આધારિત વિવિધ રચનાત્મક સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થતા હતા. રજૂ થનાર વિષય, રજૂઆત કરનાર સ્વયંસેવક કલાકારોની તાલીમ, વેશભૂષા, કન્ટેન્ટ ક્રીએશન વગેરે તમામ પ્રકારની જવાબદારીઓ ઋષિરાજદાસ સ્વામી, જ્ઞાનનયનદાસ સ્વામી, જયતીર્થદાસ સ્વામી, અનંતમંગલદાસ સ્વામી વગેરે ૨૩ સંતોના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક વિભાગ દ્વારા નિભાવાઈ હતી.

### શતાબ્દીમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો:

નગરમાં નીચે પ્રમાણેના વિવિધતા સભર અને પ્રેરણા સભર સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત થયા હતા:

૧. શતાબ્દી ઉદ્ઘાટન સમારોહ
૨. ભારતીય લોકનૃત્ય મંચની વિવિધ પ્રસ્તુતિઓ
૩. બી.એ.પી.એસ. ટેલેન્ટ મંચની વિવિધ પ્રસ્તુતિઓ
૪. લાઇટ એન્ડ સાઉન્ડ પ્રોજેક્શન મેપિંગ શો
૫. આંતરરાષ્ટ્રીય બૅન્ડ પ્રસ્તુતિ
૬. પ્રદર્શન ૧: 'સંત પરમ હિતકારી'
૭. પ્રદર્શન ૨: 'ટૂટે હૃદય, ટૂટે ઘર'
૮. પ્રદર્શન ૩: 'ચલો તોડ દેં યે બંધન'
૯. પ્રદર્શન ૪: 'આપણું ભારત, મારું ભારત'
૧૦. શતાબ્દી સમાપન સમારોહ

સમગ્ર મહોત્સવ દરમિયાન પ્રસ્તુત થયેલા ઉપરોક્ત તમામ કાર્યક્રમોની વિશેષતા એ હતી કે તેમાં ભાગ લેનાર પ્રત્યેક બાલ-બાલિકા, યુવા-યુવતી કે પુરુષ-મહિલા કલાકારો સમગ્ર વિશ્વભરમાં ચાલતાં બી.એ.પી.એસ. સત્સંગકેન્દ્રોના સભ્યો જ હતા ! તમામ સ્વયંસેવકોએ પોતાની કળાનો ઉપયોગ-વિનિયોગ એક વિરલ મહાપુરુષના જીવન-સંદેશને કરોડો લોકો સુધી પહોંચાડવા માટે કર્યો અને પ્રાણપ્યારા ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં શ્રીચરણોમાં પોતાની ભક્તિ-ભાવાંજલિ અર્પણ કરી હતી. તેઓની પસંદગી અને તાલીમ કુલ ચાર તબક્કામાં કરવામાં આવી હતી. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે રીતે, દર શનિ-રવિ અને જાહેર રજાઓ દરમિયાન પ્રૅક્ટિસ શરૂ રખાઈ હતી. આ ઉપરાંત, દિવાળી વૅકેશનમાં પણ સૌએ ગઢડા અને સારંગપુર બી.એ.પી.એસ. મંદિર ખાતે એકત્રિત થઈને પ્રૅક્ટિસ કરી હતી.

### નગરમાં રચાયેલા પ્રેરક પ્રદર્શન ખંડો:

પ્રમુખસ્વામી મહારાજના જીવન-સંદેશ પર આધારિત નગરમાં રચાયેલા પ્રદર્શન ખંડો તથા લાઇટ એન્ડ સાઉન્ડ શો દર્શનાર્થીઓનાં આકર્ષણનું અનોખું કેન્દ્ર બન્યા. નારાયણમુનિદાસ સ્વામી, શ્રીજીસ્વરૂપદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી, ઋષિરાજદાસ સ્વામી, જ્ઞાનનયનદાસ સ્વામી, ગુરુસ્મરણદાસ સ્વામી વગેરે સંતો અને સ્વયંસેવકોના પુરુષાર્થથી રચાયેલા પ્રત્યેક પ્રદર્શન ખંડ તથા લાઇટ એન્ડ સાઉન્ડ શો વિશે થોડું જાણીએ.

### પ્રદર્શન ખંડ ૧ : સંત પરમ હિતકારી

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હૃદયસ્પર્શી જીવન-પ્રસંગોને વીડિયો શો દ્વારા સંક્ષિપ્તમાં રજૂ કરતો આ પ્રદર્શન ખંડ સૌના અંતરમાં અમીટ છાપ અંકિત કરી ગયો. સ્વામીશ્રીએ વહાવેલી નિ:સ્વાર્થ વાત્સલ્ય ગંગાનાં દર્શન કરી પ્રેક્ષકો સહેજે ભાવાર્દ્ર બની જતા. 'સંત પરમ હિતકારી' પ્રદર્શન જોઈને આમંત્રિત મહાનુભાવોઓએ પણ ભાવવિભોર બની પોતાનાં પ્રવચનોમાં આ પ્રદર્શનની અનુભૂતિઓ વાગોળી હતી. આ કાર્યક્રમ જોઈને દરેકને અનુભવ થતો કે સરળ, નિરહંકારી પ્રમુખસ્વામી મહારાજ સર્વના આત્મીય સ્વજન હતા. દરેક પ્રસંગની પ્રસ્તુતિના અંતે જેનો પ્રસંગ હોય તે વ્યક્તિ પોતે જ પોતાની અનુભૂતિની વાત કરતી, તેથી તે વધુ પ્રતીતિકર બની રહ્યું હતું. આ પ્રદર્શન ખંડમાં કુલ ૧,૧૬૦ શો પ્રસ્તુત થયા, જેનો લાભ કુલ ૧૧,૪૬,૦૦૦થી વધુ દર્શકોએ પ્રાપ્ત કર્યો હતો.

### પ્રદર્શન ખંડ ૨ : ટૂટે હૃદય ટૂટે ઘર

પારિવારિક એકતાનો સંદેશ આપતો આ પ્રદર્શન ખંડ પણ હૃદયસ્પર્શી હતો. જોનારા દરેકને અહીં પ્રેરણા મળતી કે અમે અમારા પરિવારમાં સમૂહ ભોજન કરીશું, એકબીજાને સમય આપીશું, એકબીજાને સમજીશું કે પારિવારિક શાંતિ માટે પ્રમુખસ્વામી મહારાજે ઘરસભાનો અદ્‌ભુત ઉપાય આપ્યો છે એ અપનાવીશું. આ નાટ્ય પ્રસ્તુતિની વિશેષતા એ હતી કે મંચ પર રજૂ કરાનાર જીવંત પાત્રોની સાથે પાર્શ્વભૂમાં 'એલ.ઈ.ડી. સ્ક્રીન' ઉપર પ્રસ્તુત પાત્રોનું સુંદર સંયોજન કરવામાં આવ્યું હતું! ટેક્નોલોજીના સંયોજન સાથે શાંતિમય પારિવારિક જીવનની પ્રેરણા આપનાર આ શો, ઉત્સવ દરમિયાન ૧,૪૨૩ વાર રજૂ થયો હતો, જેનો લાભ કુલ ૧૪,૭૮,૦૦૦થી વધુ પ્રેક્ષકોએ પ્રાપ્ત કર્યો. એટલું જ નહીં, હજારો પરિવારોએ આ પ્રસ્તુતિમાંથી પ્રેરણા લઈ, સમૂહ ભોજન અને ઘરસભા કરવાના મંગલમય પારિવારિક નિયમો પણ લીધા હતા!

### પ્રદર્શન ખંડ ૩ : ચલો તોડ દેં યે બંધન

વ્યસનમુક્તિની પ્રેરણા આપતો આ પ્રદર્શન ખંડ પણ સૌના માનસ પટ પર છવાઈ ગયો હતો. પ્રમુખસ્વામી મહારાજે સમગ્ર જીવન દરમિયાન ૪૦,૦૦,૦૦૦થી વધુ લોકોને વ્યસનમુક્ત જીવનની પ્રેરણા આપી હતી! તેઓએ જેની પાછળ અથાગ પરિશ્રમ કર્યો હતો એવા વ્યસનમુક્તિના સંદેશને દૃઢાવતી, આ એક શોર્ટ ફિલ્મની પ્રસ્તુતિ હતી. હૃદયદ્રાવક સત્ય ઘટનાઓ પર આધારિત આ શોર્ટ ફિલ્મ જોઈને હજારો લોકોએ વ્યસનમુક્ત થવાની પ્રતિજ્ઞા લીધી, તો લાખો લોકો જીવનભર વ્યસનમુક્ત રહેવાની પ્રેરણા પામ્યા. મહોત્સવ દરમિયાન આ શોર્ટ ફિલ્મ કુલ ૧,૪૧૭ વાર પ્રસ્તુત થઈ હતી, જેનો લાભ ૧૪,૧૦,૦૦૦થી વધુ લોકોએ પ્રાપ્ત કર્યો હતો.

### પ્રદર્શન ખંડ ૪ : આપણું ભારત, મારું ભારત

દેશની અસ્મિતા, સેવા અને દેશની પ્રગતિની પ્રેરણા આપતો આ પ્રદર્શન ખંડ તેને નીરખનાર દરેક વ્યક્તિના અંતરમાં લાગણી જગાવતો કે મારે એક આદર્શ નાગરિક થવું છે.

પ્રમુખસ્વામી મહારાજે અસંખ્ય લોકોને આદર્શ નાગરિક થવાની પ્રેરણા આપી હતી. નાગરિક તરીકે આપણું શું કર્તવ્ય છે? તેની સાથે અસ્મિતાસભર વિશિષ્ટ મંચ પ્રસ્તુતિ ધરાવતો આ પ્રદર્શન ખંડ પાણી તથા વીજળીનો બચાવ, રાષ્ટ્રીય નિયમોનું પાલન અને ભારતીય સેનાના જવાનોનું સમર્પણ દર્શાવીને પ્રેક્ષકોનાં મન પર ઊંડી છાપ પાડતો હતો. સમગ્ર ઉત્સવ દરમિયાન આ મંચ પ્રસ્તુતિ ૧,૩૮૨ વાર રજૂ કરવામાં આવી, જેનો કુલ ૧૪,૦૦,૦૦૦થી વધુ દર્શકોએ લાભ પ્રાપ્ત કર્યો હતો.

### પ્રદર્શન ખંડ ૫ : સહજાનંદ જ્યોતિ મંડપમ્

આ પ્રદર્શન ખંડ પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણનાં જીવન, કાર્ય અને જ્યોતિ ઉદ્યાનનો એક અનોખો અનુભવ કરાવતો હતો. આ પ્રદર્શન મુલાકાતીઓને પૂર્વ ભારતનાં ગાઢ જંગલોથી માંડીને ઉત્તરમાં પવિત્ર માનસરોવર સુધીની યાત્રા પર લઈ જતું. દર્શકોને દક્ષિણનાં પવિત્ર મંદિરો અને પશ્ચિમની ભવ્યતાના સાક્ષી બનાવતું, આ એક વિશિષ્ટ તેજોમય શિલ્પોનું પ્રદર્શન હતું. અહીં લાખો દર્શનાર્થીઓ ચાલતાં ચાલતાં ભગવાન શ્રી સ્વામિનારાયણની, તેમની ગુરુપરંપરાની અને સંસ્થાની એક સુંદર દર્શનયાત્રા કરીને પ્રેરણાઓ પામતા હતા.

### પ્રદર્શન ખંડ ૬ : નારી ઉત્કર્ષ મંડપમ્

પ્રમુખસ્વામી મહારાજે પ્રવર્તાવેલી મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિની એક ઝાંખી આ પ્રદર્શન ખંડમાં થતી હતી. આ પ્રદર્શન ખંડમાં પ્રસ્તુત તમામ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન, પ્રબંધન, તૈયારીઓ, રજૂઆત વગેરે બી.એ.પી.એસ. સંસ્થાનાં બાલિકા-યુવતી-મહિલા સ્વયંસેવિકાઓ દ્વારા જ થયાં હતાં. સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત અહીં 'નારી જાગૃતિ', 'ગર્ભ સંસ્કાર', 'માતૃત્વ' જેવા વિષયો પર વિદ્વત્ ચર્ચાઓ અને સેમિનાર પણ થયાં હતાં. (વિશેષ માહિતી: પ્રેમવતી શતાબ્દી વિશેષાંક)

### ભારતીય લોકનૃત્ય મંચ:

સંસ્કૃતિના સંવર્ધન માટે પ્રમુખસ્વામી મહારાજે કરેલા પ્રયાસોને અનુસરતાં આપણી સાંસ્કૃતિક પરંપરાનું દર્શન કરાવતા ભારતીય લોકનૃત્ય મંચે મહોત્સવમાં દર્શકોને અનોખો આનંદ-અનુભવ કરાવ્યો હતો. ભારતનાં કુલ ૧૪ પ્રાદેશિક નૃત્યોની સાથે શ્રીકૃષ્ણલીલા અને ભક્ત પ્રહ્‌લાદ – બે નૃત્ય-નાટિકાઓ પણ આ મંચ પર રોજ પ્રસ્તુત થતી હતી.

૨૨૫ કલાકારોએ રોજની સરેરાશ ૩૦થી વધુ પ્રસ્તુતિઓ અને કુલ ૧,૦૧૯ જેટલી પ્રસ્તુતિઓ કરીને સંસ્કૃતિની ગરિમાને ૧૩,૪૫,૦૦૦થી વધુ પ્રેક્ષકો સુધી પહોંચાડી હતી.

### લાઇટ એન્ડ સાઉન્ડ પ્રોજેક્શન મેપિંગ શો:

'મહોત્સવ પૂર્ણ પુરુષ કા' - લાઈટ એન્ડ સાઉન્ડ પ્રોજેક્શન મેપિંગ શો પ્રમુખસ્વામી મહારાજ નગરનું એક મુખ્ય આકર્ષણ હતું. આ રોચક, રોમાંચક અને **(અનુસંધાન પૃ. ૧૯૫ પર)**



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ એટલે સતત ૩૦ દિવસ સુધી ચાલેલું માનવ ઉત્કર્ષનું આંતરરાષ્ટ્રીય અધિવેશન. માનવમાત્રનો ઉત્કર્ષ એ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જીવનનું લક્ષ્ય હતું. એમણે પોતાના જીવનની પળેપળને માનવ માત્રના ઉત્કર્ષ માટે વ્યતીત કરી હતી. એટલે જ એમને અંજલિ આપતા આ વિરાટ મહોત્સવની પ્રત્યેક સંધ્યાને માનવ ઉત્કર્ષના વિવિધ રંગોથી સજાવવામાં આવી હતી. તા. ૧૪-૧૨-૨૦૨૨ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ અન્ય મહાનુભાવોના હસ્તે આ ભવ્યાતિભવ્ય મહોત્સવનું ઉદ્‌ઘાટન થયું, તેનો અહેવાલ ગતાંકમાં વિગતે માણ્યો હતો. તેના બીજા દિવસથી, તા. ૧૫-૧૨-૨૦૨૨થી મહોત્સવના વિશાળ મુખ્ય સભાગૃહમાં હજારોની ભક્તમેદની વચ્ચે નિત્ય સંધ્યા સભાઓમાં વિવિધ વિષયોના કાર્યક્રમોની ગંગાધારા અવિરત ૩૦ દિવસ સુધી વહેતી રહી. આ કાર્યક્રમોમાં દેશ-વિદેશના અનેક ગણમાન્ય મહાનુભાવો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના લોકનેતાઓ, સુપ્રસિદ્ધ આદરણીય સંત-મહાત્માઓ તેમજ પ્રતિષ્ઠિત વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રત્યેક સભાનો પ્રારંભ સંતો-યુવકોના ભક્તિ સંગીતથી થતો હતો. ત્યારબાદ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ અને વિદ્વાન સંતોનાં વ્યાખ્યાન અને આદર્શજીવનદાસ સ્વામી દ્વારા પ્રમુખચરિત્ર કથામૃતનો લાભ પ્રાપ્ત થતો હતો. ત્યારબાદ મહાનુભાવોના પરિચય સાથે તેમનું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી વરિષ્ઠ સદ્‌ગુરુ સંતોના હસ્તે વિધિવત્ સ્વાગત કરવામાં આવતું હતું. ત્યારબાદ મહાનુભાવો પોતાના હૃદયની ભાવોર્મિઓ વ્યક્ત કરતા હતા. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં યોજાતા આ નિત્ય કાર્યક્રમોમાં મહાનુભાવોએ વિવિધ વિષયો પર સંબોધનોનો લાભ આપીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં પોતાની ભાવ-પુષ્પાંજલિ અર્પિત કરી હતી. પ્રત્યેક મહાનુભાવના અનુભવોમાં તેમની બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યેની અપાર શ્રદ્ધા અને આદર-ભાવનાની અસ્ખલિત ધારા વહેતી હતી. સાથે સાથે પ્રમુખસ્વામી મહારાજ નગરનાં વિવિધ અંગ-ઉપાંગો અને તેના નિર્માણ-સંચાલનમાં સેવા આપનારા સ્વયંસેવકો અને બી.એ.પી.એસ. સંસ્થા પ્રત્યે અનન્ય અહોભાવ સહજતાથી તેમની વાણીમાં ફૂટી નીકળતો હતો. અહીં એ ભવ્ય અને દિવ્ય ૩૦ દિવસીય કાર્યક્રમોની એક સંક્ષિપ્ત સૂચિ સાથે સંક્ષિપ્તમાં કેટલાક મહાનુભાવોના ઉદ્‌ગારોના અંશો પ્રસ્તુત છે.



- પ્રમુખસ્વામી મહારાજ નગરના નારાયણ સભાગૃહમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં સંતો-મહાનુભાવો અને હજારોની મેદની વચ્ચે સતત ૩૦ દિવસ સુધી યોજાયા – વિવિધ વિષયક અનેકવિધ પ્રેરક કાર્યક્રમો...
- બે કોન્ફરન્સ ખંડોમાં યોજાઈ વિવિધ વિષયક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની ૨૧ કોન્ફરન્સ...
- સતત ૩૦ દિવસ સુધી નારી ઉત્કર્ષ મંડપમ્‌માં મહિલા ઉત્કર્ષ કાર્યક્રમોની હારમાળા...

## પ્રમુખસ્વામી મહારાજ નગરમાં સતત ગુંજ્યો

# પ્રેરક કાર્યક્રમોનો પવિત્ર નાદ...

તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૨ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૩



## આરંભાયું અનેકવિધ કાર્યક્રમોથી ગુંજતું એક મહિનાનું

# આંતરરાષ્ટ્રીય માનવ-ઉત્કર્ષ અધિવેશન

આજે મહોત્સવના સર્વ પ્રથમ દિવસે, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં સંધ્યા સભામાં વિશાળ ભક્તમેદનીથી છલકાતા નારાયણ સભાગૃહમાં ભારતના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને ભારતના આંતરરાષ્ટ્રીય સ્તરે વિખ્યાત અનેક ઔદ્યોગિક ગૃહોના ધુરંધરોની ઉપસ્થિતિમાં માનવ-ઉત્કર્ષના આંતરરાષ્ટ્રીય અધિવેશનનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં વિવિધ પ્રસ્તુતિઓ દ્વારા દર્શાવવામાં આવ્યું કે કેવી રીતે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું સમગ્ર જીવન માનવમાત્રના ઉત્કર્ષ માટે સમર્પિત રહ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજના નેતૃત્વ હેઠળ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા માનવ-ઉત્કર્ષનું એક વૈશ્વિક આંદોલન બની ચૂકી છે. પૂર્વે પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં અને વર્તમાન કાળે મહંત સ્વામી મહારાજની નિશ્રામાં બી.એ.પી.એસ. સંસ્થા સેંકડો પ્રવૃત્તિઓથી પ્રત્યેક માનવના સર્વાંગી ઉત્કર્ષ માટે આધ્યાત્મિક, સામાજિક અને સાંસ્કૃતિક સેવાઓની ભાગીરથી વહાવી રહી છે. પ્રમુખસ્વામી મહારાજનાં માનવ-ઉત્કર્ષનાં ભગીરથ કાર્યો અને માનવ-ઉત્કર્ષ માટે આધ્યાત્મિક માર્ગદર્શકની ભૂમિકા અને અનિવાર્યતા પર સંસ્થાના વરિષ્ઠ સંત ડોક્ટર સ્વામી અને આનંદસ્વરૂપ સ્વામી દ્વારા પ્રકાશ પાડવામાં આવ્યો. આજના આ સંમેલનમાં ઔદ્યોગિક ક્ષેત્રના અનેકવિધ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કદાચ આવો પહેલો અવસર હતો કે કોઈ આધ્યાત્મિક કાર્યક્રમમાં દેશના પ્રથમ હરોળના ઉદ્યોગપતિઓ આટલી મોટી સંખ્યામાં એક સાથે હાજર રહ્યા હતા. મહોત્સવના મુખ્ય મંચ ઉપર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને ભારતના ગૃહમંત્રી શ્રી અમિત શાહના હસ્તે દીપપ્રાગટ્ય દ્વારા 'આંતરરાષ્ટ્રીય માનવ-ઉત્કર્ષ સંમેલન'નો શુભારંભ થયો. પ્રમુખસ્વામી નગરને નિહાળી અભિભૂત મહાનુભાવોએ પ્રમુખસ્વામી મહારાજને શતાબ્દી-અંજલિ અર્પણ કરી હતી.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**શ્રી ગૌતમભાઈ અદાણી**
ચેરમેન, અદાણી ગ્રૂપ, અમદાવાદ



**શ્રી પરિમલભાઈ નથવાણી**
ડાયરેક્ટર, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, મુંબઈ



**શ્રી દિલીપભાઈ સંઘવી**
એમ.ડી., સન ફાર્માસ્યુટિકલ્સ, મુંબઈ



**શ્રી સુધીરભાઈ મહેતા**
ચેરમેન, ટોરેન્ટ ગ્રૂપ, અમદાવાદ



**શ્રી જી. એમ. રાવ**
ચેરમેન, જી.એમ.આર ગ્રૂપ, મુંબઈ



**શ્રી કરસનભાઈ પટેલ**
ચેરમેન, નિરમા ગ્રૂપ, અમદાવાદ



**શ્રી પંકજભાઈ પટેલ**
ચેરમેન, ઝાયડસ લાઇફ સાયન્સીઝ, અમદાવાદ



**શ્રી ટી. એસ. કલ્યાણરમણ**
ચેરમેન, કલ્યાણ જ્વેલર્સ, કેરાલા



**શ્રી વિજય મુંજાલ**
ચેરમેન, હીરો ઇલેક્ટ્રિક અને એક્સપોર્ટ્સ ગ્રૂપ, દિલ્હી

## શાંતિ અને દિવ્યતાનું અનોખું ધામ

**– શ્રી અમિતભાઈ શાહ**

શાંતિ, દિવ્યતા અને માનવજીવનનાં ઉત્કૃષ્ટ મૂલ્યોનો સંદેશ એક સાથે પ્રગટ કરતી આ ભવ્ય નગરી જોઈને હું અચંબિત થઈ ગયો. અનેકવાર પ્રમુખસ્વામી મહારાજ પાસે ઘણી બધી ચિંતાઓ, ઘણા બધા પ્રશ્નો લઈને હું જતો અને શાંતિ, ચેતના અને ઊર્જા લઈને પાછો ફરતો. દેશના સાંસ્કૃતિક પુનર્જાગરણના આ સમયમાં પ્રમુખસ્વામી મહારાજની જન્મ શતાબ્દીએ શાંતિ, સદ્ભાવના, વિકાસ, રાષ્ટ્રભક્તિ ને રાષ્ટ્રકલ્યાણના સંસ્કાર બી.એ.પી.એસ. દ્વારા વધુ ને વધુ દૃઢ થશે એ મારો નિશ્ચિત ભરોસો છે. •

## માનવતા-કરુણાને વૈશ્વિક કરનાર પ્રમુખસ્વામીજી

**– શ્રી ગૌતમભાઈ અદાણી**

વિશ્વવંદનીય પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ, બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા હાથ લેવાતા કોઈપણ પ્રોજેક્ટને હું સદાય અચરજભાવે જોતો રહું છું. વૈશ્વિક કોર્પોરેટ ક્ષેત્રના લોકોએ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ વિશે અવશ્ય અભ્યાસ કરવો જોઈએ. અહીં સેવા કરતા કોઈપણ સ્વયંસેવકમાં છલકતી નિઃસ્વાર્થ સેવાભાવના, પ્રામાણિકતા, અને સમાજને એક કરવાની શુદ્ધ ભાવના પ્રમુખસ્વામીજીના સિદ્ધાંતને પ્રતિબિંબિત કરે છે. દુનિયાભરમાં માનવતા અને કરુણાના વિચારોને વૈશ્વિક કરવામાં પ્રમુખસ્વામી મહારાજની ભૂમિકા અભૂતપૂર્વ છે. •

## જેમના શબ્દોમાં ભગવાન બોલતા હતા

**– શ્રી જી. એમ. રાવ**

પ્રમુખસ્વામી મહારાજ એટલે એક શાંતિપૂર્ણ, નમ્ર, સરળ, આધ્યાત્મિક વ્યક્તિત્વ ધરાવતા એવા દુર્લભ આત્મા જે હંમેશા અન્ય લોકો માટે જીવે છે અને ભગવાનના સાંનિધ્યમાં રહે છે. તેઓ વિશ્વના સૌથી આધ્યાત્મિક પ્રભાવશાળી ધર્મગુરુ તરીકે આદરણીય છે. તેમને કંઈ જોઈતું નહોતું, તેમણે કંઈ માગ્યું નહોતું, છતાં તેમણે આપણને બધું જ આપ્યું છે. તેઓ બોલતા ત્યારે લાગતું કે તેમના સીધાસાદા શબ્દોમાં ભગવાન બોલે છે. હું મારાં જીવન અને કાર્યમાં એમના સિદ્ધાંતોનો અમલ કરવાનો પ્રયાસ કરું છું. •



## વિવિધ વિષયોની ૨૧ એકેડેમિક અને પ્રોફેશનલ કોન્ફરન્સનો આરંભ...

### પ્રમુખસ્વામી મહારાજે આપેલાં સંસ્કૃતિ પ્રદાનોની સ્મૃતિ સાથે ઊજવાયો

# સંસ્કૃતિ દિન

આજે તા. ૧૬-૧૨-૨૦૨૨ના મહોત્સવના દ્વિતીય દિવસે, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં 'સંસ્કૃતિ-દિન' યોજાયો હતો. ભારતીય સંસ્કૃતિનાં જ્ઞાન, મૂલ્યો, અધ્યાત્મ વારસાની ભાગીરથીને સમગ્ર વિશ્વમાં પ્રવાહિત કરનાર પ્રમુખસ્વામી મહારાજે ભારતીય સંસ્કૃતિની ચેતનાને જનમાનસમાં જગાડવાનું અભૂતપૂર્વ કાર્ય કર્યું હતું. સંસ્કૃતિના આધારસ્તંભો એવાં – શાસ્ત્ર, મંદિર અને સંત ત્રણેયને પોષણ આપીને ભારતીય સંસ્કૃતિને વિશેષ નવપલ્લવિત કરી છે. એટલું જ નહીં, સમગ્ર વિશ્વમાં તેનું પ્રસારણ પણ કર્યું છે. યુગપુરુષ પ્રમુખસ્વામી મહારાજના સંસ્કૃતિરક્ષાનાં વિવિધ પાસાંઓને આજની વિશિષ્ટ સભામાં આવરી લેવામાં આવ્યાં હતાં. પ્રસ્થાનત્રયી પર ભાષ્યની રચના કરનાર બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંત મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજનાં સંસ્કૃતિ ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રદાન અને વિશ્વવ્યાપી સર્જનો - મંદિરોની અદ્‌ભુત સૃષ્ટિ વિષે પ્રકાશ પાડ્યો હતો.

આજે સવારે પ્રમુખસ્વામી મહારાજ નગરના વિશાળ કોન્ફરન્સ ખંડમાં જુદા જુદા વિષયોની કોન્ફરન્સનો મંગલ આરંભ કરવામાં આવ્યો હતો. મહોત્સવની આ પ્રથમ કોન્ફરન્સમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ(GCCI)ના ગૌરવવંતા ઉદ્યોગપતિઓની ઉપસ્થિતિમાં બિઝનેસ લીડરશિપ કોન્ફરન્સ યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં સંસ્થાના વિદ્વાન સંત જ્ઞાનવત્સલદાસ સ્વામીએ સંબોધન કર્યા બાદ પ્રસિદ્ધ ઉદ્યોગપતિઓના મુખેથી અહીં મૂલ્યો અને સફળતાની વિવિધ ગાથાઓ ગવાઈ હતી. એચ.ડી.એફ.સી.ના ચેરમેન શ્રી દીપક પારેખ, ચેમ્બરના પ્રમુખ શ્રી પથિક પટવારી, બાલાજી વેફર્સના શ્રી ચંદુભાઈ વિરાણી, ક્લેરિસ લાઈફ સાયન્સીઝના શ્રી અર્જુન હાંડા સહિત ૧૦૦૦થી વધુ ધુરંધરો ઉપસ્થિત રહ્યા હતા.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**શ્રી મનોજ સિંહા**
લેફ્ટનન્ટ ગવર્નર, જમ્મુ એન્ડ કશ્મીર



**શ્રી કિરીટભાઈ પરમાર**
મેયર, અમદાવાદ



**શ્રી મોતીલાલ ઓસ્વાલ**
એમ.ડી., મોતીલાલ ઓસ્વાલ ફા. લિ., મુંબઈ



**શ્રી ગિરીશ દત્તાત્રેય મહાજનજી**
કેબિનેટ મંત્રીશ્રી, મહારાષ્ટ્ર



**શ્રી પ્રયાસવીનભાઈ પટેલ**
ચેરમેન, એલિકોન, આણંદ



**શ્રી સમીરભાઈ કોટીચા**
ચેરમેન, ASK ગ્રૂપ, મુંબઈ



**શ્રી ભરતભાઈ જોષી**
નિર્દેશક, કોમનવેલ્થ અને ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ, બ્રિટન



**શ્રી હિતેશભાઈ બારોટ**
ચેરમેન, સ્ટે. કમિટી, અમદાવાદ



**શ્રી મહારાણા જયદીપસિંહજી**
ઠાકોર સાહેબ, લીંબડી

## માનવતાના વિરલ કલ્યાણ મિત્ર હતા પ્રમુખસ્વામીજી

**– શ્રી મનોજ સિંહા**

प्रमुखस्वामीजी इस सदी के महान योगी थे, जिन्होंने पूरी दुनिया को एक परिवार की दृष्टि से देखते हुए उसी विश्व और मानवता की सेवा में अपना पूरा जीवन समर्पित कर दिया। वे मानवता के कल्याण मित्र थे, दूसरों के कल्याण में उन्होंने अपने जीवन का एक एक पल समर्पित किया, जिन्हें पाकर पूरी मानवता धन्य हो गई। उन्होंने समाज को हिम्मत दी, नए प्राण दिए और समाज के पैरों को चलने की ताकत दी थी। स्वामीजी के दर्शन वर्तमान और भविष्य की पीढ़ियों के लिए शांति, आदर्श, प्रेरणा का काम करता रहेगा। •

## કુંભ મેળાનું ગૌરવ અપાવે તેવો શતાબ્દી મહોત્સવ

**– શ્રી ગિરીશ દત્તાત્રેય મહાજનજી**

प्रमुखस्वामी महाराज के शताब्दी महोत्सव में आने के बाद मैंने जो देखा वह जो सोचा था उससे भी कईं गुना ज्यादा अच्छा नियोजन यहाँ किया गया है। यहाँ आने के बाद मुझे लगता है के मिनी स्वर्ग यहाँ पर उतर आया है। मैं नाशिक का कुंभ मंत्री था। उसके नियोजन के लिए हमें अमरीका में बोस्टन युनिवर्सिटी में बुलाया गया और हमारा सत्कार किया गया। लेकिन यहाँ का नियोजन देखने के बाद मुझे लगता है कि आप उस सम्मान के सही हकदार हो। महान संत विभूति प्रमुखस्वामी महाराज को वंदन करता हूँ। •

## શાંતિના દૂત પ્રમુખસ્વામી મહારાજ

**– શ્રી દીપકભાઈ પારેખ**

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ, બી.એ.પી.એસ. સંસ્થા જે ઉદાત્ત મૂલ્યોની પ્રતિષ્ઠા માટે કાર્યરત છે તેને ફરી દૃઢ કરાવે છે. સમગ્ર માનવ જાત પર આધ્યાત્મિક પ્રકાશ પાથરવામાં અને વિશ્વમાં માંગલ્ય પ્રસરાવવા બદલ પ્રમુખસ્વામી મહારાજના આપણે ઋણી છીએ. સમગ્ર વિશ્વ પ્રમુખસ્વામી મહારાજને શાંતિના દૂત તરીકે યાદ કરી રહ્યું છે. પુરુષાર્થ કરીને બી.એ.પી.એસ. સંસ્થા ભવિષ્યનું ઘડતર કરી રહી છે. બી.એ.પી.એસ. સંસ્થાનું કાર્ય ભારતની આધ્યાત્મિક ચેતનાને પ્રજ્વલિત કરી રહ્યું છે. •



**ધુરંધર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની કોન્ક્લેવમાં વ્યવસાયમાં નૈતિકતા અંગે વિમર્શ**

**ઊજવાયો પ્રમુખસ્વામી મહારાજની પરાભક્તિમાંથી પ્રેરણાનો પ્રકાશ પાથરતો**

# પરાભક્તિ દિન

યુગોથી ભારતીય ભક્તિશાસ્ત્રો પરાભક્તિનો મહિમા ગાઈ રહ્યાં છે. ભારતવર્ષના મહાન ઋષિઓ અને મહાન ભક્તોએ ભક્તિનું જે આદર્શ સ્વરૂપ બતાવ્યું છે તેનાં દર્શન બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પરાભક્તિમાં થતાં હતાં. એટલે જ તા. ૧૭-૧૨-૨૦૨૨નો દિન પ્રમુખસ્વામી મહારાજની પરાભક્તિની સ્મૃતિ સાથે સૌમાં ભક્તિનો સંચાર કરવા માટે સંયોજાયો હતો. 'પરાભક્તિના વિરલ ધારક પ્રમુખસ્વામી મહારાજ' વિષય પર વિદ્વાન વક્તા પૂજ્ય પ્રભુચરણદાસ સ્વામીએ પ્રવચન કર્યા બાદ દક્ષિણ ભારતના પ્રસિદ્ધ સંત રામાનુજાચાર્ય પૂજ્ય શ્રી શ્રી ત્રિદંડી ચિન્ના શ્રીમન્નારાયણ જિયર સ્વામી અને અન્ય મહાનુભાવોએ પણ પ્રમુખસ્વામી મહારાજના પરાભક્તિમય વ્યક્તિત્વને ભાવાંજલિ અર્પિત કરી હતી.

પ્રમુખસ્વામી મહારાજ નગરમાં પ્રમુખસ્વામી મહારાજની ભક્તિનું પ્રતિબિંબ ઠેર ઠેર નિહાળવા મળતું હતું. અક્ષરધામ મંદિર હોય, પ્રમુખસ્વામી મહારાજની વિશાળ પ્રતિમા હોય, યજ્ઞમંડપ હોય કે ભજનકુટિર હોય, સર્વત્ર લાખો ભક્તોની મેદની ભક્તિમાં લીન બની હતી.

આજે પ્રમુખસ્વામી મહારાજ નગરના કોન્ફરન્સ ખંડમાં મહોત્સવના ઉપક્રમે 'ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્સ ઓફ ઇન્ડિયા' (ICAI) દ્વારા વિશિષ્ટ કોન્ક્લેવ યોજવામાં આવી હતી, જેમાં દેશભરના ૧૫૦૦થી વધુ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના વિદ્વાન સંતો - બ્રહ્મવિહારીદાસ સ્વામી અને જ્ઞાનવત્સલદાસ સ્વામીનાં સંબોધનો ઉપરાંત ICAIના પ્રમુખ શ્રી દેબાશિષ મિત્રા, ઉપપ્રમુખ શ્રી અનિકેત તલાટી, નિષ્ણાત તજજ્ઞો શ્રી જે. કે. મિત્તલ(દિલ્હી), શ્રી સૌરભ સોપારકર, શ્રી ગિરિશ આહુજા, પૂર્વપ્રમુખ શ્રી સુનિલ તલાટી વગેરે સહિત અનેક મહાનુભાવોએ કોન્ફરન્સને સંબોધી હતી.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા**
મંત્રીશ્રી,
મત્સ્યઉદ્યોગ અને
પશુપાલન, ભારત



**શ્રી સુરેશભાઈ શેલત**
પૂર્વ એડવોકેટ
જનરલ, ગુજરાત



**શ્રી ગૌરવભાઈ મશરૂવાલા**
ફાઉન્ડર
એ.સી.ઈ., મુંબઈ



**શ્રી દેબાશિષ મિત્રા**
ચેરમેન,
ઇન્સ્ટિટ્યૂટ ઓફ
ચાર્ટર્ડ એકાઉન્ટન્સ
ઓફ ઇન્ડિયા, દિલ્હી



**શ્રી અનંત ગોયન્કા**
એક્ઝિક્યુટિવ
ડાયરેક્ટર,
ઇન્ડિયન એક્સપ્રેસ
ગ્રૂપ, મુંબઈ



**શ્રી રણજિત રાવ**
માય હોમ ગ્રૂપ
ઓફ કંપનીઝ,
તેલંગાણા



**શ્રી સુધીરભાઈ નાણાવટી**
પ્રમુખ, ગુજરાત લો
સોસાયટી યુનિ.,
અમદાવાદ



**શ્રી ડો. ગિરિશ આહુજા**
ટેક્સેશન નિષ્ણાત
અને શિક્ષણવિદ્,
દિલ્હી



**શ્રી કલ્પેશભાઈ સોલંકી**
એમ.ડી.,
એશિયન મીડિયા
ગ્રૂપ, યુ.કે.

## ભક્તિના દિવ્ય પ્રવાહના વાહક પ્રમુખસ્વામીજી

**– પૂજ્ય ચિન્ના જિયર સ્વામી**

पूज्य प्रमुखस्वामीजी महाराज एक ऐसी विभूति हैं जिन्होंने भक्ति के प्रवाह से हजार संत बनाए हैं। यही है भक्ति का प्रभाव। यह शताब्दी महोत्सव उसका एक उदाहरण मात्र है। बी.ए.पी.एस. संस्था अपने सिर को उठाकर चलने की ताकत देने वाली एक संस्था है। प्रमुखस्वामीजी महाराज और महंतस्वामीजी महाराज की कृपा से भारत और विश्व शांति की ओर, सात्त्विक स्वभाव की ओर पहुंचेगा ऐसा हम विश्वास करते हैं। यहाँ करोडों लोग इस भक्ति प्रवाह में डूबेंगे, इस दिव्य प्रवाह का अनुभव करेंगे और इसका आस्वाद करेंगे। ●

## સાંસ્કૃતિક ઇતિહાસના માઈલસ્ટોન સમો મહોત્સવ

**– શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા**

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ નગર પૂજ્ય મહંત સ્વામીની ઉત્કૃષ્ટ ગુરુભક્તિનું ઉત્તમ ઉદાહરણ છે. સંસ્થાએ ગુજરાતની સંસ્કૃતિમાં સુવર્ણકળશ ઉમેરવાનું કામ કર્યું છે. ભારતીય સંસ્કૃતિનાં મંદિરોની પુનઃ પ્રતિષ્ઠા કરવાનો શ્રેય સ્વામીબાપાને જાય છે. વિશ્વમાં કોઈને એમ થાય કે ભારતીય સંસ્કૃતિનું પ્રતીક અમારે ક્યાં જોવું? ત્યારે તેને પ્રમુખસ્વામી બાપાએ રચેલું અક્ષરધામ ગર્વપૂર્વક દેખાડી શકીએ. ગુજરાતની ધરતી ઉપરનો આ શતાબ્દી મહોત્સવ એ આપણા સાંસ્કૃતિક ઇતિહાસની અંદર એક માઈલસ્ટોન સાબિત થશે. ●

## એમની આંખોમાંથી વરસતો પ્રેમ ભુલાય તેવો નથી

**– શ્રી સુધીરભાઈ નાણાવટી**

પ્રમુખસ્વામીજીની આંખોમાંથી જે વહાલ વરસે છે એવું વહાલ મારી માની આંખોમાં મેં જોયું હતું. એક પિતાતુલ્ય, માતાતુલ્ય, ગુરુતુલ્ય એમનું નિર્દોષ હાસ્ય હતું. એમની આંખમાંથી વરસતો પ્રેમ અને હાસ્ય આજે પણ અનુભવાય છે. આજથી ૨૫ વર્ષ પહેલાં સ્વામીજીના જમણા પગના અંગૂઠા ઉપર હાથ મૂકીને મારી આંખ ઉપર મૂક્યા એ વખતે મને જે વાઈબ્રેશન આવ્યું તેને આજે પણ હું ભૂલી નથી શક્યો. આજે મારે કોઈપણ સંતને યાદ કરવા હોય, પ્રભુને યાદ કરવા હોય તો સૌ પ્રથમ હું તેમને ચોક્કસ યાદ કરીશ. ●



**મેડિકો સ્પિરિચ્યુઅલ કોન્ફરન્સ દ્વારા અધ્યાત્મ અને આરોગ્ય અંગે વિમર્શ**

**વિશ્વમાં હિન્દુ મંદિરોના વિરલ સર્જક પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પતો**

# મંદિર ગૌરવ દિન

તા. ૧૮-૧૨-૨૦૨૨નો દિન શતાબ્દી મહોત્સવમાં 'મંદિર ગૌરવ દિન' તરીકે ઊજવાયો. ભારતની મહાન સંસ્કૃતિનો એક અનોખો આધારસ્તંભ એટલે મંદિર. યુગોથી મંદિરો દ્વારા વહેતી સનાતન હિન્દુ ધર્મની ભાગીરથીએ આજપર્યંત વિશ્વના આ પ્રાચીનતમ ધર્મની પરંપરાને ધબકતી રાખી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે રચેલાં ઉપાસનાનાં મંદિરોની પરંપરાને વિશ્વભરમાં ફેલાવનારા પ્રમુખસ્વામી મહારાજે દેશ-વિદેશમાં ૧૨૦૦થી વધુ મંદિરો રચીને આવનારી અનેક પેઢીઓ માટે ભક્તિ અને મુક્તિનો એક શાશ્વત રાજમાર્ગ ખુલ્લો મૂક્યો છે. સંસ્કૃતિની શાશ્વત મંદિર પરંપરા અને પ્રમુખસ્વામી મહારાજના આ વિરાટ કાર્યને અંજલિ આપવા માટે આજે મંદિર ગૌરવ દિન યોજાયો હતો. યુવાનોએ 'આવો નીરખીએ મંદિર' કીર્તન તથા *'હમ સનાતની હિન્દુ હમારી મંદિર હૈ પહચાન...'* નૃત્ય પ્રસ્તુતિ દ્વારા પ્રમુખસ્વામી મહારાજના મંદિર સર્જન કાર્યની સ્મૃતિ કરાવી. 'મંદિરોના વિરલ સર્જક' વિષય પર બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંત અક્ષરવત્સલદાસ સ્વામીએ સંબોધન કર્યું. આજના દિવસે રામજન્મભૂમિ મંદિરના નિર્માણમાં મહત્ત્વનું સૂત્ર સંભાળી રહેલા સ્વામી શ્રી ગોવિંદદેવગિરિજી મહારાજ તેમજ મંદિર નિર્માણની મહાન પરંપરાને આજ સુધી જાળવી રાખનારા ભારતના પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ પ્રાંતોના વિખ્યાત સ્થપતિઓ પણ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત હતા, જેમના પ્રતિનિધિરૂપ સ્થપતિ શ્રી ચંદ્રકાંતભાઈ સોમપુરા, શ્રી બાલુભાઈ સોમપુરા, શ્રી જિતુભાઈ ત્રિવેદીનું સન્માન કરાયું હતું. આ ઉપરાંત મંદિરના વિશાળ કોન્ફરન્સ ખંડમાં મેડિકો સ્પિરિચ્યુઅલ કોન્ફરન્સ યોજાઈ હતી. તેમાં પદ્મશ્રી ડો. તેજસ પટેલ સહિત અનેક પ્રસિદ્ધ તબીબોએ વિવિધ વિષય ઉપર અનુભવનો ઉજાસ પાથર્યો હતો.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**પૂજ્ય શ્રી ગોવિંદદેવગિરિજી મહારાજ**
કોષાધ્યક્ષ, રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર,અયોધ્યા



**શ્રી રતિભાઈ પટેલ**
પ્રમુખ, વિશ્વ ઉમિયાધામ ફાઉન્ડેશન



**શ્રી યશવંત શુક્લ**
ચેરિટી કમિશનર, ગુજરાત



**શ્રી સચ્ચિદાનંદ જોશી**
મેમ્બર સેક્રેટરી, ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સ, દિલ્હી



**શ્રી શિવકુમાર સુંદરમ્**
ચેરમેન, બેનેટ કોલમેન એન્ડ કંપની BCCL (ટાઇમ્સ ગ્રૂપ)



**શ્રી ચંદ્રકાંતભાઈ સોમપુરા**
સ્થપતિ, અમદાવાદ



**શ્રી રમાકાંત પાંડાજી**
મેનેજિંગ ડિરેક્ટર, એશિયન હાર્ટ ઇન્સ્ટિ., દિલ્હી



**શ્રી ગગજીભાઈ સુતરિયા**
પ્રમુખ, સરદારધામ

## સાક્ષાત્ ભગવત્સ્વરૂપ હતા પ્રમુખસ્વામી મહારાજ

**– પૂજ્ય ગોવિંદદેવગિરિજી મહારાજ**

इस शताब्दी में यदि हमें जीवन की, राष्ट्र-उत्थान की, सनातन धर्म के संरक्षण की, मानवता के कल्याण की अद्‌भुत दिशा दिखानेवाले कोई संत हुए हैं तो वह हमारे पूज्य प्रमुखस्वामीजी महाराज हैं। वे स्वयं ही एक मंदिर थे। झांक करके देखेंगे तो उनके अंतर में विराजमान साक्षात् श्री परमात्मा का अनुभव करेंगे। वे तो भगवत्स्वरूप हो गये थे, जो दसों दिशाओं में दौड़कर लोगों का कल्याण करते रहे। उनके आशीर्वाद से यह संप्रदाय केवल संप्रदाय नहीं रहा है, यह तो संप्रदायों का नेतृत्व करनेवाला संप्रदाय हो गया है। •

## ભવ્યતાની પરિભાષાનો અનોખો મહોત્સવ

**– શ્રી ડૉ. સચ્ચિદાનંદ જોશીજી**

इस महोत्सव के बाद जब कभी भी भव्यता की परिभाषा करनी होगी, तो कहना पड़ेगा कि जैसी भव्यता प्रमुखस्वामी महाराज के जन्म शताब्दी की थी, वैसी भव्यता होनी चाहिए। यह विश्व के लिए एक बहुत बड़ा महत्त्वपूर्ण मापदंड बन गया है। प्रमुखस्वामीजी के बारे में जितना सुनते-पढ़ते हैं तब हम अपने आप को भाग्यशाली समझते हैं। क्योंकि हम इस समय में पैदा हुए हैं, जिस समय में प्रमुखस्वामीजी अवतरित हुए थे। मैं यह मानता हूँ कि हमने भी हमारे जीवनकाल में एक ऐसे अवतारी पुरुष का दर्शन किया है। •

## વિશ્વને વધારે રૂડું બનાવવાનો પુરુષાર્થ

**– શ્રી શિવકુમાર સુંદરમ્**

સમાજના કલ્યાણ માટે પ્રમુખસ્વામી મહારાજ અને બી.એ.પી.એસ.ની નિઃસ્વાર્થ સેવા અને સમર્પણને હું નમન કરું છું. આપ વિશ્વને વધારે રૂડું બનાવો છો. લોકોને સારું જીવન જીવવામાં મદદ કરવી એ વાસ્તવમાં ભગવાનની સેવા છે. સંસ્થાની દરેક પ્રવૃત્તિમાં એક જ મુખ્ય વિચાર જોવા મળે છે - માનવતાની સેવા. પ્રમુખસ્વામી મહારાજે ૧૨૦૦થી વધુ મંદિરો બનાવ્યાં છે, આ મંદિરો ઊર્જાસ્થાનો છે અને માનવ જીવનને પરિવર્તન કરવાની શક્તિ ધરાવે છે, જ્યાં હજારો લોકોએ વ્યસનમુક્ત થવાની પ્રતિજ્ઞા લીધી છે. •




## મંદિર સ્થાપત્યના ધુરંધર વિદ્વાનોની યોજાઈ આંતરરાષ્ટ્રીય પરિષદ

## ગુરુવર્યોના સંકલ્પો માટે પળ પળ સમર્પિત પ્રમુખસ્વામી મહારાજને વંદના કરતો

# ગુરુભક્તિ દિન

ગુરુ-શિષ્ય પરંપરા ભારતીય સંસ્કૃતિની શાશ્વત આધારશિલા છે. આ વેદકાલીન પરંપરાના આદર્શ અને મૂર્તિમાન ઉદાહરણ હતા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ. તેઓ અસંખ્ય ભક્તોના ગુરુ હતા, પણ પોતાના ગુરુના સર્વોત્તમ શિષ્ય હતા. ગુરુના સંકલ્પોને જીવનનું લક્ષ્ય બનાવીને જીવન સમર્પિત કરનાર પ્રમુખસ્વામી મહારાજ માટે ગુરુ અને ઈષ્ટદેવ જ જીવનનું સર્વસ્વ હતા. તેમની એ ગુરુભક્તિને અંજલિ અર્પીને તેમાંથી પ્રેરણા પ્રાપ્ત કરવા માટે આજે પંચમદિને તા. ૧૯-૧૨-૨૦૨૨ના રોજ શતાબ્દી મહોત્સવમાં 'ગુરુભક્તિ દિન' ઊજવવામાં આવ્યો હતો.

આજથી કોન્ફરન્સ ખંડમાં મંદિર સ્થાપત્ય વિષયક બે દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનો મંગલ આરંભ થયો. ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ કોન્ફરન્સમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ વિદ્વાન શ્રી ડો. જી. બી. દેગલુરકર, શ્રી ડો. સચ્ચિદાનંદ જોશી, શ્રી ડો. દિવ્યકુશ (પૂર્વ પ્રમુખ, આર્કિટેક્ટ્સ એસો. ઓફ ઈન્ડિયા), શ્રી ડો. શ્રીકૃષ્ણ જૂગનુ, પદ્મશ્રી ડો. પ્રવાકર મહારાણા (ઓડિસા), ડો. ડી.એન.વી. સ્થપતિ (આંધ્રપ્રદેશ), શ્રી યતીનભાઈ પંડ્યા, ડો. જિતેન્દ્ર શાહ, શ્રી કિરણભાઈ ત્રિવેદી વગેરે સહિત અનેક વિદ્વાનો-તજજ્ઞોએ મંદિર સ્થાપત્યનાં વિવિધ પાસાંઓ પર શોધપત્રો પ્રસ્તુત કરીને ભારતીય મંદિર પરંપરાને ઉજાગર કરી હતી અને મંદિરોના માસ્ટર બિલ્ડર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને ભાવાંજલિ અર્પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે આ પ્રસંગે ભારતીય મંદિર સ્થાપત્ય પરંપરાને આજપર્યંત જીવંત રાખનાર સોમપુરા પરિવારોને પણ બિરદાવવામાં આવ્યા હતા.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**શ્રી**
**કેશવ વર્મા**
ચેરમેન, અર્બન પ્લાનિંગ કમિટી, ભારત સરકાર



**શ્રી પંકજ ચાંદે**
સ્થાપક અને ઉપકુલપતિ, કાલિદાસ સંસ્કૃત યુનિવર્સિટી, નાગપુર



**શ્રી**
**વાય. એસ. રાજન**
પ્રસિદ્ધ વિજ્ઞાની, ઇસરો, બેંગ્લોર



**શ્રી**
**આલોક કુમાર**
પ્રમુખ, વિશ્વ હિન્દુ પરિષદ, દિલ્હી



**શ્રી અરુણ તિવારી**
પ્રખર વિજ્ઞાની અને લેખક, હૈદરાબાદ



**શ્રી**
**ગોવિંદભાઈ ધોળકિયા**
સ્થાપક, શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ, સુરત



**શ્રી**
**ગોપાલ આર્ય**
સેક્રેટરી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, નાગપુર



**શ્રી**
**અરુણ ગુજરાતી**
પૂર્વ સ્પીકર, મહારાષ્ટ્ર



**શ્રી**
**સવજીભાઈ ધોળકિયા**
સ્થાપક, હરિકૃષ્ણ એક્સપોર્ટ, સુરત

## અહીં પ્રત્યેક સર્જનમાં શ્રેષ્ઠતાનું દર્શન થાય છે...

**– શ્રી કેશવ વર્મા**

यह किस प्रकार का चमत्कार है, जो लाखों लोगों को प्रेरित करता है। यहाँ हर चीज में श्रेष्ठता का दर्शन होता है। अगर ८०,००० लोग मिलकर एक साल में ६०० एकड़ को एक सुंदर सार्वजनिक, सर्जनात्मक, सांस्कृतिक केन्द्र बना देते हैं, तो इस तरह पूरे देश का भी निर्माण हो सकता है। प्रमुखस्वामीजी सबके प्रेरणास्रोत थे, आज भी हैं। इन्होंने अपनी सर्जनात्मक आध्यात्मिकता का परिचय दिया है। संतों ने अकल्पनीय सर्जन करके कमाल का काम किया है, जिसकी प्रशंसा पूरे विश्व में होगी। •

## જેમની ભક્તિ કરુણા બનીને વહે છે...

**– શ્રી ડૉ. આલોક કુમાર**

निरंतर सेवारत प्रमुखस्वामीजी के लिए दिन और रात का कोई अंतर नहीं था। बी.ए.पी.एस. तो प्रमुखस्वामीजी एवं उन लोगों का संगठन है, जिनकी भक्ति, करुणा बनकर सारे समाज के दुःख को हर लेने के लिए आगे बढ़ता है। बी.ए.पी.एस. संस्था के द्वारा की जाती सेवा को देखकर मैं विस्मित हो गया। यह उत्कृष्टता की साधना है। यहाँ निरंतर अनुभूति होती है कि मानों कहीं प्रमुखस्वामीजी अपनी चेतना के विस्तार के रूप में, हम सब के बीच में, हमारे हृदयों में विराजमान हैं। •

## સાર્વત્રિક વાત્સલ્યની મૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ...

**– શ્રી વાય. એસ. રાજન**

પ્રમુખસ્વામી મહારાજનું વાત્સલ્ય સાર્વત્રિક હતું. ભગવાને તેમને સનાતન હિન્દુ ધર્મનો પુનરોદ્ધાર કરવા મોકલ્યા હતા. હું વિશ્વાસપૂર્વક કહું છું કે સદીના અંત સુધીમાં લગભગ ૧૦૦ ઉપરાંત દેશોમાં સ્વામિનારાયણ મંદિર અને અક્ષરધામ હશે. આજથી લગભગ ૫૦ વર્ષ પછી એટલે કે સન ૨૦૭૨ સુધીમાં ચંદ્રમા ઉપર પણ અક્ષરધામની વર્ચ્યુઅલ હાજરી હશે. મને આટલો વિશ્વાસ કેમ છે? હું પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય પ્રભાવને, આ સંસ્થાને અને ટેક્નોલોજીને સારી રીતે જાણું છું. •



## રિયલ એસ્ટેટ ડેવલપર્સ અને મંદિર સ્થાપત્ય કોન્ફરન્સમાં તજજ્ઞો-વિદ્વાનોનો વિમર્શ

## વિવિધ ધર્મોના ધર્મગુરુઓની ઉપસ્થિતિમાં ઊજવાયો સંવાદિતાનો મંત્ર ઘૂંટાવતો

# સંવાદિતા દિન

વિવિધતામાં એકતાનો સંદેશ આપનારા અને જીવનભર બીજાના હિત માટે પુરુષાર્થ કરનાર પ્રમુખસ્વામી મહારાજનાં જીવન, કાર્ય અને સંદેશ માનવ માત્રની ભલાઈ માટે હતાં. સંવાદિતા અને માનવ એકતાની જ્યોત પ્રજ્વલિત કરીને સ્વામીશ્રીએ વિશ્વમાં 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના પ્રસારી છે. આજે તા. ૨૦-૧૨-૨૨ના રોજ આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિને શતાબ્દી મહોત્સવમાં પ્રમુખસ્વામી મહારાજના 'પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે ધર્મ' - સંદેશને ધ્વનિત કરતો 'સંવાદિતા દિન' ઊજવાયો હતો, જેમાં વિશ્વના બધા ધર્મો અને સર્વે માનવીઓમાં એકતાનો નાદ ગુંજ્યો હતો. બ્રહ્મવિહારીદાસ સ્વામીના સંબોધન બાદ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ અને આચાર્ય મહામંડલેશ્વર પૂજ્ય સ્વામી શ્રી અવધેશાનંદગિરિજી મહારાજની અધ્યક્ષતામાં હિન્દુ, બૌદ્ધ, જૈન, શીખ, ખ્રિસ્તી, યહૂદી, મુસ્લિમ, પારસી તેમજ થાઈલેન્ડ અને ઇન્ડોનેશિયાના ધર્મ-પ્રતિનિધિઓએ એકતાનો મંત્ર ગુંજાવ્યો હતો અને પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય વ્યક્તિત્વને બિરદાવ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજે યુનો ખાતે વિશ્વ ધર્મ સંસદમાં પણ ગુંજાવેલા એકતાના મંત્રનું સૌએ પુનઃ સ્મરણ કર્યું હતું. આજે કન્ફેડરેશન ઓફ રિયલ એસ્ટેટ ડેવલપર્સ ઓફ ઇન્ડિયા (CREDAI) દ્વારા કોન્ફરન્સ ખંડમાં CREDAIના પ્રેસિડેન્ટ શ્રી હેમંતભાઈ પટેલ અને પ્રસિદ્ધ બિલ્ડરો શ્રી રજની અજમેરા, શ્રી રાહુલ પટેલ સહિતના તજજ્ઞોએ અહીં સંતોનાં આધ્યાત્મિક સંબોધનો બાદ વિવિધ વિષયક ચર્ચા-વિમર્શ કર્યાં હતાં. આજે દ્વિતીય કોન્ફરન્સ ખંડમાં મંદિર સ્થાપત્ય કોન્ફરન્સનો બીજો દિવસ પણ વિદ્વાનોની ચર્ચાથી ગુંજતો રહ્યો હતો, જેમાં ભારત ઉપરાંત, કેમ્બ્રિજ, હાર્વર્ડ, ઓક્સફર્ડ, કોલંબિયા વગેરે પ્રસિદ્ધ યુનિવર્સિટીઓના વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**આચાર્ય મ.મં પૂજ્ય સ્વામીશ્રી અવધેશાનંદજી મહારાજ**
જૂના અખાડા, હરિદ્વાર



**પૂજ્ય સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજી**
મહામંત્રી, હિન્દુ ધર્મ આચાર્યસભા



**પૂજ્ય શ્રી ઉદયસિંહજી મહારાજ**
ધર્મગુરુ, નામધારી શીખ સંપ્રદાય, પંજાબ



**પૂજ્ય આચાર્યશ્રી લોકેશમુનિજી મહારાજ**
અહિંસા વિશ્વ-ભારતી, દિલ્હી



**પૂજ્ય ગુરુદેવશ્રી નમ્રમુનિજી મહારાજ**
જૈનાચાર્ય, પારસધામ, મુંબઈ



**શ્રી રબાઇ એઝેકીલ ઇસાક માલેકર**
યહૂદી ધર્મગુરુ, નવી દિલ્હી



**શ્રી સાદીકલ ભાઈસાહેબ જમાલુદ્દીન**
ધર્મગુરુ, દાઉદી બોહરા સમુદાય, મુંબઈ



**શ્રી આર્કબિશપ થોમસ મેકવાન**
ખ્રિસ્તી ધર્મગુરુ, ગાંધીનગર



**શ્રી અગસ ઇન્દ્ર ઉદયન**
સંસ્થાપક, આશ્રમ ગાંધી પુરી, બાલી, ઇન્ડોનેશિયા



**શ્રી ભિખ્ખુ સંઘસેના**
બૌદ્ધ ધર્મગુરુ, લેહ-લડાખ



**શ્રી અબ્દુલ રહેમાન બુ અલી**
મેનેજિંગ ડિરેક્ટર, ABR ટ્રેડિંગ, બાહરીન



**શ્રી બાવા જૈન**
સેક્રેટરી જનરલ, વર્લ્ડ કાઉન્સિલ ઓફ રિલિજિયસ લીડર્સ, યુ.એસ.

## સાક્ષાત્ ભગવત્સ્વરૂપ હતા પ્રમુખસ્વામી મહારાજ

**– પૂજ્ય અવધેશાનંદજી મહારાજ**

हमारी की मृत्युंजयी संस्कृति का पोषण, संवर्धन पूज्य प्रमुखस्वामीजी महाराज के द्वारा विश्वव्यापी हुआ है। उनकी पारमार्थिक प्रवृत्तियों के द्वारा, उनके अद्‌भुत चरित्र के द्वारा, दिव्य चिंतन और उनके अलौकिक आचरण के द्वारा एक विश्वव्यापी पारमार्थिक संदेश मिला।

प्रमुखस्वामीजी महाराज ने एक एक मानवशिल्प तैयार करके एक आधारभूत अनुशासन, एक विलक्षण संगठन दिया है जो कलियुग की शक्ति भी है। वो एक विरल महापुरुष थे।

प्रमुखस्वामीजी के भीतर कोई संकीर्णता नहीं थी। पूज्य प्रमुखस्वामी महाराज ने प्रेम का धर्म सिखाया, नि:स्वार्थ सेवा का धर्म सिखाया। वे एक जागरूक पुरुष, चैतन्य पुरुष थे। उनमें भगवान स्वामिनारायण की दिव्य विभूतियाँ, ईश्वरीय विभूतियाँ आविर्भूत हुईं। •

## સાક્ષાત્ પ્રેમમૂર્તિ હતા પ્રમુખસ્વામી મહારાજ

**– પૂજ્ય સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી**

जिस प्रकार से प्रमुखस्वामी महाराज ने समाज के सभी लोगों को जोड़ा है, उसके लिए सिर्फ और सिर्फ एक ही चीज हम कहेंगे, वो प्रेममूर्ति थे। इसलिए 'World Harmony Day' को 'विश्व प्रमुखस्वामी महाराज दिन' ही कहना चाहिए। स्वयंसेवकों का इतना समर्पण हमने कहीं नहीं देखा! पैसे देना सरल बात है, लेकिन यह

परिवर्तन परम पूज्य प्रमुखस्वामीजी ला पाए, इसलिए उनको संवादिता के, solidarity के मूर्त स्वरूप हम कह सकते हैं। प्रमुखस्वामी महाराज स्वयं शांति की प्रतिमूर्ति ही थे। उनके जीवन में सबके प्रति सम्मान, सबके प्रति प्रेम और सब का समावेश था।●

## પ્રમુખસ્વામી મહારાજમાં ધર્મની તમામ બાબતો હતી

**– પૂજ્ય શ્રી ઉદયસિંહજી મહારાજ**

प्रमुखस्वामीजी ने सिखाया है कि हमारे संप्रदाय अलग-अलग हो सकते हैं, लेकिन हमारा धर्म एक ही है। मैंने देखा कि स्वामीजी ने कैसे-कैसे गाँवों में जाकर सेवा की है! कोई दुखिया हुआ, तो उसकी बात सुनी, उसके पास पहुँचे, उसे हर तरह की मदद की, उसको आशीर्वाद दिया। यही सच्चा धर्म है।

धर्म में दया होनी चाहिए। धर्म में निर्मानिता होनी चाहिए। सहनशीलता होनी चाहिए। अपना हक छोड़कर किसी का हक देने की क्षमता होनी चाहिए। यह सबकुछ प्रमुखस्वामीजी के जीवन में था। ●

## સમન્વયના કીર્તિસ્તંભ હતા પ્રમુખસ્વામીજી

**– પૂજ્ય આચાર્યશ્રી લોકેશમુનિજી**

पूज्य प्रमुखस्वामीजी महाराज अध्यात्म संस्कृति के महान सूर्य थे। ऐसे महापुरुष सहस्राब्दियों में कभी-कभार जन्म लेते हैं।

प्रमुखस्वामीजी महाराज हमारी महान बहुलतावादी संस्कृति के एक प्रतीक पुरुष थे। वो विभिन्न धर्मों के बीच एक समन्वय सेतु का काम करते थे। समन्वय के कीर्तिस्तंभ थे वो। सरकार करोडों-अरबों रुपए खर्च करके जो काम नहीं कर सकती, वो काम प्रमुखस्वामीजी महाराज ने किया है। इसलिए वे सच्चे मायनों के अंदर न केवल भारत रत्न, बल्कि उनके चरणों में नोबेल प्राइस भी अगर न्योछावर हो, तो वह प्राइस स्वयं सम्मानित हो जाएगा। ●

## આજેય અનુભવાય છે પ્રમુખસ્વામીજીની કૃપા

**– પૂજ્ય શ્રી નમ્રમુનિજી મહારાજ**

એક ગુરુ કેવું સર્જન કરી શકે તે અહીં બેઠેલા અનેકાનેક સંતોને જ્યારે નિહાળું છું ત્યારે સમજાય છે. પ્રમુખસ્વામી મહારાજે અનેકોની અંદર સદ્‌ગુણ, સેવા, સ્નેહ, આદર, વાત્સલ્ય અને વિનયનું સર્જન કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજે સિંચેલો વારસો દરેક સંતમાં વ્યક્ત થાય છે. બી.એ.પી.એસ.ની એકતા, સંતોની કાર્યક્ષમતા બતાવે છે કે પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય કૃપા આજ, અત્યારે અને ક્ષણે ક્ષણે આપણે સૌ અનુભવી રહ્યા છીએ. ●

## આવો નજારો ક્યાંય નીરખવા નહીં મળે

**– શ્રી રબાઇ એઝેકીલ ઇસાક માલેકર**

દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણ અદા કરવાનું હોય છે, પરંતુ પ્રમુખસ્વામી મહારાજે બતાવ્યું છે - માનવતાનું ઋણ. તેમણે પોતાનું સમગ્ર જીવન માનવતા માટે સમર્પિત કર્યું છે. તેમણે બીજાની પીડા જાણી હતી એનો અનુભવ આજે હું અહીં કરી રહ્યો છું. તેઓની આધ્યાત્મિક શક્તિના પ્રતાપે આજે આપણે આ સ્વર્ગ સમાન પ્રમુખસ્વામી મહારાજ નગરનાં દર્શન કરીએ છીએ. મને લાગે છે કે પ્રમુખસ્વામી નગરનો નજારો સમગ્ર સૃષ્ટિ પર ક્યાંય જોવા મળશે નહીં. ●

## સૌમાં ભગવાન નીરખતા હતા પ્રમુખસ્વામી મહારાજ

**– આર્કબિશપ થોમસ મેકવાન**

પરમ તત્ત્વ સાથે નિરંતર સાંનિધ્ય માણતા અને સદા ઈશ્વરની હાજરીમાં જીવન જીવતા પ્રમુખસ્વામી મહારાજમાં પવિત્રતા પરમ સીમાએ બિરાજતી હતી. સ્વામીજીના સફળ જીવનનું રહસ્ય જ એમનામાં વસતો ઈશ્વરનો પ્રાણ હતો. લોકોને માર્ગદર્શન આપવું, સાચા જીવનની દોરવણી આપવી, લોકોને નીતિ અને પવિત્રતાના પંથે દોરવા એ તેમનું પ્રધાન સેવાકાર્ય હતું.

એક વખત પંચમહાલના મોટીબેજ ગામે આદિવાસીઓની સભામાં તેઓએ કહ્યું હતું, લોકો તમને પછાત ગણતા હશે, પરંતુ મને આપ સૌમાં ઈશ્વરનાં દર્શન થાય છે.

સર્વથી મુક્ત એવા પરમ તત્ત્વને વરેલા જીવનમુક્ત અલગારી જીવ એટલે પ્રમુખસ્વામીશ્રી. એમણે જે કાંઈ કર્યું છે, જે કાંઈ કહ્યું છે, એ પ્રમાણે આપણે જીવનમાં કરીશું તો પૃથ્વી ઉપર સાચું સ્વર્ગ ઊભું થશે.

## પ્રમુખસ્વામી મહારાજનું પ્રતિબિંબ છે અહીં...

**– સાદીકલ ભાઈસાહેબ જમાલુદ્દીન**

પ્રમુખસ્વામી મહારાજ નગર એ પ્રમુખસ્વામી મહારાજનું નિ:સ્વાર્થ,

દયાળુ, સરળ વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે. પ્રમુખસ્વામી પોતાનું સમગ્ર જીવન માનવતાના કલ્યાણની સાથે સાથે અનેકને શિક્ષણ, પ્રેરણા આપી સારા જીવન તરફ લઈ ગયા છે. 'વિવિધતામાં એકતા' એ જ આ સમગ્ર પ્રસંગનું હાર્દ છે. ●

## અહીં હૃદય પરિવર્તનનો અનુભવ થાય છે

**– શ્રી ભિખ્ખુ સંઘસેના**

આ એક એવું સ્થાન છે કે જ્યાંથી અતિશય પ્રેમ અને દયા પ્રસરી રહી છે. અહીં પ્રમુખસ્વામી મહારાજનાં જીવન અને સેવાકાર્યના થોડાક અંશો જોયા, તે ખાલી હૃદયને સ્પર્શ્યું એટલું જ નહીં, પણ તેમાંથી હૃદય પરિવર્તનનો અનુભવ થયો. પ્રમુખસ્વામી મહારાજનાં જીવન, ઉપદેશ અને સેવાકાર્ય જાણ્યાં પછી એવું લાગે છે કે ભારત વિશ્વગુરુ છે. ભારતને વિશ્વગુરુને સ્થાને રાખવા આ સ્વામિનારાયણ સંપ્રદાય મુખ્ય ભાગ ભજવે છે. ●

## જેમણે પોતાનું જીવન બીજા માટે સમર્પિત કર્યું હતું

**– શ્રી અબ્દુલ રહેમાન બુ અલી**

પ્રમુખસ્વામી મહારાજ એવા એક વિરલ સંત હતા, જેઓએ પોતાનું જીવન અન્યની સેવામાં સમર્પિત કર્યું હતું. તેઓ ખરેખર એક મહાન આધ્યાત્મિક વડા, ગુરુ, માર્ગદર્શક-પ્રેમ-સુખ-શાંતિ-સહિષ્ણુતાના ધારક તરીકે સૌનાં હૃદયમાં હંમેશાં જીવંત રહેશે. ૧૯૯૭માં જ્યારે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની નામદાર શેખ ઈસા સાથે મુલાકાત થઈ ત્યારે એમણે સ્વામીજીને વિનંતી કરી કે બહેરીનને પોતાનું ઘર બનાવે. નામદાર ખલીફાએ ચાર એકરની જમીન અર્પણ કરી બી.એ.પી.એસ. મંદિર બનાવવાનું નક્કી કરી આ વચન પાળ્યું છે. ●

## અહીં હૃદય પરિવર્તનનો અનુભવ થાય છે

**– શ્રી બાવા જૈન**

અહીં પ્રવેશ કરતાં જ તણાવયુક્ત હોઈએ તો પણ અચાનક શાંતિનો અનુભવ થાય છે. અહીં બધું જ સુસંચાલિત ચાલે છે. હું ત્રણ દિવસથી અહીં છું. એક પણ પ્રસંગ એવો નથી જોવા મળ્યો કે જેમાં વિસંગતતા હોય, કાંઈ ફરિયાદ હોય. અહીં લાખો લોકો આવે છે. બધા પેટ ભરીને જમે છે. આ મૅનેજમૅન્ટ શીખવા જેવું છે. મિલેનિયમ પીસ સમિટમાં સ્વામીબાપા યુનોમાં પધાર્યા અને યુનાઈટેડ નેશન 'પવિત્ર સ્થાન' બની ગયું. મને સ્વામીબાપાનો સંવાદિતાનો સંદેશ આજે પણ યાદ છે. આ પરાકાષ્ઠા નથી, ભવ્ય શરૂઆત છે. આ 'પવિત્ર સ્થાન' પર સર્વેને પ્રેરણા મળી કે આપણામાંથી એક એક વ્યક્તિ પૃથ્વી પર શાંતિ ને સંવાદિતા લાવવા રાજદૂત બનશે. ●



મહોત્સવ સ્થળના વિશાળ કોન્ફરન્સ ખંડમાં વિવિધ વિષયક વિમર્શને માણતા કોન્ફરન્સ ડેલિગેટ્સ



## દલિતોના ઉત્કર્ષ માટે સંતોના યોગદાન અંગે વિમર્શ કરતી કોન્ફરન્સ

## ભેદભાવો ભૂંસીને પછાતોના ઉત્કર્ષ માટે સમર્પિત પ્રમુખસ્વામીજીને વંદના કરતો

# સમરસતા દિન

નિ:સ્વાર્થ વાત્સલ્યના મહાસાગર સમા પ્રમુખસ્વામી મહારાજે ઊંચ-નીચના ભેદભાવોથી પર થઈને માનવમાત્ર માટે અસીમ કરુણા વહાવી હતી. સમાજે જેને સદીઓ સુધી ઉપેક્ષિત રાખ્યા છે તેવા પછાત વર્ગોનાં ઝૂંપડાંઓમાં જઈને આ યુગપુરુષે તેમના ઉત્કર્ષનાં અજવાળાં વિસ્તાર્યાં છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આદરેલી અંત્યોદયની જ્યોતને તેમણે ખરા અર્થમાં ધારણ કરી હતી. એટલે જ તા. ૨૧-૧૨-૨૦૨૨નો દિન તેમના એ સમરસતા માટે સમર્પિત જીવન-કાર્ય-સંદેશને અંજલિ અર્પવા ‘સમરસતા દિન’ તરીકે યોજાયો હતો. સંધ્યા સભામાં પૂજ્ય આદર્શજીવન સ્વામીએ પ્રાસંગિક સંબોધન કર્યા બાદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક આદરણીય શ્રી મોહન ભાગવતજી, પ્રસિદ્ધ વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી દ્વારકેશલાલજી મહારાજ, સવૈયાનાથ ધર્મસ્થાન - ઝાંઝરકાના મહંત શ્રી શંભુપ્રસાદજી મહારાજ ઉપરાંત અનેકવિધ મહાનુભાવોએ પ્રમુખસ્વામી મહારાજનાં સમરસતા માટે સમર્પિત જીવનને બિરદાવ્યું હતું. આજે કોન્ફરન્સ ખંડમાં બિલાસપુર, છત્તીસગઢની ગુરુ ઘાસીદાસ રાષ્ટ્રીય યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય એકેડેમિક કોન્ફરન્સ ‘ધ રોલ એન્ડ કોન્ટ્રિબ્યુશન ઓફ સેઇન્ટ્સ ઇન ધ એમ્પાવરમેન્ટ ઓફ શિડ્યૂલ કાસ્ટ્સ’માં દેશ-વિદેશના વિદ્વાનોએ શોધપત્રો પ્રસ્તુત કરીને સંતોનાં યોગદાનોનું સ્મરણ કર્યું હતું. આજે પ્રમુખસ્વામી મહારાજ નગરમાં ગુજરાત સરકારના નવનિયુક્ત સાત મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી ઋષિકેશભાઈ પટેલ, શ્રી બળવંતસિંહ રાજપૂત, શ્રી કુંવરજીભાઈ બાવળિયા, શ્રી કુબેરસિંહ ડિંડોર, શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા વગેરેએ નગરના વિરાટ આયોજન અને પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય અનુભૂતિઓને બિરદાવી હતી.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજ**
વૈષ્ણવાચાર્ય, વડોદરા



**શ્રી બલવંતસિંહજી રાજપૂત**
કેબિનેટ મંત્રી, ઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન, ગુજરાત



**શ્રી આલોકકુમાર ચક્રવાલ**
કુલપતિશ્રી, ગુરુ ઘાસીદાસ યુનિ., છત્તીસગઢ



**પૂજ્ય મહંત શ્રી શંભુપ્રસાદજી મહારાજ,**
શ્રી સવૈયાનાથ સમાધિસ્થાન, ઝાંઝરકા



**શ્રી ડૉ. મિલિન્દ કામ્બલે**
ચેરમેન, IIM, જમ્મુ, સ્થાપક: દલિત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડ.



**શ્રી હિમાંશુભાઈ પંડ્યા**
કુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટી



**શ્રી ડૉ. વિજય પાટીલ**
પ્રમુખ, ડી. વાય. પાટીલ યુનિવર્સિટી, મુંબઈ



**શ્રી સંવેગભાઈ લાલભાઈ**
એમ.ડી., અતુલ ઉદ્યોગ, અમદાવાદ



**શ્રી જક્ષયભાઈ શાહ**
પ્રેસિડેન્ટ, ક્રેડાઈ, અમદાવાદ

## સૌના અંતરનું જાણતા હતા પ્રમુખસ્વામી મહારાજ...

**– આદરણીય શ્રી મોહનજી ભાગવત**

अद्भुत, अलौकिक, अविस्मरणीय – इन तीन शब्दों में इस समारोह का सटीक वर्णन आता है। प्रमुखस्वामी महाराजजी के मन में कोई भेदभाव नहीं था। उनकी आँखों में से सहज अपनापन प्रकट होता है। ये अंदर की निर्मलता का, अंदर की अहंकार रहितता का परिणाम है।

मुझे प्रमुखस्वामी महाराज की अनुभूति है। उनके सामने कोई भी व्यक्ति खड़ा होता था तो, उसके छोटे से गुणों को भी पहचान लेते थे और उस गुण को बढ़ानेवाली बातें करते थे। कोई दोष है तो उसको भी वह पकड़ लेते थे। लेकिन दर्शन के बाद वह दोष कब कैसे दूर हो गया यह भी उसको पता नहीं चलता था। इतना हल्के से दोषों को वे दूर कर देते थे। यह मेरा अपने बारे में प्रत्यक्ष अनुभव है।

जितने उनके संपर्क में आए हैं उन सबको लगता था कि प्रमुखस्वामीजी हमारे हैं, मेरे हैं। वो तो लाखों की भीड़ को देखते थे, लेकिन लाखों की भीड़ में प्रत्येक को देखते थे, उन लाखों को एक ही परमात्मा के पार्थिव रूप मानते होंगे, ऐसा मुझे लगता है। उनके लिए कुछ कर्तव्य बाकी नहीं था। वो पहले से कृतार्थ थे। फिर भी लोगों को सन्मार्ग गामी बनाने के लिए, लोकसंग्रह के लिए निरंतर जीवन भर उन्होंने काम किया है। इतनी बड़ी कर्मशक्ति। इतने सारे मंदिर बनाना, दिनरात परिश्रम करना। उनके लिए कुछ कर्तव्य बाकी नहीं था। वो पहले से कृतार्थ थे। फिर भी लोगों को सन्मार्ग-गामी बनाने का, लोकसंग्रह के काम करने के लिए उनका परिश्रम था। वे हर परिस्थिति में निश्चल, प्रसन्न थे। हम अगर किसी परिस्थिति से विचलित हो गए, उनके पास बैठे तो बिना कुछ पूछे, बिना कुछ उनके बताए हम स्थिर हो जाते थे, शांत हो जाते थे। उनके पास कुछ बताना नहीं पड़ता था; सब उन्हें मालूम हो जाता था। स्वयं का अंत:करण इतना निर्मल था कि सबके अंत:करण को वे देख लेते थे। हमारे जीवन में प्रमुखस्वामीजी सदा बने रहेंगे। ●






શિડ્યૂલ કાસ્ટના ઉત્કર્ષમાં સંતોના યોગદાન વિષયક આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં કુલપતિશ્રી આલોકકુમાર (છત્તીસગઢ), કુલપતિશ્રી હિમાંશુભાઈ પંડ્યા (અમદાવાદ) તથા સંતો-મહાનુભાવો

## એ વચન આજેય હૃદય પર અંકિત થાય છે...

**– પૂજ્ય દ્વારકેશલાલજી મહારાજ**

इस महामहोत्सव ने हम सभी के हृदय में पूज्य श्री प्रमुखस्वामी महाराज को जीवंत कर दिया है। आनेवाले कई युगों तक संसार उन्हें याद करता रहेगा। संसार के प्रत्येक मानवी को उत्कृष्ट जीवन देने के लिए, सनातन धर्म के लिए उन्होंने अपना पूरा जीवन अर्पण कर दिया था। प्रमुख शब्द में प्रथम अक्षर 'प्र' प्रेम है। प्रमुख शब्द में दूसरा अक्षर 'मु' मुक्ति वाचक है। और 'ख' शब्द प्रत्येक अनुयायी को खुमारी से भर देनेवाला है। कुछ वर्ष पूर्व उन्होंने मुझे जो शब्द कहे थे, वो आज भी मेरे हृदयपटल पर अंकित हैं। તેમણે કહ્યું હતું કે આપના જેવી ઉંમરમાં આ દેશના યુવકો ધર્મપ્રચાર માટે જો કમર કસીને નીકળે, તો આ દેશમાં પાછો સુવર્ણ યુગ આવવામાં વાર નહીં લાગે. आज जब अनेक युवकों को इस संप्रदाय के माध्यम से हिंदू सनातन धर्म की ध्वजा को फहराते हुए मैं देखता हूँ, तो वे वचन मेरे हृदयपटल पर पुनः अंकित होते हैं। •

## ભરોસો રાખજો, આપણે સૌ એક છીએ...

**– મહંત શ્રી શંભુપ્રસાદજી મહારાજ**

પ્રમુખસ્વામી મહારાજ ઝાંઝરકા પધાર્યા હતા ત્યારે મારા પૂજ્ય પિતા અને મારા ગુરુ બલદેવનાથજીએ સ્વામીશ્રીનું હર્ષિત હૃદયે સ્વાગત કર્યું. ત્યારે સ્વામીજીએ બલદેવ બાપુને હૃદયે લગાવીને કહ્યું: 'ભરોસો રાખજો, આપણે સૌ એક છીએ.' સ્વામીશ્રીએ નાના મોટા સૌને સાથે રાખીને, સમાનભાવે એમનાં જીવન આચરણ થકી આ સમગ્ર સંસારને સમરસતાનો સંદેશો આપ્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે જે આચરણથી સંદેશો આપ્યો છે એને આજે આટલાં વર્ષો પછી પણ ચરિતાર્થ કરવાનો એક સુંદર પ્રયાસ કર્યો છે. •

(અનુસંધાન પૃ. ૧૧૧ પરથી)

(અનુસંધાન પૃ. ૧૧૧ પરથી)

મહોત્સવને જાય છે. મને એવું લાગી રહ્યું છે કે વિશ્વનો આ સૌથી મોટો સમારોહ થઈ રહ્યો છે.
સનાતન ધર્મના પ્રચાર-પ્રસાર માટે ભગવાન પ્રમુખસ્વામી મહારાજ રૂપે આવ્યા હતા. ●

## પ્રમુખસ્વામીજી ત્યાગ અને વિનમ્રતાની પ્રતિકૃતિ હતા

**– પૂજ્ય શ્રી જ્ઞાની રણજિતસિંઘજી**

प्रमुखस्वामी महाराजजी के दर्शन करने का सौभाग्य अनेक बार प्राप्त हुआ है। प्रमुखस्वामी महाराजजी सिमरन की, नम्रता की और त्याग की मूरत थे। प्रमुखस्वामीजी ने जो परोपकार किए हैं, जो कल्याण-कार्य किए हैं, समाज का दु:ख मिटाने के लिए उन्होंने जो कार्य किए हैं, वे अपने आप में बेजोड़ हैं।
मैंने बड़े बड़े संमेलन देखे हैं, उसमें लोग आते हैं, गंदगी डाल के चले जाते हैं। कोई मेसेज नहीं मिलता। मैं आज बहुत प्रसन्न हुआ कि इतने बड़े प्रमुखस्वामीजी नगर में सुविधा, सवलत के साथ सिखने के लिए बहुत कुछ हैं। हम खुशकिस्मत है कि परमात्मा ने हमको प्रमुखस्वामी जैसे संत दिए। हम उनके प्रवचनों से, उनके परोपकारों से, अपने जीवन को सुख और समृद्धि से भरें। ●

## અહીં આનંદનાં આંસુ મારી આંખોથી વહી ગયાં

**– પૂજ્ય શ્રી દત્તાત્રેય હોસબલે**

लाखों लोग इस पावन नगरी में आकर अपने जीवन को कृतार्थ करते हैं, शांति प्राप्त करते हैं, आनंद लेते हैं। धर्म के मार्ग पर चलने के लिए संकल्प जाग्रत हो जाता है। यही परम पवित्र मानव सेवा है। प्रमुखस्वामी महाराजजी ने विश्व भर मे लाखों लाखों लोगों में इस आध्यात्मिक संतोष को, आनंद को उजागर किया। लोगों को पवित्रता के पथ पर चलने कि प्रेरणा दी। इसीलिए विश्वभर में प्रमुखस्वामी महाराज से प्रेरणा लिए करोडों लोग उनका स्मरण करते हैं। धर्म चार बातों मे है – सत्य, शुचिता, करुणा और तपस्या। प्रमुखस्वामी महाराज इन चारों आयामो में धर्म को हर दिन, हर क्षण, हर पल प्रकट किया। उनके जीवन के इतने प्रसंग हमने अभी यहाँ देखे। देखते देखते आखों में आनंद से, भावना से आंसू आ गए। करुणा के मूर्तिमंत रूप, धर्म के साकार मूर्ति प्रमुखस्वामी महाराजजी ने जो लोगों को सन्देश दिया है, वह जीवनभर चलाने का विषय है। उनके स्मरण मात्र से ही हमारा जीवन पावन होता है। ●

## પ્રમુખસ્વામી મહારાજ એટલે શતાબ્દી પુરુષ

**– પૂજ્ય શ્રી ચિદાનંદ સરસ્વતીજી**

मैं जब पहली बार 1980 में परम आदरणीय पूज्यपाद प्रमुखस्वामीजी महाराज से मिला था तब उनकी विनम्रता, उनकी सादगी, उनकी सात्त्विकता, सरलता, सजगता सबने मुझको छू लिया था। मैंने बहुत पहले एक उत्सव में कहा था कि He is the Saint of the Century ये शताब्दी महापुरुष हैं। वे सबके भीतर भगवान को देखते थे। ●





**આદિવાસીઓના ઉત્કર્ષમાં સંતોના યોગદાનને બિરદાવતી એકેડેમિક કોન્ફરન્સ**

**અપાર કષ્ટો વેઠીને આદિવાસીઓના ઉત્કર્ષ માટે સમર્પિત સ્વામીશ્રીને બિરદાવતો**

# આદિવાસી ગૌરવ દિન

દાયકાઓ સુધી અપાર કષ્ટો વેઠીને, આદિવાસીઓનાં ઝૂંપડે ઝૂંપડે ઘૂમીને, તેમના પર વાત્સલ્ય વરસાવીને, તેમનો સર્વાંગી ઉત્કર્ષ કરનાર પ્રમુખસ્વામી મહારાજના વિરાટ આદિવાસી-સેવાકાર્યને અંજલિ આપવા આજે તા. ૨૨-૧૨-૨૦૨૨ના રોજ આદિવાસી ગૌરવ દિન ઊજવવામાં આવ્યો હતો. સંધ્યા સભામાં જુદા જુદા પ્રાંતોના આદિવાસી ભાઈઓએ પ્રાદેશિક શૈલીમાં *'મારા ગુરુની શતાબ્દી, તેના નવખંડમાં વાજાં વાગે...'* ભક્તિપદનું ગાન અને 'ટીંમલી' નૃત્ય દ્વારા ગુરુહરિનાં ચરણોમાં ભાવવંદના કરી હતી. પ્રમુખસ્વામી મહારાજે વનવાસીઓ પર વરસાવેલી સ્નેહવર્ષાને જ્ઞાનનયનદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં વર્ણવી હતી. ઓરિસ્સા અને પૂર્વ ભારતમાં આદિવાસીઓની સેવા માટે પ્રયત્નરત પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજ અને પૂજ્ય ચિત્તરંજનજી મહારાજ તેમજ આ ક્ષેત્રમાં યોગદાન આપનારા અનેકવિધ મહાનુભાવોએ પ્રમુખસ્વામી મહારાજને ભાવભીની અંજલિ અર્પી હતી.

કોન્ફરન્સ ખંડમાં આજે આદિવાસીઓના ઉત્કર્ષ માટે પ્રમુખસ્વામી મહારાજ અને સંતોના આ યોગદાનને બિરદાવતી આંતરરાષ્ટ્રીય એકેડેમિક કોન્ફરન્સ પણ વનવાસી કલ્યાણ આશ્રમ (મહારાષ્ટ્ર), સેન્ટર ફોર સિવિલાઇઝેશનલ સ્ટડીઝ(દિલ્હી) અને બી.એ.પી.એસ. રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ(દિલ્હી)ના સંયુક્ત ઉપક્રમે યોજાઈ હતી, જેમાં દેશ-વિદેશના વિદ્વાનોએ શોધપત્રો પ્રસ્તુત કર્યા હતા. ગુજરાત સરકારના જનજાતિ ઉત્કર્ષના મંત્રી શ્રી કુંવરજીભાઈ ડિંડોર પણ ઉપસ્થિત રહ્યા હતા. બીજા કોન્ફરન્સ ખંડમાં નેશનલ એસોસિયેશન ઓફ રિયલ્ટર્સ દ્વારા યોજાઈ હતી. તેમાં રાષ્ટ્રીય પ્રમુખ શ્રી સમીર અરોરા, ડો. રાધાકૃષ્ણન્ પિલ્લાઈ, શ્રી શિવકુમાર, શ્રી હર્ષવર્ધન જૈન વગેરે મહાનુભાવોએ સંબોધનો કર્યાં હતાં.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજ**
આધ્યાત્મિક વડા, અનંત બાલિયા ટ્રસ્ટ, ઓડિસા



**શ્રી હર્ષ ચૌહાણ**
અધ્યક્ષ, રાષ્ટ્રીય અનુસૂચિત જન-જાતિ આયોગ, નવી દિલ્હી



**શ્રી તરુણ વિજયજી**
વિખ્યાત લેખક, પૂર્વ સાંસદ, દિલ્હી



**પૂજ્ય સ્વામી ચિત્તરંજનજી મહારાજ**
શાંતિ કાલી આશ્રમ, ત્રિપુરા



**શ્રી રામચંદ્ર ખરાડીજી**
રાષ્ટ્રીય અધ્યક્ષ, વનવાસી કલ્યાણ આશ્રમ, મહારાષ્ટ્ર



**શ્રી બિધાનંદ બરકાકોટી**
એડવાઇઝર, નોર્થઈસ્ટ ટી એસોસિયેશન, આસામ



**શ્રી મંગુભાઈ પટેલ**
રાજ્યપાલ, મધ્યપ્રદેશ



**મિ. રિચાર્ડ હોક્સ**
ચીફ એક્ઝિક્યુટિવ, ધ બ્રિટિશ-એશિયન ટ્રસ્ટ, યુ.કે.



**શ્રી પ્રદીપકુમાર ખેરુકા**
ચેરમેન, બોરોસિલ રિન્યુએબલ્સ, મુંબઈ

## આદિવાસીઓની સેવા માટે સ્વામીજીને અનુસરીએ

**– શ્રી હર્ષ ચૌહાણ**

परम पूज्य प्रमुखस्वामीजी ने जनजाति समाज के लिए कितना कार्य किया है! उनसे सीखकर बहुत लोग ये करते हुए दिखते हैं। जनजाति समाज को आम समाज तक पहुंचाने के लिए प्रमुखस्वामीजी महाराज ने जो किया था उसीका अनुसरण करके हम भारत के 12 करोड़ जनजातीय समाज को फिर से अपने साथ जोड़ सकते हैं। स्वामीजी ने जिस प्रकार से अनुभूत किया था, वैसा करने का प्रयास करें तो ये जो दूरी है यह बहुत जल्दी समाप्त हो सकती है और हमारा देश भी फिर विश्वगुरु बन सकता है। ●

## ગામડાઓ, ગલીઓ સુધી સેવામાં ગયા છે સ્વામીજી

**– શ્રી રિચાર્ડ હોક્સ**

પ્રમુખસ્વામી મહારાજ બધા જ સ્તરના માનવીઓ - વિશ્વના મહાન અગ્રણીઓથી લઈને ભારતની ગલીઓ અને ગામડાઓના લોકો સુધી પહોંચ્યા છે.
બી.એ.પી.એસ.ની સેવા, વિકાસ અને વિસ્તાર અકલ્પનીય છે. યુ.કે.માં પણ બી.એ.પી.એસ.ની સેવા અદ્ભુત છે. આ વિરાટ ઉત્સવની વિશાળતા અને ૮૦,૦૦૦ સ્વયંસેવકોની સેવા ખરેખર અદ્ભુત છે. એ લોકોનો અથાગ પ્રયત્ન અને સંસ્થા દ્વારા થતાં સામાજિક કાર્યો, હૉસ્પિટલો અને શાળાઓ પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ રૂપ છે. ●

## સરળ સેવક બનીને આદિવાસીઓનો ઉદ્ધાર

**– શ્રી મંગુભાઈ પટેલ**

પ્રમુખસ્વામીજી મહારાજે જનજાતિના ઉત્કર્ષ માટે ઉદાહરણરૂપ કામો કર્યાં છે. સરળ સેવક બનીને આદિવાસી વિસ્તારમાં ગામડે-ગામડે તેઓએ આદિવાસીઓના ઉત્થાન માટે ઘણી બધી કામગીરી કરી છે. વ્યસન, અંધશ્રદ્ધા, વહેમ, કુરિવાજો છોડાવી તેઓને સુખી અને સમૃદ્ધ કર્યા છે. સ્વામીજીએ કરોડો લોકોને દુ:ખમાંથી ઉગાર્યા છે. આદિવાસી બાળકોને સંસ્કારયુક્ત શિક્ષણ આપવાનું સરાહનીય કાર્ય બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા થયું છે. તેમનું જીવન આ પૃથ્વી ઉપર આધ્યાત્મિક જગતનો એક મહાન અધ્યાય બની ગયો છે. ●




### મૂલ્યો આધારિત મેનેજમેન્ટ વિષયક કોન્ફરન્સ

### અધ્યાત્મ અને આરોગ્યની પ્રેરણા આપનારા પ્રમુખસ્વામી મહારાજને બિરદાવતો

# અધ્યાત્મ અને આરોગ્ય દિન

'શરીરમ્ આદ્ય ખલુ ધર્મ સાધનમ્'. શરીર આધ્યાત્મિક સાધનાનું મુખ્ય સાધન છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે એટલે જ અંતરિયાળ આદિવાસી ગામોથી લઈને મહાનગરો સુધી આરોગ્ય-સેવાઓની અવિરત શૃંખલા રચી છે. અધ્યાત્મ સાથે આરોગ્યની જુગલ સેવાઓ દ્વારા સમાજને તન-મન-આત્માના આરોગ્યની સ્વસ્થતા બક્ષનાર સેવા કરનાર પ્રમુખસ્વામી મહારાજની આ સેવાઓને બિરદાવતો દિન એટલે તા. ૨૩-૧૨-૨૦૨૨ના રોજ યોજાયેલો 'આરોગ્ય સેવા દિન.' સંધ્યાસભામાં સંગીતવૃંદે *'દરદ મિટાયા મેરા દિલ કા'* કીર્તનની પ્રસ્તુતિ કર્યા બાદ સ્વામીશ્રી દ્વારા ગતિમાન કરાયેલી આરોગ્ય સેવાઓના બૃહદ અધ્યાયની ઝાંખી કરાવતો વીડિયો સૌએ માણ્યો હતો. પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી અને પૂજ્ય ડૉક્ટર સ્વામીએ સ્વામીશ્રીની વિશાળ આરોગ્ય સેવાઓની સાથે તેમાં અધ્યાત્મનું મહત્ત્વ વર્ણવ્યું હતું. આજે સમાજના સ્વાસ્થ્યની જાળવણી માટે યોગદાન આપનારા સુપ્રસિદ્ધ તબીબો તેમજ અધ્યાત્મ દ્વારા આરોગ્યની દિશા ચીંધતા ધર્માત્માઓએ સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

આજે કોન્ફરન્સ ખંડમાં ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (FICCI) દ્વારા વેલ્યૂ બેઝ્ડ મેનેજમેન્ટ વિષય પર આયોજિત કોન્ફરન્સમાં ગુજરાતના ચૂંટેલા ૧૨૦૦થી વધુ ઉદ્યોગપતિઓ અને બિઝનેસમેન હાજર રહ્યા હતા. આ કોન્ફરન્સમાં સંસ્થાના વિદ્વાન સંતો તેમજ FICCI-ગુજરાતના ચેરમેન શ્રી રાજીવ ગાંધી, એન્ટપ્રિન્યોર ઓર્ગેનાઇઝેશન-ગુજરાતના ગ્લોબલ કમિટી મેમ્બર શ્રી ચિરંજીવ પટેલ, ભારતીય જનતા પક્ષના ફોરેન અફેર્સના સૂત્રધાર શ્રી વિજય ચૌથાઇવાલા સહિત અનેક મહાનુભાવોએ વેલ્યૂ બેઝ્ડ મેનેજમેન્ટ પર સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**પૂજ્ય ગોસ્વામી શ્રી વ્રજકુમારજી મહારાજ**
વૈષ્ણવાચાર્ય, વડોદરા



**ડૉ. અશ્વિનભાઈ મહેતા**
વિખ્યાત હૃદયરોગ નિષ્ણાત, મુંબઈ



**ડૉ. શ્રી રાજીવભાઈ મોદી**
ચેરમેન, કેડિલા ફાર્માસ્યૂટિકલ્સ, અમદાવાદ



**શ્રી બનવારીલાલજી પુરોહિત**
રાજ્યપાલશ્રી, પંજાબ



**ડૉ. તેજસભાઈ પટેલ**
વિખ્યાત હૃદયરોગ નિષ્ણાત, અમદાવાદ



**શ્રી નાસર અલી શબાન અલ અહલી**
પ્રતિષ્ઠિત બિઝનેસમેન, દુબઈ



**ડૉ. એમ. શ્રીનિવાસ**
ડિરેક્ટર, ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ (AIIMS)



**શ્રી લિએન્ડર પેસ**
વિખ્યાત ભારતીય ટેનિસ ખેલાડી, કોલકાતા



**શ્રી ગણપતભાઈ પટેલ**
પ્રતિષ્ઠિત બિઝનેસમેન, પ્રમુખ, ગણપત યુનિ., યુ.એસ.એ.

## એક મહાન દૈવી શક્તિ તેમની પાછળ હતી...

**– શ્રી બનવારીલાલ પુરોહિત**

आज का अद्‌भुत दृश्य देखकर मैं अभिभूत हो गया हूँ। प्रमुखस्वामीजी महाराज महान संत थे, जिनके नेतृत्व में पूरे विश्व में मंदिर बने हैं, यह एक साधारण संत-कार्य नहीं है। बहुत बड़ी दैविक शक्ति उसके पीछे थी, यह निश्चित है। इस परिसर के बाहर तो घोर कलयुग और परिसर के अंदर पूर्ण तरह से सतयुग विराजमान है, ऐसी ये पवित्र भूमि है। इतना शानदार, इतना बड़ा आध्यात्मिक दर्शन! मैं कल्पना ही नहीं कर सकता था। मैंने मेरी इतनी उम्र में इतना शानदार कार्यक्रम, आध्यात्मिक क्षेत्र का, कभी नहीं देखा। ●

## અનુશાસન, વ્યવસ્થાપનનું રોલમોડેલ અહીં છે...

**– પૂજ્ય શ્રી વ્રજકુમારજી મહારાજ**

श्री प्रमुखस्वामीजी महाराज ने इस पूरे विश्व के अंदर जो कर दिखाया है, वह सभी के लिए प्रेरणारूप है। उन्होंने अपनी देह को चंदन की लकड़ी के समान घिसकर प्रेम-भक्ति की सुवास को पूरे विश्व के अंदर फैलाया है। शताब्दी महोत्सव में सब जगह दिव्यता का, पवित्रता का वातावरण है। वैदिक यज्ञ भी यहाँ हो रहे हैं। सेवायज्ञ भी हो रहे हैं। असंख्य लोगों ने तन-मन-धन से दान दिया है। पूरे विश्व के धार्मिक संगठनों के लिए अनुशासन, सुव्यवस्थापन का अगर कोई Role Model है, तो वह बी.ए.पी.एस. है। ●

## સૌના માનસપટ પર એ છાપ અંકિત થઈ જાય...

**– શ્રી ડૉ. તેજસભાઈ પટેલ**

સતત ૩૫ વર્ષ સુધી પ્રમુખસ્વામી મહારાજ સાથે હું સંપર્કમાં રહ્યો અને એમની સરળતા, વિનમ્રતા વગેરે મને ખૂબ સ્પર્શી ગઈ હતી. સ્વામીશ્રીની પાસે પાંચ વર્ષના બાળક, સ્કૂલનો વિદ્યાર્થી, કૉલેજનો યુવક, ડૉક્ટર, એન્જિનિયર, ખેડૂત, બિઝનેસમેન, વડાપ્રધાન, રાષ્ટ્રપતિ કે પોપ હોય... કોઈપણ સાથે એમની ખૂબ સહજ કનેક્ટિવિટીની પરાકાષ્ઠા એ હતી કે દરેક સ્તરના વ્યક્તિના માનસપટ પર મુલાકાતની અમીટ છાપ અંકિત થઈ જ જાય. એમનો કેટલો ઊંડો પ્રભાવ ભક્તો પર છે, એનો અંદાજ લગાવી શકવો અશક્ય છે. ●



## નિયમયુક્ત જીવનની પ્રેરણા આપતી ન્યાયતંત્રના વિદ્વાનોની કોન્ફરન્સ

### અસંખ્ય લોકોના જીવનપરિવર્તનનો યજ્ઞ કરનાર પ્રમુખસ્વામીજીને વંદના કરતો

# જીવનપરિવર્તન દિન

આજથી બસ્સો વર્ષ પૂર્વે વ્યસનમુક્તિ અને સદાચારની જ્યોત લઈને ગુજરાતમાં જીવનપરિવર્તનનાં અજવાળાં ફેલાવનાર ભગવાન શ્રી સ્વામિનારાયણના એ સંદેશને પ્રમુખસ્વામી મહારાજે પોતાના પ્રચંડ પુરુષાર્થથી અનેકશઃ વિસ્તાર્યો હતો. ગામડે ગામડે ઘૂમીને પ્રમુખસ્વામી મહારાજે હિંસક મનોવૃત્તિ ધરાવતા ખૂંખાર લોકોથી લઈને અનેક દુરાચારોમાં ચકચૂર લોકોના પ્રેમથી જીવનપરિવર્તન કર્યાં હતાં. સ્વામીશ્રીના આ પુરુષાર્થથી કેટલાંય પરિવારો, સમાજો અને ક્ષેત્રોમાં શાંતિ પ્રસરી હતી. આ ઉપરાંત ૪૦ લાખ કરતાં વધુ લોકોને વ્યસનમુક્ત કરી નવજીવન આપનાર પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પવા તા. ૨૪-૧૨-૨૦૨૨ના રોજ 'વ્યસનમુક્તિ અને જીવન પરિવર્તન દિન' યોજવામાં આવ્યો હતો. વિવિધ પ્રેરણાત્મક કાર્યક્રમોની સાથે અનિર્દેશદાસ સ્વામીએ 'વ્યસનમુક્તિના વિશ્વદૂત પ્રમુખસ્વામી મહારાજ' વિષયક પ્રવચનનો લાભ આપ્યો હતો. મંચસ્થ મહાનુભાવોએ વ્યસનમુક્તિ આંદોલનોના પ્રહરી પ્રમુખસ્વામી મહારાજને વાક્અંજલિ અર્પતાં તેમના ભગીરથ કાર્યને બિરદાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે વિશાળ પ્રમુખસ્વામી મહારાજ નગરમાં સતત વ્યસનમુક્તિ યજ્ઞ ચાલી રહ્યો હતો. જેમાં રોજના હજારો લોકો વ્યસનમુક્તિની પ્રેરણા પામી રહ્યા હતા.

આજે કોન્ફરન્સ ખંડમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ઉપક્રમે યોજાયેલી કોન્ફરન્સમાં ૨૦૦૦ કરતાં વધારે એડવોકેટ અને ન્યાયતંત્રના વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા. સુપ્રીમ કોર્ટના પ્રસિદ્ધ ન્યાયમૂર્તિ શ્રી એમ. આર. શાહ, ભારતના એડિશનલ સોલિસિટર જનરલ શ્રી સી. વી. રાજુ, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન શ્રી મનનકુમાર મિશ્રા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**શ્રી એમ. આર. શાહ**
ન્યાયાધીશ, સુપ્રીમ કોર્ટ, દિલ્હી



**શ્રી સતીશકુમાર પુનિયા**
પ્રદેશ પ્રમુખ, ભારતીય જનતા પાર્ટી, રાજસ્થાન



**શ્રી મનનકુમાર મિશ્રા**
ચેરમેન, બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા, દિલ્હી



**શ્રી મહેશભાઈ દેસાઈ**
ચેરમેન, એન્જી-નિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (EEPC), હૈદરાબાદ



**શ્રી આશિષભાઈ ધકાણ**
સી.ઈ.ઓ., પ્રામા હાઈકવિઝન ઇન્ડિયા પ્રા. લિ., મુંબઈ



**શ્રી મેહુલભાઈ પટેલ**
પ્રેસિડેન્ટ, આઈ.આર.બી. ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપર્સ લિ., મુંબઈ



**શ્રી કમલભાઈ ત્રિવેદી**
એડવોકેટ જનરલ ઓફ ગુજરાત



**શ્રી ડૉ. પંકજભાઈ શાહ**
પૂર્વ ડિરેક્ટર, ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ

## અહીં આધ્યાત્મિક ઊર્જા અનુભવાય છે...

**– શ્રી સતીશકુમાર પુનિયા**

पूज्य प्रमुखस्वामीजी ने पूरी दुनिया में धर्म-जागरण की ज्योति जगाई है – भले ही वो मंदिर-निर्माण के रूप में हो, बच्चों में संस्कार-निर्माण के रूप में हो। मैं आज इस पावन परिसर में केवल मन-शरीर में इस धार्मिक और आध्यात्मिक ऊर्जा का स्पंदन महसूस करता हूँ। इस संप्रदाय ने पूरे देश और दुनिया में जिस तरीके से धर्म का, संस्कार का, अध्यात्म का और चेतना के संस्कार का जो निर्माण किया, वह अद्भुत है! यदि शताब्दी में संकल्प कर के हम काम करेंगे तो निश्चित रूप से इस वसुधैवकुटुंबकम् की भावना पूरे भारत में आएगी। •

## સ્વામીજીના વ્યસનમુક્તિ આંદોલનનો હું સાક્ષી છું

**– શ્રી ડૉ. પંકજભાઈ શાહ**

છેલ્લાં ૩૦ વર્ષથી હું પ્રમુખસ્વામી મહારાજે કરેલા વ્યસનમુક્તિ આંદોલનનો સાક્ષી અને સહભાગી છું. પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનાં આશીર્વાદ અને પ્રેરણાથી બાળકોએ વ્યસનમુક્તિનું આંદોલન જગાવ્યું અને આખા રાજ્યમાં તેઓ ફરી વળ્યા. વ્યસનમુક્તિનું આ એક સુંદર ઉદાહરણ હતું. જેલમાં જઈને પણ આ બાળકોએ વ્યસનમુક્તિનો સંદેશ પહોંચાડ્યો. અહીં બાળકો બાળનગરીનું સંચાલન કરે છે, સાથે સાથે તેઓ દ્વારા સંસ્કારોનું સિંચન થઈ રહ્યું છે તે અદ્‌ભુત છે. •

## પ્રમુખસ્વામીજીનું પ્રેરણાસભર જીવન

**– શ્રી એમ. આર. શાહ**

પ્રમુખસ્વામી મહારાજને ૨૦૦૪માં મળતાં લાગ્યું કે આપણે તેઓની જેમ અનુશાસનપૂર્વક જીવવું જોઈએ, આપણે તેમના પગલે ચાલી શિસ્ત, સેવા અને ઉદારતાના ગુણો કેળવવા જોઈએ.

પ્રમુખસ્વામી મહારાજે શિક્ષાપત્રીના નિયમો સમજાવ્યા અને લાગ્યું કે શિક્ષાપત્રી આપણા જીવનનું બંધારણ છે. આ રીતે જીવન જીવીશું તો ચોક્કસ આપણે આદર્શ નાગરિક, આદર્શ માનવી બની શકીશું એ નિશ્ચિત છે. •



## આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની મહાન સંત-પરંપરાનું ગૌરવ વધારનાર પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિમાં યોજાયું

# રાષ્ટ્રીય સંત-સંમેલન

ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ તરીકે સંતોની મહાન પરંપરાનું યોગદાન અનન્ય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ ૩૦૦૦થી વધુ સંતોની ભેટ આપીને લાખો લોકોના જીવનમાં અને સમાજમાં નૈતિકતા, આધ્યાત્મિકતાની સુવાસ પ્રસરાવી હતી. એ પરંપરાના ગૌરવને વિશ્વસ્તરે લઈ જનાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પવા તા. ૨૫-૧૨-૨૦૨૨ના રોજ રાષ્ટ્રીય સંત-સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં જમ્મુ-કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી અને પૂર્વમાં ત્રિપુરાથી લઈને દ્વારિકા સુધીના સંતો-મહંતોના પ્રતિનિધિરૂપ ૨૫૦ કરતાં વધુ સંતો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી દ્વારિકા પીઠના જગદ્‌ગુરુ શંકરાચાર્ય પૂજ્ય શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની અધ્યક્ષતામાં યોજાયેલા આ સંમેલનના ઉપક્રમે પધારેલા સર્વે સંતોનું સ્વાગત સંતદ્વાર પાસે વૈદિક મંત્રોચ્ચાર, શાંતિપાઠ અને પુષ્પમાળા સાથે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નગરના રાજમાર્ગ ઉપર સર્વે સંતોની વાજતે ગાજતે શોભાયાત્રા યોજાઈ અને સૌ પ્રમુખસ્વામી મહારાજની મહામૂર્તિ સમક્ષ પહોંચ્યા. ત્યાં વેદોક્ત પૂજન સાથે સૌ સંતોએ પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં. અહીંથી વિશાળ કોન્ફરન્સ ખંડમાં સંત-સંમેલનમાં સૌ જોડાયા હતા. પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના સ્વાગત-આભાર પ્રવચન બાદ અગ્રણી સંત-મહાત્માઓએ પ્રમુખસ્વામી મહારાજને વાક્ પુષ્પાંજલિ અર્પી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી બી.એ.પી.એસ.ના સર્વે સંતોએ આમંત્રિત તમામ સંતો-મહંતોને સાષ્ટાંગ પ્રણિપાત કર્યા હતા. સંધ્યા સભામાં પરમાર્થ નિકેતન, ઋષિકેશના અધ્યક્ષ સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતીજી સહિત અન્ય સંતો-મહંતોએ અંજલિ અર્પી હતી.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**પૂજ્ય શ્રીમહંત રવીન્દ્રપુરીજી મહારાજ**
અધ્યક્ષ, અખિલ ભારતીય અખાડા પરિષદ, હરિદ્વાર



**જગદ્‌ગુરુ રામાનંદાચાર્ય શ્રી રામરાજેશ્વરજી મહારાજ**
રુકમણી પીઠ, કૌંડિણ્યપુર (અમરાવતી)



**જગદ્‌ગુરુ રામાનુજાચાર્ય શ્રીધરાચાર્યજી મહારાજ**
અયોધ્યા



**પૂજ્ય રામાનુજાચાર્ય લક્ષ્મીપ્રપન્ન જિયર સ્વામીજી**
બિહાર



**પૂજ્ય આચાર્ય શ્રી અવિચલદાસજી મહારાજ**
અધ્યક્ષ, અખિલ ભારત સંત સમિતિ, સારસા



**પૂજ્ય આચાર્ય શ્રી કૃષ્ણમણિજી મહારાજ**
નવતમપુરી ધામ, ખીજડા મંદિર જામનગર



**પૂજ્ય મહંત શ્રી દીલિપદાસજી મહારાજ**
જગન્નાથ મંદિર, અમદાવાદ



**પૂજ્ય શ્રી ચિદાનંદ સરસ્વતીજી મહારાજ**
ઋષિકેશ



**આચાર્ય મ.મં. સ્વામી બાલકાનંદગિરિજી મહારાજ**
આનંદપીઠાધીશ્વર, અમરાવતી



**આચાર્ય મ.મં. સ્વામી શ્રી વિશ્વાત્માનંદજી મહારાજ**
અટલ પીઠાધીશ્વર, જમ્મુ



**મ.મં. સ્વામી શ્રી હરિચેતનાનંદજી મહારાજ**
હરિદ્વાર



**મ.મં. ભગવત-સ્વરૂપદાસજી મહારાજ**
ગુરુમંડલાશ્રમ, હરિદ્વાર



**મહંતશ્રી દેવીપ્રસાદજી મહારાજ**
આણદાબાવા આશ્રમ, જામનગર



**પરમાધ્યક્ષ પૂજ્ય અસંગાનંદ સરસ્વતીજી મહારાજ**
હરિદ્વાર



**આચાર્ય પૂજ્ય શ્રી જિતેન્દ્રનાથજી મહારાજ**
શ્રી દેવનાથ મઠ પીઠાધીશ્વર, અંજનગાવ (સુર્જી)



**પૂજ્ય શ્રી ચૈતન્ય શંભુજી મહારાજ**
ઉપાધ્યક્ષ, પવિત્ર યાત્રાધામ બોર્ડ, અમદાવાદ



**મ.મં. ડૉ. સ્વામી રામેશ્વરદાસજી મહારાજ**
ઋષિકેશ



**શ્રી દત્તાત્રેય હોસબલે**
જનરલ સેક્રેટરી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ



## આવી સંત પરંપરા આપણે કરવી પડશે...

**– પૂજ્ય સ્વામી શ્રી વિશ્વાત્માનંદજી મહારાજ**

પૂજનીય પ્રમુખસ્વામી મહારાજે સંતો અને સ્વયંસેવકોના હૃદયમાં એવા સંસ્કાર સીંચીને એવો ભાવ જગાડ્યો કે તેઓ સંપૂર્ણ શ્રદ્ધાથી આ કાર્ય કરી રહ્યા છે. આ સૌના મુખારવિંદ ઉપર કોઈપણ પ્રકારની થકાવટ નથી.

આ એક એવો સંકેત છે કે આવનાર સમયમાં આપણે સૌએ આ પ્રકારની સંન્યાસી-પરંપરા તૈયાર કરવી જોઈશે.

પ્રમુખસ્વામી મહારાજે સૌ સંતોના જીવનમાં સંયમ, સેવા, સાધના અને સમર્પણનું સિંચન કર્યું છે, તેનું અહીં દર્શન થાય છે. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં આપણે સૌ ઉપસ્થિત છીએ એ આપણા માટે ગૌરવની વાત છે, આ નગરમાં આવનાર તમામ લોકો હિન્દુ સંસ્કૃતિથી વધુ સુપરિચિત થશે. •

## સ્વામીજીના કારણે સંત સમાજનું ગૌરવ વધ્યું છે...

**– પૂજ્ય શ્રી રવીન્દ્રપુરીજી મહારાજ**

પ્રમુખસ્વામી મહારાજે વિશ્વના દરેક ખૂણે હિન્દુ સંસ્કૃતિનો પ્રચાર કર્યો છે. તેમણે આજીવન પુરુષાર્થ અને પરમાર્થનું કાર્ય કર્યું હતું. પ્રમુખસ્વામી મહારાજે એટલા બધા પ્રકલ્પોનો પ્રારંભ કર્યો છે કે આપણે તેની કલ્પના પણ નહીં કરી શકીએ. આજે દેશ-પરદેશમાં ક્યાંય પણ ભગવાં કપડાંને જોઈને સૌ વંદન કરે છે તે માટે આપણે સૌ પ્રમુખસ્વામી મહારાજના આભારી છીએ, કારણ કે તેમણે સાધુ-સમાજનું ગૌરવ વધાર્યું છે. •

## સનાતન સભ્યતાનો અહીં મહાકુંભ છે...

**– જગદ્‌ગુરુ રામાનંદાચાર્ય રાજેશ્વરાચાર્યજી મહારાજ**

ભારતીય સભ્યતા અને સંસ્કૃતિનું સંવર્ધન અને વિશ્વભરમાં પ્રવર્તન કરવાનું શ્રેય એકમાત્ર આ સંપ્રદાયને જાય છે. આ સંપ્રદાય દ્વારા યુવાનોમાં યુવાશક્તિને જાગ્રત કરીને કૌટુંબિક પ્રણાલી, સામાજિક સભ્યતા અને સંસ્કૃતિને સુદૃઢ કરવાનું કાર્ય પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે. આપણી સનાતન સભ્યતાનો મહાકુંભ



આજે પ્રમુખસ્વામી મહારાજ નગરમાં આપણને જોવા મળી રહ્યો છે. •

## વૈદિક પરંપરાને ધરાધામ પર સ્થાપી છે સ્વામીજીએ

**– પૂજ્ય લક્ષ્મીપ્રપન્ન જિયર સ્વામીજી**

સાચા સંત એ પ્રભાવથી નહીં, પરંતુ સ્વભાવથી લોકોનું જીવન મંગલ બનાવે છે. એવા સાચા સંત પ્રમુખસ્વામી મહારાજે વૈદિક સંસ્કૃતિની પરંપરાને આ ધરાધામ પર સ્થાપિત કરી છે. તેમના પાવન શતાબ્દી મહોત્સવમાં આપણે સૌ ઉપસ્થિત છીએ. હું ભગવાન શ્રીમન્નારાયણને પ્રાર્થના કરું છું કે હે પ્રભુ! તમે આવા મહાપુરુષોને આ ધરાધામ પર સમયે સમયે મોકલતા રહો. અને તેમના દ્વારા સમગ્ર વિશ્વમાં મંગલકાર્ય થતાં રહે. •

## આ સદીનો સૌથી મોટામાં મોટો મહોત્સવ

**– પૂજ્ય શ્રી ચૈતન્યશંભુ મહારાજ**

મારા મતે પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ એ આ સદીનો સૌથી મોટો મહોત્સવ છે. હિન્દુ આધ્યાત્મિક ચેતનાને વિશ્વમાં સેવા, સંસ્કાર અને સહકાર વડે પ્રસ્થાપિત કરવાનું કાર્ય પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે. દેશ-વિદેશમાં કુદરતી કે માનવસર્જિત આપદામાં માનવસેવાનું કાર્ય પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજે કોઈ દિવસ કોઈની નિંદા નથી કરી, કોઈ દેવી-દેવતાઓની નિંદા નથી કરી. બધાને સાથે લઈને છેવાડાનાં ગામોમાં રહેતા આદિવાસી વિસ્તારમાં પણ સેવાકેન્દ્રો દ્વારા એક ઉત્તમ અને ભગીરથ સેવાકાર્ય પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે. એ માર્ગે આપણે ચાલીએ એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે. •

## સનાતનના પ્રચાર માટે જ તેમનો અવતાર હતો

**– મહામંડલેશ્વર સ્વામી શ્રી હરિચેતનાનંદજી મહારાજ**

ભારતમાં ચાર તીર્થોમાં કુંભ યોજાય છે – હરિદ્વાર, પ્રયાગરાજ, અવંતિકાપુરી અને નાસિકમાં. પરંતુ આજે અહીં સાબરમતીના કિનારે સંતોનો કુંભ યોજાયો છે તેનું શ્રેય પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી (અનુસંધાન પૃ. ૧૦૧ પર)




**ભગવાન શ્રી સ્વામિનારાયણે વહાવેલી સંત સાહિત્ય ગંગાને પ્રવાહિત રાખનાર પ્રમુખસ્વામી મહારાજને વંદના કરતી એકેડેમિક કોન્ફરન્સ સાથે યોજાયો**

# સ્વામિનારાયણીય સંત સાહિત્ય દિન

સંત-સાહિત્યની શતાબ્દીઓ પુરાણી યાત્રામાં સ્વામિનારાયણીય સંત-સાહિત્યનું એક આગવું સ્થાન રહ્યું છે. સાહિત્ય-સંગીત-કલાના પોષક ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સંતોને પ્રેરણા આપીને સત્ત્વશીલ ગદ્ય અને પદ્ય સાહિત્ય રચાવ્યું હતું. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી જેવા મહાન સંત કવિઓથી લઈને વર્તમાન સમય સુધી બે બે સદીઓથી સ્વામિનારાયણીય સંત સાહિત્યની ગંગા વહેતી રહી છે. એ ગંગાને સતત પ્રવાહિત રાખનાર પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ સાથે આજે તા. ૨૬-૧૨-૨૦૨૨ના રોજ સ્વામિનારાયણીય સંત-સાહિત્ય દિન યોજવામાં આવ્યો હતો.

મહોત્સવ સ્થળના કોન્ફરન્સ ખંડમાં ગુજરાત યુનિવર્સિટી અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે સ્વામિનારાયણીય સંત સાહિત્ય વિષયક એકેડેમિક કોન્ફરન્સ યોજવામાં આવી હતી. પ્રસિદ્ધ સાહિત્યકારો, સાહિત્ય વિવેચકો અને વિદ્વાનોએ વિદ્વત્તાસભર પ્રસ્તુતિઓ કરી હતી. જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત વરિષ્ઠ સાહિત્યકારશ્રી રઘુવીરભાઈ ચૌધરી, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશભાઈ જહા, હરિસિંહ ગૌર યુનિવર્સિટી - મધ્ય પ્રદેશના ચાન્સેલર શ્રી બળવંતભાઈ જાની, ગુજરાતી વિશ્વકોશના સૂત્રધાર શ્રી કુમારપાળ દેસાઈ, વરિષ્ઠ સાહિત્યકાર શ્રી માધવભાઈ રામાનુજ અને વી. એસ. ગઢવી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંધ્યા સભામાં સંસ્થાના વિદ્વાન અને વરિષ્ઠ સંતવર્ય વિવેકસાગર સ્વામીએ વિપુલ સ્વામિનારાયણીય ગદ્ય-પદ્ય સાહિત્યનો પરિચય આપીને પ્રમુખસ્વામી મહારાજના સાહિત્ય સર્જનની સેવાનું સ્મરણ કર્યું હતું. મંચસ્થ સાહિત્યકારો અને અન્ય મહાનુભાવોએ પણ પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પણ કરી હતી.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**શ્રી રાજેન્દ્રકુમાર વિશ્વનાથ આરલેકરજી**
રાજ્યપાલ, હિમાચલ પ્રદેશ



**શ્રી અશોકજી સિંઘલ**
કેન્દ્રીય રાજ્ય મંત્રી, આસામ



**શ્રી સી. આર. પાટીલ**
પ્રદેશ અધ્યક્ષ, ભારતીય જનતા પાર્ટી, ગુજરાત



**શ્રી અમરીશભાઈ પટેલ**
પ્રમુખ અને ટ્રસ્ટી, શ્રી વિલે પાર્લે કેળવણી મંડળ, મુંબઈ



**શ્રી સંજયભાઈ ગોદાવત**
સ્થાપક અને ચેરમેન, ગોદાવત ગ્રૂપ, કોલ્હાપુર, મહારાષ્ટ્ર



**શ્રી રઘુવીરભાઈ ચૌધરી**
વરિષ્ઠ સાહિત્યકાર, કવિ અને વિવેચક, અમદાવાદ



**શ્રી કુમારપાળભાઈ દેસાઈ**
પ્રસિદ્ધ લેખક, વિવેચક,સંપાદક, અનુવાદક, અમદાવાદ



**શ્રી બળવંતભાઈ જાની**
ચાન્સેલર, ડો. હરિસિંહ ગૌર વિશ્વવિદ્યાલય, સાગર, મધ્યપ્રદેશ



**શ્રી ભાગ્યેશભાઈ જહા**
અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર



**શ્રી માધવ રામાનુજ**
પ્રસિદ્ધ કવિ અને લેખક, અમદાવાદ



**શ્રી વસંતદાન ગઢવી**
સાહિત્યકાર, ગાંધીનગર

## જેમનું સમગ્ર જીવન માર્ગદર્શક બન્યું છે...

**– શ્રી રાજેન્દ્રકુમાર આરલેકરજી**

अनेक वर्षों से प्रमुखस्वामी महाराज ने जिस प्रकार से इस राष्ट्र का और समाज का मार्गदर्शन किया वो केवल अपनी भाषा से या वाणी से नहीं, बल्की उन्होंने अपने कार्यकृतार्थ से, कार्यवृत्ति से, कार्य कर्तृत्व से किया। उनका पूरा जीवन ही हमारे लिए मार्गदर्शक है। इतना बडा महान यह कार्य है, और इस कार्य को देखने के बाद कौन प्रेरित नहीं होगा! इस जन्म शताब्दी महोत्सव में उनके जीवन से हमको यह संदेश मिल रहा है कि – समाज को जागृत करके फिर से राष्ट्र निर्माण का एक प्रयास करना है। ●

## અશક્ય શક્ય થયું છે...

**– શ્રી અશોકજી સિંઘલ**

કોઈપણ અપેક્ષા વગર, કેવળ નિઃસ્વાર્થ ભાવથી, કોઈપણ પદવી કે માન મોટપ વગર અહીં સ્વયંસેવકો રાત-દિવસ સેવા કરે છે. આમ તો આ અશક્ય જ છે, પણ અહીં શક્ય થયું છે. કારણ કે અહીં ભક્તિભાવ ભળ્યો છે, નેતૃત્વની પવિત્રતા છે, ગુરુની પવિત્રતા છે. ગુરુજીમાંથી પ્રકાશ મળે છે, તેજ મળે છે, તેનાથી હજારો લોકો અહીં નિઃસ્વાર્થભાવથી કામ કરે છે. વિશ્વમાં બધે નોંધ લેવા જેવી આ વાત છે! ●

## આ નગરમાં ક્યાંય અવ્યવસ્થા નથી

**– શ્રી સી. આર. પાટીલ**

૮૦,૦૦૦થી વધુ સ્વયંસેવકો પોતાનું કામકાજ, નોકરી-ધંધો, ઘરબાર છોડીને કોઈપણ ભેદભાવ વગર, અતિ ધનાઢ્ય વ્યક્તિ કે અતિ સામાન્ય વ્યક્તિ – બધા ખભે ખભા

મિલાવીને આ કાર્યમાં જોડાયા છે. આ વ્યક્તિ વિશેષ નિર્માણનું કાર્ય પ્રમુખસ્વામી મહારાજે જીવનભર કર્યું છે. સૌથી મોટી વાત એ છે કે કોઈ જગ્યાએ અવ્યવસ્થા નથી. આ નિર્માણકાર્ય ભલે એક મહિના માટે થયું છે, તેમ છતાં પણ વર્ષો સુધી, સદીઓ સુધી તેને ટકાવી રાખવાનું હોય એ રીતનું તેનું નિર્માણ કરવામાં આવ્યું છે. •

## જેમણે અનેકની સમસ્યાઓ ઉકેલી છે...

**– શ્રી રઘુવીરભાઈ ચૌધરી**

આ નગર જોયું. અભિભૂત થઈ ગયો. આ નગરમાં મને 'સંત પરમ હિતકારી' પ્રદર્શનનો કાર્યક્રમ સારો લાગ્યો. એમાં એક અજાણ્યો માણસ સ્વામીશ્રીને પત્ર લખે છે. આ પત્ર લખનારને કેવી રીતે શોધવો? કારણ કે તેણે નામ-સરનામું નથી લખ્યું. સ્વામીશ્રીએ પોસ્ટની છાપ ઉપરથી તે વિસ્તારના સંતને જણાવ્યું અને પત્ર લખનારને છેવટે શોધી કાઢ્યો. અને આ પત્રમાં પાણીની જે સમસ્યા લખી હતી તે પણ ઉકેલી. આવી તો કેટલાય પ્રકારની સમસ્યાઓ સ્વામીશ્રી ઉકેલતા હતા. નાતજાતમાં માનતા નહોતા. આદિવાસી વિસ્તારમાં ઘણું કામ કર્યું છે અને તેમની મુલાકાત લઈને વ્યસનમુક્ત કર્યા છે. •

## સામાજિક ચૈતન્યના સંરક્ષક પ્રમુખસ્વામીજી

**– શ્રી ભાગ્યેશભાઈ જહા**

સ્વામીબાપાને જ્યારે મળીએ ત્યારે આપણને એમ થાય કે ઈશ્વરે કેટલી શક્તિ આપી છે! એમની પાસે બેસીએ એટલે એક પણ મિનિટ સ્વાર્થની કોઈ વાત નહીં. ગુજરાત અને આપણા સનાતન હિન્દુ ધર્મના સામૂહિક અને સામાજિક ચૈતન્યના તેઓ સંરક્ષક હતા. પૂજ્ય સ્વામીબાપા ઈશ્વરના પ્રેમદૂત હતા. તેમના દ્વારા અનેકને સંસ્કારો મળ્યા છે અને આજે પણ મળી રહ્યા છે. આ ભારતીય સંસ્કૃતિનું મૂળ તત્ત્વ છે. •

## પ્રમુખસ્વામીજીમાં ઈશ્વરનો અણસાર આવતો હતો

**– શ્રી માધવ રામાનુજ**

પ્રત્યેક વ્યક્તિના વ્યક્તિત્વમાં માતા-પિતાના અંશ ઊતર્યા હોય છે. પિતાજી જેવો અવાજ હોય, માતાજી જેવી આંખો હોય, ચહેરો હોય. ચહેરામાં માતા-પિતાનો અણસાર આવતો હોય. પણ પ્રમુખસ્વામીમાં ઈશ્વરનો અણસાર આવતો હતો. એમની વિચારધારામાં, એમનાં વચનોમાં, એમના કાર્યના આયોજનમાં ઈશ્વરનો અણસાર હતો. એમના સમયમાં આપણું અસ્તિત્વ એ બહુ મોટી ધન્યતાની વાત છે. •

## આ ઉત્સવ એક વિરાટ સાંસ્કૃતિક ઘટના

**– શ્રી બળવંતભાઈ જાની**

પ્રમુખસ્વામી મહારાજ એટલે આપણા સમયની વિરલ વિભૂતિ, જેમણે સહજાનંદ સ્વામીના વ્યક્તિત્વને, સહજાનંદ સ્વામીના કર્તૃત્વને અને સહજાનંદ સ્વામીની મૂલ્યવત્તાને ઉજ્જ્વળ વારસદાર તરીકે અપનાવી અને તેજસ્વી અનુસંધાન સ્વરૂપે આપણી સમક્ષ પ્રસ્તુત કરી છે. એક એવી વિરલ વિભૂતિ કે જેનામાં સહજાનંદ સ્વામીના ગુણો, સહજાનંદ સ્વામીના કર્તવ્યનો અને સહજાનંદ સ્વામીના વ્યવહાર-વર્તનનો ઊજળો વારસો નિભાવ્યો નહીં, પણ દસ ગણો કરીને આ સમયને એ વારસાનું દાન કર્યું છે. એક મહિનાનો આ ઉત્સવ રાષ્ટ્રને પરમ વૈભવના શિખરે પહોંચાડશે. આપણી અધ્યાત્મવિદ્યા કેટલી ભવ્ય છે એનો ભાવ જગાડવાનું એક મોટું પર્વ આ ઉત્સવ છે. આ કોઈ ઉત્સવ નથી, પણ આપણા સમયની એક વિરાટ સાંસ્કૃતિક ઘટના છે. •

## વૈશ્વિક માનવતાના ઉદ્ગાતા સ્વામીશ્રી

**– પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈ**

આજની આ ઘટના એ ન તો પ્રાચીન છે કે ન તો અર્વાચીન છે, એ શાશ્વત છે. કારણ કે એક વૈશ્વિક ચેતના ધરાવતા એક 'વિશ્વસંત'ની આ જન્મ શતાબ્દીની ઉજવણી છે. પ્રમુખસ્વામી મહારાજે આપણને સમજાવ્યું કે શરત વગર વહાલ કરવું. સહજ રીતે પ્રેમ કરવો.
તેઓ ગુજરાત, કોઈ સંપ્રદાય, કોઈ ધર્મના સંત નથી પણ વિશ્વની ચેતનાના સંત છે. અને એટલે જ એમને માત્ર હિન્દુ ધર્મના કે માત્ર ભારતીય સમાજના પ્રમુખ સંત નહીં કહી શકાય પણ એ 'સંસ્કૃતિના જ્યોતિર્ધર' છે અને 'વૈશ્વિક માનવતાના ઉદ્ગાતા' છે.
ક્ષમાનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ તેઓ હતા. ધર્મના વાડાને પાર કરીને પૂજ્ય સ્વામીબાપાની શતાબ્દીમાં વૈશ્વિકતા જોવા મળે છે અને સાથે દિવ્યતાની અનુભૂતિ થાય છે. •

(અનુસંધાન પૃ. ૧૧૭ પરથી)

## એમની સ્મૃતિથી દિલ મોહિત થઈ ગયું...

**– શ્રી પીયૂષ ગોયલ**

यह एक ऐतिहासिक क्षण है। इस पावन नगरी में प्रमुखस्वामी महाराज की प्रतिमा में मुझे तेज़ देखने को मिला, आँखों में प्यार और सद्भावना देखने को मिली। ऐसा लग रहा था, जैसे प्रमुखस्वामी महाराज वहाँ बैठे हुए हम सबके ऊपर आशीर्वाद की वर्षा कर रहे हैं, और वास्तव में दिल मोहित हो गया, उनकी यादों से, उनके स्मरण से। प्रमुखस्वामी महाराजजी ने विश्व शांति के लिए अपना पूरा जीवन समर्पित किया है। उन्होंने देशभक्ति में ही देवभक्ति की सीख देकर एक नई आशा की किरण भारत के लिए सबको दी है। ●

(અનુસંધાન પૃ. ૧૩૧ પરથી)

## પ્રમુખસ્વામીજીનો અનુભવ મારા માટે અવર્ણનીય છે...

**– શ્રી પ્રતાપચંદ્ર સી. રેડ્ડી**

પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દીનો ભવ્ય ઉત્સવ ખરેખર અદ્‌ભુત છે. પ્રમુખસ્વામી મહારાજ દેશ અને વિશ્વ માટે દિવ્ય આશીર્વાદરૂપ હતા. તેમણે જે રચના કરી છે તે દિવ્ય છે. તેઓ એકલા મંદિરોથી કે સાંસ્કૃતિક સંસ્થાનોથી દિવ્ય નથી, પણ તેઓ દ્વારા થયેલું માનવ-ઉત્થાનનું કાર્ય, જીવન-પરિવર્તનનું કાર્ય, સુખી અને સ્વસ્થ પરિવાર માટેનું કાર્ય ખરેખર અદ્‌ભુત છે. પૂજ્ય પ્રમુખસ્વામીજીએ મને આશીર્વાદ આપ્યા અને જે અનુભવ થયો તે વર્ણવી નથી શકતો. તેઓએ માત્ર મને જ નહીં, મારા પરિવારને પણ આશીર્વાદ આપ્યા. સાથે સાથે એપોલો હૉસ્પિટલના પરિવારોને અને બધા દર્દીઓને પણ આશીર્વાદ આપ્યા છે. એમના આશીર્વાદથી આજે એપોલો હૉસ્પિટલ સેવા આપે છે, અને આગળ પણ એમના દિવ્ય માર્ગદર્શનથી આ સેવા અવિરત ચાલુ રહેશે. પ્રમુખસ્વામીજીના આશીર્વાદે મારા હૃદયને સ્પર્શીને તેમાં એક અનોખી છબિ અંકિત કરી દીધી છે. ●

## પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દીએ તેઓના વિરલ કાર્ય સમાં બે અક્ષરધામને જોડતી 'અક્ષરધામ એક્સપ્રેસ' ટ્રેનનું નામાભિધાન કરીને ભારત સરકારે અર્પી ભાવાંજલિ...

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું એક વિરલ કાર્ય એટલે દિલ્હી અને અમદાવાદ-ગાંધીનગરમાં રચેલાં સ્વામિનારાયણ અક્ષરધામ. સ્વામીશ્રીની શતાબ્દીએ તેઓને અંજલિ આપવા માટે ભારત સરકારના રેલવે મંત્રાલયે આ બે સ્વામિનારાયણ અક્ષરધામનાં શહેરોને જોડતી ટ્રેન 'સંપર્ક ક્રાંતિ'નું નામ 'અક્ષરધામ ઍક્સપ્રેસ' આપીને પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે એક વધુ ભાવાંજલિ અર્પણ કરી છે.

તા. ૨-૧-૨૦૨૩ના રોજ અમદાવાદ ખાતે શતાબ્દી મહોત્સવમાં મહંત સ્વામી મહારાજ પાસે પધારીને માનનીય રેલવે મંત્રી શ્રી અશ્વિનીકુમાર વૈષ્ણવે આ નામકરણ મહંત સ્વામી મહારાજને અર્પણ કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે – 'प्रमुखस्वामीजी महाराज, महंत स्वामीजी महाराज ने विश्व में सेवा का एक नया तरीका निकाला है। सच्ची श्रद्धा से हजारों स्वयंसेवकों ने प्रमुखस्वामी नगर को इतना सुंदर तरीके से बनाया है वह सच्ची श्रद्धा कर्मयोग के जरिए परिभाषित है। आज के इस पवित्र अवसर पर दिल्ली और अहमदाबाद के अक्षरधाम मंदिर को जोड़ने वाली 'संपर्क क्रांति एक्सप्रेस' ट्रेन का नामकरण 'अक्षरधाम एक्सप्रेस' होगा। जो प्रमुखस्वामीजी महाराज के चरणों में हमारी एक छोटी सी सेवा–श्रद्धांजलि है।' ●





### ૧૯ દેશોના ૧૫૦ બાળ-યુવાઓની સિમ્ફની દ્વારા સંગીતમય ભજનાંજલિ

### પ્રમુખસ્વામી મહારાજના વિક્રમસર્જક વિચરણની સ્મૃતિ કરાવતો

# વિચરણ-સ્મૃતિ દિન

ઉપનિષદનો 'ચરૈવેતિ ચરૈવેતિ' મંત્ર અને 'સાધુ તો ચલતા ભલા' ઉક્તિને જીવનારા પ્રમુખસ્વામી મહારાજે ૫૧ દેશો, ૧૭,૦૦૦ ગામો-નગરો, ૨,૫૦,૦૦૦ ઘરોમાં વિક્રમસર્જક વિચરણ કરી ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક મૂલ્યોનું જનમાનસમાં સિંચન કર્યું છે. લોકકલ્યાણ અને માનવસેવા માટે અનેક કષ્ટો વેઠીને ગામડે-ગામડે વિચરતા પ્રમુખસ્વામી મહારાજે કરેલું વિચરણ એક દંતકથા સમો વાસ્તવિક ઇતિહાસ બની રહ્યો છે. તેમના આ ઐતિહાસિક વિચરણની સ્મૃતિઓ સાથે આજે તા. ૨૭-૧૨-૨૦૨૨ના રોજ વિચરણ-સ્મૃતિ દિન યોજાયો હતો. આ અભૂતપૂર્વ વિચરણના સાક્ષી વિવેકસાગરદાસ સ્વામીના સંબોધન બાદ યોગાચાર્ય પૂજ્ય સ્વામીશ્રી રામદેવજી મહારાજ, સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ શ્રી એન. વી રમન્ના, કેન્દ્રીય વાણિજ્ય મંત્રી શ્રી પીયૂષજી ગોયલ તેમજ અન્ય અનેક મહાનુભાવોએ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ભાવવંદના કરી હતી. સભાના પ્રારંભમાં બી.એ.પી.એસ. સંસ્થાના ૧૯ દેશોના ૧૫૦થી વધુ બાળકો-યુવકોએ ૩૩ જેટલાં ભારતીય વાદ્યો સાથે સંગીતમય 'સિમ્ફની' કાર્યક્રમ યોજ્યો હતો. આજ ઉપરાંત અન્ય દિવસોએ પણ આ સંગીતમય કાર્યક્રમ મંચ પરથી પ્રસ્તુત કરીને બી.એ.પી.એસ.ના આ બાળ-યુવા વૃંદે પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ભજનાંજલિ અર્પણ કરી હતી.

આજે કોન્ફરન્સ ખંડમાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ અને અમૂલના સંયુક્ત ઉપક્રમે 'ડેરી ક્ષેત્રમાં આધુનિક પ્રવાહો' વિષયક કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં એન.ડી.ડી.બી.ના ચેરમેન શ્રી મીનેશભાઈ શાહ, મંત્રીશ્રી પુરુષોત્તમભાઈ સોલંકી, નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઈન્ડિયાના પ્રેસિડેન્ટ શ્રી દિલીપભાઈ સંઘાણી સહિત અનેક મહાનુભાવો અને વિદ્વાનોએ પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**સ્વામી રામદેવજી મહારાજ**
યોગાચાર્ય, પતંજલિ આયુર્વેદ અને પતંજલિ યોગપીઠ, હરિદ્વાર



**શ્રી એન. વી. રમન્ના**
પૂર્વ ચીફ જસ્ટિસ, સુપ્રીમ કોર્ટ, ભારત



**શ્રી પીયૂષ ગોયલ**
કેન્દ્રીય મંત્રીશ્રી, ભારત



**શ્રી પ્રફુલ્લભાઈ પટેલ**
પ્રમુખ, ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF); મુંબઈ



**શ્રી નરહરિભાઈ અમીન**
પૂર્વ નાયબ મુખ્યમંત્રી, ગુજરાત; સાંસદ, રાજ્યસભા



**શ્રી આર. એસ. સોઢી**
મેનેજિંગ ડિરેક્ટર, GCMMF Ltd., (અમૂલ), આણંદ



**શ્રી બાલકૃષ્ણભાઈ શુક્લ**
પૂર્વ સાંસદ, વિધાયક અને ચીફ વ્હિપ, ભાજપ, ગુજરાત



**શ્રી વજુભાઈ વાળા**
પૂર્વ રાજ્યપાલશ્રી, કર્ણાટક



**શ્રી મીનેષભાઈ શાહ**
ચેરમેન, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, આણંદ



**શ્રી અજયભાઈ ઉમટ**
ચીફ એડિટર, નવગુજરાત સમય, અમદાવાદ



**શ્રી પ્રમોદકુમાર જોશી**
સી.ઈ.ઓ., વૈદિક બ્રોડકાસ્ટિંગ લિ. (આસ્થા ચેનલ)

## પ્રમુખસ્વામી મહારાજનો દિવ્ય પાવર...

**– સ્વામી રામદેવજી મહારાજ**

हम सब इस शताब्दी की एक बहुत बडी आध्यात्मिक क्रान्ति के साक्षी हैं। यहाँ अहमदाबाद में मैं सनातन हिंदू धर्म के एक महाकुंभ का दर्शन कर रहा हूँ। इतने बड़े मेनेजमेन्ट के पीछे किसी प्रॉफेशनल माइन्ड का नहीं, यह प्रमुखस्वामीजी महाराज का डिवाइन पावर है।

प्रमुखस्वामीजी महाराज आप्त-पुरुष, अकाम-निष्काम पुरुष, जिन्होंने वैश्विक धरातल पर सनातन का गौरव बढ़ाया है। लगभग 30 वर्ष पहले पूज्य बापा से सूरत में मैंने आशीर्वाद लिया था। एक ऐसे समर्थ गुरु के शिष्य होने का जहाँ आपको गौरव है, मुझे भी गौरव है। क्योंकि प्रमुखस्वामीजी महाराज मात्र स्वामिनारायण संप्रदाय और मात्र बी.ए.पी.एस. के नहीं, वो पूरे सनातन संस्कृति के गौरव हैं। उनके हम पर कोटि कोटि उपकार हैं। ●

## એક આર્ષદ્રષ્ટા મહાપુરુષ હતા સ્વામીજી...

**– શ્રી એન. વી. રમન્ના**

૨૨ વર્ષ પહેલાં મને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન અને આશીર્વાદનો લાભ મળ્યો હતો. પ્રમુખસ્વામી મહારાજ એક સાચા આર્ષદ્રષ્ટા મહાપુરુષ હતા. સ્નેહ સાથે એમની નિઃસ્વાર્થ સેવા અનેકને સ્પર્શી છે અને અનેકનાં જીવન પરિવર્તન થયાં છે. આપણે પ્રમુખસ્વામીજીમાંથી પ્રેરણા લઈ, સાથે રહી એકબીજાને સહાયરૂપ થઈએ અને આનંદથી જીવન જીવીને સમાજનું સારું કરીએ - એ એમને આપણી સાચી અંજલિ છે. ●

(અનુસંધાન પૃ. ૧૧૫ પર)



## પ્રમુખસ્વામી મહારાજના અહોરાત્ર સેવામય જીવનની સ્મૃતિ

## અને ભેદભાવ વિના માનવમાત્રની સેવાની પ્રેરણા આપતો

# સેવા દિન

આજથી ૨૦૦ વર્ષ પહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રગટાવેલી સેવાની જ્યોતનાં અજવાળાં મહાન સંતવિભૂતિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે વિશ્વને ખૂણેખૂણે વિસ્તાર્યાં છે. સ્વામીશ્રીના અહોરાત્ર વિચરણની સાથે સાથે, એમણે ઉપાડેલી માનવ-ઉત્કર્ષની અસંખ્ય પ્રવૃત્તિઓ આશ્ચર્ય પમાડે તેવી છે. સ્વામીશ્રીની કરુણામય દૃષ્ટિના વ્યાપમાં દીનદુખિયાની સેવા ઉપરાંત જીવમાત્રની સેવા આવરી લેવાઈ હતી. સમાજસેવાનું એકપણ ક્ષેત્ર તેમણે વણસ્પર્શ્યું રાખ્યું નથી. દેશ-વિદેશમાં સર્જાયેલી સુનામી, દુષ્કાળ, પૂર, વાવાઝોડાં, ભૂકંપ જેવી અનેક કુદરતી આફતોમાં સેવાનો પ્રવાહ વહાવીને કરોડો અસરગ્રસ્તોને ધર્મ-જાતિ-પ્રાંત-દેશના ભેદભાવ વિના રાહત આપી છે. જળસંચય, સાક્ષરતા, કેળવણી, વ્યસનમુક્તિ જેવાં અનેક જનજાગૃતિનાં અભિયાનો દ્વારા કેટલીય સામાજિક સેવાઓમાં તેમણે અદ્વિતીય પ્રદાન આપ્યું છે. વિશ્વને નિઃસ્વાર્થ ભાવે સેવાનો રાહ ચીંધનાર યુગપુરુષ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કરેલાં સેવાકાર્યોનું જ પ્રતિબિંબ આ નગરમાં ૮૦,૦૦૦ સ્વયંસેવકોમાં સહજતાથી ઝળહળતું હતું. આજે તા. ૨૮-૧૨-૨૦૨૨ના રોજ માનવ ઉત્કર્ષના આંતરરાષ્ટ્રીય અધિવેશનની હારમાળામાં સ્વામીશ્રીએ કરેલી અનેકવિધ લોકસેવાઓની સ્મૃતિ કરાવતો ‘સેવા દિન’ યોજાયો હતો. ‘કરુણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ’ વિષયક વીડિયો પ્રસ્તુતિ બાદ વિદ્વાન સંત આદર્શજીવનદાસ સ્વામીએ તેઓનાં અદ્વિતીય સેવા-કાર્યોને વર્ણવ્યાં હતાં. આજે સ્વામીશ્રીના એ વિરાટ સેવાયજ્ઞના સાક્ષી શ્રી અફરોઝ અહેમદ, શ્રી પી. કે. લહેરી સહિત અનેક મહાનુભાવો મંચ પર ઉપસ્થિત હતા. સ્વામીશ્રીની કરુણાના સાક્ષી આ મહાનુભાવોએ સ્વામીશ્રીની વિરાટ સેવાઓની હૃદયથી સ્મૃતિ કરી હતી.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**શ્રી ડૉ. વિનય સહસ્રબુદ્ધે**
પ્રમુખ, ઇન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ, દિલ્હી



**શ્રી પ્રભુભાઈ વસાવા**
સાસંદ, બારડોલી



**શ્રી વલ્લભભાઈ સવાણી**
ડાઇરેક્ટર, પી. પી. સવાણી ગ્રૂપ, સુરત



**શ્રી ડૉ. સુધાંશુ ત્રિવેદી**
સાંસદ - રાજ્યસભા અને રાષ્ટ્રીય પ્રવક્તા, ભાજપ



**શ્રી પી. કે. લહેરી**
પૂર્વ મુખ્ય સચિવ, ગુજરાત



**શ્રી ચિન્ટુભાઈ પટેલ**
સી.ઈ.ઓ., એમનીલ ફાર્માસ્યુટિકલ્સ, યુ.એસ.એસ.



**શ્રી અફરોજ અહેમદ**
સભ્ય અને વરિષ્ઠ સલાહકાર, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ, દિલ્હી



**શ્રી અરવિંદ બબ્બલ**
ફિલ્મ દિગ્દર્શક અને પ્રોડ્યૂસર, મુંબઈ

## સાંસ્કૃતિક વિકાસનાં કેન્દ્રો બન્યાં છે મંદિર...

**– શ્રી ડૉ. વિનય સહસ્રબુદ્ધે**

बी.ए.पी.एस. नाम से पूरे विश्व के कोने-कोने में फैला हुआ यह आंदोलन सेवा, संस्कार और सामर्थ्य का एक अद्‌भुत त्रिवेणी संगम है। यहाँ मैंने सेवा में विनम्रता से जुड़े हुए कई सारे स्वयंसेवक देखें। यह तो एक अद्‌भुत संस्कार शाला है। यहाँ उत्साह के साथ-साथ अनुशासन भी है। मैं मानता हूँ कि पूरे विश्व में बी.ए.पी.एस. संस्था के जो सारे केन्द्र और मंदिर हैं वे अपने आप में सांस्कृतिक संबंधों के विकास के केंद्र बने हुए हैं। स्वाभाविक रूप में समूचे विश्व के लिए यह संस्था एक प्रेरणा का स्रोत है। ●

## જેમના આશીર્વાદથી નર્મદા યોજના...

**– શ્રી અફરોજ અહેમદ**

मुझको भारत सरकार की नर्मदा सेन्ट्रल ओथोरिटी में 30 वर्ष काम करने का मौका मिला, उसमें मेरे लिए बहुत बड़ी चुनौतियाँ थीं। लेकिन एक बार प्रमुखस्वामी महाराज से मेरी मुलाकात हुई, तबसे नर्मदा की समस्याएं उनके चरणों में रखने लगा। उसके बाद मिलने का एक सिलसिला बन गया। हर हफ्ते वो फोन करते थे, 'भैया, क्या प्रोग्रेस है ?' उनकी बातें मुझे अभी भी याद हैं। वो कहते थे कि 'सौराष्ट्र और कच्छ में जब पानी पहुँच जाएगा तो आपको बहुत आशीर्वाद मिलेगा।' माननीय सर्वोच्च न्यायालय, हाई कोर्ट, कोई भी ऐसी जगह नहीं थी, लोगों ने इसके विरोध में मुकदमे नहीं दर्ज कराए हो। लेकिन प्रमुखस्वामी महाराज के आशीर्वाद से हमने 10 महिने में लगभग 2000 केस के उकेल पाये हैं पूरे देश के लिए। ●

## સંસ્કૃતિના વૈશ્વિક પ્રભાવમાં મહત્ત્વનું યોગદાન...

**– શ્રી ડૉ. સુધાંશુ ત્રિવેદી**

प्रमुखस्वामीजी की करुणा के कईं उदाहरण यहाँ प्रस्तुत है। 21वीं सदी में भारतीय संस्कृति का प्रभाव विश्व में उभरता हुआ दिखाई देता है, जिसमें परम पूज्य स्वामीजी का अत्यंत महत्त्वपूर्ण प्रदान मैं मानता हूँ। बी.ए.पी.एस. के मंदिर लंदन से लेकर टोरन्टो तक हैं, वो किसी को प्रभाव में लेने के लिए नहीं, प्रेरणा देने के लिए प्रतिबद्ध हैं। पूज्य महंत स्वामीजी के चरणों में निवेदन कि जिस दिशा में आपकी प्रेरणा से यह संगठन बढ़ रहा है, उसी दिशा में देश उन्हीं मूल्यों के साथ आगे बढ़े। ● (અનુસંધાન પૃ. ૧૨૯ પર)



## દક્ષિણ ભારતની મહાન સંતપરંપરા દ્વારા મહંત સ્વામી મહારાજનો સત્કાર

### પ્રમુખસ્વામી મહારાજે આપેલા ઘરસભાના વિરલ મંત્રની સ્મૃતિ સાથે ઊજવાયો

# પારિવારિક એકતા દિન

વિરલ સંતવિભૂતિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે અસંખ્ય લોકોને વ્યક્તિગત મળી-મળીને ઉચ્ચ જીવનનો રાહ ચીંધ્યો છે અને તેમના પારિવારિક જીવનને સુખમય બનાવવામાં અવિસ્મરણીય યોગદાન આપ્યું છે. લાખો પધરામણીઓ, ૭,૫૦,૦૦૦થી વધારે પત્રો, અનેક ફોન-કોલ્સ તેમજ રોજેરોજની સેંકડો પ્રત્યક્ષ મુલાકાતો દ્વારા સ્વામીશ્રીએ અસંખ્ય કુટુંબોને તૂટતાં બચાવ્યાં છે. તેમાંય તેઓએ આપેલો ઘરસભાનો મંત્ર તો લાખો પરિવારો માટે પારિવારિક એકતાનું અમૃત પાનારો બની રહ્યો છે. તેના પગલે પગલે, સ્વામીશ્રીની જન્મ શતાબ્દીના ઉપક્રમે થોડા મહિના પૂર્વે મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ૧૭ રાજ્યોમાં વિરાટ પારિવારિક શાંતિ અભિયાન યોજાયું હતું, જેમાં ૭૨,૦૦૦ સ્વયંસેવકોએ કુલ ૨૪ લાખથી વધુ ઘરોમાં પારિવારિક શાંતિની પ્રેરણા આપી હતી. શતાબ્દી મહોત્સવ દરમ્યાન નગરમાં પણ 'ટૂટે હૃદય, ટૂટે ઘર' પ્રદર્શન દ્વારા હજારો લોકો ઘરસભા માટે સંકલ્પબદ્ધ થયા છે.

એટલે જ, આજે તા. ૨૯-૧૨-૨૦૨૨ના રોજ વિશિષ્ટ સભામાં 'પારિવારિક એકતા દિન' યોજાયો હતો. વિદ્વાન સંત નારાયણમુનિદાસ સ્વામીએ સ્વામીશ્રીના આ મૌલિક પ્રદાનને વર્ણવ્યા બાદ ડૉક્ટર સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજના પારિવારિક શાંતિના શાશ્વત ઉપાયને ઘરે-ઘરે વિશેષ પ્રસરાવવાનો અનુરોધ કર્યો હતો. આજે દક્ષિણ ભારતીય સંતપરંપરાના પ્રસિદ્ધ ધર્માચાર્ય જગદ્‌ગુરુ પૂજ્ય શિવરાત્રિ દેશીકેન્દ્ર મહાસ્વામીજીએ મહંત સ્વામી મહારાજનું બહુમાન કર્યું હતું. શ્રી મહેશભાઈ કસવાલા, શ્રી જયેશભાઈ રાદડિયા, શ્રી ભીખુજી પરમાર વગેરે ધારાસભ્યો અને ઉપસ્થિત અન્ય મહાનુભાવોએ પ્રાસંગિક વક્તવ્યોમાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આ વિરલ કાર્યને બિરદાવ્યું હતું.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**જગદ્‌ગુરુ પૂજ્ય શિવરાત્રિ દેશીકેન્દ્ર મહાસ્વામીજી**
પ્રમુખ, જનશિક્ષણ સંસ્થાન મહાવિદ્યાપીઠ, મૈસૂર, કર્ણાટક



**પૂજ્ય નિખિલેશ્વરાનંદ મહારાજ**
અધ્યક્ષ, રામકૃષ્ણ મિશન, રાજકોટ



**શ્રી હર્ષભાઈ સંઘવી**
ગૃહમંત્રીશ્રી, ગુજરાત



**શ્રી શક્તિસિંહજી ગોહિલ**
સાંસદ અને રાષ્ટ્રીય પ્રવક્તા, અખિલ ભારતીય કોંગ્રેસ પક્ષ



**શ્રી અમિતભાઈ ચાવડા**
ધારાસભ્ય, પૂર્વ પ્રદેશ પ્રમુખ, કોંગ્રેસ, ગાંધીનગર



**શ્રી ભીખુસિંહજી પરમાર**
રાજ્યકક્ષાના મંત્રી, ગુજરાત



**શ્રી દિલીપભાઈ જોશી**
અભિનેતા, મુંબઈ



**શ્રી તુષારભાઈ શુક્લ**
કવિ, લેખક અને ગીતકાર, અમદાવાદ



**શ્રી જયરાજભાઈ ઠાકર**
પ્રખર શિક્ષણવિદ્, NMIMS, મુંબઈ

## સ્વામીજીએ સરકાર પહેલાં પીડિતોની સેવા કરી છે...

**– પૂ. શિવરાત્રિ દેશીકેન્દ્ર સ્વામીજી**

શ્રી પ્રમુખસ્વામીજીએ વિશ્વભરમાં સંવાદિતા વિસ્તારી છે. વિશ્વભરનાં બેનમૂન કલામંડિત મંદિરો શ્રી પ્રમુખસ્વામીજીની દિવ્યતાની સાક્ષી પૂરે છે. આ મંદિરો કળા, સંસ્કૃતિ અને હિન્દુ ધર્મનાં સમયાતીત મૂલ્યોનાં પ્રતીક છે.

પ્રમુખસ્વામી મહારાજે સેવક થઈને અનેક દેશોમાં સત્સંગ વિસ્તાર્યો છે. તેઓના નેતૃત્વ હેઠળ કુદરતી આફતો દરમ્યાન બી.એ.પી.એસ. સંસ્થાએ જબરજસ્ત જવાબદારીઓ ઉઠાવી હતી. સરકાર પહેલાં તેઓ પીડિતોની મદદમાં પહોંચી જતા. તેઓની આ સેવા ઇતિહાસમાં અદ્વિતીય છે. •

## કલ્પનામાં ન આવે તેવી સેવાનું અનોખું ઉદાહરણ...

**– શ્રી ડૉ. આલોક કુમાર**

હું અહીંના મૅનેજમૅન્ટથી ખૂબ પ્રભાવિત છું. ૮૦,૦૦૦થી વધુ સ્વયંસેવકોએ દેશ-વિદેશથી આ નગરમાં આવીને નિષ્ઠાપૂર્વક સેવા કરી છે. કલ્પનામાં ન આવે એવી આ વાત છે. મૅનેજમૅન્ટના વિદ્યાર્થીઓએ સંચાલન કેવી રીતે કરવું? તેનો અહીંથી અભ્યાસ કરવો જોઈએ. સરળતા, સાદગી અને સંનિષ્ઠ વ્યવહારનું જીવંત સ્વરૂપ એટલે પ્રમુખસ્વામીજી મહારાજ. મને પૂર્ણ વિશ્વાસ છે કે અહીં જે લોકો આવશે એમના પર ઈશ્વરના, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના આશીર્વાદ વરસશે. •

## આ કાર્ય મૅનેજમૅન્ટ સ્કિલથી નહીં, શ્રદ્ધાથી થયું છે...

**– શ્રી હર્ષભાઈ સંઘવી**

અહીંની વ્યવસ્થાઓ અદ્‌ભુત છે. આ માત્ર મૅનેજમૅન્ટ સ્કિલથી થતું નથી, પણ ૧૦૦ પ્રતિશત લોકોનું ડિવોશન હોય તો જ શક્ય બને છે. દેશ-વિદેશમાં જ્યારે જ્યારે પણ કુદરતી હોનારત સર્જાઈ છે ત્યારે સૌ પ્રથમ આ સંસ્થા મદદરૂપ થઈ છે. હજારો યુવાનોમાં સંસ્કારો સિંચવાનું કાર્ય સ્વામીશ્રીએ કર્યું છે. તેમણે બાળકોમાં વ્યસનમુક્તિના સંસ્કારો સિંચ્યા, જેમણે અનેક લોકોને વ્યસન-મુક્ત કરવાનું કાર્ય કર્યું હતું. રાત-દિવસ મહેનત કરીને યુવાધનને નવી દિશા આપવાનું કામ કર્યું છે. તે સૌને વંદન કરું છું. • (અનુસંધાન પૃ. ૧૨૯ પર)



**લાખો વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્યને કંડારતા પ્રમુખસ્વામી મહારાજની**

**સંસ્કારયુક્ત શિક્ષણ સેવાઓની સ્મૃતિ કરતો**

# સંસ્કાર અને શિક્ષણ દિન

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આદેશ આપ્યો છે: 'પ્રવર્તનીયા સદ્‌વિદ્યા'. એ આદેશનું અનુસરણ કરીને લાખો વિદ્યાર્થીઓને સંસ્કાર સાથે શિક્ષણ આપતા પ્રમુખસ્વામી મહારાજની શિક્ષણ-સેવાઓની સ્મૃતિ સાથે આજે તા. ૩૦-૧૨-૨૦૨૨ના રોજ નગરના સભાગૃહમાં સંસ્કાર અને શિક્ષણ દિન ઊજવાયો હતો. આજથી દાયકાઓ પૂર્વે બી.એ.પી.એસ. સંસ્થાની સંસ્કારયુક્ત શિક્ષણ-સેવાઓનો થયેલો પ્રારંભ પ્રમુખસ્વામી મહારાજના અપાર પુરુષાર્થ અને આર્ષદૃષ્ટિથી આજે વટવૃક્ષ બની ચૂક્યો છે. બી.એ.પી.એસ.ની શિક્ષણ-સેવાઓના છત્ર તળે હજારો વિદ્યાર્થીઓ ઉજ્જ્વળ કારકિર્દી સાથે જીવન-ઘડતરની શ્રેષ્ઠ તકો પ્રાપ્ત કરી રહ્યા છે. આદિવાસી વિસ્તારોથી લઈને લંડનવાસીઓ સુધી વિસ્તરેલી શિક્ષણસેવાઓમાં શિક્ષણ અને સંસ્કારની જુગલબંધીનો રાજમાર્ગ રચાઈ ચૂક્યો છે. પ્રમુખસ્વામી મહારાજની શિક્ષણસેવાઓ પર પ્રકાશ પાથરતી આજની સભામાં જ્ઞાનવત્સલદાસ સ્વામીએ 'સંસ્કારયુક્ત શિક્ષણના યજ્ઞકર્તા પ્રમુખસ્વામી મહારાજ' વિષયક પ્રવચનનો લાભ આપ્યો હતો. સભામાં ઉપસ્થિત ઉડિસા-જગન્નાથપુરીના ગજપતિ મહારાજા દિવ્યસિંહ દેવજી અને દક્ષિણ ભારતમાં શિક્ષણ-સેવાઓનું કાર્ય કરનારા આદિચુનચુનગીરી મઠ(કર્ણાટક)ના જગદ્‌ગુરુ પૂજ્ય સ્વામીશ્રી ડૉ. નિર્મલાનંદનાથજી સાથે અન્ય શિક્ષણવિદ્ મહાનુભાવોએ ભાવાંજલિ અર્પી હતી. તેઓની સાથે શ્રી રાજેન્દ્રભાઈ પાટીલ (ચેરમેન અને ચાન્સેલર, પ્રવર ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ, મુંબઈ), શ્રી કૌશિકભાઈ પટેલ (પૂર્વમંત્રીશ્રી), શ્રી અર્જુનસિંહજી (ધારાસભ્ય), શ્રી સી. કે. રાઉલ (ધારાસભ્ય) તેમજ જાણીતા શિક્ષણવિદ્ શ્રી મોહનદાસ પાઇ વગેરેએ સ્વામીશ્રીના સંસ્કારયુક્ત શિક્ષણ-સેવાકાર્યને બિરદાવ્યું હતું.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**જગદ્‌ગુરુ પૂજ્ય સ્વામીશ્રી ડૉ. નિર્મલાનંદનાથજી**
ધર્મગુરુ, આદિચુનચુનગિરિ મઠ, કર્ણાટક



**શ્રી રમેશભાઈ ધડૂક**
સાંસદ, પોરબંદર



**શ્રી ટી. વી. મોહનદાસ પાઈ**
ચેરમેન, મનિપાલ ગ્લોબલ એજ્યુકેશન, કર્ણાટક



**શ્રી ગજપતિ મહારાજા દિવ્યસિંહ દેવજી**
અધ્યક્ષ, જગન્નાથ મંદિર પ્રબંધન સમિતિ, ઓરિસ્સા



**શ્રી ડૉ. રાજેશભાઈ ખજૂરિયા**
સ્થાપક અને નિયામક - CKSVIM બિઝનેસ સ્કૂલ, વડોદરા



**શ્રી ચંદ્રશેખરજી**
પ્રદેશ મહામંત્રી, ભાજપ, રાજસ્થાન



**શ્રી રાજેન્દ્રસિંહ ગેહલોત**
સાંસદ, રાજ્યસભા, રાજસ્થાન



**શ્રી નીલેશભાઈ દવે**
તંત્રી, મુંબઈ સમાચાર, મુંબઈ



**શ્રી નરેશભાઈ પટેલ**
ચેરમેન, શ્રી ખોડલધામ, રાજકોટ

## પ્રેમ અને દિવ્યતાના સમન્વય સમા સ્વામીશ્રી...

**– પૂજ્ય સ્વામી નિર્મલાનંદનાથજી**

નૈતિકતાયુક્ત શિક્ષણ અને શુદ્ધ જ્ઞાન માટે પૂજ્ય સ્વામીજીએ ૧૧૦૦ સંન્યાસીઓ, ૧૨૦૦થી વધુ મંદિરો અને ૫,૦૦૦ કરતાં વધારે સત્સંગ કેન્દ્રો સ્થાપ્યાં. જેના દ્વારા નવી પેઢીમાં આમૂલ પરિવર્તન થાય છે. તેઓ ગુણવત્તાયુક્ત-નૈતિકતાયુક્ત શિક્ષણ પ્રાપ્ત કરી સારા માનવ બને છે. પ્રમુખસ્વામી મહારાજનું વ્યક્તિત્વ ખૂબ પ્રભાવશાળી હતું. તેઓ પ્રેમ અને દિવ્યતાના સમન્વય હતા. આવા મહાપુરુષના શતાબ્દી મહોત્સવમાં રોમાંચિત થઈને અત્યંત આનંદની લાગણી અનુભવું છું. ●

## આ કાર્ય દિવ્ય ચેતનાથી જ સંભવિત છે...

**– શ્રી દિવ્યસિંહ દેવજી**

प्रमुखस्वामीजी महाराज के आशीर्वाद से जो शिक्षानुष्ठान बने हैं, वे आदर्श मनुष्य के निर्माण के लिए प्रयत्न कर रहे है, यह अभिनंदनीय है। कई साल पहले उडीसा में बहुत बडा चक्रवात आया था, और प्रमुखस्वामी महाराज के साथ मैं वहाँ गया था, जहाँ बड़े पैमाने पर विनाश हुआ था। स्वामीजी ने इस गाँव को सुंदर गाँव के रूप में नवप्रतिष्ठित किया। यह कार्य दिव्य चेतना से ही संभव है। स्वामिनारायण संस्था के इस कार्य को हम आगे ले चलें। समग्र विश्व में वास्तव में प्रगति और शांति का मार्ग यही है। ●

## મંદિરો દ્વારા વિશ્વશાંતિનો સંદેશ આપ્યો છે...

**– શ્રી ટી. વી. મોહનદાસ પાઈ**

પ્રમુખસ્વામીજી મહારાજે મંદિરોની રચના કરીને સમગ્ર વિશ્વના લોકોને શાંતિનો સંદેશ આપ્યો છે. આજે જ્યારે તીવ્રગતિથી પરિવર્તનો થઈ રહ્યાં છે ત્યારે શાંતિ કેવી રીતે સ્થાપવી, બીજા માટે કરુણા કેવી રીતે દાખવવી, વિશ્વને ઉમદા કેવી રીતે બનાવવું વગેરેનું દિશાદર્શન આ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા થઈ રહ્યું છે.
આ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા દેશ-વિદેશમાં બાળકોને સુશિક્ષિત અને સંસ્કારિત કરવાનું કાર્ય થઈ રહ્યું છે તે ઉમદા છે. ●



### અક્ષરપુરુષોત્તમ દર્શન વિષયક અપૂર્વ કોન્ફરન્સ
### પ્રમુખસ્વામી મહારાજને ૩૯ સંસ્થાનો દ્વારા અપાયું 'સનાતન ધર્મજ્યોતિ' બહુમાન

# દર્શનશાસ્ત્ર દિન

સંસ્કૃતિ-પુરુષ પ્રમુખસ્વામી મહારાજે સનાતન ધર્મના સ્તંભ સમાન મંદિર, સંત અને શાસ્ત્રની પરંપરાનું ગૌરવ જગતભરમાં પ્રસરાવ્યું છે. સનાતન ધર્મનાં શાસ્ત્રોના વિચાર-વિસ્તાર માટે સ્વામીશ્રીએ વિદ્વાન સંતોની એક સુદીર્ઘ શ્રેણી તૈયાર કરી છે. બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંતોને સુસજ્જ કરીને તેઓએ વિદ્વત્તાસભર વિપુલ સંસ્કૃત સાહિત્યનું સર્જન કરાવ્યું છે, જેમાં અક્ષર-પુરુષોત્તમ દર્શનનાં પ્રસ્થાનત્રયી ભાષ્યોનો પણ સમાવેશ થાય છે. સ્વામીશ્રીના આ મહાન કાર્યને અંજલિ અર્પવા માટે આજે દર્શનશાસ્ત્ર દિન ઊજવાયો હતો. આજે મંચ પર ભારતવર્ષનો મહાન વિદ્યાવૈભવ ઉપસ્થિત હતો. અનેક પ્રકાંડ વિદ્વાનો અને ભારતભરની સંસ્કૃત વિશ્વવિદ્યાલયોના કુલપતિશ્રીઓ તેમાં જોડાયા હતા. વિદ્વત્તાસભર પ્રસ્થાનત્રયી ભાષ્યો રચનાર બી.એ.પી.એસ.ના મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ 'શાસ્ત્રોના વિરલ પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ' વિષયક પ્રવચન દ્વારા પ્રમુખસ્વામી મહારાજને વંદના કરી હતી. ભારતની જ્ઞાન ગરિમા સમા આજના મહાન અવસરે ભારતવર્ષના મૂર્ધન્ય વિદ્વાનો અને કુલપતિશ્રીઓએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને 'સનાતન ધર્મજ્યોતિ'ના સન્માનથી પુરસ્કૃત કર્યા હતા. ભારતની સંસ્કૃત યુનિવર્સિટીઓ, મુખ્ય શૈક્ષણિક સંસ્થાઓ તથા મૂર્ધન્ય વિદ્વાનો, એમ કુલ મળીને ૩૯ સંસ્થાઓ દ્વારા સામૂહિક રીતે આ સન્માન-પદ અર્પવામાં આવ્યું હતું. આ વિદ્વાનો પૈકી અનેક વિદ્વાનોએ પ્રાસંગિક ઉદ્‌બોધનોમાં ભારતીય તત્ત્વજ્ઞાનની પરંપરામાં સ્વામીશ્રીએ અર્પેલ અભૂતપૂર્વ પ્રદાનને બિરદાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આજે સવારે આ મહા-પંડિતોની સ્વાગત યાત્રા મુખ્ય પ્રવેશદ્વારથી પ્રમુખસ્વામી મહારાજ વંદનાસ્થલ સુધી યોજાઈ હતી. બાદ વિશાળ કોન્ફરન્સ ખંડમાં શાસ્ત્રીય વિમર્શ દ્વારા સૌએ અક્ષરપુરુષોત્તમ દર્શનનું ઉત્સાહયુક્ત સમર્થન આપ્યું હતું.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**પૂજ્ય આચાર્ય શ્રી શ્રીવત્સ ગોસ્વામી**
ગૌડીય વૈષ્ણવાચાર્ય, વૃંદાવન



**શ્રી મહા.મહો. હરેકૃષ્ણ શતપથી**
કુલપતિ, કલિંગ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સ યુનિ., ભુબનેશ્વર



**શ્રી જે. રામક્રિષ્ના**
પ્રોફેસર, રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ, તિરુપતિ



**શ્રી શંકરસિંહજી વાઘેલા**
પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત



**શ્રી વશિષ્ઠ ત્રિપાઠી**
અધ્યક્ષ, કાશી વિદ્વત્ પરિષદ, વારાણસી



**શ્રી હરિદાસ ભટ્ટ**
મધ્વ પરંપરાના પ્રખર વિદ્વાન, પૂર્વ આચાર્ય, પૂર્ણપ્રજ્ઞ વિદ્યાપીઠ, બેંગલુરુ



**પ્રો. રામનારાયણ દ્વિવેદી**
મહામંત્રી, કાશી વિદ્વત્ પરિષદ, વારાણસી



**શ્રી પી. ડી. વાઘેલા**
ચેરમેન, TRAI, નવી દિલ્હી



**શ્રી પ્રો. વિજયકુમાર સીજી,** કુલપતિ, મહર્ષિ પાણિની સંસ્કૃત વિશ્વ-વિદ્યાલય, ઉજ્જૈન



**શ્રી ડૉ. લલિતકુમાર પટેલ**
કુલપતિ, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ



**શ્રી ડૉ. વિજય ભટકર**
સુપર કમ્પ્યૂટર વૈજ્ઞાનિક અને શિક્ષણવિદ્, મહારાષ્ટ્ર

## અહીં માનવ ચેતનાની એક અનોખી લહેર છે...

**– આચાર્ય શ્રી શ્રીવત્સ ગોસ્વામી**

महोत्सव में चारों ओर मानव चेतना की लहर है। भवसागर में डूबे हुए लोगों का उद्धार करने अक्षरपुरुषोत्तम ही हमारे बीच मानव देह धारण करके गुरुहरि श्री प्रमुखस्वामी महाराज के विग्रह में पधारे हैं और वह शास्त्ररूपी हाथों से हमें पकड़कर इस भवसागर से उबारते हैं। गुरुहरि प्रमुखस्वामी महाराज मानवी सेवा में अपनी करुणा को प्रकाश करते हुए सर्वत्र उपस्थित हैं। श्री प्रमुखस्वामीजी महाराज ने स्वामिनारायण संप्रदाय को भारतीयता की विश्वव्यापी पहचान बना दिया। किन्तु प्रेममयी सेवा के द्वारा जो कल्याण करने की बात है वह अत्यंत कठिन है। यह प्रेममयी सेवा केसे संभव हो सकती है यह हमारे अक्षरपुरुषोत्तम स्वरूप गुरुहरि प्रमुखस्वामीजी ने अपने जीवन के द्वारा, अपने व्यक्तित्व के द्वारा, अपने आचरण के द्वारा बताया हैं। ●

## આ અદ્‌ભુત દૃશ્ય જીવનમાં ક્યારેય ભુલાશે નહીં...

**– શ્રી પ્રો. વિજયકુમાર સીજી**

इस परिसर में इतना प्रेरणादायक, मनोहर और सुंदर दृश्य सिर्फ मानस उल्लास के लिए नहीं है, किन्तु आध्यात्मिक चेतना को जाग्रत करने की दृष्टि से तैयार किया हुआ है। यह तो भारतीय ज्ञानपरंपरा को आगे ले जाने का और भारत को विश्वगुरु बनाने की एक सूचना है।
यहाँ पर मैंने एक प्रदर्शनी में प्रमुखस्वामीजी के जीवन की कुछ घटनाएँ देखी। इतनी करुणा एक मानव में कैसे हो सकती है, यह तो हम सोच भी नहीं सकते। मैं अभिभूत हो गया।
बालनगरी में छठवीं, सातवीं कक्षा में



पढ़नेवाले कुछ बच्चें हमारे सामने आकर संस्कृत में इतने जोश से विवरण कर रहे थे, यह अत्यंत अद्‌भुत दृश्य जिंदगी में कभी हम भूल नहीं सकते। विश्वविद्यालय के छात्र भी हमारे सामने इतने विश्वास के साथ संस्कृत में बात नहीं करते। इस परिसर में, व्यवस्थापन मे जो सूक्ष्मता है वह प्रशंसनीय है। कल शाम को 6-00 बजे मेरा चश्मां अंधेरे में कहीं गिर गया था। तीन लाख लोग के बीच में 2 घंटे के अंदर स्वयंसेवकों ने मुझे यह चश्मां लाकर दे दिया, तो मैं यह जो व्यवस्थापन का कौशल है, इसकी किस शब्दों में प्रशंसा करूँ, मेरे पास शब्द ही नहीं है। •

## વિશ્વવિદ્યાલયોમાં આ દર્શનનું અધ્યયન થાય...

**– પ્રો. રામનારાયણ દ્વિવેદી**

आज भारत के श्रेष्ठतम विद्वानों के द्वारा इस मंच से पूज्य प्रमुखस्वामीजी महाराज के चरणों में 'सनातन धर्म ज्योति' का सम्मान देकर हम सभी लोग कृत कृत्य हो गए।
यहाँ उपस्थित सभी संस्कृत विश्वविद्यालयों के कुलपतियों से मेरा आग्रहपूर्ण निवेदन है कि सभी विश्वविद्यालयों में अक्षरपुरुषोत्तम दर्शन का एक अंश अवश्य पठन-पाठन में लाना चाहिए, जिससे इस दर्शन का प्रचार-प्रसार हो और सनातन धर्म की रक्षा हो। •

## વિશ્વની આઠમી અજાયબી સમું છે આ નગર...

**– શ્રી મહા.મહો. હરેકૃષ્ણ શતપથી**

प्रमुखस्वामी महाराज शताब्दी महोत्सव का यह आयोजन एक असाधारण, भव्यातिभव्य, अति सुंदर आयोजन है। मुझे अगर पूछा जाएगा कि विश्व का अष्टम आश्चर्य क्या है? मैं कहूंगा कि 'यह प्रमुखस्वामी महाराज नगरी'।
हम सब शास्त्र के विद्वान हैं, तो मैं विनम्रता से कहूंगा कि शास्त्रों के निर्देश का जो क्रियान्वयन करते हैं, वही सही विद्वान हैं। अगर शास्त्रों का कोई अवतार होगा तो उसका साक्षात् मूर्तिमान स्वरूप प्रमुख-स्वामीजी महाराज हैं; क्योंकि उन्होंने शास्त्रों के निर्देश का अपने जीवन-कार्य में क्रियान्वयन किया। •

## જન જન સુધી પહોંચે આ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત...

**– શ્રી હરિદાસ ભટ્ટ**

यह अपूर्व महोत्सव है। यहाँ एक-एक हरिभक्त प्रमुखस्वामीजी का मंदिर है। आज सब विश्वविद्यालय के कुलपति और विद्वानों ने मिलकर प्रमुखस्वामीजी को 'सनातन धर्म ज्योति' सम्मान और गौरव दिया है, यह बड़ा सम्मान है। प्रमुखस्वामी महाराज ने जीवन में भक्तिभावना से कार्य किया है, उसका यह सार्थक सम्मान है। भद्रेशदासजी पर प्रमुखस्वामीजी का अनुग्रह था, अत: प्रस्थानत्रयी का जो भाष्य उन्होंने लिखा है, उसमें सब सिद्धांतों का मान करके अपने सिद्धांत का समर्थन किया है। अभी तक यह



स्वामिनारायण संप्रदाय भक्ति आंदोलन था। अब यह अक्षर-पुरुषोत्तम सिद्धांत के स्थान पर बैठा है। मैं आशा करता हूँ कि अक्षरपुरुषोत्तम सिद्धांत घर-घर का, मन-मन का और जन-जन का सिद्धांत हो जाए। ●

## એક એવી ક્ષણ જેની હું વર્ષોથી પ્રતીક્ષા કરતો હતો

**- શ્રી ડૉ. વિજય ભટકર**

इस महोत्सव में जो अनुभूति हुई है, वह सच में मेरे जीवन का एक अद्भुत क्षण है, जिसकी तलाश मैं कई सालों से कर रहा था। प्रमुखस्वामीजी महाराज जैसे महान संतों के आशीर्वाद हो तो अशक्य भी शक्य हो सकता है।

मेरा एक सपना था कि क्या मैं अच्छी संस्कृति देख पाऊंगा? क्या उसकी मैं अनुभूति कर सकूंगा? लेकिन आज यहाँ पर जो अनुभूति हुई उससे मुझे विश्वास हुआ है कि मेरा देश फिर से जरूर विश्वगुरु बनेगा। ●


सम्मानपत्रम्
सनातनधर्मज्योतिः

ભારતની સંસ્કૃત યુનિવર્સિટીઓ, મુખ્ય શૈક્ષણિક સંસ્થાઓ તથા મૂર્ધન્ય વિદ્વાનો, એમ કુલ મળીને ૩૯ સંસ્થાઓ દ્વારા સામૂહિક રીતે પ્રમુખસ્વામી મહારાજને 'સનાતન ધર્મજ્યોતિ' બહુમાનથી વધાવીને શતાબ્દી વંદના સાથે મહંત સ્વામી મહારાજનાં કરકમળોમાં અર્પિત કર્યું. આ સન્માનમાં સંસ્કૃતની તમામ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ તથા શિક્ષા ક્ષેત્રના મૂર્ધન્ય વિદ્વાનો ખાસ પોતપોતાના સન્માન પત્રો લઈને ઉપસ્થિત થયા હતા.



### પ્રમુખસ્વામી મહારાજને પ્રિય ભજન-ભક્તિની

### ૧૦ દેશોના બી.એ.પી.એસ.ના ૧૭૦થી વધુ બાળ-યુવા દ્વારા અદ્ભુત પ્રસ્તુતિ

# બાળ-યુવા કીર્તન આરાધના દિન

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ કથા અને કીર્તનના પરમ અનુરાગી હતા. તેઓના ભજનાનંદી વ્યક્તિત્વને તાદૃશ્ય કરતાં આજે તા. ૧-૧-૨૦૨૩ની સંધ્યા સુમધુર ભક્તિસંગીતથી ભરપૂર બની હતી. કારણ કે આજે બી.એ.પી.એસ.ના બાળ-યુવાવૃંદે પ્રમુખસ્વામી મહારાજને પ્રિય કીર્તન-ભક્તિ પ્રસ્તુત કરી બ્રહ્માનંદ રેલાવ્યો હતો. નાદબ્રહ્મનો અનુભવ કરાવતી આ સત્સંગ-સંગીતની અનોખી કીર્તન આરાધનામાં ૧૦ દેશોના ૧૭૦થીય વધુ તાલીમબદ્ધ બાળ-યુવાઓએ ભક્તિસંગીત દ્વારા પ્રમુખસ્વામી મહારાજની જીવનભાવનાને વર્ણવતાં સુમધુર ભક્તિપદોનું ગાન કર્યું હતું અને સૌને ભક્તિરસમાં ગરકાવ કરી દીધા હતા.

ભક્તિસંગીતના માહોલ વચ્ચે પ્રસિદ્ધ રામાનંદાચાર્ય જગદ્ગુરુ શ્રી રામભદ્રાચાર્યજી મહારાજે પ્રેરણાવચનો કહ્યાં હતાં. આજે શ્રી આનંદ શર્મા (સંગીતકાર), શ્રી પરેશભાઈ શાહ (વિખ્યાત સંગીતકાર), શ્રી સંદીપભાઈ કુલકર્ણી (પ્રખ્યાત બંસરીવાદક) સહિત સંગીત ક્ષેત્રના અગ્રણીઓએ પણ ઉપસ્થિત રહીને આ બાળકો-યુવાનોની કીર્તન-ભક્તિને હૃદયથી બિરદાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે બી.એ.પી.એસ. બાળનગરીના ટેલેન્ટ મંચ પર બી.એ.પી.એસ.નાં બાળ-બાલિકાઓએ પણ પોતાનું અદ્ભુત કૌશલ્ય પ્રસ્તુત કરીને સૌને અભિભૂત કરી દીધાં હતાં. કુલ ૩૪૭૩ ઓડિશનમાંથી પસંદ પામેલાં ૨૯૧ બાળ-બાલિકાઓએ કુલ ૧૯૦૦થી વધુ શો કરીને ૪૨થી વધુ ટેલેન્ટનું અદ્ભુત નિદર્શન કર્યું હતું. બાળકો અને બાલિકાઓની ગાયન, વાદન, નૃત્ય, યોગ વગેરે વિવિધ રજૂઆતોએ કુલ ૩૦ લાખથી વધુ દર્શકોનાં હૃદયમાં એક અનોખી આભા પાથરી દીધી હતી.

## મહોત્સવના મંચ પર મહાનુભાવો



**જગદ્‌ગુરુ શ્રી રામાનંદાચાર્ય રામભદ્રાચાર્યજી મહારાજ**
ચિત્રકૂટ



**શ્રી અશોકકુમાર વૈદ્ય**
રાષ્ટ્રીય અધ્યક્ષ, નેપાળ ભારત સહયોગમંચ



**પદ્મશ્રી ડો. સંજયભાઈ ડી. પાટીલ,** પ્રમુખ, ડી. વાય. પાટીલ ગ્રૂપ, કોલ્હાપુર, મહારાષ્ટ્ર



**શ્રી રાજેશ માનસિંહ**
મેયર, બિરગંજ મહાનગર, નેપાળ

### પ્રમુખસ્વામી મહારાજમાં સંતના સર્વે ગુણો હતા...

**– શ્રી રામભદ્રાચાર્યજી મહારાજ**

संत का एक क्षण का संग उतना सुखद होता है जो करोड़ों स्वर्गीय और अपवर्गीय सुख उसकी तुलना नहीं कर पाते। प्रमुखस्वामीजी से मिलकर मुझे वही अनुभूति हुई थी। उनके मुख पर निरंतर प्रसन्नता, हृदय में करुणा, वाणी में अमृत का वर्षण और केवल परोपकारी कार्य। प्रमुखस्वामी में यह चारों गुण थे। उनकी यह विशिष्टताएं मुझे आकर्षित करती थी। •

(અનુસંધાન પૃ. ૧૨૧ પરથી)

### અહીં જે ઊગ્યું છે, તે અતિ મૂલ્યવાન છે...

**– શ્રી તુષારભાઈ શુક્લ**

કદાચ આ ૬૦૦ એકરમાં જો કંઈ ખરેખર ઉગાડ્યું હોત તો પણ એ આટલું બધું મૂલ્યવાન ન ઊગ્યું હોત! આ તો સ્વામીબાપાની એવી ફસલ છે કે જે પેઢીઓ સુધી ચાલશે.
મને સ્વામીબાપાને મળવાનો ઘણીવાર અવસર મળ્યો છે. મને હંમેશા એવું લાગ્યું છે કે ‘બાલસહજ’ એવો શબ્દ જો કોઈને માટે ઉપયોગમાં લેવો હોય તો કેવળ એક જ છે – બાપા.
ઘરસભા એ સ્વામીબાપાનું બહુ મોટું યોગદાન છે. મંદિરો, શિક્ષણ, આરોગ્ય અને અન્ય કાર્યો તો છે જ છે, પણ ઘરસભારૂપે દરેક ઘરમાં એમણે જે મંદિર ઊભું કર્યું તે, એમણે બહુ મોટું કાર્ય કર્યું છે. આજે સમાજમાં એની જ સૌથી વધુ જરૂર છે. •



(અનુસંધાન પૃ. ૧૧૯ પરથી)

### શાસ્ત્રોમાં લખેલાં લક્ષણોનો પર્યાય હતા સ્વામીશ્રી...

**– શ્રી પી. કે. લહેરી**

પ્રમુખસ્વામી મહારાજે શ્રેયમાર્ગ ઉપર દૃઢપણે ચાલીને લાખો લોકોને એ માર્ગ પર ચાલવાની પ્રેરણા આપી છે. છેલ્લાં ૪૦ વર્ષ દરમિયાન અનેકવાર તેઓને મળવાનો અમૂલ્ય અવસર મળ્યો હતો. એકમાત્ર પ્રભુનિષ્ઠા, સત્યનિષ્ઠાના આદર્શને કારણે ત્યાગ એ તેમના માટે તદ્દન સહજ બાબત હતી. એમને કોઈ ચીજનું આકર્ષણ થાય કે આસક્તિ થાય એવો પ્રસંગ કોઈએ જોયો નથી. *‘પીડ પરાઈ જાણે રે’* પંક્તિની જેમ એમને મળવા આવતી દરેક વ્યક્તિની મનોવ્યથાનો અનુભવ કરી, એમાં કઈ રીતે મદદરૂપ થવાય એવું એમનું જાગ્રત મન હતું. ગમે તેટલું કષ્ટ વેઠીને પણ કાર્ય કરવાની તાલાવેલી હતી. તેઓનો સૌથી મહત્ત્વનો ગુણ હતો - સરળતા. આપણે કોઈ પણ સમસ્યાની ચર્ચા કરવા જઈએ, ત્યારે એમનું મન હંમેશા શાંત, સ્વસ્થ અને પ્રફુલ્લિત જોઈએ, ત્યારે આપણને સમજાય કે શાસ્ત્રોએ જે જે ગુણો સંતોના લખ્યા એના પર્યાયરૂપ સ્વામીશ્રી હતા. એવા સાક્ષાત્ સ્વરૂપ પ્રમુખસ્વામીજીની આત્મીયતા અને કૃપા એ મારા જીવન માટે ખૂબ ધન્યતાનો અવસર હતો. •



## કુલપતિઓ, આચાર્યો, શિક્ષકો અને કેળવણી જગતના ધુરંધરોની કોન્ફરન્સ

### આદિવાસીઓથી લઈને દેશ-વિદેશનાં લાખો બાળકો પર નિઃસ્વાર્થ પ્રેમ વરસાવનારા પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ કરાવતો

# બાળ-સંસ્કાર દિન

સન ૧૯૫૪માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે શરૂ કરેલી બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિને જગતભરમાં વિસ્તારીને પ્રમુખસ્વામી મહારાજે લાખો બાળકોને સંસ્કાર તેમજ સર્વાંગી વિકાસના પાઠ શીખવ્યા છે. એટલે જ આદિવાસીઓ કે આફ્રિકાવાસીઓ લઈને દેશ-વિદેશનાં લાખો બાળકો પર નિઃસ્વાર્થ વાત્સલ્ય વરસાવનારા સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતો 'બાળ-સંસ્કાર દિન' તા. ૨-૧-૨૦૨૩ના રોજ ઊજવાયો હતો. બાળપ્રવૃત્તિના બાળકોએ રોમાંચક અને હૃદયંગમ મંચ પ્રસ્તુતિ કરી હતી. આ પ્રસંગે મંચસ્થ પ્રસિદ્ધ મધ્વાચાર્ય પૂજ્ય વિશ્વપ્રસન્નતીર્થ સ્વામીજી સહિત અનેક મહાનુભાવોએ અંતરની ભાવોર્મિઓ રજૂ કરી હતી. બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિમાંથી જ તાલીમ પામીને આજે નેશનલ સ્ટોક એક્સચેન્જના એમ.ડી. અને સી.ઈ.ઓ.ના પદ સુધી પહોંચનારા શ્રી આશિષભાઈ ચૌહાણ કે લિંક્ડઇનના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટના પદ સુધી પહોંચનાર મોહકભાઈ શ્રોફ જેવા અનેક તારલાઓએ અહીં પોતાની ભાવનાઓ વ્યક્ત કરી હતી. આજે કેન્દ્રીય રેલવે મંત્રીશ્રી અશ્વિનીકુમાર વૈષ્ણવે ગાંધીનગર અને દિલ્હી અક્ષરધામને જોડતી 'સંપર્ક ક્રાંતિ' ટ્રેનને 'અક્ષરધામ એક્સપ્રેસ' તરીકે જાહેર કરીને અક્ષરધામના નિર્માતા પ્રમુખસ્વામી મહારાજને ભાવાંજલિ અર્પી હતી. કોન્ફરન્સ ખંડમાં આજે ગુજરાત રાજ્ય મહાવિદ્યાલય શૈક્ષણિક સંઘ અને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘના ઉપક્રમે ગુજરાતના ઉપકુલપતિઓ, પ્રિન્સિપાલ્સ અને શિક્ષકોની એકેડેમિક કોન્ફરન્સ યોજાઈ ગઈ, જેમાં ગુજરાત સંઘના પ્રમુખ શ્રી રોહિત દેસાઇ, CUGના ઉપ-કુલપતિ પ્રોફેસર શ્રી રામશંકર દુબેજી, GTUના ઉપ-કુલપતિ પ્રોફેસર શ્રી નવીનભાઈ શેઠ, શ્રી રાહુલ કરાડ (એક્ઝિ. પ્રેસિડેન્ટ એમ.આઈ.ટી.) સહિત અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપ્યું હતું.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**પૂજ્ય શ્રી વિશ્વપ્રસન્નતીર્થ સ્વામીજી**
મધ્વાચાર્યશ્રી, પેજાવર મઠ, તામિલનાડુ



**પૂજ્ય મહંત શ્રી યોગી બાલકનાથજી**
સાંસદ, અલવર, રાજસ્થાન



**બંધુ ત્રિપુટી પૂજ્ય શ્રી જિનચંદ્રવિજય મહારાજ**
સ્થાપક, શાંતિધામ આરાધના કેન્દ્ર, તીથલ



**શ્રી અશ્વિનીકુમાર વૈષ્ણવ**
કેન્દ્રીય રેલવે મંત્રી, ભારત



**શ્રી આશિષભાઈ ચૌહાણ**
મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ, નેશનલ સ્ટોક એક્સચેન્જ, દિલ્હી



**પ્રો. ડો. શ્રી વિશ્વનાથ કરાડ**
સ્થાપક અને પ્રમુખ, એમઆઈટી વર્લ્ડ પીસ યુનિ., પુણે



**શ્રી પ્રતાપચંદ્ર સી. રેડ્ડી**
સ્થાપક અને ચેરમેન, અપોલો હોસ્પિટલ્સ ગ્રૂપ



**શ્રી વિલિયમ સેલ્વમૂર્તિ**
પ્રમુખ, એમિટી સાયન્સ ટેક્નોલોજી એન્ડ ઇનોવેશન ફાઉન્ડેશન, દિલ્હી



**શ્રી હરિપ્રસાદ ચોરસિયા**
વિખ્યાત વાંસળીવાદક



**શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા**
રાજ્ય શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત



**શ્રી ભીખુભાઈ પટેલ**
પ્રમુખ, ચારુતર વિદ્યામંડળ, વલ્લભવિદ્યાનગર



**શ્રી જે. જે. વોરા**
કુલપતિ, હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી, પાટણ

## જેમના અભિનંદનથી સંતોષ અનુભવાય છે...

**– પૂજ્ય વિશ્વપ્રસન્નતીર્થ સ્વામીજી**

आज हम प्रमुखस्वामीजी महाराज के शताब्दी महोत्सव में शामिल होने से बहुत संतुष्ट हैं। प्रमुखस्वामीजी महाराज अभी भी दृश्य रूप में हैं। लोग महंत स्वामीजी महाराज को प्रमुखस्वामी महाराज के रूप से देख रहे हैं। इनका अभिनंदन करके हमें संतोष की अनुभूति होती है। ●

## ભારતીય સંસ્કૃતિનું નવા સ્વરૂપે દર્શન...

**– શ્રી ડો. વિશ્વનાથ કરાડ**

આજે પ્રમુખસ્વામી મહારાજનાં નગર દર્શનથી એવું લાગ્યું કે આ નગરનું સર્જન ભગવાને કર્યું છે. અહીં એકદમ પવિત્ર વાતાવરણનો નજારો જોયા પછી મને લાગ્યું કે સ્વર્ગનો અનુભવ કરવો હોય તો અહીં આવવું પડે. અહીં ભારતીય સંસ્કૃતિનું નવા સ્વરૂપે મને દર્શન થયું. આ પવિત્ર ભૂમિ ઉપર ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને તત્ત્વજ્ઞાન, વેદ, ઉપનિષદનો ઘોષ થઈ રહ્યો છે. પ્રમુખસ્વામીજીની મૂર્તિની આંખોમાંથી નીકળતો દિવ્ય પ્રકાશ દૈવી તત્ત્વની અનુભૂતિ કરાવે છે. ભારતીય સંસ્કૃતિનું આ નવું સ્વરૂપ, નવું દર્શન, વિશ્વ સમક્ષ સુખનો ઉકેલ અને શાંતિનો માર્ગ બતાવવા માટે પ્રમુખસ્વામીજીનાં સ્પંદનોના દિવ્ય તેજની અનુભૂતિ કરીને હું પાછો જઈ રહ્યો છું. ● (અનુસંધાન પૃ. ૧૧૫ પર)



## ભારતના ઇતિહાસમાં સંતોના યોગદાન પર આંતરરાષ્ટ્રીય એકેડેમિક કોન્ફરન્સ

### પ્રમુખસ્વામી મહારાજના યુવાનો પરના અપ્રતિમ વાત્સલ્યની અનુભૂતિ કરાવતો

# યુવા-સંસ્કાર દિન

પ્રમુખસ્વામી મહારાજે લાખો યુવાનોને પોતાની નિઃસ્વાર્થ વાત્સલ્યની અમૃતવર્ષામાં ઝબકોળીને સંસ્થાની યુવાપ્રવૃત્તિને જગતભરમાં વિસ્તારીને અનેકવિધ આયામોમાં યુવાનોની સુષુપ્ત શક્તિઓને ખીલવી છે અને તેને રચનાત્મક વળાંક આપ્યો છે. યુવા પ્રવૃતિના વિરલ ઘડવૈયા પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવે તા. ૩-૧-૨૦૨૩ના રોજ પ્રમુખસ્વામી નગરમાં 'યુવા સંસ્કાર દિન' ઊજવાયો હતો.

વિશ્વવ્યાપી બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિની એક વીડિયો ઝલક બાદ આ યુવાપ્રવૃત્તિ દ્વારા ઉત્કર્ષ પામનાર લાખો યુવા-યુવતીઓ પૈકીના કેટલાંક યુવક-યુવતીઓએ વીડિયો દ્વારા સ્વાનુભવો રજૂ કરીને યુવાપ્રવૃત્તિની ફળશ્રુતિ વર્ણવી હતી. વિવેકમુનિદાસ સ્વામીએ યુવાપ્રવૃત્તિ અંગે વક્તવ્ય આપ્યા બાદ 'યુવાનોના વિરલ ઘડવૈયા પ્રમુખસ્વામી મહારાજ' વિષય પર યજ્ઞપ્રિયદાસ સ્વામીએ પર પ્રકાશ પાથર્યો હતો. આજે સભામાં ઉપસ્થિત શ્રી અનુરાગ ઠાકુર, શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત, શ્રી તેજસ્વી સૂર્યા, શ્રી વી. મુરલીધરન્ વગેરે કેન્દ્રીય મંત્રીઓ તથા અન્ય મહાનુભાવોએ પ્રમુખસ્વામી મહારાજે કરેલા યુવાઘડતરના વિરલ પ્રદાનને બિરદાવ્યું હતું. આજે એકેડેમિક કોન્ફરન્સ ખંડમાં 'ભારતના ઇતિહાસમાં ઋષિમુનિઓ-સંતોનું યોગદાન અને તેમની ભૂમિકા' વિષયક દ્વિદિવસીય એકેડેમિક કોન્ફરન્સનો પ્રારંભ થયો હતો. ભારત સરકારની ઇતિહાસ-સંશોધન સંસ્થા 'ઇન્ડિયન કાઉન્સિલ ફોર હિસ્ટોરિકલ રિસર્ચ'(ICHR) અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ કોન્ફરન્સમાં ભારતના પ્રસિદ્ધ ઇતિહાસકાર શ્રી અરવિંદ જામખેડકરજી તથા ICHRના ડાયરેક્ટર શ્રી ઓમજી ઉપાધ્યાય સહિત અનેક વિદ્વાનોએ અભ્યાસપૂર્ણ શોધપત્રો અને સંબોધનો પ્રસ્તુત કર્યાં હતાં.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**શ્રી અનુરાગ ઠાકુર**
મંત્રીશ્રી, માહિતી પ્રસારણ, યુવા બાબત અને રમતગમત, ભારત



**શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત**
કેન્દ્રીય મંત્રીશ્રી, જલશક્તિ મંત્રાલય, નવી દિલ્હી



**શ્રી મુરલીધરન્**
કેન્દ્રીય અને રાજ્ય કક્ષાના મંત્રી, વિદેશ અને સંસદીય બાબતો, નવી દિલ્હી



**શ્રી તેજસ્વી સૂર્યા**
સાંસદ અને પ્રમુખ, ભારતીય જનતા પક્ષ યુવા મોરચો, નવી દિલ્હી



**શ્રી ડૉ. સંબિત પાત્રા**
રાષ્ટ્રીય પ્રવક્તા, ભારતીય જનતા પક્ષ, નવી દિલ્હી



**શ્રી જિગ્નેશ દાદા**
ભાગવત કથાકાર, સુરત



**શ્રી શંકરભાઈ ચૌધરી**
અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર



**શ્રી દેવાંગભાઈ નાણાવટી**
સિનિયર એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ



**શ્રી જીનલભાઈ મહેતા**
મેનેજિંગ ડિરેક્ટર, ટોરન્ટ પાવર, અમદાવાદ



**શ્રી રમેશચંદ્ર સિંહા**
પૂર્વ ચેરમેન, ICPR, નવી દિલ્હી



**શ્રી અરવિંદજી જામખેડકર**
પૂર્વ ચેરમેન, ઇન્ડિયન કાઉન્સિલ ઓફ હિસ્ટોરિકલ રિસર્ચ, દિલ્હી



**શ્રી જટાશંકર તિવારીજી**
મેમ્બર ઓફ કાઉન્સિલ, ICPR, નવી દિલ્હી

## ભક્તિ અને સમર્પણ પર નિર્ભર ભવ્ય મહોત્સવ

**– શ્રી અનુરાગ ઠાકુર**

यहाँ 600 एकड़ के नगर में 10,35,000 पेड़-पौधे लगाकर स्वच्छ भारत अभियान और Green और Clean India अभियान को आगे ले जाने का कार्य हुआ है। केवल धर्म के प्रति जागरूक करने का कार्य ही नहीं, बल्कि भूकंप, अकाल, सुनामी, आदि आपदाओं में प्रमुखस्वामीजी की प्रेरणा से बी.ए.पी.एस. संस्था की समाज सेवा लगातार चलती रही है। स्वामीजी ने 40,00,000 से ज्यादा लोगों को नशामुक्ति की प्रेरणा दी। बड़ी-बड़ी सरकारें भी जो नहीं कर पाईं, वह प्रमुखस्वामी महाराज ने किया है। इस देश के निर्माण के लिए बी.ए.पी.एस. के स्वयंसेवकों की बडी भूमिका होगी। यह संस्था देश और दुनिया के लोगों को भारत के गौरवशाली इतिहास से जोड़ने का कार्य कर रही है। यह महोत्सव ही devotion और dedication पर निर्भर है। •

## આ ત્રણ કારણથી સ્વામીજીનાં ચરણોમાં મારાં વંદન

**– શ્રી ડૉ. સંબિત પાત્રા**

मैं आज तीन बार नमन करूँगा। मेरा प्रथम नमन है – प्रमुख स्वामीजी की दिव्यता को, बी.ए.पी.एस. संस्थान की दिव्यता को, प्रमुख स्वामीजी के प्रेम को। यहाँ प्रमुखस्वामी महाराज का एक अद्‌भुत बबल्स पेन्टिंग लगाया गया हैं, जो 8,00,000 बबल्स के अंदर 150

(અનુસંધાન પૃ. ૧૩૬ પર)



**લોક સાહિત્યકારોની રમઝટ અને હ્યુમન રિસોર્સીસ મેનેજમેન્ટની પરિષદ**

**ગુજરાતના ગૌરવને વિશ્વભરમાં ફરકાવનાર સ્વામીશ્રીને વધાવતો**

# ગુજરાત ગૌરવ દિન

ગુજરાતને ઘડવામાં, ઉદ્ધારવામાં, સંસ્કારવામાં ભગવાન સ્વામિનારાયણનું અભૂતપૂર્વ પ્રદાન છે. તેમનાં પગલે પગલે ગરવી ગુજરાતના ગૌરવને વિશ્વસ્તરે લઈ જઈને ગુજરાતની મહાન સેવા કરનાર પ્રમુખસ્વામી મહારાજને અંજલિ આપવા તા. ૪-૧-૨૦૨૩ના રોજ 'ગુજરાત ગૌરવ દિન' યોજાયો હતો. પ્રારંભમાં ગુજરાતના ગૌરવવંતા લોક-સાહિત્યકારો શ્રી યોગેશભાઈ ગઢવી, શ્રી નિરંજનભાઈ પંડ્યા, શ્રી લક્ષ્મણભાઈ, શ્રી દેવરાજભાઈ ગઢવી, શ્રી તીર્થંકરભાઈ, શ્રી અંબાદાનભાઈ, શ્રી દિનેશભાઈ માવલ વગેરે વરિષ્ઠ સદ્‌ગુરુ સંતોની સાથે ઉપમંચ પર બિરાજ્યા હતા. તમામ વતી શ્રી હેમંતભાઈ ચૌહાણ, શ્રી રાજભા ગઢવી, શ્રી ઓસમાણ મીર, શ્રી કીર્તિદાન ગઢવી વગેરેએ દબદબાભેર ભક્તિ-સંગીતની દ્વારા સ્વામીશ્રીને ભાવભીની અંજલિ અર્પી હતી. મંચ પર ઉપસ્થિત દાદા ભગવાન ફાઉન્ડેશનના ધર્મગુરુ પૂજ્ય શ્રી દીપકભાઈ દેસાઈ, કુરુક્ષેત્રના પ્રસિદ્ધ સંત ગીતામનિષી સ્વામી શ્રી જ્ઞાનાનંદજી મહારાજ તેમજ ગુજરાતના ઉત્કર્ષમાં યોગદાન આપનારા રાજપુરુષોએ પણ ભાવવંદના કરીને સ્વામીશ્રીની ગુજરાત પર વરસેલી નિ:સ્વાર્થ કરુણાગંગાનું આચમન કરાવ્યું હતું. લોકસાહિત્યકાર શ્રી ભીખુદાનભાઈ ગઢવી અને શ્રી શાહબુદ્દીન રાઠોડ વગેરેએ સ્વામીશ્રીને અંજલિ અર્પી હતી. આજે એકેડેમિક કોન્ફરન્સ ખંડમાં ઇતિહાસ વિષયક એકેડેમિક કોન્ફરન્સની સમાંતરે દ્વિતીય કોન્ફરન્સ ખંડમાં લીડરશિપ અને હ્યુમન રિસોર્સીસના નિષ્ણાતોની પ્રોફેશનલ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંતો તેમજ TVRLSના ચેરમેન શ્રી ટી. વી. રાવ, મહિન્દ્રાના ચેરમેન શ્રી રાજીવ દુબે, ઇન્ફોસિસના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ક્રિશ શંકર વગેરે મહાનુભાવોએ માનવ સંબંધો અને આધ્યાત્મિકતાની સુંદર છણાવટ કરી હતી.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**સ્વામી શ્રી જ્ઞાનાનંદજી મહારાજ**
કુરુક્ષેત્ર



**શ્રી નીતિનભાઈ પટેલ**
પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત



**શ્રી ભીખુદાનભાઈ ગઢવી**
જાણીતા, લોક-સાહિત્યકાર, માણેકવાડા, જિ. જૂનાગઢ



**શ્રી કીર્તિદાન ગઢવી**
પ્રસિદ્ધ લોકગાયક



**પૂજ્ય શ્રી દીપકભાઈ દેસાઈ**
અધ્યક્ષ, દાદા ભગવાન ફાઉન્ડેશન, અમદાવાદ



**શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા**
પૂર્વ મંત્રીશ્રી, ગુજરાત



**શ્રી ઓમજી ઉપાધ્યાય**
ડાયરેક્ટર, ઇન્ડિયન કાઉન્સિલ ઓફ હિસ્ટોરિકલ રિસર્ચ, નવી દિલ્હી



**શ્રી રાજભા ગઢવી**
પ્રસિદ્ધ લોકગાયક



**શ્રી વિજયભાઈ રૂપાણી**
પૂર્વ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત



**શ્રી શાહબુદ્દીન રાઠોડ**
જાણીતા હાસ્ય કલાકાર, થાનગઢ, જિ. સુરેન્દ્રનગર



**શ્રી હેમંતભાઈ ચૌહાણ**
પ્રસિદ્ધ ભજનિક



**શ્રી ઓસમાણભાઈ મીર**
પ્રસિદ્ધ લોકગાયક

## અહીં પગ મૂકતાં શાંતિનાં વાઇબ્રેશન મળે છે...

**– પૂજ્ય શ્રી દીપકભાઈ દેસાઈ**

કળિયુગમાં માણસ શાંતિ પામે એ માટે પ્રમુખસ્વામી મહારાજે જબરજસ્ત કાર્ય કર્યું હતું. તેઓ અંદરથી જનક વિદેહીની જેમ નિરંતર નિર્લેપ રહેતા. કાળ, દેશ, સંજોગોમાં પણ તેઓ જરાય ચલાયમાન થયા નહીં. તેઓ બ્રહ્મસ્વરૂપ સ્થિતિમાં નિરંતર વર્તતા હતા. ગુરુ રાજી થાય એ એમના જીવનનું ધ્યેય હતું. આત્મસ્વરૂપને પામવા છતાંય સમર્પણ ભાવે આખી જિંદગી ગુરુને શરણે રહી, રહીને માણસે-માણસે શાંતિનો સ્રોત વહાવતા હતા.

પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ અદ્‌ભુત! અદભુત! અલૌકિક નગરી! અહીં પગ મૂકતાં જ માણસને શાંતિના વાઇબ્રેશન મળે. સંસારનાં દુઃખો જાણે બારણાંની બહાર મુકાઈ જાય! એ નવી જ દુનિયામાં આવી ગયો હોય એવો અનુભવ થાય. અને આ બધું બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજનો પ્રતાપ છે. સદીઓ સુધી એમના આશીર્વાદ જગતના લોકોને પ્રાપ્ત થયા જ કરશે. •

## ગુજરાતના ઉત્કર્ષમાં પ્રમુખસ્વામીજીનું પ્રદાન

**– શ્રી વિજયભાઈ રૂપાણી**

આ શતાબ્દી મહોત્સવ એ અત્યાર સુધીમાં ઊજવાયેલા ઉત્સવોમાં ભવ્ય તો છે, પરંતુ દિવ્ય પણ છે. કારણ કે પ્રમુખસ્વામી મહારાજનું જીવન માત્ર



અને માત્ર સમષ્ટિના કલ્યાણ માટે હતું. આતંકવાદી હુમલા વખતે કોઈપણ જાતના ઉચાટ વગર સમ્યક ભાવથી, સ્થિરતાથી પ્રમુખસ્વામી મહારાજે પ્રજાને શાંતિનો સંદેશો આપ્યો એ એમની સ્થિરતા અને દીર્ઘદૃષ્ટિનું પરિણામ હતું. આજે ગુજરાત સલામત છે, સમૃદ્ધ છે એના મૂળમાં પણ પ્રમુખસ્વામી મહારાજનો પુરુષાર્થ છે. •

## આખી દુનિયા કાયમ યાદ રાખે એવા મહાન સંત

**– શ્રી નીતિનભાઈ પટેલ**

પ્રમુખસ્વામી મહારાજ એટલે એક એવું વિરાટ વ્યક્તિત્વ કે જેમણે સ્વામિનારાયણ સંપ્રદાય અને હિન્દુધર્મનું નામ સમગ્ર વિશ્વમાં ખૂબ વિશ્વસનીય અને ખૂબ પ્રેમ સાથે સ્વીકારાય એ કક્ષાએ મૂક્યું છે. ધાર્મિક ક્ષેત્રે, સેવાના ક્ષેત્રે, સાંસ્કૃતિક ક્ષેત્રે સમગ્ર દુનિયામાં ગુજરાતને ગૌરવ અપાવવાનો સૌથી મોટો યશ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને છે. આપણો હિન્દુ ધર્મ દેશ અને દુનિયામાં પ્રચલિત થયો અને ગુજરાતનું ગૌરવ વધ્યું એમાં પ્રમુખસ્વામી મહારાજનો સિંહફાળો છે. આજે અમેરિકા કે અન્ય દેશોમાં ગુરુકુળ હોય, પાઠશાળાઓ હોય, હિન્દુ તહેવારો ઊજવાતા હોય, હિન્દુ પદ્ધતિથી આપણી ધાર્મિક-વૈદિક પરંપરાઓ-સેવાઓ થતી હોય એવાં મંદિરોનું નિર્માણ કરીને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ગુજરાતને ગૌરવ અપાવ્યું છે.

પ્રમુખસ્વામી મહારાજને ફક્ત ગુજરાતના નહીં, ભારતના નહીં, પણ વિશ્વના એક મહાન ધાર્મિક સંત તરીકે આખી દુનિયા કાયમ માટે યાદ કરશે. •

### આજના કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોની સૂચિ

કુરુક્ષેત્રના મહામંડલેશ્વર સ્વામીશ્રી જ્ઞાનાનંદજી મહારાજ, ગુજરાતના જાણીતા લોકનેતાઓ તથા પૂર્વ મંત્રીશ્રીઓ - શ્રી સૌરભભાઈ પટેલ, શ્રી જવાહરભાઈ ચાવડા, શ્રી પ્રદીપસિંહજી જાડેજા, શ્રી આર. સી. ફળદુ, શ્રી સુરેન્દ્રભાઈ પટેલ, શ્રી પરિન્દુ ભગત, શ્રી માંધાતાસિંહજી મનોહરસિંહજી જાડેજા (ઠાકોર સાહેબ, રાજકોટ), શ્રી મહિપાલસિંઘ મકરાણા (રાષ્ટ્રીય પ્રમુખ, શ્રી રાજપૂત કરણી સેના), શ્રી નીતિન મૂકેશ (વિખ્યાત પાર્શ્વ ગાયક), શ્રી અનિલભાઈ મુકીમ (ચૅરમૅન, ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન, ગુજરાત સરકાર), શ્રી શિશિર બજાજ (બજાજ ગ્રૂપ), શ્રી સુનીલભાઈ ગાલા (નવનીત એજ્યુકેશન ટ્રસ્ટ), શ્રી જય યાજ્ઞિક (વાઇસ પ્રેસિડેન્ટ, ગૂગલ એ.આઈ) વગેરે મહાનુભાવો મંચસ્થ હતા. •

**(અનુસંધાન પૃ. ૧૩૩ પરથી)**

बहनों ने इंजेक्शन के माध्यम से रंग भरकर बनाया है। उस तस्वीर की दिव्यता को देखिए। मेरा प्रथम नमन इस दिव्यता को है। मेरा द्वितीय नमन सेवा के भाव को है। यहाँ हजारों लोग इस भावना से सेवा कर रहे हैं कि प्रमुखस्वामीजी महाराज प्रसन्न होंगे मेरी सेवा से। उन्हें नहीं वेतन चाहिए, नहीं धन चाहिए, नहीं मान चाहिए। केवल प्रमुखस्वामी महाराज



को प्रसन्न करने की भावना है। मेरा तीसरा नमन गुरु-प्रेम को है। अभी जब मैं (वीडियो के माध्यम से) प्रमुखस्वामीजी महाराज को सुन रहा था, तो उनके मुख से योगीजी महाराज, योगीजी महाराज... का नाम आ रहा था। मैं आदरणीय महंत स्वामीजी के चरणारविंद में नमन करते हुए कहता हूँ कि उनका जो गुरु के प्रति प्रेम है, कि शताब्दी वर्ष 'न भूतो न भविष्यति...' मनाया जाएगा, तो यह उत्सव मनाया जा सका। जहाँ गुरु प्रेम है, वहाँ असंभव भी संभव है। इस गुरु प्रेम को मेरा नमन है। ●

## પ્રેમ, કરુણા અને દયાના મૂલ્યોનું સિંચન

**– શ્રી મુરલીધરન્**

આ નગરમાં અનેક પ્રેરણાદાયક દૃશ્યો જોવાની તક મળી. મંદિરો દ્વારા બાળકોમાં સંસ્કૃતિ, સંસ્કાર અને સ્વાસ્થ્ય કેળવાય છે. તાજેતરમાં યુક્રેનની સીમા પર ૨૨,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ ફસાયેલા હતા ત્યારે સંસ્થાના સ્વયંસેવકોએ તેમને આશરો આપીને ગરમ ભોજન જમાડ્યું. સ્વામીશ્રીએ સ્વયંસેવકોમાં માત્ર ઉપદેશ નહીં, પરંતુ માનવતા માટે પ્રેમ, કરુણા અને દયા વગેરે મૂલ્યોનું સિંચન કર્યું છે. ફક્ત ઉપદેશ નહીં, તેઓ તે પ્રમાણે વર્તતા પણ હતા. તેથી આ સંસ્થાનો દરેક સ્વયંસેવક તે સિદ્ધાંતને અનુસરે છે. કોરોનાના ભયંકર સમયે પણ આ સંસ્થાના સ્વયંસેવકોએ વિશ્વના જુદાં જુદાં શહેરોમાં લોકોને સહાય કરી હતી. આમ પ્રમુખસ્વામી મહારાજના ઉપદેશો સમગ્ર માનવજાત માટે માર્ગદર્શક છે. શબ્દો ને કાર્યો એક થાય તે દુર્લભ છે તે હું આ બી.એ.પી.એસ. સંસ્થામાં દેખું છું. ●

## જ્યાં વિજ્ઞાન છે, સાથે સાથે ત્યાગ પણ છે...

**– શ્રી તેજસ્વી સૂર્યા**

પ્રમુખસ્વામીજી ત્યાગ અને સમર્પણની મૂર્તિ હતા. અહીં તેમના દ્વારા થયેલા ચમત્કારો નજરે જોયા. આખું પરિસર સ્વચ્છ, લીલુંછમ્મ અને મનોહર છે. અમને અહીંથી આયોજન, સંચાલન, નેતૃત્વ અને સેવાનું કૌશલ્ય શીખવા મળશે. અહીં સ્વામીજીનો ઉપદેશ અને આત્મા જીવંત છે. આ મહોત્સવમાં સર્વે મૂલ્યોનો સમન્વય છે. અહીં સેવા છે, વિજ્ઞાન પણ છે, ત્યાગ પણ છે, ટેક્નોલોજી પણ છે, પવિત્રતા પણ છે, વૈભવ પણ છે અને આધુનિકતા પણ છે. આ સર્વેનું એકીકરણ નવ્ય ભારત માટે પ્રતીકરૂપ છે. છેલ્લાં ૧૦૦૦ વર્ષથી આપણે ભવ્ય સપનાં જોવાની, ભવ્ય વિચારો કરવાની અને તેને અમલમાં મૂકવાની ક્ષમતા ખોઈ બેઠા હતા. પણ આજે બી.એ.પી.એસ. સંસ્થા ભારતીય આત્માને ફરીવાર જાગ્રત કરી રહી છે. પ્રમુખસ્વામી મહારાજ આજના યુગના સૌથી મોટા યુથ આઈકોન છે. એમના દ્વારા સ્થાપિત મૂલ્યો સમયાતીત, સાર્વભૌમિક અને સાર્વત્રિક છે. આજે વિશ્વભરમાં આ સંસ્થા લોકહિત, સમાજહિત, રાષ્ટ્રહિતની પ્રવૃત્તિ પ્રેમ અને સમર્પણની ભાવનાથી કરે છે. આ સંસ્થા સનાતન ધર્મનાં મૂલ્યો જીવે છે, તેથી તેમનો સંદેશો શાશ્વત રહે છે. ●



## મહિલા સશક્તિકરણનું ગૌરવગાન કરતી આંતરરાષ્ટ્રીય વિમેન્સ કોન્ફરન્સ

## મહિલા ઉત્કર્ષનાં અજવાળાં પ્રસરાવનાર પ્રમુખસ્વામીજીને ભાવવંદના કરતો

# આંતરરાષ્ટ્રીય મહિલા દિન

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રગટાવેલી મહિલા ઉત્કર્ષની જ્યોતિને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સાધુતાની મર્યાદામાં અક્ષુણ્ણ રહીને દેશ-વિદેશમાં પ્રસરાવી છે. સ્વામીશ્રીની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થાની મહિલાપાંખ મહિલાઓના સશક્તિકરણમાં અમૂલ્ય યોગદાન આપી રહી છે. સ્વામીશ્રીની આ ઉપકાર-વર્ષામાં ભીંજાયેલાં દેશવિદેશનાં હજારો મહિલાઓએ શતાબ્દી મહોત્સવમાં તા. ૫ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિન યોજીને તેઓનાં ચરણોમાં ભક્તિસભર અંજલિ અર્પી હતી.

આજે એકેડેમિક કોન્ફરન્સ ખંડમાં એસ.એન.ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઈ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના સંયુક્ત ઉપક્રમે ‘વિમેન એમ્પાવરમેન્ટ એન્ડ હિન્દુ સોશિયો-સ્પિરિચ્યુઅલ ટ્રેડિશન’ વિષયક આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઈ હતી. વિવિધ વિશ્વવિદ્યાલયોના વિદ્વાનો અને સંશોધકોએ શોધપત્રો પ્રસ્તુત કર્યાં હતાં. એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીનાં ઉપકુલપતિ ડૉ. રુબિ ઓઝા, સાંચી યુનિવર્સિટીનાં કુલપતિ ડૉ. નિરજા ગુપ્તા, તામિલનાડુના ઓરોવિલો ફાઉન્ડેશનનાં સેક્રેટરી ડૉ. જયંતી એસ. રવિ, એડેલ્ફી યુનિવર્સિટીનાં વિભાગાધ્યક્ષ પ્રો. હાના કીમ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિ ડૉ. હેમીક્ષા રાવ, હૈદ્રાબાદની એલિકો લિમિટેડનાં મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી વનિથા દાતલા સહિત અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહી પ્રમુખસ્વામી મહારાજનાં નારી ઉત્કર્ષનાં કાર્યોની છણાવટ કરી હતી. આજે દ્વિતીય કોન્ફરન્સ ખંડમાં ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જિનિયર્સની કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં GICEAના પ્રમુખ ડૉ. વત્સલ પટેલ, CEPT યુનિવર્સિટીના પ્રમુખ ડૉ. બિમલ પટેલ વગેરે મહાનુભાવોએ સંબોધનો કર્યાં હતાં.

## મહોત્સવના મંચ પર મહાનુભાવો



**શ્રીમતી આનંદીબહેન પટેલ**
રાજ્યપાલ, ઉત્તરપ્રદેશ



**શ્રીમતી દર્શનાબહેન જરદોશ**
કેન્દ્રીય રાજ્યમંત્રી, નવી દિલ્હી



**ડૉ. જયંતી એસ. રવિ**
સેક્રેટરી, ઓરોવિલ ફાઉન્ડેશન, તામિલનાડુ



**પ્રો. હાના કીમ**
અધ્યક્ષ, માનવશાસ્ત્ર વિભાગ, એડેલ્ફી યુનિવર્સિટી, યુ.એસ.એ.



**પાદરી ડૉ. ડોર્કાસ રિગાથી**
દ્વિતીય નાગરિક, કેન્યા રિપબ્લિક



**સુશ્રી ઈરેન અચીંગ ઓલૂ**
રાજદૂત, ભારતમાં કેન્યાના ડેપ્યુટી હાઈ કમિશનર



**શ્રીમતી સુનયના તોમર**
એડિશનલ ચીફ સેક્રેટરી, ગુજરાત



**શ્રીમતી ગીતાબહેન જે. પટેલ**
ડેપ્યુટી મેયર, અમદાવાદ



**શ્રીમતી મીનાક્ષીબહેન લેખી**
કેન્દ્રીય રાજ્યમંત્રી, નવી દિલ્હી



**શ્રીમતી રંજનબહેન ભટ્ટ**
સાંસદ, વડોદરા



**શ્રીમતી જસ્ટિસ અભિલાષા કુમારી**
ન્યાયિક સભ્ય, લોકપાલ સમિતિ, ભારત



**સુશ્રી દર્શનાબહેન વાઘેલા**
ધારાસભ્ય, અમદાવાદ

### મહિલાઓની શક્તિને સ્વામીજી જ સમજી શક્યા છે

**– શ્રીમતી આનંદીબહેન પટેલ**

આ મહોત્સવમાં સુંદર નગરીનું નિર્માણ થયું તે ખરેખર અચરજ પમાડે તેવું છે. નગરમાં ૩૩,૦૦૦ કરતાં વધારે મહિલાઓએ સ્વયંસેવક રૂપે જે સેવાઓ કરી છે તે તેઓમાં રહેલી તાકાતનું દર્શન કરાવે છે. મહિલાઓની આ શક્તિને પ્રમુખસ્વામી મહારાજ જ સમજી શક્યા છે, આ બાબત બીજું કોઈ ન સમજી શકે. ●

### સ્વામીજીએ મહિલાઓને દરેક કાર્યોમાં જોડ્યાં છે

**– શ્રીમતી દર્શનાબહેન જરદોશ**

પ્રમુખસ્વામી મહારાજે મહિલા સશક્તિકરણ-ઉત્કર્ષની વાતો જ નથી કરી, પરંતુ એમના પર વિશ્વાસ મૂકીને દરેક કાર્યમાં એમને જોડ્યાં છે. સુંદર વ્યવસ્થાની સાથે સ્વચ્છતાનું પણ ઉત્કૃષ્ટ ઉદાહરણ અહીં જોવા મળ્યું છે. પ્રમુખસ્વામી મહારાજનાં જીવન-કાર્યથી નવી પેઢી પરિચિત થાય તેવું પ્રશંસનીય કાર્ય અહીં થયું છે. ●

### નગરમાં મહિલાઓની અજોડ સેવા-ભક્તિ

**– શ્રીમતી ડૉ. જયંતી રવિ**

અહીં મહિલાઓએ બબલ્સમાં રંગો પૂરીને રચેલું પ્રમુખસ્વામી મહારાજનું ચિત્ર નિહાળ્યું. કુશળકુંવરબાએ જે રીતે હાથે ફોલીને અક્ષત ભગવાનને અર્પણ કર્યાં હતાં, એવાં જ ભક્તિભાવ, સમર્પણભાવ ને શ્રદ્ધાથી બહેનોએ અહીં પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં અજોડ સમય, સેવા અને ભક્તિ અર્પણ કરી છે. ●





## દેશ-વિદેશના ૧૦૪ સુશિક્ષિત નવયુવાનો જીવન સમર્પણ કરી દીક્ષિત બન્યા...

### મહંત સ્વામી મહારાજના હસ્તે દીક્ષિત થયેલા યુવાનોનો અવિસ્મરણીય

# પાર્ષદી-ભાગવતી દીક્ષા સમારોહ

ભગવાન શ્રી સ્વામિનારાયણે એકાંતિક ધર્મના પ્રવર્તન માટે એક સાથે ૫૦૦ વિદ્વાન પરમહંસોને દીક્ષા આપી એક મહાન સંતપરંપરાને પ્રવર્તિત કરી હતી. એ જ પરંપરાને આગળ વધારતાં પ્રમુખસ્વામી મહારાજે તાલીમબદ્ધ ૧,૧૦૦ યુવાનોને દીક્ષા આપી અધ્યાત્મ અને સમાજની નિઃસ્વાર્થ સેવાના પંથે પ્રયાણ કરાવ્યું હતું.

સ્વામીશ્રીના એ મહાન પ્રદાનની સ્મૃતિ સાથે શતાબ્દી મહોત્સવે નારાયણ સભાગૃહમાં તા. ૬-૧-૨૦૨૩, ગુણાતીત દીક્ષાદિન - પોષી પૂર્ણિમાના પવિત્ર દિને પાર્ષદી દીક્ષા સમારોહ અને, તારીખ અનુસાર પ્રમુખસ્વામી મહારાજના ૮૪મા ભાગવતી દીક્ષા દિને તા. ૧૦-૧-૨૦૨૩ના રોજ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ભાગવતી દીક્ષા સમારોહ યોજાયો હતો. આ દ્વિ-દિવસીય દીક્ષા સમારોહના પ્રથમ દિને જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ અને દ્વિતીય દિને આનંદસ્વરૂપદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનનો લાભ આપ્યો હતો. પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રેરણાવચનો વહાવતાં કહ્યું: 'આજે જે યુવકો દીક્ષા લેવા માટે પધાર્યા છે એ બધા મોટામાં મોટું કાર્ય કરી રહ્યા છે. ત્યાગના માર્ગે દીકરાને અર્પણ કરનાર તેમનાં માતા-પિતાને, સગાં-વહાલાંને ધન્યવાદ છે. અભિનંદન છે. આપણે બધા જ ભગવાન ભજીએ છીએ તે સારું કાર્ય છે, પરંતુ ત્યાગનો માર્ગ ઉત્તમ છે. દુર્લભમાં દુર્લભ મનુષ્ય દેહ છે, તે સાર્થક કરી લેવો. જેને જે સમયે જે કાર્ય કરવાનું હોય એ કાર્ય કરીએ એટલે અખંડ મહોત્સવ...'

મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયેલા આ દીક્ષા સમારોહ ખૂબ જ દિવ્ય અને ભવ્ય હતા. આ અવસરનો ઉત્સાહ-ઉમંગ સૌના મુખારવિંદ પર વર્તાતો હતો. પોતાના વહાલસોયા પુત્રને અર્પણ કરતાં દરેક દીક્ષાર્થીનાં માતા-પિતા ખૂબ જ ઉત્સાહિત અને પોતાને ભાગ્યશાળી માની રહ્યાં હતાં. ભૌતિક સુખોને ઠોકર મારીને અધ્યાત્મના પંથે પદાર્પણ કરતા દીક્ષાર્થીઓનાં હૃદય દીક્ષા પ્રાપ્ત કરવા માટે થનગની રહ્યાં હતાં.

તા. ૯ જાન્યુઆરીના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પાર્ષદી દીક્ષા પ્રાપ્ત કરનાર ૪૬ સાધકોને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે યજ્ઞોપવીત ધારણ કરાવી હતી. ત્યારપછી ક્રમાનુસાર આવતા દીક્ષાર્થીઓને વિવેકસાગરદાસ સ્વામીએ કંઠી પહેરાવી સાથે તેઓના વાલીને હાર પહેરાવ્યો હતો. ઈશ્વરચરણદાસ સ્વામીએ દીક્ષાર્થીઓને શ્વેત ઉપવસ્ત્ર ધારણ કરાવ્યું, ત્યાગવલ્લભદાસ સ્વામીએ પાઘ પહેરાવી, ભક્તિપ્રિયદાસ સ્વામીએ ભાલે ચંદનની અર્ચા કરી હતી. ત્યારપછી પૂજ્ય મહંત સ્વામી મહારાજે દરેક દીક્ષાર્થીને નામાભિધાન આપી 'દીક્ષામંત્ર' અને આશીર્વાદ આપ્યા હતા. અંતમાં ડૉક્ટર સ્વામીએ નવદીક્ષિત પાર્ષદી દીક્ષાર્થીઓના વાલીઓને આશીર્વાદ પત્ર અને ઘનશ્યામચરણદાસ સ્વામીએ પ્રસાદ આપી કૃતાર્થ કર્યા હતા.

તા. ૧૦ જાન્યુઆરીએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયેલા ભાગવતી દીક્ષા સમારોહમાં દીક્ષા પ્રાપ્ત કરનાર ૫૮ પાર્ષદોએ પણ એ જ રીતે વરિષ્ઠ સંતોના હસ્તે પ્રાથમિક ઉપક્રમ વિતાવ્યા બાદ સ્વામીશ્રીના હસ્તે ભાગવતી દીક્ષા પ્રાપ્ત કરી હતી. બંને દીક્ષા સમારોહમાં દીક્ષાર્થી દીક્ષામંત્ર માટે સ્વામીશ્રી પાસે પધારે ત્યારે તેઓનો ગુણ-પરિચય આપીને નારાયણમુનિદાસ સ્વામી નૂતન નામાભિધાનની ઘોષણા કરતા હતા. દીક્ષાંત આશીર્વાદ આપતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે જણાવ્યું: 'આજે યુવાનો ત્યાગાશ્રમમાં પ્રવેશ કરે છે તે ખરેખર આનંદની વાત છે. આજના જમાનામાં જે સંત બને છે તે યોગીજી મહારાજના સંકલ્પથી અને પ્રમુખસ્વામી મહારાજની કૃપાથી બને છે. આ જમાનામાં આવા યુવાનો દીક્ષા લે છે તેથી ભવિષ્ય ખૂબ જ ઊજળું છે. આ અવસર અમૂલ્ય છે. આ બધા દ્વારા ભગવાન સ્વામિનારાયણનો સંદેશો સર્વત્ર પહોંચશે. તેઓ ધર્મમાં રહીને હજારોને ધર્મના માર્ગે ચડાવશે. મહારાજને પ્રાર્થના કે બધા સાધુતાના ગુણે યુક્ત થાય, બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરે અને એકાંતિક ધર્મ સિદ્ધ કરે. મા-બાપે પ્રેમથી અને ઉત્સાહથી દીકરાઓ આપ્યા છે એટલે તેઓને ધન્યવાદ છે. મહારાજ દીક્ષાર્થીનાં માતા-પિતા અને કુટુંબીઓને સુખ-શાંતિ આપે, તને-મને-ધને સુખિયા રાખે એ જ પ્રાર્થના.'' આશીર્વાદ બાદ સંતોએ વિવિધ કલાત્મક હારતોરાથી ઠાકોરજી તથા સ્વામીશ્રીને ઉમંગે વધાવ્યા હતા.

દીક્ષાર્થીમાં ૮ એમ.બી.એ. અને માસ્ટર ડિગ્રી, ૪૮ એન્જિનિયર સાથે કુલ ૭૫ ગ્રેજ્યુએટ થયેલા છે, જેમાં ૧૪ અમેરિકન સિટિઝનશિપ ધરાવે છે. તમામ દીક્ષાર્થીઓના વાલીઓ/સ્નેહીજનોને સ્વામીશ્રીએ સમીપ દર્શનનો લાભ આપીને ધન્ય કર્યા હતા. દીક્ષાર્થીઓનાં પૂર્વાશ્રમની માતાઓનું મહિલા વિભાગમાં મહિલા અગ્રણીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

શતાબ્દી પર્વે મહંત સ્વામી મહારાજ જેવા વિરલ સંતનાં ચરણે જીવન સમર્પિત કરીને આ ૧૦૪ દીક્ષાર્થીઓએ પ્રમુખસ્વામી મહારાજને સાચા અર્થમાં જીવન-અંજલિ સમર્પિત કરી હતી. ●





### વિદેશની ધરતી પર પ્રમુખસ્વામી મહારાજે પ્રસરાવેલ સાંસ્કૃતિક મૂલ્યોનો દિન

### આરબ ભૂમિ પર સ્વામીશ્રી દ્વારા સ્થાપિત મૈત્રી ને સંવાદિતાની અનુભૂતિ કરાવતો

# બી.એ.પી.એસ. અખાતી દેશ દિન

આજે તા. ૬-૧-૨૦૨૩થી તા. ૧૧-૧-૨૦૨૩ દરમ્યાન, પ્રમુખસ્વામી મહારાજે પાંચેય ખંડમાં ફરકાવેલી ગૌરવ ધજાને માણવાનું પર્વ શરૂ થયું હતું. સ્વામીશ્રીએ પ્રચંડ પુરુષાર્થ કરીને આ દેશોમાં લાખો લોકોને કરાવેલા આધ્યાત્મિક અનુભવોની રસપ્રદ કહાની સાથે જે તે દેશોના સત્સંગની ગાથા પ્રસ્તુત થઈ હતી. તા. ૬-૧-૨૦૨૩ના રોજ અખાતી દેશોની સત્સંગ-ગાથા પ્રસ્તુત થઈ. સદીઓથી ભારત અને અખાતી આરબ દેશો વચ્ચે સાંસ્કૃતિક સંબંધ રહ્યો છે. સન ૧૯૯૭માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આરબ ભૂમિ પર વસતા હિન્દુઓની ધર્મભાવનાને પોષવા માટે એક પવિત્ર સંકલ્પ કર્યો હતો કે આરબ ભૂમિ પર સંસ્કૃતિધામ સમા મંદિરનું નિર્માણ કરવું છે. સ્વામીશ્રીના દિવ્ય પ્રભાવના પરિણામે યુ.એ.ઈ.ની સરકારે અબુધાબીમાં મંદિરના નિર્માણ માટે અર્પણ કરેલી ભૂમિ પર મહંત સ્વામી મહારાજની નિશ્રામાં ભવ્ય મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. આજે સંધ્યાસભામાં અખાતી દેશોના સત્સંગની ગાથા પ્રસ્તુત થઈ ત્યારે ભારતના વિદેશ મંત્રીશ્રી ડો. એસ. જયશંકર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે અને અન્ય અનેક મહાનુભાવોએ ભાવોર્મિઓ વ્યક્ત કરી હતી. અક્ષરાતીત સ્વામી, પરમવંદન સ્વામી, શ્રી અશોકભાઈ કોટેચાનાં સંબોધનો બાદ 'સ્ટોરી ઓફ ફ્રેન્ડશિપ, હાર્મની એન્ડ પાવર ઓફ ટ્રાન્સફોર્મેશન' વિષયો પર વીડિયો-પ્રસ્તુતિ સાથે વિવેકસાગરદાસ સ્વામી, આત્મસ્વરૂપદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામીએ સંબોધનો કરીને અદ્‌ભુત રજૂઆત કરી. શ્રી રમેશ રામકૃશનન (ટ્રાન્સ વર્લ્ડ ગ્રૂપ), શ્રી કે. જી. બાબુરાજન (બાહરીન), શ્રી મનીષભાઈ પટેલ (જીપ ગ્રૂપ), શ્રી આર. રમેશ (બાહરીન), શ્રી રાજેશ માલપાણી (માલપાણી ગ્રૂપ), શ્રી નંદન ઝા (પેંગ્વિન રેન્ડમ હાઉસ) વગેરેએ આજના કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**શ્રી ડૉ. એસ. જયશંકર**
વિદેશમંત્રી, ભારત સરકાર



**શ્રી ડૉ. બસમ અલખાતિબ**
સીરિયન રાજદૂત, ભારત



**શ્રી ડી. વીરેન્દ્ર હેગડે**
ધર્માધિકારી, શ્રીક્ષેત્ર ધર્મસ્થલા મંજુનાથ સ્વામી મંદિર, કર્ણાટક



**શ્રી થોમસ પેરેઝ**
પૂર્વ સેક્રેટરી ઓફ લેબર, યુ.એસ.એ.



**શ્રી નઝીમ અલ કુદસી**
પૂર્વ સી.ઈ.ઓ., અબુધાબી ઈન્વેસ્ટમેન્ટ કાઉન્સિલ



**શ્રી બકુલભાઈ મહેતા**
મેનેજિંગ ડાયરેક્ટર, મસ્કત ફાર્મસી, ઓમાન



**શ્રી ડૉ. અમનપુરી**
ભારતીય કોન્સલ જનરલ, યુ.એ.ઈ.



**શ્રી ઇલિયાસ અકબરઅલી**
ચેરમેન અને સી.ઈ.ઓ., સિપ્રોમેડ ગ્રૂપ, મડાગાસ્કર



**શ્રી યોગેશભાઈ મહેતા**
સ્થાપક અને સી.ઈ.ઓ., પેટ્રોકેમ મિડલ ઈસ્ટ લિમિટેડ, યુ.એ.ઈ.

## સ્વામીશ્રીએ પરિપૂર્ણ સમાજ ઊભો કર્યો છે...

**– શ્રી થોમસ પેરેઝ**

પ્રમુખસ્વામી મહારાજનું જીવન જ એક સંદેશ હતું. એ સંદેશ હતો શાંતિ, સહિષ્ણુતા, આશા અને નિઃસ્વાર્થ સેવાનો. એમનું જીવન એટલે રંગ, જ્ઞાતિ, જાતિના ભેદભાવ વગરની સેવા. એક સંત પોતાની દૃઢ નિષ્ઠાથી અનેક લોકોને જીવન મૂલ્યો, સામાજિક ન્યાય અને સર્વધર્મ સહિષ્ણુતા દૃઢ કરાવીને વિશ્વને બદલી શકે છે તેનું દર્શન પ્રમુખસ્વામી મહારાજમાં થાય છે. એમની નમ્રતા અને દીર્ઘદૃષ્ટિથી બીજાને સહાય કરવાની ભાવના વિશ્વફલક પર સંવર્ધિત થઈ રહી છે. સ્વયંસેવકોએ આ મહોત્સવની સેવા માટે ૩૫ મિલિયન કલાકો અર્પ્યા છે જે મારે માટે બહુ મોટું આશ્ચર્ય છે! પ્રમુખસ્વામી મહારાજે વિશ્વના લાખો લોકો પર વાત્સલ્ય વરસાવ્યું છે. તેઓએ એક પરિપૂર્ણ સમાજ ઊભો કર્યો છે. •

## બી.એ.પી.એસ.નાં ચાર પાસાંઓનું ચિંતન

**– શ્રી એસ. જયશંકર**

प्रमुखस्वामी महाराज 50 देशों, 17,000 शहरों और गाँवों में गए, उन्होंने 1200 मंदिरों की स्थापना की। 7,50,000 से ज्यादा खत लिखे, युनाईटेड नेशन्श संयुक्त राष्ट्र उद्घाटन को संबोधित किया, वे यु.एस. के राष्ट्रपति से भी मिले, पोप से भी मिले, लेकिन साधारण लोगों को भी गले लगाया। बी.ए.पी.एस. की संत परंपरा का नेतृत्व भारत को आगे ले जा रहा है। अबूधाबी में मंदिर बनना ये तो एक चमत्कार है। अब बाहरीन में भी मंदिर बनेगा, यह सचमुच चमत्कार से कुछ और बड़ी चीज है। मैं बी.ए.पी.एस. के बारे में सोचता हूँ तो मुझे इसमें चार बड़े कोन्सेप्ट्स दिखाई देते है – 1. कम्पेशन 2. सर्विस 3. कम्युनिटी और 4. ह्युमेनिटी। मैं जब बी.ए.पी.एस. की विधि को देखता हूँ तो उसमें भी मुझे चार पाईन्ट महत्त्वपूर्ण लगते हैं – एक कि वह लॉकल भी हैं और ग्लॉबल भी हैं। दूसरा वह टेक्नालाजी का इस्तेमाल करते हैं, पर ट्रेडिशन, संस्कृति, इतिहास, विरासत का खयाल भी रखते हैं। (અનુસંધાન પૃ. ૧૪૯ પર)



### પ્રવાસન અને ધર્મ વિષયક કોન્ફરન્સ

## અમેરિકામાં સ્વામીશ્રીએ પ્રસરાવેલા આધ્યાત્મિક આંદોલનની અનુભૂતિ કરાવતો

# બી.એ.પી.એસ. નોર્થ અમેરિકા દિન

પ્રમુખસ્વામી મહારાજની અપ્રતિમ સાધુતા અને ભગવન્મયતાની સુવાસ અમેરિકાની ધરતી પર લાખો આબાલવૃદ્ધોના હૈયે પ્રસરી વળી છે. ઉત્તર અમેરિકા ખંડના બે મુખ્ય દેશ - યુ.એસ.એ. અને કેનેડામાં સ્વામીશ્રીએ રચેલાં એકસોથી વધુ મંદિરો સંસ્કૃતિની ધરોહર બન્યાં છે. નોર્થ અમેરિકામાં સ્વામીશ્રીએ કરેલાં આવાં અનેક કલ્પનાતીત કાર્યોમાં તેઓના વ્યક્તિત્વની અનોખી સુવાસ અનુભવાય છે. આજે તા. ૭-૧-૨૦૨૩ની સંધ્યાસભામાં નોર્થ અમેરિકા સત્સંગ મંડળ દ્વારા તેનો આસ્વાદ કરાવાયો. બાળ-યુવા સંગીતવૃંદે સત્સંગદીક્ષાના પાઠ અને કીર્તનભક્તિ સાથે સભાનો શુભારંભ કર્યા બાદ સંતો-બાળકો-યુવકોએ વિવિધ પ્રેરણાત્મક કાર્યક્રમો રજૂ કરીને સ્વામીશ્રીએ સિંચેલા સંસ્કારો, સ્વામીશ્રીના પ્રચંડ પુરુષાર્થ અને તેમનાં કાર્યોનું દર્શન કરાવ્યું હતું. દેશ-પરદેશના મંચસ્થ મહાનુભાવોએ શબ્દસુમન અર્પી સ્વામીશ્રીના વ્યક્તિત્વને બિરદાવ્યું હતું. ભારતના કેન્દ્રીય મંત્રીશ્રીઓ ઉપરાંત શ્રી ડો. વી. આઈ. લક્ષ્મણન્ (શ્રીનગરી વિદ્યાભારતી ફાઉન્ડેશનના પ્રમુખ), શ્રી કમલેશ મહેતા(ચેરમેન, ફોર્સીથ મીડિયા ગ્રૂપ), શ્રી મફતભાઈ પટેલ (પટેલ બ્રધર્સ, ઇન્ક.), શ્રી સુરેશ લાલવાણી (જાણીતા સંગીતકાર), શ્રી મુકેશ પટેલ (પૂર્વ ચેરમેન, AAHOA), શ્રી મહાવીરપ્રસાદ તાપરિયા (સુપ્રીમ ઇન્ડસ્ટ્રીઝ લિ.), શ્રી દીપક આનંદ (સંસદ સભ્ય, કેનેડા), શ્રી સુધીર વૈષ્ણવ (ગ્લોબોસેટ એન્ટરટેઈન્મેન્ટ), શ્રી સૌમિત્ર ગોખલે (હિન્દુ સ્વયંસેવક સંઘ), શ્રી હેમંત પટેલ (ભૂતપૂર્વ અધ્યક્ષ, AAHOA), શ્રી દીપકભાઈ વાસવાની (બિલ્ડર) વગેરે પણ મંચ પર ઉપસ્થિત હતા. આજે કોન્ફરન્સ ખંડમાં ગુજરાતના પર્યટન મંત્રીશ્રી મૂળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં 'ટુરિઝમ કોનક્લેવ ૨૦૨૩' - ભારતની પહેલી ટુરિઝમ કોન્ફરન્સનું આયોજન થયું હતું.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**શ્રી પ્રહલાદસિંહજી પટેલ**
મંત્રીશ્રી, ફૂડ પ્રોસેસિંગ ઇન્ડ. અને જલશક્તિ, ભારત



**શ્રી માઇકલ ડી. ફોર્ડ**
મંત્રીશ્રી, ઓન્ટારિયો, કેનેડા



**શ્રી સંપથકુમાર નદદુર**
પ્રમુખ, મલિબુ હિન્દુ મંદિર, અમેરિકા



**શ્રી સુનીલભાઈ નાયક**
સી.ઈ.ઓ. ઇનઝેન હોસ્પિટાલિટી, યુ.એસ.એ.



**શ્રી રાજીવ ચંદ્રશેખર**
મંત્રીશ્રી, ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, ભારત



**શ્રી હર્ષવર્ધન શ્રીંગલા**
ચીફ કો-ઓર્ડિનેટર, G-20, ભારત



**શ્રી દિનેશજી જૈન**
સભ્ય, લોકપાલ કમિટી, ભારત



**શ્રી મનોજ સોની**
ચેરમેન, યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી), ભારત



**શ્રી કેમરોન મેકેય**
કેનેડિયન રાજદૂત, ભારત



**શ્રી કેની દેસાઈ**
પ્રમુખ, ફેડરેશન ઓફ ઇન્ડિયન એસોસિયેશન, યુ.એસ.એ.



**શ્રી નીલ પટેલ**
ચેરમેન, એશિયન-અમેરિકન હોટલ ઓનર એસોસિયેશન, અમેરિકા



**શ્રી વાસુદેવ કામથ**
પ્રસિદ્ધ ચિત્રકાર, અધ્યક્ષ, સંસ્કાર ભારતી, મુંબઈ

## આદર્શોની જીવંત યુનિવર્સિટી આ નગર

**– શ્રી રાજીવ ચંદ્રશેખર**

પ્રમુખસ્વામી મહારાજે આપેલો જીવનમૂલ્યોનો સંદેશ લાખો લોકોનાં જીવનમાં ગુંજી રહ્યો છે. આ મૂલ્યો બદલાતા સમયમાં સમગ્ર વિશ્વ માટે ખરેખર જરૂરી છે. આ નગરમાં એકત્રિત થયેલા લોકો તેમનાં મૂલ્યો અને આદર્શોને સેવાની ભાવના સાથે જીવે છે. મૂલ્યો, વિચારો અને આદર્શોની આ જીવંત યુનિવર્સિટી છે.●

## દુનિયામાં ક્યાંય જોવા ન મળે એવું ઉદાહરણ

**– શ્રી હર્ષવર્ધન શ્રીંગલા**

પ્રમુખસ્વામી મહારાજે દેશ-વિદેશના લાખો ભક્તોને માર્ગદર્શન આપ્યું છે અને તેઓ તેમના ઉપદેશોથી સુખ-શાંતિ પામ્યા છે.

હું યુ.એસ.માં હતો ત્યારે બંને દેશો વચ્ચેના પરસ્પરના સંબંધો વધારે દૃઢ બને તેવા પ્રયત્નો થયા હતા. તેમાં આ સંસ્થાનું પૂરું સમર્થન પ્રાપ્ત થયું હતું. પ્રમુખસ્વામીજીના સંકલ્પથી ન્યૂજર્સીમાં બની રહેલા અક્ષરધામ મહામંદિરે જવાનો અવસર મને મળ્યો હતો. આ મંદિર દુનિયાનું મુખ્ય આકર્ષણ બનશે, આધ્યાત્મિક આકર્ષણ બનશે, સાંસ્કૃતિક આકર્ષણ બનશે અને સહેલાણીઓનું પણ આકર્ષણ બનશે. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના અવસરે સ્વયંસેવકોએ કીંમતી યોગદાન અને સમય આપ્યો છે, દુનિયામાં આવું બીજે ક્યાંય જોવા નથી મળ્યું! ●

(અનુસંધાન પૃ. ૧૪૯ પર)



**ફાર્મા ઇન્ડસ્ટ્રીઝના અગ્રણીઓની કોન્ફરન્સમાં સંતોનાં પ્રેરક વ્યાખ્યાનો**

**યુ.કે.-યુરોપની ધરતી પર સ્વામીશ્રીના દિવ્ય પ્રભાવની ઝાંખી કરાવતો**

# બી.એ.પી.એસ. યુ.કે.-યુરોપ દિન

પ્રમુખસ્વામી મહારાજે પશ્ચિમની ધરતી પર લંડન ખાતે પ્રથમ શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિર રચીને ભારતીય સંસ્કૃતિ તેમજ અધ્યાત્મનાં અજવાળાં પશ્ચિમમાં પ્રસરાવ્યાં છે. અનેકવિધ સેવાપ્રવૃત્તિઓ દ્વારા ગૌરવવંતાં સન્માનો પ્રાપ્ત કરીને ઊભેલું આ મંદિર યુ.કે. અને યુરોપીય દેશોનાં આધ્યાત્મિક કાર્યોનું ગંગોત્રી બની રહ્યું છે. માત્ર મંદિર નહીં, વ્યક્તિ-વ્યક્તિના આધ્યાત્મિક, સાર્વત્રિક ઉત્કર્ષ માટે સ્વામીશ્રીએ કરેલા પુરુષાર્થને સૌ આજે અશ્રુભીની આંખે યાદ કરે છે. આજે તા. ૮-૧-૨૦૨૩ના રોજ યુ.કે.-યુરોપના પ્રદેશમાં સ્વામીશ્રીએ અર્પેલાં એવાં અનેક પ્રદાનોની સ્મૃતિ સાથે સૌ ભક્તો તેમને અંજલિ આપવા થનગનતા હતા. અનેકવિધ સંવાદો, દસ્તાવેજી વીડિયો, ભક્તિનૃત્યો વગેરે દ્વારા સ્વામીશ્રીના યુ.કે.-યુરોપ ખાતેના વિચરણ, મંદિર નિર્માણ, ભક્તો અને સ્વયંસેવકોનાં સેવા-સમર્પણ-પરિવર્તનની રોમાંચક પ્રસ્તુતિ કરવામાં આવી હતી. બ્રિટનના પ્રધાનમંત્રીશ્રી ઋષિ સુનક અને લંડન મંદિરના આર્કિટેક્ટ શ્રી નાઈજલ લેને શુભેચ્છા સંદેશ પાઠવીને સ્વામીશ્રીના વૈશ્વિક વ્યક્તિત્વને બિરદાવ્યું હતું. આજે શ્રીમદ્ રાજચંદ્ર મિશનના પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈએ તથા ઇંગ્લેન્ડ અને ભારતના અનેક નેતાઓએ સ્વામીશ્રીને અંજલિ અર્પી હતી. પૂર્વ એર માર્શલ શ્રી પી. કે. મહેરા, શ્રી રાકેશ સિંહ (સંસદ સભ્ય, જબલપુર), શ્રી જયેશ શાહ (નમન ગ્રૂપ), શ્રી અશોક જૈન (જૈન ગ્રૂપ), શ્રી અનિલ કુમાર મિત્તલ (KRBL), શ્રી રાકેશ ચૌરસિયા (પ્રખ્યાત વાંસળીવાદક) વગેરે મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. આજે ઈન્ડિયન ડ્રગ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (IDMA) દ્વારા યોજાયેલી કોન્ફરન્સમાં IDMAના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી વિરંચિભાઈ શાહ, ગુજરાતના ચેરમેન શ્રી ડો.શ્રેણિક શાહ, FDCOAના કમિશનર ડો. હેમંત કોશિયા, વગેરે મહાનુભાવોએ લાભ આપ્યો હતો.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**પૂજ્ય શ્રી રાકેશભાઈ ઝવેરી**
સ્થાપક અને આધ્યાત્મિક વડા, શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુર



**શ્રી હરદીપસિંહ પુરી**
મંત્રીશ્રી, પેટ્રોલિયમ, કુદરતી ગેસ, આવાસ, શહેરી બાબત, ભારત



**જનરલ શ્રી ડૉ. વી. કે. સિંહ**
મંત્રીશ્રી, માર્ગપરિવહન અને નાગરિક ઉડ્ડયન, ભારત



**શ્રી એલેક્સ એલિસ**
બ્રિટિશ હાઈ કમિશનર, ભારત



**પદ્મશ્રી બોબ બ્લેકમેન**
પ્રસિદ્ધ લોકનેતા અને એમ.પી., યુ.કે.



**પદ્મશ્રી બેરી ગાર્ડિનર**
પ્રસિદ્ધ લોકનેતા અને એમ.પી., યુ.કે.



**શ્રી ગોપીચંદજી હિન્દુજા**
વિખ્યાત ઉદ્યોગપતિ, હિન્દુજા બ્રધર્સ, યુ.કે.



**શ્રી પ્રો. મનોજ લાડવા**
ચેરમેન, ચીફ એક્ઝિક્યુટિવ, ઇન્ડિયા ઇન્ક. ગ્રૂપ, યુ.કે.



**શ્રી વિજય ડારડાજી**
ચેરમેન, લોકમત મીડિયા, નાગપુર



**ડૉ. વિજયકુમાર ગાવીત**
મંત્રી, હોર્ટિકલ્ચર, મેડિકલ એજ્યુકેશન તથા ટુરિઝમ, મહારાષ્ટ્ર



**શ્રી મંગલ પ્રભાત લોઢા**
કેબિનેટ મંત્રી, ટૂરિઝમ, કૌશલ્ય વિકાસ મંત્રાલય, મહારાષ્ટ્ર



**શ્રી વિરંચિભાઈ શાહ**
પ્રમુખ, ઈન્ડિયન ડ્રગ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન, મુંબઈ

## પ્રથમ દર્શને જ એમણે મારું દિલ જીતી લીધું...

**– પૂજ્ય શ્રી રાકેશભાઈ ઝવેરી**

મને પ્રથમવાર સન ૧૯૯૧માં પ્રમુખસ્વામી મહારાજ ગોંડલમાં બિરાજમાન હતા ત્યારે દર્શનલાભ મળ્યો હતો. બહાર નીકળતાં જ મેં કહ્યું: 'મેં પ્રમુખસ્વામીનાં દર્શન કર્યાં અને એમણે મારું હૃદય જીતી લીધું.' પ્રમુખસ્વામી મહારાજના નામ માત્રથી અનેક ગુણોનું સ્મરણ થાય છે. અનેક ગુણોનું એક સરનામું. મારું એમના પ્રત્યેના આકર્ષણનું મુખ્ય કારણ હતું - તેમનામાં રહેલો સદ્‌ગુણોનો સમન્વય. જ્ઞાનની પ્રગાઢતા, ભક્તિની પ્રચુરતા, ત્યાગ-વૈરાગ્યની પ્રધાનતા, સેવા-કરુણાનો પ્રવાહ, દિવ્ય જીવન, ભગવાન પ્રત્યેનો દાસત્વભાવ, અંતરંગ વૈરાગ્ય – આવા અનેક ગુણોનો દુર્લભ સમન્વય તેઓમાં અનુભવાતો. પ્રમુખસ્વામી મહારાજના અંતરમાં અહંકાર નહીં, આંખમાં વિકાર નહીં, મનમાં ધિક્કાર નહીં, વચનમાં તિરસ્કાર નહીં, વલણમાં નકાર નહીં – એવી પવિત્રતા હતી.

અદ્‌ભુત એમનો પુણ્યવૈભવ અને અદ્‌ભુત એમનો પ્રજ્ઞાવૈભવ! હું તેમના પુણ્યવૈભવ અને પ્રજ્ઞાવૈભવની પ્રશંસા કરું છું, પરંતુ તેમની પવિત્રતાના વૈભવ દ્વારા હું સૌથી વધુ પ્રભાવિત થયો છું. માન-અપમાનના પ્રસંગમાં નિઃસ્પૃહ રહેવું. જગત નડે નહીં. જગત અડે નહીં. પછી એ કેનેડિયન કે બ્રિટન પાર્લામેન્ટમાં સ્ટેન્ડિંગ ઓવેશન હોય કે પ્રથમવાર નૈરોબી જતાં પ્રવેશ નિષેધના કારણે

ઍરપોર્ટથી પાછું ફરવું પડ્યું હોય, માન-અપમાનના પ્રસંગમાં નિઃસ્પૃહ, નિર્ભય. એમની નજર પ્રભુ પ્રત્યે જ હતી. જગત તો એમના જ્ઞાનમાંથી છૂટી જતું હતું.
મને કોઈ પૂછે કે 'પ્રમુખસ્વામીજી મહારાજ કોણ?' તો હું અવશ્ય કહું, 'હરતું-ફરતું ઉપનિષદ, જીવંત ઉપનિષદ, મૂર્તિમંત અધ્યાત્મ.'
સૂર્ય ગુજરાતમાં ઊગે એટલે કાંઈ ગુજરાતનો નથી થઈ જતો. યુ.કે.માં કે અમેરિકામાં ઊગે એટલે અમેરિકાનો નથી થઈ જતો. એમ પ્રમુખસ્વામી મહારાજ જેવા સૂર્ય બી.એ.પી.એસ.માં ઊગે એટલે માત્ર બી.એ.પી.એસ.ના નથી, અમારા સૌના છે. સકલ વિશ્વના છે. ભારતીય સંસ્કૃતિના કીર્તિ સ્તંભ છે. ભારતીય સંસ્કૃતિમાં તેમનું યોગદાન અદ્‌ભુત છે. ●

## એવા સંત જે અગણિત જીવોને સ્પર્શ્યા છે...

**– શ્રી હરદીપસિંહ પુરી**

સાધુતાનું સ્વરૂપ અને જેમનામાંથી દિવ્યતા ઊભરાઈ રહી છે તેવા પ્રમુખસ્વામી મહારાજ સમગ્ર વિશ્વના અગણિત જીવોને સ્પર્શ્યા છે. એક મહાન આધ્યાત્મિક વડા તરીકે લાખો લોકો દ્વારા સન્માન અને ચાહના પામ્યા છે.
બી.એ.પી.એસ. સંસ્થા સાથેનો મારો નાતો દાયકાઓ પહેલાંનો છે. મને લંડનમાં નિસડન મંદિર સાથે કાર્ય કરવાનો પણ લાભ મળ્યો હતો. આ સંસ્થાએ સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિ દ્વારા લાખો લોકોની સંભાળ લીધી છે અને સહાયતા કરી છે. ૧૨૦૦થી વધુ બી.એ.પી.એસ. મંદિરો, લાખો નિઃસ્વાર્થી સ્વયંસેવકોએ સંસ્થા દ્વારા માનવસેવા અને રાહતકાર્યો કરીને અસંખ્ય જીવોને લાભાન્વિત કર્યા છે. આ શતાબ્દી ઉત્સવમાં ઉપસ્થિત રહેવાથી હું ધન્ય થઈ ગયો! ●

## દિલને સ્પર્શી જાય એવી સંસ્થાઓ ખૂબ જૂજ છે...

**– જનરલ શ્રી ડૉ. વી. કે. સિંહ**

मैं कई वर्षों से देख रहा हूँ कि बी.ए.पी.एस. संस्था के स्वयंसेवक जिस प्रकार से हर त्रासदी, हर कठिनाई के अंदर, किसी भी प्रलोभन के बिना सेवा दे रहे हैं, जिस प्रकार से अपने देश के लिए और मानवता के लिए कार्य किया है, उससे बड़ा कोई कार्य नहीं हो सकता।
इसीलिए मैं शीश झुकाकर आप सब स्वयंसेवकों को और संस्था को प्रणाम करता हूँ। स्वामीजी ने जिस तरीके से लोगों को छुआ है, उनके दिलों तक पहुँचे हैं, उनकी व्यक्तिगत और सामूहिक समस्याओं को जिस प्रकार से उन्होंने ठीक किया है, ऐसी बहुत कम संस्थाएँ मिलती हैं, जो इस तरीके से लोगों के दिल को छू जाएँ। ●

## સહિષ્ણુતા-ઉદારતાનો મજબૂત સેતુ...

**– શ્રી એલેક્સ એલિસ**

એ હજારો સ્વયંસેવકોને ધન્યવાદ છે જેમણે આ મહોત્સવને અદ્‌ભુત અને આકર્ષક બનાવ્યો છે. તમે અહીં જે સેવા આપો છો તે ફક્ત અહીં પૂરતી જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં આપી રહ્યા છો. યુક્રેનમાં યુદ્ધના સમયે, ગુજરાતમાં ભૂકંપ સમયે તમે સેવા કાર્યમાં જોડાયા હતા. મારા દેશ યુ.કે. અને આ મહાન રાષ્ટ્ર ભારતના પરસ્પર સંબંધો માટે તમે બધા એક સેતુ છો. ઉદારતા, સહિષ્ણુતા અને વિવિધતાનો આ મજબૂત સેતુ બનાવનાર એક મહાપુરુષનો શતાબ્દી મહોત્સવ આપણે ઊજવી રહ્યા છીએ. ●

## પ્રમુખસ્વામી મહારાજ આજે આપણી સાથે જ છે...

**– શ્રી બોબ બ્લેકમેન**

શબ્દો યાદ આવે છે – બીજાના સુખમાં આપણું સુખ છે. આ શબ્દો એક એવા મહાપુરુષના છે જેમણે સમગ્ર વિશ્વમાં ભક્તિ અને સમર્પણની ભાવના વહાવી છે. તેમણે ૧૨૦૦ મંદિરનું નિર્માણ કરીને શાશ્વત પરંપરા સ્થાપી દીધી છે. એમનો ઉપદેશ અને એમનો જીવંત આત્મા આજે એમના દરેક મંદિરમાં, દરેક હરિભક્તમાં ધબકે છે અને આ પરંપરા શાશ્વત કાળ સુધી આ પૃથ્વી પર રહેશે. સ્વામીજીને ઘણા પ્રસંગોમાં મળવાનો લહાવો મળ્યો છે. તેનો મને આજે આનંદ છે. બી.એ.પી.એસ.ના સ્વયંસેવકોની વિશેષતા એ છે કે તમે કોઈ મોટી કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ હો કે સામાન્ય માણસ હો, પણ મંદિરમાં બધા સમાન છે. સૌ જ્યાં જરૂર હોય ત્યાં ભેદભાવ વગર કાર્ય કરે છે. આ નગરમાં ૮૦,૦૦૦ સ્વયંસેવકોએ અદ્‌ભુત કાર્ય કર્યું છે. મને છેલ્લા ત્રણ દિવસથી આ ૬૦૦ એકરના પરિસરની મુલાકાતનો લાભ મળ્યો. ખૂબ પ્રેરણાદાયક પ્રદર્શન ખંડો હતા. બાળનગરીમાં બાળકોએ વિશ્વને ખૂબ સારો સંદેશ આપ્યો છે. પ્રમુખસ્વામી મહારાજ આજે આપણી સાથે છે

અને હમેશા આપણી સાથે રહેશે - એમનાં શાસ્ત્રો દ્વારા, એમના ઉપદેશ દ્વારા. આ એવી અદ્‌ભુત સંસ્થા છે જેને વિશ્વમાં સારું કરવાનો ઉત્સાહ છે. ●

(અનુસંધાન પૃ. ૧૪૩ પરથી)

तीसरा है - एक्शन। जमीन में काम भी करते हैं। और उनकी छबि, उनका जो रेप्युटेशन है वो भी दूसरों को प्रेरणा देता है। चौथा है - बड़े स्तर पर भी काम करते हैं, लेकिन छोटे से छोटे व्यक्ति को छूते हैं। देखो प्रमुखस्वामी महाराज का जीवन। यह बी.ए.पी.एस. की विशेषता है। हर समय विश्व कल्याण की हमारी सोच होनी चाहिए - यह बी.ए.पी.एस. का मेसेज है। ●

## આવું દુનિયામાં ક્યાંય જોયું નથી...

**– શ્રી ઇલિયાસ અકબર અલી**

નગરની મુલાકાતથી હું ખૂબ પ્રભાવિત થયો છું. આટલો બધો માનવ-મહેરામણ ઊમટ્યો હોવા છતાં નીરવ શાંતિ!

બધાય સેવામાં રત, બધા એકબીજાનું સભ્યતાપૂર્વક ધ્યાન રાખે, સમગ્ર નગર ચોખ્ખું દેખાય -

આ બધું આપણને પ્રમુખસ્વામી મહારાજે શીખવ્યું છે.

તેમણે સૌમાં દઢાવેલી શાંતિ, સંવાદિતા, માનવતા, ભલાઈ અહીં તાદૃશ થાય છે.

અહીં જે જોવા મળે છે તેવું દુનિયામાં ક્યાંય જોયું નથી. હું સ્વયંસેવકોની સેવાથી ખૂબ પ્રભાવિત થયો છું. અહીં સૌનાં હસતાં મુખ સાથેની વાતચીતમાં સભ્યતા અને ભલાઈનું દર્શન થાય છે. ●

## ભગવાન તરફ વાળવા તેઓ અલૌકિક રીતે વર્ત્યા

**– શ્રી બસમ અલ ખાતીબ**

ઉચ્ચ પ્રકારનાં મૂલ્યો આપીને પ્રમુખસ્વામી મહારાજે વિશ્વભરમાં એક વિશિષ્ટ છાપ ઊભી કરી છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પરમાત્મા સાથે સાવ સહજ અને સરળ રીતે જોડાયેલા હતા. લોકોને ભગવાનના માર્ગે લઈ જવા માટે તેઓ અલૌકિક રીતે વર્ત્યા હતા અને અસંખ્ય લોકોને ભગવાન તરફ વાળ્યા હતા. ●

(અનુસંધાન પૃ. ૧૪૫ પરથી)

## સમગ્ર વિશ્વમાં ગુંજ્યો છે પ્રમુખસ્વામીજીનો મંત્ર...

**– શ્રી કેમરોન મકેય**

પ્રમુખસ્વામી મહારાજનો મંત્ર ‘બીજાના ભલામાં આપણું ભલું...’ આજે સમગ્ર વિશ્વમાં ગુંજી રહ્યો છે. તેઓનાં મહાન સેવાકાર્યોથી કેનેડા તેમને યાદ કરે છે અને સન્માનિત કરે છે.

તેમણે રચેલાં ૧૨૦૦ મંદિરો શરણાર્થી માટે આશરા સમાન છે, મનન-ચિંતન કરવાનાં સ્થાનો છે અને શાંતિનાં પણ ધામ છે. પ્રમુખસ્વામી મહારાજ દ્વારા નિર્મિત ટોરન્ટોના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર દ્વારા અનેક સમાજ-સેવાની પ્રવૃત્તિઓ થઈ રહી છે. આ મંદિર ભારતની સમૃદ્ધ વિરાસત અને વિવિધતાયુક્ત સભ્યતાનું પ્રતીક છે. ●

(અનુસંધાન પૃ. ૧૫૩ પરથી)

લાગે જ નહીં કે આ બધું ટૂંકા સમય માટે રચાયું છે! મને તો એવું જ લાગ્યું હતું કે આ બધું કાયમ માટે રચાયું છે. આ મહોત્સવની ભવ્ય સફળતા માટે લોકોએ ધનનું દાન પણ કર્યું છે. તેમાથી હું શીખી કે ભગવાને આપણને ઘણી મહાન ભેટ આપી છે અને આપણે તેને કેવળ આપણા પૂરતી જ ન રાખતા તેને સૌની સાથે વહેંચવી જોઈએ. પ્રમુખસ્વામી મહારાજના ઉપદેશોને અનુસરતા બાળનગરીના બાળસેવકો પાસેથી હું શીખી કે પુરુષાર્થ અને પ્રાર્થના – એ બે હોય તો જ સફળતા મળે. વળી, પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી હું રાષ્ટ્રભક્તિનો પાઠ પણ શીખી કે આપણે આપણા રાષ્ટ્રને પ્રેમ કરવો જ જોઈએ. અહીંથી જે સંદેશ હું પામી તે કોઈ એક રાષ્ટ્ર કે કોઈ એક ધર્મ પૂરતો સીમિત નથી, પરંતુ તેથીય વિશેષ છે. સ્વામીશ્રીનો સંદેશ છે કે સંનિષ્ઠ સન્નારીઓથી પરિવારોનું નિર્માણ થાય છે. અને તેને સતત જાળવી રાખીશ. સૌથી મહત્ત્વનો સ્વામીશ્રીનો સંદેશ ‘બીજાના સુખમાં આપણું સુખ રહેલું છે’ તે ન શીખીએ તો આપણે કશું જ શીખ્યા નથી. ●

## ભક્તિ અને કર્મની પ્રચંડ શક્તિનાં દર્શન...

**– શ્રીમતી સુહાગ શુક્લા**

આ સુંદર માનવ મહેરામણ જોઈ મને પ્રમુખસ્વામી મહારાજે પ્રેરેલા ભક્તિ અને કર્મની પ્રચંડ શક્તિનાં દર્શન થયાં. તેમજ નિઃસ્વાર્થ અને સારા કાર્ય માટે હજારો હાથ, હૃદય અને મનની એકતા થાય ત્યારે કેવી પ્રાપ્તિ થઈ શકે તેનાં દર્શન પણ થયાં. ●



### આફ્રિકા ખંડના યુવાનોએ કરી અદ્‌ભુત પ્રસ્તુતિ

## પ્રમુખસ્વામી મહારાજે આફ્રિકા ખંડમાં સીંચેલાં મૂલ્યોની સ્મૃતિ કરાવતો

# બી.એ.પી.એસ. આફ્રિકા દિન

આફ્રિકા ખંડ એટલે વિદેશના સ્વામિનારાયણી સત્સંગની ગંગોત્રી. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ સાથે શરૂ થયેલા આફ્રિકાના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે અને ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજે અપાર વેગ આપ્યો. યોગીજી મહારાજે આફ્રિકા ખંડમાં મંદિરો સ્થાપ્યાં તેને પ્રમુખસ્વામી મહારાજે પ્રચંડ પુરુષાર્થ કરીને વિસ્તાર્યાં. કઠિન વિચરણ, વ્યક્તિગત મુલાકાતો, મંદિરોનું નિર્માણ અને અનેક ઉત્સવોની ઉજવણી દ્વારા હિન્દુ ધર્મનાં વૈશ્વિક મૂલ્યોનું હજારો લોકોમાં સિંચન કર્યું. તેના પરિણામે આ ખંડમાં આજે સત્સંગનાં અજવાળાં પ્રસરી રહ્યાં છે.

એટલે જ આજે તા. ૯-૧-૨૦૨૩ના રોજ ‘આફ્રિકાની અમર અંજલિ’ અંતર્ગત વિશેષ કાર્યક્રમ પૂર્વ અને દક્ષિણ આફ્રિકાના સંતો-યુવકો-બાળકો દ્વારા પ્રસ્તુત થયો. સંવાદો, વીડિયો દર્શન, ભક્તિનૃત્ય દ્વારા સ્વામીશ્રીના પ્રચંડ પુરુષાર્થ, ભક્તો અને સ્વયંસેવકોનાં સેવા-સમર્પણ, જીવન-પરિવર્તનની રોમાંચક ગાથા પ્રસ્તુત થઈ હતી. ઈશ્વરચરણદાસ સ્વામી તેમજ પ્રિયવ્રતદાસ સ્વામીએ પ્રાસંગિક વક્તવ્યો આપ્યાં હતાં. પૂર્વ આફ્રિકાથી આવેલા ૧૦ શ્યામબંધુઓએ વિવિધ કસરતદાવ પ્રસ્તુત કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. ‘હિંદુઈઝમ ટુડે’ના તંત્રી અને હવાઈ ટાપુના પ્રસિદ્ધ સંત પૂજ્ય સ્વામી શ્રી બોધિનાથ વેલયન, શિવાનંદ આશ્રમ-ઋષિકેશના પૂજ્ય શ્રી યોગસ્વરૂપાનંદદાસજી મહારાજ તેમજ પૂજ્ય શ્રી મધુપંડિતદાસજી (પ્રમુખ, ઇસ્કોન, બેંગલોર), શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (જાણીતા લોકનેતા, કોંગ્રેસ), શ્રી સુધીર મુનગંટીવાર (વન-સાંસ્કૃતિક બાબતોના મંત્રી, મહારાષ્ટ્ર), શ્રી અસિત મોદી (મેનેજિંગ ડિરેક્ટર, નીલા ફિલ્મ પ્રોડક્શન) અને ભારત તથા આફ્રિકા ખંડના અનેક મહાનુભાવોએ સ્વામીશ્રીને ભાવાંજલિ અર્પી હતી.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**પૂજ્ય સદ્‌ગુરુ શ્રી બોધિનાથ વેલયન સ્વામી**
તંત્રી, હિન્દુઇઝમ ટુડે, હવાઇ ટાપુ, યુ.એસ.એ.



**પૂજ્ય શ્રી યોગસ્વરૂપાનંદજી મહારાજ**
અધ્યક્ષ, દિવ્ય જીવન સંઘ, ઋષિકેશ



**પૂજ્ય શ્રી મધુપંડિતદાસજી**
પ્રમુખ, ઇસ્કોન, બેંગલોર



**શ્રી અલ્ફોન્સ ચિગામોય ઓવિની-ડોલો**
મુખ્ય ન્યાયાધીશ, યુગાન્ડા



**શ્રી શરદ અરવિંદ બોબડે**
પૂર્વ મુખ્ય ન્યાયાધીશ, સુપ્રીમ કોર્ટ, ભારત



**શ્રી જી. કિશન રેડ્ડી**
પૂર્વોત્તર ક્ષેત્રના પ્રવાસન, સંસ્કૃતિ, વિકાસ મંત્રીશ્રી, ભારત



**શ્રી મૂકેશ પટેલ**
મંત્રીશ્રી, કૃષિ, ઊર્જા અને પ્રોકેમિકલ્સ, ગુજરાત



**શ્રી રાહુલ નારવેકર**
અધ્યક્ષ, મહારાષ્ટ્ર વિધાનસભા



**શ્રી બાબુલાલ મરાંડી**
પૂર્વ મુખ્યમંત્રી, ઝારખંડ

## અહીં પ્રત્યેક સર્જનમાં શ્રેષ્ઠતાનું દર્શન થાય છે...

**– પૂજ્ય બોધિનાથ વેલયન સ્વામી**

પ્રમુખસ્વામી નગરમાં ૮૦,૦૦૦ સ્વયંસેવકોની પ્રેરક સેવાથી હું ખૂબ પ્રભાવિત થયો.
અદ્‌ભુત યોગદાન!
પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ઘણાં બધાં મંદિરો નિર્માણ પામ્યાં. યુ.કે., યુ.એસ.એ., કેનેડા, ઑસ્ટ્રેલિયા અને ભારતનાં બી.એ.પી.એસ. મંદિરોનાં મેં દર્શન કર્યાં છે. પરમાત્માની પ્રાપ્તિનું કેન્દ્રસ્થાન અને પરમ શાંતિનું ધામ આ મંદિરો છે. સ્વામીજીની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા બધા હિન્દુ સંસ્થાન માટે એક અદ્‌ભુત આદર્શ છે, જે યુવાનોને મંદિરની પ્રવૃત્તિઓમાં પ્રેરે છે. •

## જેમની દૃષ્ટિ દેહથી પર આત્મા સુધી પહોંચતી હતી

**– પૂજ્ય શ્રી મધુપંડિતદાસજી**

પ્રમુખસ્વામીનો શતાબ્દી ઉત્સવ નિહાળી હું આશ્ચર્યમાં મુકાઈ ગયો છું. ખાસ કરીને સ્વયંસેવકોની પ્રેમ અને શ્રદ્ધાની ભાવનાથી! આ ફક્ત એક મહિનાનો ઉત્સવ નથી, પણ જીવનભરનો ઉત્સવ છે, જે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ માટે યોગ્ય જ છે. કારણ કે તેઓ પ્રેમ, કરુણા અને પવિત્રતાના સ્વરૂપ હતા. આજીવન મૂલ્યો એમનામાં પ્રગટ હતાં. પ્રમુખસ્વામી મહારાજ સ્વયં ભજનાનંદી હતા. તેથી તેમને હરિના નામમાં ખૂબ શ્રદ્ધા હતી. ભગવાન સ્વામિનારાયણની પરંપરાના પ્રમુખસ્વામી ચમકતા સિતારા સમાન હતા. જેઓએ ભગવાન સ્વામિનારાયણનો સંદેશો વિશ્વફલક સુધી પહોંચાડ્યો છે, સમગ્ર વિશ્વમાં ભવ્ય કલામંડિત મંદિરોનું નિર્માણ કરીને હિન્દુ ધર્મનું પ્રસારણ મોટા પાયા પર કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજ ઊંડી તેજસ્વી આંખોથી આપણી આંખમાં જોતા તે દૃષ્ટિ આ દેહથી પર હતી, પદ-પદવીથી પર હતી. તેમની દૃષ્ટિ આત્મા સુધી સીધી પહોંચતી હતી. વાસ્તવમાં તે દૃષ્ટિ સામાન્ય નહોતી, પણ તે દૃષ્ટિમાં દિવ્યતા હતી, કરુણા હતી, જે બીજાનાં હૃદયમાં દિવ્યતા જગાવી દેતી. તેઓ એક દિવ્ય વિભૂતિ હતા. તેઓના ઉપદેશો વિશ્વમાં સુખ, શાંતિ, સંવાદિતા અને આધ્યાત્મિકતા લાવી રહ્યા છે અને લાવશે. •

(અનુસંધાન પૃ. ૧૬૯ પર)



### બી.એ.પી.એસ. સંસ્થાની મહિલા પાંખ દ્વારા યોજાઈ

## પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પતી

# આંતરરાષ્ટ્રીય મહિલા કીર્તન આરાધના

પ્રમુખસ્વામી મહારાજ નગરના મુખ્ય મંચ પર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની મહિલા પાંખ દ્વારા આયોજિત મહિલા-કાર્યક્રમોએ પણ અનોખો રંગ જમાવ્યો હતો. તેમાં ભારતનાં મહિલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. તા. ૧૦-૧-૨૦૨૩ના રોજ બી.એ.પી.એસ.ની સંગીતજ્ઞ યુવતીઓએ કીર્તનો રેલાવીને સૌને ભક્તિરસમાં તરબોળ કર્યાં હતાં. આજે મંચસ્થ મહાનુભાવોમાં શ્રીમતી સ્મૃતિ ઈરાની (મંત્રી, મહિલા અને બાળ વિકાસ તેમજ લઘુમતી મંત્રાલય, ભારત સરકાર), શ્રી એવલિન એનાઈટ, (રાજ્ય નાણામંત્રી, રોકાણ અને ખાનગીકરણ, યુગાન્ડા પ્રજાસત્તાક), જસ્ટિસ ફિલોમેના મ્વીલુ (ડેપ્યુટી ચીફ જસ્ટિસ, કેન્યા), શ્રીમતી ભારતીબેન શિયાળ (રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, ભાજપ), શ્રીમતી શારદાબહેન પટેલ (સંસદ સભ્ય) શ્રીમતી પૂનમબહેન માડમ (સંસદ સભ્ય), શ્રીમતી સંયુક્તાકુમારી વિજયરાજસિંહ ગોહિલ (મહારાણી, ભાવનગર), શ્રીમતી રિવાબા જાડેજા (ધારાસભ્ય, જામનગર), શ્રીમતી અમૃતા ફડણવીસ (જાણીતા ગાયક અને સામાજિક કાર્યકર્તા), ડો. નીમાબહેન આચાર્ય (પૂર્વ અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા) વગેરે મહિલા મહાનુભાવોએ ઉપસ્થિત રહીને પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય જીવન-કાર્યને બિરદાવીને સ્વામીશ્રીનાં ચરણે શબ્દસુમનાંજલિ અર્પી હતી.

આજે કોન્ફરન્સ હૉલમાં ઇન્ડિયન એસોસિયેશન ઓફ એમ્યુઝમેન્ટ પાર્ક્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ (IAAPI) દ્વારા 'લીડરશિપ સિમ્પોઝિયમ' વિષયક કોન્ફરન્સ યોજાઈ ગઈ. શ્રી શ્રીકાંત ગોએન્કા (ડિરેક્ટર, IAAPI), શ્રી વેંકટેશ મહેશ્વરી (ઉદ્યોગ સાહસિક), શ્રી ઉપાસના એ. અગ્રવાલ (નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડસ્ટ્રિયલ એન્જિનિયરિંગ) વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત ડેલિગેટ્સને લાભ આપ્યો હતો.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**શ્રીમતી સ્મૃતિ ઈરાની**
મંત્રી, મહિલા અને બાળવિકાસ, લઘુમતી, ભારત



**ડૉ. નીમાબહેન આચાર્ય**
પૂર્વ અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા



**શ્રીમતી પૂનમબહેન માડમ**
સાંસદ, ભારત



**શ્રીમતી સંયુક્તાકુમારી વિજયરાજસિંહ ગોહિલ**
મહારાણી, ભાવનગર



**શ્રી એવેલીન એનાઈટ**
રાજ્ય નાણામંત્રી, રોકાણ અને ખાનગીકરણ, યુગાન્ડા



**શ્રીમતી સુહાગ શુક્લા**
એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, HAF, યુ.એસ.એ.



**શ્રીમતી રિવાબા જાડેજા**
ધારાસભ્ય, ગુજરાત



**શ્રીમતી કાદંબરી દેવીજી**
રાજમાતા, રાજકોટ



**જસ્ટિસ ફીલોમેના મ્વીલુ**
ડેપ્યુટી ચીફ જસ્ટિસ, કેન્યા



**શ્રીમતી શારદાબહેન પટેલ**
સાંસદ, ભારત



**શ્રીમતી અમૃતા ફડનવીસ**
જાણીતા ગાયક અને સામાજિક કાર્યકર, મહારાષ્ટ્ર



**શ્રીમતી ભગવતીબહેન બાલદ્વા**
સી.એમ.ડી., કાર્તિકેય ઈન્ડસ્ટ્રીઝ સિકંદરાબાદ

## સેવાનો આ પવિત્ર ભાવ સૌમાં વ્યાપી રહે...

**– શ્રીમતી સ્મૃતિ ઇરાની**

बालनगरी में जाकर 'सुवर्णा' की कहानी मैंने देखी, 300 छोटी-छोटी बच्चियाँ 6 महिने से हर दिन अनुशासित ढंग से, माता-पिता-परिवार से दूर रहकर, नियम का पालन कर रही थी ताकि महोत्सव के माध्यम से इस बालनगरी में आनेवाले बच्चों को और उनके माता-पिता को वे संस्कार बतला सके। एक भी बच्ची के मुँह पर शिकायत नहीं थी और जब मैंने पूछा, ૬ મહિનાથી તમે ઘરથી દૂર છો, મમ્મી-પપ્પાને મળતા નથી, તેમ છતાં તમારા મોઢા ઉપર smile છે, દીકરીઓએ મને કહ્યું કે બેન, અમે સેવામાં છીએ. तो आज इस पुण्य मंच से प्रार्थना करती हूँ कि प्रमुखस्वामीजी के चरणों में सेवा का यह भाव मात्र बच्चों में नही, बल्कि बड़ों मे भी सदैव रहे। जिस राष्ट्र की समृद्धि की कल्पना स्वामीश्री करते थे, वह राष्ट्र नवनिर्माण की दृष्टि से हम सबका योगदान पाए। ●

## અહીં પગલે પગલે મને શીખવાનું મળ્યું છે...

**– જસ્ટિસ ફિલોમેના મ્વીલુ**

પ્રમુખસ્વામી મહારાજ નગરના પ્રત્યેક પગલે કોઈ ને કોઈ સંદેશ જરૂર છે. મહોત્સવમાં પધારેલા અગણિત લોકોની સેવા કરવા ૮૦,૦૦૦ સ્વયંસેવકો પોતાનાં નોકરી-વ્યવસાય છોડીને આ નગરમાં હાજર છે! આનાથી વધુ બિરદાવવાલાયક બાબત બીજી કઈ હોઈ શકે? કોઈને

**(અનુસંધાન પૃ. ૧૪૯ પર)**




### ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ વગેરે દેશોના બી.એ.પી.એસ. સત્સંગની શાનદાર રજૂઆત

### પ્રમુખસ્વામી મહારાજે પ્રવર્તાવેલા ભક્તિ-આંદોલનની અનોખી પ્રતીતિ કરાવતો

# બી.એ.પી.એસ. એશિયા-પેસિફિક દિન

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંકલ્પે પ્રમુખસ્વામી મહારાજે સનાતન ધર્મની ધજા દિગંતમાં લહેરાવી છે. સનાતન વૈદિક અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાના પડછંદ વિશ્વના અનેક દેશોમાં ગુંજાવી સ્વામીશ્રીએ અસંખ્ય લોકોનાં અંતરમાં શુદ્ધ ધર્મજ્યોત પ્રગટાવી છે. એશિયા-પેસિફિક દેશોમાં પણ સ્વામીશ્રીએ બી.એ.પી.એસ. મંદિરો રચીને ઠેર ઠેર સંસ્કૃતિનાં પડઘમ ગુંજાવ્યાં છે, અનેકનાં જીવનમાં શ્રદ્ધા, ભક્તિ સેવાના દીપ પ્રગટાવ્યા છે. એટલે જ આજે તા. ૧૧-૧-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીને અંજલિ અર્પતાં એશિયા-પેસિફિક દેશોનાં બી.એ.પી.એસ. સત્સંગ મંડળોનાં સંતો-યુવકો-બાળકોએ 'ભક્તિથી એશિયા-પેસિફિક રંગવું છે' વિષય અંતર્ગત અદ્‌ભુત કાર્યક્રમ પ્રસ્તુત કર્યો. ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ, હોંગકોંગ, થાઈલેન્ડ, સિંગાપોર, ફિજી વગેરે એશિયા-પેસિફિક દેશોમાં પાંગરેલી સત્સંગ-અસ્મિતા અને તેનાં પરિણામોની એક ઝાંખી કરાવાઈ. ગુણચિંતનદાસ સ્વામી, પ્રિયચિંતનદાસ સ્વામી, આર્ષપુરુષદાસ સ્વામી, પરમચિંતનદાસ સ્વામીએ તેના પર વિશેષ પ્રકાશ પાથર્યો હતો. એશિયા-પેસિફિક રિજિયનના બાળકોએ સિદ્ધાંત કારિકાઓનો મુખપાઠ રજૂ કર્યો હતો. આજે શતાબ્દી મહોત્સવમાં સંમિલિત થઈ સ્વામીશ્રીને અંજલિ અર્પવા પ્રસિદ્ધ જૈનાચાર્ય પૂજ્ય શ્રી અભયસૂરીશ્વરજી મહારાજ ચાલતાં ચાલતાં પોતાના સંઘ-શિષ્યો સાથે પધાર્યા હતા. તેઓ સુવર્ણ શાહીથી શિક્ષાપત્રી લખાવીને મહંત સ્વામી મહારાજને અર્પણ કરવા લાવ્યા હતા. આ ઉપરાંત, જૈનાચાર્ય શ્રી ચંદ્રજિતસૂરીજી મહારાજ, અમેરિકા સ્થિત પ્રસિદ્ધ યોગાચાર્ય શ્રી સ્વામી મુકુંદાનંદજી, તેમજ આઠ દેશોના વડાપ્રધાન અને રાષ્ટ્રપ્રમુખો વતી ઉપસ્થિત રાજદૂતો અને અન્ય મૂર્દ્ધન્ય મહાનુભાવોએ સ્વામીશ્રીનાં કાર્યોને ભક્તિ-અંજલિ અર્પી હતી.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**શ્રીમદ્ વિજય અભયદેવ સૂરીશ્વરજી મહારાજ**
પ્રસિદ્ધ, જૈનાચાર્ય



**શ્રી જેસન વુડ**
ફેડરલ મેમ્બર, હાઉસ ઓફ પાલમિન્ટ, શેડો મિનિસ્ટર ઓસ્ટ્રેલિયા



**શ્રી નાઓર ગિલોન**
ઈઝરાયલના રાજદૂત, ભારત



**શ્રી અર્દક કાકિમઝાનોવ**
કઝાકિસ્તાનના રાજદૂત, ભારત



**શ્રી ડો. શંકરપ્રસાદ શર્મા**
નેપાળના રાજદૂત, ભારત



**ડો. શ્રી અર્જુનસિંહ રાણા**
કુલપતિ, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર



**આચાર્ય શ્રી ચંદ્રજિતસૂરિજી મહારાજ**
પ્રસિદ્ધ, જૈન ધર્મગુરુ



**શ્રી ક્રેગ ઓન્ડાર્ચી**
પૂર્વ શેડો મિનિસ્ટર, વિક્ટોરિયા રાજ્ય, ઓસ્ટ્રેલિયા



**શ્રી બેરી ઓ’ફેરેલ એઓ**
ઓસ્ટ્રેલિયાના રાજદૂત, ભારત



**શ્રી ચાંગ જેઈ-બોક**
કોરિયાના રાજદૂત, ભારત



**શ્રી ગેનબોલ્ડ કાંબજાવ**
મંગોલિયાના રાજદૂત, ભારત



**શ્રી રશ્મિભાઈ મહેતા**
સૂત્રધાર, એલિગન્ટ ડાયમંડ જેમ્બલ મર્ચન્ટ ગ્રૂપ, બેલ્જિયમ



**પૂજ્ય સ્વામી શ્રી મુકુંદાનંદજી**
સ્થાપક, જગદ્ગુરુ કૃપાલુજી યોગ ટ્રસ્ટ, યુ.એસ.એ.



**શ્રી રાજકુમાર રંજનસિંઘ**
કેન્દ્રીય રાજ્ય મંત્રીશ્રી, શિક્ષણ અને વિદેશ મંત્રાલય, ભારત



**શ્રી અશોકા મિલિન્દા મોરાગોડા**
શ્રીલંકાના રાજદૂત, ભારત



**શ્રી ડેવિડ પાઈન**
ન્યૂઝીલેન્ડના રાજદૂત, ભારત



**ડો. શ્રી બિમલભાઈ પટેલ**
કુલપતિ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ગાંધીનગર

## કણ-કણમાં સ્વામીશ્રીનાં દર્શન થાય છે...

**– પૂજ્ય સ્વામી શ્રી મુકુંદાનંદજી**

भगवान श्री स्वामिनारायण के दर्शन करने का सौभाग्य मुझे प्राप्त नहीं हुआ, किन्तु उनके अभिन्न अंग स्वरूप प्रमुखस्वामीजी महाराज द्वारा विश्वभर में प्रकट विभिन्न अलौकिक कृतियाँ देखकर जरूर भगवान स्वामिनारायण के दर्शन होते हैं। श्री प्रमुखस्वामीजी महाराज ने आप सबके हृदय में भक्ति का संचार किया, श्रद्धा भर दी, सेवा की शिक्षा प्रबल की, उसके परिणाम स्वरूप इतना सुव्यवस्थित यहाँ पर महोत्सव मनाया जा रहा है। उसके कण-कण में श्री प्रमुखस्वामीजी महाराज के दर्शन हो रहे हैं। श्री प्रमुखस्वामीजी महाराज ने अपने साधक समुदाय के रग-रग में अध्यात्मभाव-सेवाभाव भर दिया, वह इस जन्म शताब्दी महोत्सव में दृष्टिगोचर हुआ है। •

## સર્વ ધર્મો પ્રત્યે સંવાદિતા સૌ માટે પ્રેરણારૂપ...

**– મિ. નાઓર ગિલોન**

પ્રમુખસ્વામી મહારાજે ઇઝરાયલના લોકોને અને સમગ્ર વિશ્વના લાખો લોકોને પ્રેરણા આપી છે. ૧૯૯૯માં તેઓએ અમારા દેશની મુલાકાત લીધી હતી ત્યારે તેઓએ ધાર્મિક અને રાજકીય અગ્રણીઓને મળીને બધા ધર્મોને ગહન આદર આપ્યો હતો. એમની આ ઐતિહાસિક મુલાકાત હિન્દુ અને યહૂદીની સમાનતા પર પ્રકાશ પાડે છે. જે ભાઈચારો અને સહિષ્ણુતાની પરંપરા રચે છે. આવા અનિશ્ચિતતા અને સંઘર્ષના સમયે પ્રમુખસ્વામી મહારાજની સર્વ ધર્મો પ્રત્યે સંવાદિતા અને સમજણ આપણા બધા માટે પ્રેરણાસ્રોત બની રહેશે. •

## સ્વામીશ્રી અન્ય લોકોમાં પણ ચાહના પામ્યા છે...

**– મિ. જેસન વુડ**

પ્રમુખસ્વામી મહારાજને હરિભક્તો અને અન્ય લોકો પણ ખૂબ ચાહે છે, કારણ કે તેમની પાસે અદ્‌ભુત માનવ ઉત્કર્ષની ભાવના, ઉમદા સેવા ભાવના, સાધુતા અને બીજાને મદદ કરવાની નિઃસ્વાર્થ ભાવના હતી. તેમના નેતૃત્વ નીચે બી.એ.પી.એસ. એક હિન્દુ સંસ્થા તરીકે વિશ્વસ્તરે વિસ્તરી અને જુદા જુદા ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ કર્યો. સમગ્ર વિશ્વમાં ૧૨૦૦ મંદિરો નિર્માણ કર્યાં, જે સંસ્કૃતિ સંકુલ સભ્યતા ટકાવી રહ્યા છે અને અદ્‌ભુત સેવા આપી રહ્યા છે. કોવિડ મહામારી દરમ્યાન પણ આ સંસ્થાએ લાખો લોકોની ફૂડ પેકેટ, અનાજ, જીવન જરૂરિયાતની ચીજોનું વિતરણ કરીને સેવા કરી હતી. અહીં ૮૦,૦૦૦ સ્વયંસેવકોએ નોંધપાત્ર સેવાથી ઉત્સવને સફળ બનાવ્યો છે, જે વિશ્વમાં બીજે ક્યાંય થઈ શકે નહીં! •

## સ્વામીજીના ઉપદેશો સાર્વત્રિક રીતે સ્વીકાર્ય...

**– મિ. ચાંગ જેઈ-બોક**

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એક મહાન આધ્યાત્મિક વડા હતા. તેમણે પોતાનું સમગ્ર જીવન આધ્યાત્મિકતા અને માનવસેવામાં હોમી દીધું હતું. એમનું જીવન, કાર્ય અને ઉપદેશો સાર્વત્રિક રીતે સ્વીકાર્ય છે, જે ભૌગોલિક સીમાઓથી પર છે. પ્રમુખસ્વામી મહારાજના ઉપદેશો દૂર સુધી ફેલાશે અને તેના દ્વારા સમગ્ર વિશ્વ એક કુટુંબની ભાવનાથી ઊભરાશે, જે બધાને શાંતિ અને સમૃદ્ધિ તરફ લઈ જશે.

## આપણે એમના સંદેશા પ્રમાણે ચાલવું જોઈએ...

**– મિ. બેરી ઓ'ફેરેલ એઓ**

પ્રમુખસ્વામી મહારાજની આધ્યાત્મિક વિરાસતને ઑસ્ટ્રેલિયા બિરદાવે છે. ઑસ્ટ્રેલિયાના વડાપ્રધાનશ્રી એન્થોની અલ્બેનીઝે(Anthony Albanese) સંદેશો મોકલાવ્યો છેઃ 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સંદેશા પ્રમાણે ચાલવું જોઈએ. એમણે કહ્યું હતું, 'બીજાના સુખમાં આપણું સુખ...' આ જ વિરાસત આજે ઑસ્ટ્રેલિયામાં પણ જીવંત છે. અમે બી.એ.પી.એસ. સંસ્થાનું ગૌરવ લઈએ છીએ કે જેઓ અહીં સુંદર મંદિરો નિર્માણ કરશે અને ઑસ્ટ્રેલિયન સમાજને સ્પર્શશે. હજારો ઑસ્ટ્રેલિયનો આ વરસે પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી ઉત્સવ ઊજવી રહ્યા છે. આ ઉત્સવની સફળતા માટે હું શુભેચ્છા પાઠવું છું.•

## સમગ્ર વિશ્વ પર એક અદ્‌ભુત છાપ પાડી છે...

**– ડૉ. શંકર પ્રસાદ શર્મા**

બી.એ.પી.એસ. સંસ્થાની કરુણા ભાવના, કંઈક આપવાની ભાવના અને સર્વ ધર્મ પ્રત્યે સંવાદિતાએ સમગ્ર વિશ્વ પર એક અદ્‌ભુત છાપ પાડી છે. ભગવાન સ્વામિનારાયણે

કિશોર અવસ્થામાં નીલકંઠ રૂપે હિમાલયમાં મુક્તિનાથમાં તપસ્યા કરી હતી, તે સ્થાન ફક્ત હિન્દુઓ માટે જ નહીં પણ બૌદ્ધ ધર્મના લોકો માટે એક પવિત્ર સ્થાન છે. આ સંબંધોને કારણે ભારત અને નેપાળ ફક્ત મિત્રભાવનાના સંબંધથી જ જોડાયેલા નથી, પણ ભગવાન સ્વામિનારાયણના જીવન દ્વારા પણ દૃઢ રીતે જોડાયેલા છે.
પ્રમુખસ્વામી મહારાજના જીવન અને તેમના ઉપદેશો તેમજ આ આખા આયોજનની દૂરદર્શિતા અને સંચાલન ખૂબ અદ્‌ભુત છે, મારે માટે જીવનભરનું સંભારણું છે. •

## મહાન આધ્યાત્મિક નેતા અને પ્રેરણાસ્રોત...

**– મિ. ગેનબોલ્ડ કાંબજાવ**

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ મહાન આધ્યાત્મિક નેતા અને કરોડો લોકોના પ્રેરણાસ્રોત હતા. ૨૦૧૯માં મોંગોલિયાના રાષ્ટ્રપ્રમુખે દિલ્હી અક્ષરધામની મુલાકાત લીધી ત્યારે આ અદ્‌ભુત રચના અને પ્રમુખસ્વામી મહારાજના ઉપદેશો અને જીવન મૂલ્યોથી પ્રભાવિત થયા હતા.
પરમ પૂજ્ય પ્રમુખસ્વામીજીની અન્ય માટે સેવાભાવનાનો અમને ખૂબ આદર છે. હું ખરેખર ખૂબ જ ખુશ છું કે મને આ વિશાળ અદ્‌ભુત પરિસરની મુલાકાત લેવાનો અવસર પ્રાપ્ત થયો. •

(અનુસંધાન પૃ. ૧૫૯ પરથી)

સંપ્રદાયની દૃષ્ટિથી. સૌમાં સનાતન ધર્મનું દર્શન થાય છે. સમગ્ર વિશ્વમાં રચાયેલાં આ મંદિરો માત્ર સંપ્રદાયના પ્રચાર માટે નથી, પરંતુ એ સંપ્રદાયની આંખથી ભારતની સંસ્કૃતિ, સનાતન વૈદિક હિન્દુધર્મ, ભારતની સભ્યતાનો સમગ્ર વિશ્વને પરિચય થઈ રહ્યો છે. •

## હું અહીં અક્ષરધામમાં હોવાનો અનુભવ કરું છું...

**– ડો. ચિન્મયભાઈ પંડ્યા**

स्वामियों में स्वामी भी शिखर पर हो, तो वह प्रमुखस्वामी हैं। आज के दिन गायत्री परिवार का प्रतिनिधि होने के नाते, एक बड़े ही अप्रतिम सौभाग्य के रूप में मानता हूँ; क्योंकि मैं अपने आपको अक्षरधाम में पा रहा हूँ। पूज्य प्रमुखस्वामीजी, एक ऐसा व्यक्तित्व जिनकी धरती पर उपस्थिति मात्र से ही 1200 से ज्यादा मंदिरों के शिखर गगन को चूमने लगे, जिनसे प्रेरणा पाकर एक नहीं, बल्कि लाखों लोगों ने अपने जीवन को बदलकर अपने जीवन को कृतार्थ किया है। आज उनकी इस पावन भूमि पर आकर गायत्री परिवार के हम सभी अपने आपको गौरवान्वित और सौभाग्यशाली अनुभव करते हैं। •

## ત્યાગ અને સેવાનો અવતાર પ્રમુખસ્વામીજી...

**– પૂજ્ય સ્વામી શાંતાત્માનંદજી**

त्याग और सेवा भारत के आदर्श हैं। परम पूज्य प्रमुखस्वामीजी त्याग और सेवा के अवतार थे। आज परम पूज्य स्वामी विवेकानंदजी का जन्मदिवस है। मैं रामकृष्ण मिशन और बी.ए.पी.एस. स्वामिनारायण संप्रदाय में एक अद्‌भुत तालमेल, समानता देखता हूँ। यहाँ अद्‌भुत दर्शन कर संप्रदाय की असामान्य सिद्धिने मुझे प्रसन्न कर दिया। यहाँ आनेवाले को असामान्य प्रयत्न, अद्‌भुत मनोबल और संपूर्णता की अनुभूति होगी। समग्र आयोजन के प्रति और व्यवस्था के प्रति भीतर से सद्‌भाव और सन्मान जगेगा। •

## પ્રમુખસ્વામીજી સાક્ષાત્ ગુણાતીત સંત હતા...

**– શ્રી ડી.આર. કાર્તિકેયન્**

મને લાગતું નથી કે આવી સુંદર વ્યવસ્થા બીજી કોઈ સંસ્થા કરી શકે! પ્રમુખસ્વામી મહારાજને અંતર્ધાન થયાને ૬ વર્ષ થઈ ગયાં છતાં પણ આજે ૮૦,૦૦૦ સ્વયંસેવકો અનન્ય પ્રેમ અને સમર્પણથી સેવા કરે તે ખરેખર પ્રશંસનીય છે. અહીં દરેક કાર્યક્રમ અર્થપૂર્ણ અને ચીવટથી પ્રસ્તુત થઈ રહ્યો છે. પરિવારમાં સંવાદિતા હોય, પર્યાવરણ જાગૃતિ હોય, શિક્ષણ હોય કે એક પૂર્ણ વ્યક્તિત્વ માટે જરૂરી બધાં મૂલ્યો સ્વામીએ આપણને શીખવ્યાં છે. સૌથી શ્રેષ્ઠ કાર્ય એ છે કે એક જીવને પોતાની શક્તિથી આકર્ષિત કરવો, તેનું પરિવર્તન કરવું અને તેને મોક્ષને માર્ગે લઈ જવો. સ્વામીશ્રીએ આ શ્રેષ્ઠ કાર્ય લાખો લોકોમાં કર્યું છે.
પ્રમુખસ્વામીનો કેવો પ્રભાવ પોતાના પર પડ્યો છે તેની વાત ભારતરત્ન ડૉ. અબ્દુલ કલામે મારી સાથે કરી હતી. તેઓએ કહ્યું હતું કે 'પ્રમુખસ્વામી સાક્ષાત્ ગુણાતીત છે. મેં તેઓને ગુરુ તરીકે સ્વીકાર્યા છે. તેમની સાથે મારે ૧૪ વર્ષનો ગાઢ સંબંધ છે.
બી.એ.પી.એસ.ની પ્રવૃત્તિઓ પરિવર્તનકારી (revolutionary) છે. તેમના જેવી આયોજનશક્તિ અને નેતૃત્વ મેં બીજે ક્યાંય જોયું નથી.' •



### ગાંધીનગર, દિલ્હી અને અમેરિકા ખાતે અક્ષરધામનાં પરિસરોનો દિવ્ય પ્રભાવ

### પ્રમુખસ્વામી મહારાજના ચિરંતન પ્રદાન સમા અક્ષરધામની ગાથા સુણાવતો

# અક્ષરધામ દિન

પ્રમુખસ્વામી મહારાજનાં ચિરંતન પ્રદાનોમાંનું એક એટલે સ્વામિનારાયણ અક્ષરધામ, જે ભારતીય સંસ્કૃતિની શાન બનીને સૌના આકર્ષણનું અજોડ કેન્દ્ર બન્યાં છે. દિલ્હી, ગાંધીનગર અને હાલ અમેરિકામાં રોબિન્સવિલ નગર ખાતે નિર્માણાધીન અક્ષરધામ, સમગ્ર વિશ્વને તેમણે આપેલો એક અજોડ ઉપહાર છે. પ્રમુખસ્વામી મહારાજના આ અનન્ય પ્રદાનની સ્મૃતિ કરાવતો અક્ષરધામ દિન તા. ૧૨-૧-૨૦૨૩ના રોજ ઊજવાયો હતો. સંવાદ, વીડિયો, વક્તવ્યો દ્વારા અક્ષરધામના સર્જન અને પ્રભાવને દર્શાવતી રોચક પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ અક્ષરધામના સર્જનમાં પ્રમુખસ્વામી મહારાજની આગવી સૂઝ અને નિર્માણ વખતે આપેલા અમૂલ્ય માર્ગદર્શન પર આનંદસ્વરૂપદાસ સ્વામીએ પ્રકાશ પાથર્યો હતો. ત્યારબાદ ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજનું વધુ એક અનન્ય પ્રદાન સમા ન્યૂજર્સીના રોબિન્સવિલ ખાતે નિર્માણાધીન અક્ષરધામ વિષયક માહિતી આપી હતી.

આજે પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, રામકૃષ્ણ મિશનના સેક્રેટરી પૂજ્ય સ્વામી શાંતાત્માનંદજી, ગાયત્રી પરિવારના પૂજ્ય શ્રી ચિન્મયભાઈ પંડ્યા, શ્રી અરાગા જ્ઞાનેન્દ્ર (ગૃહ મંત્રી, કર્ણાટક), શ્રી બાબા દવિન્દરસિંઘજી (ધ કલગીધર ટ્રસ્ટ, બરુ સાહિબ, પંજાબ), શ્રી સુનીલ અરોરા (ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર, ભારત), શ્રી કે. રામાસ્વામી (રૂટ્સ ઈન્ડસ્ટ્રીઝ) તેમજ અનેક મહાનુભાવોએ સ્વામીશ્રીના દિવ્ય જીવન, વ્યક્તિત્વ અને કાર્યને શ્રદ્ધાનાં સુમન અર્પણ કર્યાં હતાં. આજે સતત એક મહિના સુધી મહોત્સવના નિત્ય રિપોર્ટિંગનું સંકલન નવગુજરાત સમય વર્તમાન પત્રના તંત્રી શ્રી અજયભાઈ ઉમટ, માલિકો શ્રી સુરેશભાઈ પટેલ અને શ્રી વસંતભાઈ પટેલે (શાયોના) સ્વામીશ્રીનાં ચરણે અર્પણ કર્યું હતું.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા**
પ્રખર ભાગવત કથાકાર, સાંદીપનિ આશ્રમ, પોરબંદર



**પૂજ્ય સ્વામી શ્રી શાંતાત્માનંદજી**
સેક્રેટરી, રામકૃષ્ણ મિશન, બેલૂર મઠ, પશ્ચિમ બંગાળ



**પૂજ્ય ચિન્મયભાઈ પ્રણવભાઈ પંડ્યા**
ગાયત્રી પરિવાર, દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય, હરિદ્વાર



**શ્રી ધર્મેન્દ્ર પ્રધાન**
મંત્રીશ્રી, શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને સાહસિક્તા, ભારત



**ડૉ. એલ. મુરુગન**
રાજ્ય કક્ષાના મંત્રી, મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય, ભારત



**શ્રી ડી.આર. કાર્તિકેયન્**
પૂર્વ ડિરેક્ટર, સી.બી.આઇ અને માનવ અધિકાર કમિશન, ભારત



**શ્રી ડૉ. હ્યુગો જેવિયર ગોબ્બી**
આર્જેન્ટિનાના રાજદૂત, ભારત



**શ્રી સુનીલ હાલી**
સભ્ય, ઇન્ડો-અમેરિકન આર્ટ્સ કાઉન્સિલ, અમેરિકા



**શ્રી કિશોરભાઈ બિયાની**
સંસ્થાપક, ફ્યૂચર્સ ગ્રૂપ, મુંબઈ

## વાત્સલ્યના વડલા સમાન પ્રમુખસ્વામી મહારાજ...

**– ભાઈશ્રી રમેશભાઈ ઓઝા**

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને કોઈપણ એકવાર મળ્યું હશે તે નિશ્ચિતપણે તેમની વાત્સલ્યગંગામાં ગરકાવ થયો હશે. બાપા કહીએ એટલે એક વાત્સલ્યના વડલાની આપણને અનુભૂતિ થાય.

સ્વામીબાપાના વાત્સલ્યની છાયા ખૂબ વિસ્તરી છે. આજે બાપા ભલે આપણી વચ્ચે સદેહે ન હોય, પરંતુ સૌને એમના વાત્સલ્યની શીતળ છાયાનો આજેય પણ ગાઢ અનુભવ થઈ રહ્યો છે.

પ્રમુખસ્વામી સાંદીપનિમાં પણ પધાર્યા હતા. તેઓની આત્મીયતા એવી અદ્‌ભુત હતી કે આદિવાસીથી લઈને અબ્દુલ કલામ જેવા મહાનુભાવોને પણ એક સરખી રીતે મળે. અત્યારે તેમના વાત્સલ્યનો અનુભવ કરતાં કરતાં એમની પ્રેરણાઓનો એક અદ્‌ભુત મહોત્સવ યોજાયો છે. અહીં તો કુંભમેળા જેવું વાતાવરણ લાગે છે. આ તો પ્રેરણાનો કુંભ છે. અહીં આવનારા સૌ પ્રેરણા લઈને જાય. સ્વામીબાપાએ ભાવથી સૌને અપનાવ્યા, સ્વીકાર્યા, આત્મીયતા બાંધીને સુધાર્યા છે.

પ્રમુખસ્વામીના વાત્સલ્યના કારણે કેટલાએ વ્યસનો છોડી દીધાં છે. રાષ્ટ્ર, પ્રકૃતિ, પર્યાવરણ, માનવતા વગેરેની સેવાનાં કેટકેટલાં કાર્યો સ્વામીશ્રીએ કર્યાં છે. સ્વામીબાપાનું એક વાક્યમાં વર્ણન કરવું હોય તો હું એમ કહું કે સૌમ્યતા શરીર ધારણ કરીને બેઠી હોય. મેં એવી રીતનું પ્રમુખસ્વામી બાપામાં હમેશા દર્શન કર્યું છે. પ્રમુખસ્વામી એક એવો વાત્સલ્યનો વડલો, એવી સૌમ્ય મૂર્તિ કે સમગ્ર વિશ્વને એ વાત્સલ્યની છાયા મળી રહી છે.

આ શતાબ્દી મહોત્સવથી આપણને એક નવી પ્રેરણા મળશે. સૌના સંકલ્પોને નવું બળ પ્રાપ્ત થશે. દેશ-વિદેશનાં મંદિરો અને એમાંય વધુ એક અક્ષરધામ અમેરિકામાં સાકાર થઈ રહ્યું છે. સનાતન ધર્મને અલગ-અલગ મહાપુરુષોની વિવિધ સંપ્રદાયના આચાર્યોની આંખે જુઓ તો સનાતન ધર્મ શું છે એની ખબર પડે. ક્યારેક રામાનુજાચાર્યની આંખથી સનાતન ધર્મનું દર્શન કરો, ક્યારેક વલ્લભાચાર્યજીની દૃષ્ટિથી અને ક્યારેક સ્વામિનારાયણ (અનુસંધાન પૃ. ૧૫૭ પર)



### પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની સંધ્યા સભાના અંતિમ દિને

### સંતો દ્વારા પ્રમુખસ્વામી મહારાજને શતાબ્દી વંદના કરતી ભવ્ય

# સંત-કીર્તન આરાધના

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પરાભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ હતા. નિરંતર ભક્તિમય રહેતા સ્વામીશ્રી કથા-કીર્તનના પરમ અનુરાગી હતા. એટલે જ છેલ્લા એક મહિનાથી પ્રમુખસ્વામી મહારાજ નગરના નારાયણ સભાગૃહમાં ગુંજી રહેલા ભક્તિભર્યા કાર્યક્રમોના અંતિમ દિને સંત-કીર્તન આરાધનાનો ભક્તિસભર કાર્યક્રમ યોજાયો હતો. શ્રીહરિ અને ગુરુહરિને અભિવંદના કરતા સંગીતજ્ઞ સંતોએ શતાબ્દીની અંતિમ કીર્તન આરાધના પ્રસ્તુત કરીને ભક્તોમાં ભક્તિ-આંદોલનો પ્રસરાવી દીધાં હતાં. મંચસ્થ મહાનુભવોમાં મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ સહિત અનેક મહાનુભાવોએ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે પોતાની ભાવોર્મિઓ વાક્પુષ્પો દ્વારા વ્યક્ત કરી હતી. વિશ્વભરમાં જન-જન સુધી શતાબ્દી મહોત્સવની પવિત્ર પ્રેરણાઓ પ્રસારિત કરવા બદલ સંસ્થા દ્વારા તમામ મીડિયા-કર્મીઓનો હાર્દિક આભાર માનવામાં આવ્યો. આજે કેટલાક પ્રસિદ્ધ મીડિયા ધુરંધરો પણ મંચ પર ઉપસ્થિત હતા. ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ ચેનલ વતી માલિક શ્રી મૂકેશભાઇ પટેલ, જસ્મિનભાઈ પટેલ અને શ્રી વિવેકભાઈ ભટ્ટ, દિવ્ય ભાસ્કર ગ્રૂપના સ્ટેટ એડિટર શ્રી દેવેન્દ્ર ભટનાગર, તંત્રી શ્રી મૃગાંકભાઈ પટેલ, વેબ આવૃત્તિના તંત્રી શ્રી મનીષભાઈ મહેતા, ન્યૂઝ ૧૮ના શ્રી અમીશ દેવગણ, જયહિંદ ગ્રૂપના શ્રી પ્રદીપભાઈ શાહ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી મનહર ઉધાસ (જાણીતા ગાયક), શ્રી નારાયણ મણિ (પ્રખ્યાત વીણાવાદક), શ્રી શ્યામલ મુનશી (સંગીત નિર્દેશક), શ્રી પ્રણવભાઈ અદાણી (અદાણી એન્ટરપ્રાઈઝીસ) વગેરે પણ ઉપસ્થિત હતા. આમ, સતત એક મહિનાથી આ સભાગૃહમાં ગુંજી રહેલા એક મહાન ઉત્સવ-યજ્ઞનો આ અંતિમ દિવસ ભક્તિ સંગીતની રમઝટ સાથે પૂર્ણ થયો ત્યારે સૌ આનંદ-નૃત્ય સાથે ભક્તિવંદના કરીને ધન્ય થયા હતા.

# મહોત્સવના મંચ પર મહાનુભાવો



**શ્રી શિવરાજસિંહજી ચૌહાણ**
મુખ્યમંત્રીશ્રી, મધ્યપ્રદેશ



**શ્રી દેવેન્દ્રભાઈ ભટનાગર**
એડિટર, દિવ્ય ભાસ્કર, ગુજરાત



**શ્રી વિવેકભાઈ ભટ્ટ**
ચેનલ હેડ અને એડિટર, ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ, ગુજરાત



**શ્રી સમીરભાઈ શાહ**
સ્થાપક, સ્ટ્રેટેજિક ગ્રોથ એડવાઈઝર, મુંબઈ



**શ્રી અમિશભાઈ દેવગણ**
મેનેજિંગ એડિટર, ન્યૂઝ ૧૮, મુંબઈ



**શ્રી હિમાંશુસિંહજી જાડેજા**
મહારાજા, ગોંડલ સ્ટેટ

## પ્રમુખસ્વામીજી જ્ઞાન, કર્મ, ભક્તિની ત્રિવેણી હતા...

**– શ્રી શિવરાજસિંહજી ચૌહાણ**

यहाँ का वातावरण अद्‌भुत है, असाधारण है, अभूतपूर्व है। यहाँ कुछ भी लौकिक नहीं है, सब कुछ अलौकिक है, असाधारण है। यहाँ सब कुछ अनुशासित है। ऐसा लग रहा है, जैसे प्रमुखस्वामीजी महाराज की कृपा बरस रही है। लगता है कि वे हमारे बीच ही हैं, जैसे फूल में सुगंध रहती है, वे हमारे अंदर ही रहकर हमको निर्देशित कर रहे हैं, हमको दिशा दिखाने का काम कर रहे हैं। उनके चेहरे पर तेज था, उनकी वाणी में ओज था। मैं सोच रहा था उनके बारे में कि मैं उनको क्या मानुं? हमारे यहाँ भगवान को प्राप्त करने के तीन मार्ग बताए गए हैं – ज्ञान मार्ग, भक्ति मार्ग और कर्म मार्ग। इन तीनों के त्रिवेणी संगम थे प्रमुखस्वामीजी महाराज! घड़ी की सुइयों के साथ दुखियों की सेवा का जो काम प्रमुखस्वामीजी महाराज ने किया, वह सचमुच में अद्‌भुत और अभूतपूर्व है। उन्होंने लाखों लोगों को नशा छुड़वा दिया। यह उनकी समाज के प्रति बहुत बड़ी सेवा थी। यहाँ आकर मुझे नई ऊर्जा, काम करने की नई शक्ति प्राप्त हुई है। वसुधैव कुटुम्बकम्, सर्वे भवन्तु सुखिनः के जीवंत स्वरूप थे। उनके आशीर्वाद से हमारे प्रधानमंत्री मोदीजी के नेतृत्व में फिर से हमारा देश विश्वगुरु के पद पर आसीन होगा और यह लक्षण आज दिखाई दे रहे हैं। •

## સ્વામીજીએ રચેલાં મંદિરો સંસ્કૃતિના ધ્વજવાહક છે

**– શ્રી અમિશભાઈ દેવગણ**

100 वर्ष पहले स्वामी विवेकानंद ने शिकागो धर्म संसद में संस्कृति का झंडा गाड़ा था, लेकिन उसके बाद बी.ए.पी.एस.ने वह झंडा गाड़ा है। हम न्यूयोर्क जाएं, अबुधाबी जाएं, ओस्ट्रेलिया जाएं, एक ही हिन्दुस्तानी चीज कोमन मिलती है – बी.ए.पी.एस. के मंदिर। मैं इसको सिर्फ एक मंदिर के तौर पर नहीं देखता, ये भारतीय संस्कृति के ध्वजवाहक हैं और मौन रहकर अपना काम कर रहे हैं। हम हंमेशा न्यूक्लियर पावर, डिजिटल पावर की बात करते हैं, लेकिन भारत के पास बी.ए.पी.एस. पावर है। •

## પહેલી જ દૃષ્ટિમાં મને ભગવાનની અનુભૂતિ થઈ

**– શ્રી વિવેકભાઈ ભટ્ટ**

આજથી બાર વર્ષ પહેલાં પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ મળ્યા ત્યારે પહેલી દૃષ્ટિમાં મને કોઈ વ્યક્તિમાં દિવ્ય ભગવાનની અનુભૂતિ થઈ હતી. મેં એમને હૃદયથી પ્રણામ કર્યા. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ મારા જીવનમાં ખૂબ જ બદલાવકારક રહ્યા. અમારી ચેનલમાં પણ એક અદ્‌ભુત અનુભૂતિ થઈ. અમારી ટીમના સાત રિપોર્ટર અને સાત કેમેરામેને સતત ૩૦ દિવસ સુધી અહીં વિવિધ રિપોર્ટિંગ કર્યું. (અનુસંધાન પૃ. ૧૬૯ પર)



'અમે ક્યારેય આપને ભૂલી શકીશું નહીં...' અસંખ્ય લોકોનો હૃદયોદ્‌ગાર

## સતત ૩૦ દિવસના શાનદાર અને અપૂર્વ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનો શાનદાર

# સમાપન સમારોહ





મહંત સ્વામી મહારાજ અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શતાબ્દી મહોત્સવનો શુભારંભ કરાવ્યો. (ગતાંકમાં તેનો પૂર્ણ અહેવાલ આપણે માણ્યો છે.) એ જ દિવસથી નગર સૌ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું. સતત એક મહિના સુધી વહેલી સવારથી લઈને મોડી રાત્રી સુધી પ્રચંડ માનવ મહેરામણ અહીં દર્શનાર્થે ઊમટતો રહ્યો. આધ્યાત્મિક પ્રેરણાઓ વહાવતા આ મહોત્સવે સૌને એવું તો ઘેલું લગાડ્યું કે અહીંથી વિદાય લેવા માટે કોઈનું મન માનતું નહોતું. નાનાં ભૂલકાંઓથી લઈને વયોવૃદ્ધ સૌ કોઈને આ મહોત્સવ પોતીકો લાગ્યો. એક મહિના સુધી સેવા-ભક્તિ-સમર્પણ દ્વારા આધ્યાત્મિક પ્રેરણાઓ વહાવી રહેલો બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ 'ન ભૂતો ન ભવિષ્યતિ' ઊજવાયો.

તા. ૧૫-૧-૨૦૨૩નો દિન બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવની ચરમસીમારૂપ હતો. દિવ્ય પ્રેરણા-જ્યોતિ વહાવી રહેલા શતાબ્દી મહોત્સવનો આજનો સમાપન સમારોહ પણ ભવ્ય અને દિવ્ય હતો. આ સમારોહનો લાભ પ્રાપ્ત કરવા માટે ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તો-ભાવિકો ઊમટ્યા હતા. અપરાહ્ને ૩:૩૦ વાગ્યાથી સૌને સભા-પ્રવેશ આપવામાં આવ્યો હતો. સભા-પ્રવેશ સમયે જ સૌને ફૂડ-પેકેટ્સ આપવામાં આવ્યાં હતાં. સૌ કોઈ સ્વયંસેવકોના માર્ગદર્શન પ્રમાણે યથાસ્થાને બિરાજ્યા હતા. શતાબ્દી મહોત્સવના અંતિમ દિને સૌનાં હૈયાં ભારે તો હતાં જ, સાથે સાથે આનંદિત પણ હતાં. રગેરગમાં ઉત્સાહ હતો. સૌનાં હૃદય ગુરુભક્તિથી છલકાઈ રહ્યાં હતાં. કારણ કે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ નિર્વિઘ્ને સંપન્ન થઈ રહ્યો હતો. શતાબ્દી મહોત્સવનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો, એ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં સન ૨૦૧૫માં સારંગપુર ખાતે પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવનો ઉદ્ઘોષ કરવામાં આવ્યો હતો. ત્યારથી લઈને આજ સુધી, શતાબ્દી મહોત્સવનાં પડઘમ વિશ્વભરમાં ગુંજી રહ્યાં હતાં.

સપ્તવર્ષીય શતાબ્દી મહોત્સવનો ચરમસીમારૂપ અવસર આવી પહોંચ્યો. અમદાવાદ ખાતે ૬૦૦ એકરની વિશાળ ભૂમિ પર 'પ્રમુખસ્વામી મહારાજ નગર' રચવામાં આવ્યું હતું. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ પરમ પૂજ્ય

જ સ્થાન આજના સમાપન સમારોહનું હતું. મુખ્ય મંચ આજે નવલા રૂપરંગ ધારણ કરીને શતાબ્દી મહોત્સવનો જય જયકાર કરવા માટે સજ્જ થઈ ચૂક્યો હતો. રંગબેરંગી રોશનીના ઝગમગાટ વચ્ચે પૂર્વ મુખે શોભતા વિશાળ મયૂરમંચ પર અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુવર્યો કલાત્મક સિંહાસનમાં વિરાજમાન થઈને અમીદૃષ્ટિ વરસાવી રહ્યા હતા. અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણકમળમાં વિરાજિત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિ દર્શનદાન આપી રહી હતી. મુખ્ય મંચની મધ્યમાં ગોઠવાયેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આસનની બંને બાજુએ વરિષ્ઠ સંતો બિરાજ્યા હતા. વિવિધ કાર્યક્રમોની પ્રસ્તુતિ માટે ઉપમંચ સજ્જ હતું. મંચથી દૂર-સુદૂર બેઠેલા ભક્તજનો સભા કાર્યક્રમને સમીપથી માણી શકે તે માટે દસ એલ.ઈ.ડી. સ્ક્રીન મૂકવામાં આવ્યા હતા.

સાયંકાળે ૪:૪૫ વાગ્યાથી સંગીતજ્ઞ સંતો-યુવકોએ મંગલાચરણથી સભાની શરૂઆત કરાવી. ત્યારપછી સ્વાગત-કીર્તનો અને દોહા-છંદની રમઝટ વચ્ચે કલાત્મક મયૂરાકાર રથમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ, પ્રમુખસ્વામી મહારાજની ઉત્સવ-મૂર્તિ સાથે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું સભામાં આગમન થયું ત્યારે અદ્‌ભુત માહોલ રચાયો હતો. મરક મરક મલકાતા સ્વામીશ્રી અને અક્ષરપુરુષોત્તમ મહારાજનો રથ હરિભક્તોની વચ્ચેથી પસાર થયો ત્યારે બંને બાજુ ઊભેલાં બાળકોએ પુષ્પવર્ષા કરીને ઈષ્ટદેવ અને ગુરુદેવને વધાવ્યા હતા. વાતાવરણમાં ગુંજી રહેલા ઊપડતી લયનાં સ્વાગત-કીર્તનોના તાલે સૌ બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવતા ઝૂમી ઊઠ્યા હતા. સૌ ગુરુહરિનાં સમીપ દર્શનથી પરિતૃપ્ત થયા.

શત શત વરસથી પ્રમુખસ્વામી મહારાજનું જ્યોતિ સમાન જીવન હંમેશાં બીજાને પ્રકાશિત કરતું રહ્યું, પ્રેરિત કરતું રહ્યું. પ્રમુખસ્વામી મહારાજના આ દિવ્ય જીવનને બાળ-યુવાવૃંદે નૃત્યાંજલિ દ્વારા વંદના કરી હતી.

ત્યારબાદ આજના સમારોહમાં ચરમસીમારૂપ કાર્યક્રમોની શૃંખલા આરંભાઈ. એક પછી એક મનભાવન કાર્યક્રમોની પ્રસ્તુતિએ સૌનાં મન-હૃદય મોહી લીધાં. મુખ્ય કાર્યક્રમોમાં ત્રણ વિષયોને આવરી લેવાયા હતા.

- પ્રમુખસ્વામી મહારાજના અગણિત ઉપકારોને હરિભક્તો-ભાવિકો ક્યારેય નહીં ભૂલી શકે!
- પ્રમુખસ્વામી મહારાજના અગણિત ઉપકારોને સમાજ ક્યારેય નહીં ભૂલી શકે!
- પ્રમુખસ્વામી મહારાજના અગણિત ઉપકારોને સમય ક્યારેય નહીં ભૂલી શકે!

આ ભાવને રજૂ કરતો 'કેમ રે ભુલાય...' નામક વીડિયો પ્રસ્તુત થયો.

**પ્રથમ સોપાન હતું: 'પ્રમુખસ્વામી મહારાજને અમે ક્યારેય ભૂલીશું નહીં!'**

આ વિષયના અનુસંધાનમાં સ્વામીશ્રીની મુલાકાત દ્વારા ભક્તોની સાર-સંભાળ, પત્રો દ્વારા ભક્તોની સાર-સંભાળ અને વિચરણ દ્વારા ભક્તોની સાર-સંભાળ. સ્વામીશ્રીના આ ત્રણેય ગુણો ક્રમશઃ પ્રસ્તુત થયા.

### મુલાકાત દ્વારા હેતલવર્ષા...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો નિઃસ્વાર્થ પ્રેમ, અપાર કરુણા અને દરેક વ્યક્તિ પ્રત્યે અનોખો આદર કેવી રીતે ભૂલી શકાય!? તેમની પ્રત્યેક મુલાકાત ખુશીઓથી ભરી દેનારી હતી. નાનામાં નાની વ્યક્તિની સંભાળ લઈને સ્વામીશ્રીએ તેમનું જીવન ખુશીઓથી ભરી દીધું હતું. સૌના માટે સ્વામીશ્રીએ સમય કાઢ્યો હતો. ભરબપોર હોય કે મધ્યરાત્રી! આરામનો સમય હોય કે જમવાનો! સઘળું ગૌણ કરીને સ્વામીશ્રીએ સૌને પોતાના ગણીને મુલાકાતો દ્વારા પ્રેમ-હૂંફ આપ્યાં હતાં. સ્વામીશ્રીના આ ગુણને ખડોલીના દશરથ નામના યુવકની દાસ્તાન રૂપે સૌએ એક વીડિયોના માધ્યમથી નિહાળ્યો હતો. વિકલાંગ દશરથને સ્વામીશ્રીએ આરામનો ત્યાગ કરીને મોડી રાત્રે મુલાકાત આપી ત્યારે તેના મુખારવિંદ પર ખુશીઓની લકીર ફરકી રહી હતી. શ્રી કિરણભાઈ પીઠવાએ સન ૧૯૭૩નો પોતાનો એક પ્રસંગ વર્ણવી સ્વામીશ્રીની વાત્સલ્યવર્ષાનું દર્શન કરાવ્યું હતું. એ જ રીતે સ્વામીશ્રીની વાત્સલ્યવર્ષાથી ભીંજાયેલા એક આફ્રિકન ભાઈ ઈવાન સોલાસીટી કીરોરેનો પ્રસંગ નિહાળ્યો વીડિયો દ્વારા. સન ૧૯૮૮માં પ્રથમવાર સ્વામીશ્રીના યોગમાં આવેલા આ આફ્રિકન ભાઈ છેલ્લાં ૩૪ વર્ષથી સ્વામીશ્રીના સ્મૃતિસ્થાન પર સવારે નિયમિત પુષ્પ અર્પીને સ્વામીશ્રીની સ્મૃતિઓને સંભારે છે. આવા તો અસંખ્ય લોકોનાં હૈયાંમાં આજે પણ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યક્ષ બિરાજમાન છે.

મુલાકાત દ્વારા પ્રમુખસ્વામી મહારાજનો સ્નેહ પામનાર હર કોઈ ક્યારેય ભૂલી શકશે નહીં!

### પત્ર દ્વારા સાર-સંભાળ...

પ્રમુખસ્વામી મહારાજે ૭,૫૦,૦૦૦ પત્રોના જવાબો આપ્યા છે. આ આંકડો પણ અચંબિત પમાડનારો છે. પત્રો દ્વારા સ્વામીશ્રીએ અસંખ્ય લોકોને માર્ગદર્શન આપ્યું છે.

અનેકનું જીવન સુધાર્યું છે. કેટલાયને સહાયતા કરી છે. એક એક પત્ર માટે સ્વામીશ્રીએ સમય કાઢ્યો છે. પત્ર દ્વારા પીયૂષ પીનાર હરકોઈ સ્વામીશ્રીને કેવી રીતે ભૂલી શકે!?

હિંગટિયા (સાબરકાંઠા) ગામના રેશમાભાઈ પારઘીએ પોતાના ગામનો પાણીનો વિકટ પ્રશ્ન એક પત્ર દ્વારા પરદેશમાં વિચરતા સ્વામીશ્રીને લખી જણાવ્યો. અને સ્વામીશ્રીએ સમય કાઢીને તે ગામમાં હેન્ડપંપ નખાવી પાણીના પ્રશ્નનું સમાધાન કરી ગામમાં ખુશહાલી આણી. સ્વામીશ્રીએ સમય કાઢીને આદિવાસીના એક સામાન્ય પત્રને મહત્ત્વ આપ્યું હતું. આ પ્રસંગ સૌએ વીડિયો દ્વારા નિહાળ્યો.

આવી જ સાર-સંભાળ સ્વામીશ્રીએ પત્ર દ્વારા એક યુવકની લીધી હતી. બાળપણમાં જ માતા-પિતાની છત્રછાયા ગુમાવી બેઠેલા ગાંધીનગરના અક્ષરેશભાઈ બારોટની સ્વામીશ્રીએ પળેપળે સંભાળ લીધી હતી. કરુણાવર્ષાનો આ પ્રસંગ તેઓના સ્વમુખે સાંભળ્યો.

સ્વામીશ્રીની સાર-સંભાળનો બીજો પ્રસંગ સાંભળ્યો યુ.એસ.એ.ના અંકુરભાઈ પાલડિયાના લાગણીભીના સ્વરે. તેઓ સાત વર્ષના હતા ત્યારે તેમના પિતાશ્રીનો અક્ષરવાસ થયો હતો. ત્યારપછી ઘરની સઘળી જવાબદારી તેમની માતાના શિરે આવી પહોંચી. તેમની માતાએ અનેકવાર સ્વામીશ્રીને પત્ર લખીને માર્ગદર્શન મેળવ્યું. ઘરના ગુજરાન માટે સ્વામીશ્રીએ અંકુરભાઈની માતાને સિલાઈ મશીન અપાવ્યું. એટલું જ નહીં, પણ સ્વામીશ્રીએ અંકુરભાઈના સ્વાસ્થ્યની કાળજી લીધી, અભ્યાસની સઘળી વ્યવસ્થા કરાવી તેઓના જીવનને સુદૃઢ બનાવ્યું. આજે અંકુરભાઈ અમેરિકામાં એનેસ્થેટિસ્ટ રૂપે પ્રૅક્ટિસ કરી રહ્યા છે. અંકુરભાઈની નાની બહેનનાં લગ્ન પણ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે એક સત્સંગી પરિવારમાં કરાવી તેઓની માતાને સુખ-ચેન આપ્યું.

પત્રો દ્વારા સ્વામીશ્રીની કરુણાવર્ષાની આ તો એક માત્ર અલ્પ ઝલક હતી. લગભગ દાયકાઓ સુધી પ્રતિદિન બે થી ત્રણ કલાકનો સમય ફાળવી સ્વામીશ્રીએ નિત્ય ૫૦ થી ૬૦ પત્રના ઉત્તરો આપી અનેકોનાં જીવન અજવાળ્યાં છે. ૭,૫૦,૦૦૦ પત્રો દ્વારા માર્ગદર્શન પામનાર પરિવારો પ્રમુખસ્વામી મહારાજને ક્યારેય ભૂલી શકશે નહીં!

## વિચરણ દ્વારા સૌના મનોરથ પૂર્ણ કરતા સ્વામીશ્રી

જન જનના સર્વાંગી ઉત્કર્ષ માટે સ્વામીશ્રીએ અહોરાત્ર ૧૭,૦૦૦ નગરો-ગામડાંઓમાં વિચરણ કર્યું. ૨,૫૦,૦૦૦ ઘરોમાં પધરામણી કરી. બાળકથી લઈને વૃદ્ધનું મન સાચવવા માટે સ્વામીશ્રીએ ક્યારેય સમય, સંજોગ, ભૂખ-તરસ કે દેહની પરવાહ કરી નથી. હૃદય-રોગનો હુમલો હોય કે બાયપાસ સર્જરી – એવી કાંઈક બીમારીઓને અવગણીને પણ તેમનું વિચરણ વણથંભ્યું રહ્યું.

મલાવ ગામના શંભુ નામના એક બાળકના ભાવને સ્વીકારીને સ્વામીશ્રી મોડી રાત્રે, ઠંડીમાં, ઊબડખાબડ રસ્તાની પરવા કર્યા વિના તેના ઘરે પધાર્યા. તે વીડિયો દ્વારા સૌએ સ્વામીશ્રીની કરુણાનાં દર્શન કર્યાં. मेरे हैं प्रमुखस्वामी मेरे हैं, मैं उनका हूं बापा मेरे हैं - આ નાદ સૌનાં અંતરમાં આજે પણ પ્રતિધ્વનિત થઈ રહ્યો.

પ્રમુખસ્વામી મહારાજના વિચરણનાં સતત ૪૨ વર્ષ સુધી સાક્ષી રહેલા વિવેકસાગરદાસ સ્વામીએ 'પ્રમુખસ્વામી મહારાજનું અપ્રતિમ વિચરણ' વિષયક પ્રસંગો વર્ણવ્યા. પૂજ્ય સત્યમિત્રાનંદ સ્વામીજી કહેતા કે 'આદિ શંકરાચાર્ય પછી આવું જબરજસ્ત વિચરણ કોઈએ કર્યું હોય તો એ પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે. તેમના ઉપર ગ્રંથોના ગ્રંથો લખાશે.'

**દ્વિતીય સોપાન હતું: 'પ્રમુખસ્વામી મહારાજને આ સમાજ ક્યારેય ભૂલી શકશે નહીં!'**

સમાજના ઉત્કર્ષ માટે, સંતુલન માટે, સંસ્કારો માટે પ્રમુખસ્વામી મહારાજ જીવનભર પ્રયત્નશીલ રહ્યા. કઠિન પરિસ્થિતિઓમાં સમાજની પડખે રહ્યા. સમાજના ભલા માટે વૃક્ષારોપણ, વ્યસનમુક્તિ, રાહત-સેવાઓ, મૅડિકલ-કેમ્પ, શિક્ષા-અભિયાન વગેરે અનેક કાર્યો કર્યાં. એ સમાજ સ્વામીશ્રીને ક્યારેય નહીં ભૂલી શકે! આ વિષયક પ્રસંગો ટાંકી બ્રહ્મવિહારીદાસ સ્વામીએ કહ્યું, 'પ્રમુખસ્વામી મહારાજનો પ્રેમ, તેમનાં કાર્યો સીમાતીત હતાં. સનાતન હિન્દુ સંસ્કૃતિની જ્યોતને પ્રજ્વલિત રાખનાર પ્રમુખસ્વામી મહારાજે વિશ્વભરમાં ૧૨૦૦ મંદિરોની ભેટ સમાજને ધરી છે. તેમનું આ કાર્ય કલ્પનાતીત, સમયાતીત, યુગાતીત હતું. આ યુગવર્તી કાર્ય માટે સમાજ સદાય તેમનો ઋણી રહેશે.' ત્યારપછી 'સંસ્કૃતિના આધારસ્તંભ સમાં મંદિરોના નિર્માતા પ્રમુખસ્વામી મહારાજ' વિષયક વીડિયો પ્રસ્તુતિ થઈ.

પ્રમુખસ્વામી મહારાજે મંદિર નિર્માણની સાથે સાથે પ્રેરણાઓથી ભરપૂર આધ્યાત્મિક ઉત્સવોની પરંપરાઓનો પ્રારંભ કર્યો હતો. જે સમગ્ર સમાજને હિતકારી અને કલ્યાણકારી દિશા આપી રહ્યો છે. આવા ભક્તિભર્યા ઉત્સવો માટે પણ સમાજ સદા સ્વામીજીનો ઋણી રહેશે. આ ઉત્સવો દ્વારા સમાજમાં કેવાં કેવાં પરિવર્તનો થયાં તેની



વાત પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ કરી કહ્યું, ‘આ મહોત્સવ દ્વારા ઉત્સવોની ગરિમા વધી છે. પ્રેરણારૂપ આ મહોત્સવનું વિશ્વ અનુસરણ કરશે તો વિશ્વને પણ લાભ થશે. જીવન પરિવર્તન કરનારો આ મહોત્સવ સૌ માટે પ્રેરણાસ્રોત છે. અહીં ભાઈચારાનો સંબંધ છે. સેવાનો મહિમા છે. પ્રમુખસ્વામી મહારાજે વિશ્વને સુખી રહેવા માટે જે પ્રદાન કર્યું છે તેને સમાજ ક્યારેય ભૂલી શકશે નહીં!’ આ મહોત્સવનો લાભ લઈ દિવ્યતાની અનુભૂતિ કરનાર આબાલવૃદ્ધ દર્શનાર્થીઓના હૃદયોદ્‌ગારની ગાથા વીડિયો દ્વારા રજૂ થઈ ત્યારે સૌએ અનુભવ્યું કે આ માત્ર મહોત્સવ નહીં, પરંતુ જીવન ઉત્કર્ષનું ધામ બની રહ્યો છે. સમાજના સુખ, ઉત્થાન માટે પ્રમુખસ્વામી મહારાજે પ્રચંડ પુરુષાર્થ કરીને જે કરુણાગંગા વહેવડાવી છે તે બદલ આ સમાજ તેમનો સદાય ઋણી રહેશે.

**તૃતીય સોપાન હતું: પ્રમુખસ્વામી મહારાજના અગણિત ઉપકારોને સમય ક્યારેય નહીં ભૂલી શકે!**

પ્રમુખસ્વામી મહારાજને ભૂત, ભવિષ્ય અને વર્તમાન સમય ક્યારેય પણ ભૂલી નહીં શકે! કારણ કે તેઓ શાશ્વત, અવિનાશી અને સમયાતીત એવા સાક્ષાત્ અક્ષરબ્રહ્મ સંત હતા. પૌરાણિક શાસ્ત્રો, વેદ અને વેદાંત અક્ષરબ્રહ્મને પરમાત્માનું સનાતન ધામ કહે છે. ભગવાન સ્વામિનારાયણે વચનામૃતોમાં ભગવાનના અનાદી સેવક અને ઉત્તમ ભક્ત કહીને મહિમાગાન કર્યું છે. તેઓ પરમ એકાંતિક સંત સ્વરૂપે સદાય આ પૃથ્વી ઉપર પ્રગટ રહે છે. તેમની ચેતના સદૈવ આ ધરતી પર રહે છે જીવપ્રાણીમાત્રનું પરમ હિત કરવા માટે. બધાને માયાથી મુક્તિ અપાવવા માટે. એવા ગુણાતીત સંતને ચરણે યુવકવૃંદે *‘પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની જય’* ભક્તિનૃત્ય કરીને ચરણવંદના કરી ત્યારે ભક્તિનૃત્યના અનોખા થનગનાટ વચ્ચે ચોતરફના તિમિર વચ્ચે વિશાળ મંચ સુવર્ણઆભાથી ઝળહળી ઊઠ્યું. તિમિર વચ્ચે દર્શકગણ પરિસરમાં વિશાળ પ્રમુખસ્વામી મહારાજની મુદ્રા, શતાબ્દી મહોત્સવનું પ્રતીક (લોગો) અને અક્ષરદેરી વીજદીપકો દ્વારા ઝળહળી ઊઠ્યા તે સ્મૃતિદૃશ્ય સૌના હૃદય પર એક અદ્‌ભુત ઉલ્લાસ પાથરી ગયું. સૌ દર્શકોએ ધજા લહેરાવીને આ અદ્‌ભુત પળને વધાવી લીધી. પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામીએ પ્રાર્થના પ્રસ્તુત કરતાં કહ્યું: ‘હે પ્રમુખસ્વામી મહારાજ શાસ્ત્રમાં અક્ષરબ્રહ્મનો મહિમા કહ્યો છે, તેમના સદ્‌ગુણોની વાતો લખી છે પણ અમે ભાગ્યશાળી છીએ કે એ સદ્‌ગુણોને મૂર્તિમાન અમે અનુભવ્યા છે. અમે એ ગુણોનો સાક્ષાત્કાર કરી શકીએ. મહંત સ્વામી મહારાજની હાજરીમાં તેમનો



શતાબ્દી મહોત્સવ ઊજવાય અને અમે બધા જ હાજર રહીએ ત્યાં સુધી સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય નિરામય રહે એ જ પ્રાર્થના...'

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પરાભક્તિ અને ગુરુભક્તિની મિસાલ સમા સંત હતા. તેમને વર્ષોથી નજીકથી નિહાળનાર પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ 'પ્રમુખસ્વામી મહારાજની પરાભક્તિ' વિષયક પ્રસંગો ટાંકી વિશેષમાં કહ્યું, ''પ્રમુખસ્વામી મહારાજને પોતાના શરીર કરતાં ઠાકોરજીની ભક્તિ વિશેષ હતી. એટલે જ દરેક પ્રસંગમાં સ્વામીશ્રી હંમેશા ઠાકોરજીને આગળ રાખતા. તેવી પરાભક્તિ આજે પરમ પૂજ્ય મહંત સ્વામીમાં પણ જોવા મળે છે.''

પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ સ્વામીશ્રીની નિષ્કલંક સાધુતાનું વર્ણન કરી વિશેષમાં જણાવ્યું, ''ભગવાન સ્વામિનારાયણના અખંડ ધારક સંત, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સાચા આદર્શ સંત હતા. ભાગવત ધારક સંત હતા. એમણે પળે પળ આપણા માટે વિતાવી છે. નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન આ પાંચેય વર્તમાનમાં સારધાર વર્તીને શુદ્ધ જીવન જીવીને આપણને સૌને ભગવાનના માર્ગે દોર્યા છે. તેમનાં ચરણોમાં કોટિ કોટિ વંદન.''

પ્રમુખસ્વામી મહારાજે અર્પેલા સમતા વિષયક આશીર્વાદની વીડિયો પ્રસ્તુતિ બાદ પૂજ્ય ડૉક્ટર સ્વામીએ સ્વામીશ્રીના એ ગુણમાં વિશેષ અવગાહન કરાવતાં કહ્યુંઃ ''અબ્દુલ કલામ જેવી મહાન વ્યક્તિએ પ્રમુખસ્વામી મહારાજથી પ્રભાવિત થઈને 'પરાત્પર' પુસ્તક લખ્યું છે. પ્રમુખસ્વામી મહારાજનું વ્યક્તિત્વ જ દિવ્ય હતું. આપણે પણ આપણું જીવન એવું બનાવીએ. એ જ આ શતાબ્દીનો સંદેશ છે.''

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૦૦માં યુનોની વિશ્વધર્મ પરિષદમાં કરેલા ઉદ્‌બોધનની અલ્પ ઝલકની ઐતિહાસિક વીડિયો-પ્રસ્તુતિ બાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજની ગુણગંગામાં અવગાહન કરાવતાં કહ્યુંઃ ''પ્રમખસ્વામી મહારાજના જીવનની અંદર અહંશૂન્યતા હતી. તેઓ સતત આત્મારૂપે વર્તતા હતા. એમના જીવનની અંદર અક્ષરબ્રહ્મનું અને ભગવાનના કર્તાપણાનું જબરજસ્ત અનુસંધાન હતું. પ્રમુખસ્વામી મહારાજે મહાન કાર્યો કર્યા, વિશ્વમાં સનાતન હિંદુ ધર્મનો પ્રચાર કર્યો અને મોટા મોટા ઉત્સવ-સમૈયા કર્યા પણ તેમના જીવનની અંદર 'આપણે કર્યું છે' એવો લેશમાત્ર પણ અણસાર જોયો નથી. તેઓ કહેતા કે 'દાસ

થવું, સેવક થવું, સહન કરવું.' શતાબ્દીના પ્રસંગે આપણે પણ નમ્રભાવે, નિર્દોષભાવે ભક્તિ કરીને એમને રાજી કરીએ એ જ પ્રાર્થના.''

બી.એ.પી.એસ. બાળમંડળનાં બાળકોએ કાલીઘેલી ભાષામાં કહ્યું કે પ્રમુખસ્વામી મહારાજ જેવા જ સદ્ગુણ-સાગર સંત મહંત સ્વામી મહારાજ છે. પ્રગટ સત્પુરુષ મહંત સ્વામી મહારાજની દિવ્યતા, પવિત્રતા, પરાભક્તિ, અહંશૂન્યતા, પ્રેરણા અને પ્રોત્સાહન પણ પ્રમુખસ્વામી મહારાજ જેવું જ છે તે મર્મસ્પર્શી પ્રસંગોની છણાવટ કરી. ત્યારબાદ અનેક આધ્યાત્મિક, રાજકીય, સામાજિક, ધંધાકીય તેમજ ફિલ્મજગત વગેરે ક્ષેત્રના અગ્રણીઓએ મહંત સ્વામી મહારાજની અસીમ સાધુતા અને દિવ્યતાનાં સંસ્મરણો વર્ણવ્યાં.

મહોત્સવ કાર્યક્રમ અંત ભણી ગતિ કરી રહ્યો હતો તે શૃંખલામાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વાદ અર્પતાં કહ્યું: ''પ્રમુખસ્વામી મહારાજે દરેકની સંભાળ લીધી છે. દરેકને સાચવ્યા છે. એટલે દરેકને અનુભવ છે કે સ્વામીબાપા મારા છે. માટે કોઈ તેઓને ભૂલી શકે તેમ નથી. આજે નહીં પણ હજારો વર્ષ પછી પણ સૌ તેઓને યાદ કરતા રહેશે. સ્વામીબાપાએ એવું કાર્ય કર્યું છે. આપણા માટે તેઓએ એમનું અસ્તિત્વ મિટાવી દીધું હતું અને આપણામય થઈ ગયા હતા. જેમ સ્વામીબાપા શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને ક્યારેય ભૂલ્યા નહોતા તેમ આપણે પણ તેઓની સ્મૃતિ કાયમ રાખવાની છે. પ્રમુખસ્વામીનાં રોમેરોમમાં ભગવાન હતા. આપણે બધા તેના સાક્ષી છીએ. અને બધાને પ્રતીતિ થઈ છે, બધાને અનુભવ થયો છે. તેઓ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ હતા. માટે તેઓ અવિનાશી છે, તેઓ આ પૃથ્વી પરથી ગયા જ નથી! આ આપણે ખાસ સમજવાનું છે. શાસ્ત્રીજી મહારાજે રામજી ભટ્ટને એ જ ઉત્તર આપ્યો કે 'સત્પુરુષ પૃથ્વી પરથી કદી જતા જ નથી.' અને વાત સાચી છે, તેઓ અવિનાશી છે. આજે પણ આપણી સાથે છે અને સદાય સાથે જ રહેશે. શાસ્ત્રીજી મહારાજનું વરદાન છે.

અક્ષરપુરુષોત્તમ મહારાજ, પ્રમુખસ્વામી મહારાજની દયાથી આપણો ઉત્સવ નિર્વિઘ્ને પૂર્ણ થયો છે. કોઈ રીતે કંઈ ખામી આવી નથી. આ શતાબ્દી મહોત્સવ ઊજવી આપણે ગુરુભક્તિ અદા કરીએ છીએ. આ ઉત્સવ કોઈને નાના દેખાડવા માટે કે આપણી મોટપ વધારવા માટે નથી ઊજવ્યો.

આ સમૈયાની ફળશ્રુતિ એ છે કે પ્રમુખસ્વામી મહારાજ જેવું જીવન આપણું પણ બને. પ્રમુખસ્વામી મહારાજમાં નિયમ, ધર્મ, ભગવાનમાં શ્રદ્ધા, સેવા, સંપ વગેરે ગુણો હતા. આ બધા ગુણો સૌમાં દૃઢ થાય તે પ્રાર્થના. આ ઉત્સવમાં જે આવ્યા અને બધાએ મનથી પણ ખાલી વિચાર કર્યો એને પણ લાભ મળ્યો. આ ઉત્સવમાં જેમણે સહકાર આપ્યો તે બધાને ભગવાન સુખિયા કરે એવી પ્રાર્થના. સંતો તથા સ્વયંસેવકોની સેવા પણ ના ભુલાય તેવી છે. ખરેખર સંતો, સ્વયંસેવકો, કાર્યકરોએ દેહને ગણ્યો જ નથી. બધાએ પોતાના દેહને નિચોવી નાખ્યો છે. સ્વયંસેવકોએ વિકટ પરિસ્થિતિમાં પણ હિંમત ને બળ રાખીને, ખૂબ ભીડો વેઠીને રાત-દિવસ જોયા વિના નમ્રતાથી સેવા કરી છે. તેઓની આ સેવાથી મહારાજ-સ્વામી, પ્રમુખસ્વામી મહારાજ ખૂબ જ રાજી થયા છે, અને અમે પણ ખૂબ ખૂબ રાજી થયા છીએ.''

ત્યારબાદ સમાપન સમારોહના મંગલ અવસરે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સૌને એક વિશિષ્ટ પ્રતિજ્ઞાથી પ્રતિબદ્ધ કરાવતાં સૌને ઝિલાવ્યું કે 'હે પ્રમુખસ્વામી મહારાજ, આપના આદેશ અનુસાર અમે શ્રદ્ધા અને ભક્તિ જીવનમાં દૃઢ કરીશું. જેવી રીતે આપે સમગ્ર જીવન બીજાના સુખ માટે સેવામાં સમર્પિત કરેલું એ રીતે અમે પણ નિઃસ્વાર્થ સેવા માટે સદા તત્પર રહીશું. આપના પગલે ચાલીને બીજાનું, સમાજનું, વિશ્વનું ભલુ કરીશું.'

આજના પાવન અવસરે સત્સંગ મંડળો અને હરિભક્તોએ વિવિધ કલાત્મક હાર મોકલાવ્યા હતા. તે બધા જ હાર હરિભક્તો વતી પૂજ્ય વરિષ્ઠ સંતોએ અર્પણ કરીને વંદના કરી. અંતમાં સૌ હરિભક્તોએ પુષ્પપાંખડીને હસ્તમાં ગ્રહી, વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે, બાળકોના પુષ્પાંજલિ નૃત્યની સાથે સાથે પુષ્પાંજલિ અર્પણ કરી. બી.એ.પી.એસ. સંસ્થાના સંયોજક પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ શતાબ્દી મહોત્સવમાં સેવા-સહયોગ આપનાર સૌ યોગદાતાઓનો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી આભાર માન્યો. કાર્યક્રમના અંતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત તેમજ વર્ચ્યુયલ રીતે લાભ લઈ રહેલા લાખો હરિભક્તોએ દીપ પ્રાગટ્ય કરીને મહાઆરતી અર્ઘ્ય અર્પણ કર્યું હતું. તે સમયે સમગ્ર પરિસર ટમટમતા દીવાઓથી શોભી ઊઠ્યું. આરતીના સમાપન સાથે જ આકાશમાં ભવ્ય આતશબાજીથી પરિસર તેજરશ્મિઓથી ઝળહળી ઊઠ્યું. સૌ સંતો-હરિભક્તોએ ધ્વજ લહેરાવીને 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની જય'ના બુલંદ જયઘોષથી શાનદાર સમાપન થયું. ◆

(અનુસંધાન પૃ. ૧૫૧ પરથી)

## અહીં બધું જ અનિર્વચનીય અને અવર્ણનીય છે

**– શ્રી અલ્ફોન્સ ચિગામોય**

અહીં આવવાથી હું ધન્ય થઈ ગયો. શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ, પ્રતિબદ્ધતા અને અત્યંત સમર્પણ શું ન કરી શકે! આ પરમાત્માનું કાર્ય છે. અહીં મેં જે જોયું છે તે વિશ્વને હલાવી દે તેવું છે. અહીંની રચના અવર્ણનીય, અનિર્વચનીય છે. પ્રમુખસ્વામી મહારાજે આપેલું યોગદાન હમેશાં આપણા માટે પ્રેરણાસ્રોત બની રહેશે. પ્રમુખસ્વામી મહારાજ એક કુશળ આયોજક હતા. તેમના કોઈપણ કાર્યની ઝીણામાં ઝીણી બાબતો પણ ઉપદેશ પ્રદાન કરે છે. આજે હું મહંત સ્વામીને મળ્યો અને એમના આશીર્વાદનો મારા પર ઊંડો પ્રભાવ પડ્યો છે. ●

## સનાતન ધર્મને સાચવવા ખૂબ કાર્ય કર્યું છે...

**– શ્રી શરદ અરવિંદ બોબડે**

મને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા માટે ખૂબ સન્માન છે. પ્રમુખસ્વામી મહારાજ ફક્ત આધ્યાત્મિકતા માટે પ્રશંસાપાત્ર નથી, પણ તેમનું કાર્ય - આફત સમયે તેઓએ જે સહાય કરી છે તે પણ પ્રશંસાપાત્ર છે. ખરેખર નોંધવા જેવી બાબત છે કે પ્રમુખસ્વામી મહારાજ દેશના ઘણા સામાજિક કાર્યના પ્રેરક બન્યા છે. જ્યાં જ્યાં આપદા આવી છે, ત્યાં ત્યાં આ સંસ્થાના સેવકો પહોંચી જાય છે. વિશ્વમાં સુપ્રસિદ્ધ આ સંસ્થા વેદોના ઉપદેશના પાયા પર ઊભી છે અને સનાતન ધર્મને સાચવવા અદ્‌ભુત કાર્ય કર્યું છે. આપણી પરંપરાનાં પ્રાચીન મૂલ્યો પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણે લખેલી શિક્ષાપત્રીમાં જોવા મળે છે. સરદાર પટેલે કહેલું કે ‘જો ભારતના બધા નાગરિકો શિક્ષાપત્રીને અનુસરે તો અદાલત અને પોલીસની જરૂર જ ન પડે.’ સ્વામિનારાયણ સત્સંગના ઉપદેશો વિશે આથી વધુ શું કહી શકાય? ●

## આધ્યાત્મિકતા અને આધુનિકતાના સાગર

**– શ્રી જી. કિશન રેડ્ડી**

परम पूज्य प्रमुखस्वामी महाराज आध्यात्मिकता, आधुनिकता और आदर्शों के सागर थे। उनका जीवन संस्कृति, साधना, संवेदना, समर्पण और सेवा से भरा हुआ था। यह महोत्सव दुनिया के बडे बडे मेनेजमेन्ट संस्थानों और बडे बडे सेवा संस्थानों के लिए एक प्रेरणा हो सकता है। बी.ए.पी.एस. संस्था आज दुनिया की सब से बड़ी सामाजिक संस्थाओं में से एक है। जिसने देश-विदेश में, जब भी कोई आपदा आई तो सेवा कार्यक्रम में, बढ-चढकर हिस्सा लिया है। इस संस्था के कारण आज दुनिया भर से श्रद्धालु मंदिरों का दर्शन करने भारत आते हैं, जिससे भारत की समृद्धि, भारत की संस्कृति का परिचय दुनिया को हो रहा है। शताब्दी इस भव्य, दिव्य आयोजन में यहाँ पर परंपराओं का, समृद्धि का, संस्कृति का, प्राचीन विरासत का, अपार आध्यात्मिकता का, सेवा का, जीवन मूल्यों का, अनुशासन का, स्वच्छता का, सेवा और समर्पण का दर्शन होता है। यहाँ पर प्रकृति के सभी रंगों का दर्शन हम कर सकते हैं। ●

(અનુસંધાન પૃ. ૧૬૧ પરથી)

તેમના જીવનમાં પણ ઘણા બદલાવ આવ્યા. એક રિપોર્ટરે કહ્યું ‘સવારથી સાંજ સુધી મારા હૃદયમાં સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ જ ચાલે છે.’ બીજા એક રિપોર્ટરે કહ્યું, ‘હું ગુટખાનું સેવન કરતો હતો અને અહીંયાં પહેલા જ દિવસથી મેં એ વ્યસન છોડી દીધું અને આજીવન તેનું સેવન કરીશ નહીં.’ ત્રીજા રિપોર્ટરે કહ્યું, ‘હું અત્યાર સુધી મીડિયામાં ન્યૂઝને ન્યૂઝ તરીકે જ જોતો હતો. હવે હું ન્યૂઝમાં પણ આપણી ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર સચવાઈ રહે તેના માટે આજીવન પ્રયાસ કરીશ.’ ●

## આ મહાકુંભ દ્વારા નવી પેઢીમાં પરિવર્તન આવશે

**– શ્રી દેવેન્દ્રભાઈ ભટનાગર**

बी.ए.पी.एस. के यह उत्सव में मैंने डिसिप्लिन देखा, वाकई काबिले तारीफ है। आज अहमदाबाद में यह संस्कृति का महाकुंभ है। इस महाकुंभ में निश्चित तौर पर अनगिनत किस्से निकलकर आएँगे। किसी ने गुटका छोड़ दिया, किसी ने कोई नशा छोड़ दिया, इस एक महीने के महाकुंभ से नई पीढ़ी में बदलाव आएगा। यह बहुत मजबूत उदाहरण है। इस पवित्र माहौल को नमन करता हूँ। आस्था, धर्म और संस्कृति समाज में कितना बड़ा बदलाव ला सकती है, उसका यह उदाहरण बनेगा। ●




## પ્રમુખસ્વામી મહારાજના મહિલા ઉત્કર્ષના પ્રદાનની ઝાંખી કરાવતા

## પ્રભાવક સાંસ્કૃતિક કાર્યક્રમો-સેમિનારોથી ગુંજતો રહ્યો

# નારી ઉત્કર્ષ મંડપમ્

૧૮મી સદીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે મહિલાઓના ઉત્કર્ષની અનોખી ચેતના પ્રગટાવી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રગટાવેલી એ ચેતનાને તેઓના પાંચમા આધ્યાત્મિક અનુગામી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે વિશ્વફલક પર વિસ્તારી છે. સ્વામીશ્રીની દિવ્ય પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થાની મહિલા પાંખ દ્વારા યોજાતી નારી ઉત્કર્ષની અનેકવિધ પ્રવૃત્તિઓથી દેશ-વિદેશનાં હજારો મહિલાઓ સમાજમાં આગવું સ્થાન અને સન્માન પામ્યાં છે. નારી ઉત્કર્ષના વિવિધ પ્રકલ્પો યોજીને તેઓએ મહિલાઓનો સામાજિક, શૈક્ષણિક, આર્થિક, નૈતિક, આધ્યાત્મિક એમ સર્વાંગી ઉત્કર્ષ કરી ખરા અર્થમાં તેઓનું સશક્તિકરણ કર્યું છે. સ્વામીશ્રીના એ જ પ્રદાનને, મહિલા-ઉત્કર્ષની જ્યોતને વધુ પ્રજ્વલિત કરવા પ્રમુખસ્વામી મહારાજ નગરમાં નારી ઉત્કર્ષ મંડપમ્ રચવામાં આવ્યો હતો.

તા. ૧૫-૧૨-૨૦૨૨ થી ૧૪-૧-૨૦૨૩ દરમ્યાન નિત્ય બાલિકાઓ, યુવતીઓ અને મહિલાઓ દ્વારા રજૂ થતા ભાતીગળ સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રેરક વક્તવ્યો અને વિવિધ વિષયક સેમિનારોથી આ નારી ઉત્કર્ષ મંડપમ્ ગુંજતો રહ્યો હતો. છેલ્લા એક વર્ષ કરતાં પણ વધુ સમયથી જુદા જુદા વિષયોના સાંસ્કૃતિક કાર્યક્રમોની પૂર્વ તૈયારીઓ ચાલી રહી હતી. વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેવા થનગનતી યુવતીઓ પૈકી શ્રેષ્ઠ યુવતીઓની પસંદગી કરી શકાય તે માટે ભારતનાં અલગ-અલગ ક્ષેત્રોમાં પસંદગી સત્રો યોજીને ૬૨૪ પ્રતિભાસંપન્ન યુવતીઓની પસંદગી કરવામાં આવી હતી. મહિલા મધ્યસ્થ કાર્યાલયના શ્રીમતી નિરંજનાબહેન બ્રહ્મભટ્ટ, સેજલબહેન ચૂડાસમા, રૂપલબહેન પુરોહિત અને હિનાબહેન પટેલ ઉપરાંત અન્ય યુવતી કાર્યકરોના માર્ગદર્શન હેઠળ આ યુવતીઓએ સઘન તાલીમ પામી મહોત્સવ દરમ્યાન સતત એક મહિના સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની

પ્રભાવક પ્રસ્તુતિ કરી અનન્ય ગુરુભક્તિ અદા કરી હતી.

અહીં નારી ઉત્કર્ષ મંડપમ્‌માં રજૂ થયેલા કાર્યક્રમોની એક ઝલક પ્રસ્તુત છે.

### ૧. ધૂન-પ્રાર્થના અને સ્તુતિગાન

નારી ઉત્કર્ષ મંડપમ્‌માં દરરોજ રજૂ થતા સાંસ્કૃતિક કાર્યક્રમોનો પ્રારંભ ધૂન-પ્રાર્થના અને સ્તુતિગાનથી થતો હતો. સૌમ્ય વસ્ત્રપરિધાનમાં સજ્જ સંગીતજ્ઞ યુવતીઓનાં સુમધુર કંઠે થતી ભક્તિસભર પ્રસ્તુતિથી વાતાવરણ મંગલમય બની જતું હતું.

### ૨. પ્રેરક પ્રવચન

સાંસ્કૃતિક કાર્યક્રમો અંતર્ગત યુવતીઓ વિવિધ વિષયક વક્તૃત્વનો સુંદર અનુભવ કરાવતી હતી. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના અહંશૂન્યતા, ધૈર્ય, ક્ષમા, સહનશીલતા, નિર્માનીપણું આદિ દિવ્ય સદ્‌ગુણો પૈકી નિત્ય એક સદ્‌ગુણનું રસપાન કરાવતું પ્રવચન સૌને સ્વામીશ્રીના પવિત્ર જીવનમાં અવગાહન કરાવતું હતું.

### ૩. પ્રેરણાદાયી સંવાદો

નારી ઉત્કર્ષ મંડપમ્‌ના મંચ પરથી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવન અને સંદેશને વણી લેતા જુદા જુદા ૪ પ્રેરણાદાયી સંવાદો સૌને સ્વામીશ્રીએ ચીંધેલા માર્ગે સુખી જીવનનું રહસ્ય સમજાવતા હતા. ‘શાશ્વત સુખ કા રાજમાર્ગ’, ‘પ્રેરણા પ્રમુખરાજની’, ‘સુખ કા પતા’ અને ‘અક્ષરમ્ અહં પુરુષોત્તમ દાસોસ્મિ’ - સત્ય ઘટનાઓ-પ્રસંગોને તાદૃશ કરતા આ સંવાદો સૌને સ્વામીશ્રીની વિરલ જીવનભાવનાનું દર્શન કરાવી સાચા સુખનું સરનામું દર્શાવતા હતા. આ સંવાદોને સૌરાષ્ટ્ર, ખેડા, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને મુંબઈ તેમજ પુના ક્ષેત્રની યુવતીઓએ પ્રભાવક રીતે પ્રસ્તુત કર્યા હતા.

### ૪. શતાબ્દી નૃત્ય તથા વિવિધ પ્રાંતનાં નૃત્યો

શતાબ્દી મહોત્સવનો સંદેશ આપતું શતાબ્દી નૃત્ય તેમજ ભારતના વિવિધ પ્રાંતોનાં પ્રાદેશિક નૃત્યો નારી ઉત્કર્ષ મંડપમ્‌માં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં.

*‘આવો આવો ઊજવીએ રે, વ્હાલા પ્રમુખસ્વામીની શતાબ્દી...’* કીર્તનના તાલે તાળી, દાંડિયા, દીવા, કરતાલ અને ઢોલકના અદ્‌ભુત સંયોજન સાથે યુવતીઓએ સતત એક મહિના સુધી શતાબ્દી નૃત્ય પ્રસ્તુત કરી દિવ્ય આનંદનો ગુલાલ કર્યો હતો.

સાથે સાથે જયપુર, મુંબઈ, રાજકોટ, સુરત, કોલકાતા, વિદ્યાનગર, ભુજ અને આદિવાસી ક્ષેત્રની યુવતીઓએ ઘૂમર નૃત્ય, ડાંગ નૃત્ય, ભરતનાટ્યમ્, ધનુચી નૃત્ય, બંગાળી નૃત્ય, દશાવતાર નૃત્ય, હરિયાણવી નૃત્ય, કથ્થક નૃત્ય તથા આદિવાસી નૃત્યની પ્રભાવક પ્રસ્તુતિ કરીને સૌને વિવિધતામાં એકતાનું દર્શન કરાવ્યું હતું.

### ૫. જ્ઞાનવર્ધક સેમિનાર

મહોત્સવ દરમ્યાન નારી ઉત્કર્ષ મંડપમ્‌માં જુદા જુદા વિષયો પર ૬ જ્ઞાનવર્ધક સેમિનાર યોજાયા હતા. જુદા જુદા ક્ષેત્રના વિદ્વાનો, શિક્ષણવિદો, તબીબો વગેરેએ આ સેમિનારમાં પ્રેરક ઉદ્‌બોધન દ્વારા ઉપસ્થિત યુવતીઓ અને મહિલાઓને માર્ગદર્શન આપ્યું હતું. તા. ૧૭, ૨૪, ૨૭ ડિસેમ્બર, અને તા. ૨, ૪ અને ૧૧ જાન્યુઆરીના રોજ અનુક્રમે નીચે દર્શાવેલા વિષયો પર આ સેમિનાર યોજાયા હતા.

૧. મહિલાઓના જીવનમાં સમયનો સદુપયોગ અને વાંચન-શ્રવણની અગત્યતા

૨. બાળઉછેર

૩. સ્ત્રી-પુરુષ મર્યાદાના લાભ

૪. ગર્ભસંસ્કાર

૫. સત્સંગ તથા ગુરુની આવશ્યકતા

૬. રાષ્ટ્રસેવામાં આપણું પ્રદાનઃ પાણી બચાવો, વીજળી બચાવો અને સ્વચ્છતા

### વિદેશની બી.એ.પી.એસ. મહિલા પાંખ દ્વારા રજૂ થયા સાંસ્કૃતિક કાર્યક્રમો

નારી ઉત્કર્ષ મંડપમ્‌માં તા. ૬ જાન્યુઆરીથી તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૩ દરમ્યાન યુ.એ.ઈ., યુ.એસ.એ., યુ.કે., આફ્રિકા અને ઑસ્ટ્રેલિયાની બી.એ.પી.એસ. મહિલા પાંખે વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને ભાવાંજલિ અર્પણ કરી હતી.

યુ.એ.ઈ.નાં બહેનોએ ‘અરબ કી ભૂમિ મેં ખીલતા એક નંદનવન’ના મધ્યવર્તી વિચાર હેઠળ કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. યુ.એસ.એ.નાં બહેનોએ ‘મારું જીવન કર્યું રળિયાત’ મધ્યવર્તી વિચાર હેઠળ સ્વામીશ્રી જેવા અજોડ ગુરુહરિની પ્રાપ્તિથી જીવન રળિયાત થયાની ભાવનાનું સુંદર દર્શન કરાવ્યું હતું. તો યુ.કે.નાં બહેનોએ ‘વહેતું જીવન તમારું...’ કેન્દ્રવર્તી વિચાર હેઠળ સ્વામીશ્રીની પ્રેરણાથી થયેલ જીવનપરિવર્તનના દિવ્ય સ્વાનુભવો પ્રસ્તુત કર્યા હતા. આફ્રિકાનાં બહેનોએ ‘કથા કહું એક યુગપુરુષની’ કેન્દ્રવર્તી વિચાર સાથે સ્વામીશ્રી પ્રત્યેની અદ્‌ભુત શ્રદ્ધા અને વિશ્વાસનું દર્શન કરાવ્યું હતું. તો ઑસ્ટ્રેલિયાની બહેનોએ ‘સંગોડત્ર બલવાન્લોકે’ કેન્દ્રવર્તી વિચાર હેઠળ પ્રેરક

સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરીને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં ભાવાંજલિ અર્પણ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સતત એક મહિના સુધી મંચ પરથી રજૂ થતાં સંવાદો, નૃત્યો, ગરબા આદિ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સહભાગી બાલિકાઓ, યુવતીઓ અને મહિલાઓના વસ્ત્રપરિધાન, શણગાર વગેરે માટે સાંસ્કૃતિક વિભાગની બહેનોએ ધીરજપૂર્વક અને ખંતપૂર્વક સેવાઓ આપી તમામ કાર્યક્રમોને દીપાવવામાં અનન્ય યોગદાન આપ્યું હતું.

ગુરુહરિને પ્રસન્ન કરવાના એકમાત્ર ધ્યેય સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે સંકળાયેલાં સૌ બહેનોએ ખૂબ જહેમત ઊઠાવી હતી. નોકરી, વ્યવસાય, ઘર-પરિવાર, વ્યવહાર આદિને ગૌણ કરી બહેનોએ સતત એક મહિના સુધી પ્રેરક કાર્યક્રમો પ્રસ્તુત કરીને અનન્ય ગુરુભક્તિ અદા કરી હતી.

વિવિધ ક્ષેત્રનાં મહિલા મહાનુભાવોએ નારી ઉત્કર્ષ મંડપમ્‌ની મુલાકાત લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો. આધ્યાત્મિક, સામાજિક, રાજકીય, તબીબી તેમજ રમતગમત ક્ષેત્રના આ મહાનુભાવોએ નારી ઉત્કર્ષ મંડપમ્‌માં થયેલા કાર્યક્રમો નિહાળીને, પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થાની મહિલા પાંખ દ્વારા કરવામાં આવેલ નારી ઉત્કર્ષના કાર્યને બિરદાવ્યું હતું. એ પૈકી કેટલાક મહાનુભાવોના ઉદ્‌ગારો અહીં પ્રસ્તુત છેઃ

- ‘દિવ્ય આધ્યાત્મિક અનુભવ! આ ખરેખર મારા આનંદની અનુભૂતિ છે. મહાન આત્મા પ્રમુખસ્વામી મહારાજનો અનુભવ અહીં સર્વત્ર થાય છે. એમના આશીર્વાદ મારા જીવનને પૂર્ણતાથી ભરી દે એ જ અભ્યર્થના.’

**– પ્રો. અમીબહેન ઉપાધ્યાય**

(કુલપતિ, આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ)

- ‘અહીં મને અત્યંત આનંદ અનુભવાય છે. મને ઊર્જા આપતા ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને ઉપદેશની સર્વાંગી હૂંફ અહીં અનુભવાય છે. મહિલાઓના સશક્તિકરણમાં તેમના ઉપદેશોનો બહુ જ મોટો ફાળો છે.’

**– રુઝાન ખંભાતી**

(મોટિવેશનલ સ્પીકર અને યુથ આઈકન)

- ‘પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ એટલે શ્રદ્ધા, સંસ્કૃતિ, વિરાસત, સેવા, સમર્પણ, ત્યાગનું આદર્શ ઉદાહરણ. વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાને ચરિતાર્થ કરતો મહોત્સવ...’

**– ડૉક્ટર દર્શિતા શાહ** (ડેપ્યુટી મેયર, રાજકોટ)

- ‘શતાબ્દી મહોત્સવમાં ઉપસ્થિત રહીને મેં આ સુંદર સ્થળ નિહાળ્યું. બાળનગરી ખૂબ સુંદર રીતે શણગારાઈ છે. અહીં બધું જ સંદેશ આપે છે - માનવજાતની પ્રેમપૂર્વક સંભાળ લેવાનો. સુચારુ રીતે સંચાલિત થાય છે, અહીંના સ્વયંસેવકો ખૂબ જ સહયોગ આપે છે. હું પુનઃ આ નગરની મુલાકાત લેવા ઈચ્છું છું.

**– ડૉ. જાસ્મીન હસરત**

(આઈ.એ.એસ., એમ.ડી., જી.એસ.ઈ.જી.એલ., સુરત)

- ‘આ અદ્‌ભુત મહોત્સવ બદલ ખૂબ ખૂબ અભિનંદન. ખૂબ સુંદર રીતે આયોજિત અને સંચાલિત છે આ મહોત્સવ. અહીં દરેક પ્રદર્શનમાં જે સંદેશ અપાયા છે તે મને ખૂબ ગમ્યા છે. પ્રમુખસ્વામીજીના ઉપદેશ અને સંસ્કારોને આપે જીવંત રાખ્યા છે. આ મહોત્સવ એને પૂર્ણ રીતે ન્યાય આપે છે.’

**– માના પટેલ**

(રાષ્ટ્રીય કક્ષાના તરણ સ્પર્ધક, અમદાવાદ)

- ‘આ પવિત્ર ભૂમિ પર આવીને ધન્યતા અનુભવું છું. મહિલા ઉત્કર્ષ માટે ગુરુદેવ પ્રમુખસ્વામી મહારાજનું કાર્ય જોઈને અભિભૂત થઈ છું. તેઓના આશીર્વાદ આપણા દેશ માટે આજે અને આવનારી પેઢીઓ માટે ખૂબ જરૂરી છે.

**– જયશ્રીબેન પટેલ**

(પ્રેસિડેન્ટ ઓફ મ્યુનિસિપલ કોર્પોરેશન શ્રીપુર, મહારાષ્ટ્ર)

- *‘ઊંડા અંધારેથી પ્રભુ, પરમ તેજે તું લઈ જા...’* ઉક્તિની અભિવૃદ્ધિ થઈ. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી હરિભક્તોની સેવા વૈશ્વિક કક્ષાએ પ્રખ્યાત બની છે. અહીં અનુભવાય છે કે ધર્મ હૃદય પરિવર્તન કરી રહ્યો છે. સૌને અભિનંદન.’

**– પ્રો. વસુબેન ત્રિવેદી**

(પૂર્વ મંત્રીશ્રી, ગુજરાત)

- ‘આજે સવારે અહીં આવવાનું થયું તે મારું સદ્‌ભાગ્ય. પ્રમુખસ્વામી મહારાજે અનેક કાર્યો દ્વારા સમાજમાં બી.એ.પી.એસ.ના માધ્યમથી જે પરિવર્તન આણ્યું છે તે મને ઊંડા અહોભાવથી છલકાવે છે. અહીં વાણી મૂક બની જાય છે. આ સંસ્થાની આયોજન ક્ષમતાને સલામ, આ ભવ્ય મહોત્સવમાં વ્યાપેલી અનુભવાય છે.’

**– જાનકી વસંત**

(ફાઉન્ડર ઓફ સંવેદના ટ્રસ્ટ, અમદાવાદ)

■ 'પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન અને અહીંની રજૂઆત નિહાળીને હું ખૂબ પ્રભાવિત થઈ છું. અહીંના સ્વયંસેવકો તથા અહીં જે કાંઈ દર્શાવાયું છે તે બધું જ સર્વશ્રેષ્ઠ છે. તેને બિરદાવવા માટે મારી પાસે કોઈ શબ્દો નથી.'

**- જસ્ટિસ અભિલાષા કુમારી**

(જ્યુડિશિયલ મેમ્બર, લોકપાલ કમિટી ઓફ ઇન્ડિયા, દિલ્હી)

■ 'ભવ્યતા, દિવ્યતા અને પવિત્રતાનો સંગમ એટલે આ પુણ્યભૂમિ. શ્રદ્ધા, સેવા, સમર્પણનો સંગમ એટલે પુણ્ય-ભૂમિ. આ નારીસભા તથા આ સંકુલની મુલાકાતથી મને દશે દિશામાંથી શુભ વિચાર પ્રાપ્ત થયેલા છે. શબ્દો વામણા છે મારી લાગણીઓ અભિવ્યક્ત કરવા.'

**- ભાર્ગવી દવે**

(ડાયરેક્ટર ઓફ ડિસ્ટ્રિક્ટ રૂરલ ડેવલપમેન્ટ એજન્સી, ગાંધીનગર)

■ 'અદ્‌ભુત! ન ભૂતો ન ભવિષ્યતિ. અહીંથી પ્રાપ્ત થતાં સકારાત્મક આંદોલનો માનવીને આવનારા સમયમાં વધુ શાંતિમય જીવન જીવવા માટે મદદરૂપ બનશે. અહીં આવીને હું ધન્યતા અનુભવું છું.'

**- ડૉ. જ્યોતિ પંડ્યા શેઠ**

(નેશનલ વાઈસ પ્રેસિડન્ટ, મહિલા મોરચો, બી.જે.પી., વડોદરા) ◆

## પ્રમુખસ્વામી મહારાજ નગર તથા નારી ઉત્કર્ષ મંડપમ્‌ની મુલાકાતે મહિલા મહાનુભાવો




પૂજ્ય નિર્મળા બા (આધ્યાત્મિક વડા, વિહલધામ, પાળિયાદ), સુશ્રી માર્ગારેટ એલ. ક્યોગીર (રાજદૂત, યુગાન્ડા), સુશ્રી હેલી મહેતા (સલાહકાર, વર્લ્ડ બેન્ક), સુશ્રી પ્રવીણા બ્રહ્માકુમારી (સિનિયર સદસ્ય, બ્રહ્માકુમારી, માઉન્ટ આબુ), સુશ્રી મનિષાબહેન વકીલ (સાંસદ, વડોદરા), સુશ્રી સંગીતા પાટીલ (સાંસદ, સુરત), સુશ્રી નિમિષાબહેન સુથાર (સાંસદ, મોરવા હડફ), સુશ્રી વૈભવી નાણાવટી (ન્યાયાધીશ, હાઈકોર્ટ ઑફ ગુજરાત), સુશ્રી ગીતા ગોરડિયા (ચૅરપર્સન, એફ.આઈ.સી.સી.આઈ., ગુજરાત સ્ટેટ કાઉન્સિલ), સુશ્રી શ્વેતા ઝા (એન્કર, આજતક), સુશ્રી અદિતિ ખરે (એમ.ડી., ઈન્ડોકો રેમિડિસ), સુશ્રી ગાર્ગીબહેન જૈન (આઈ.એ.એસ., ગાંધીનગર), સુશ્રી ઉષા રાડા (આઈ.પી.એસ., સુરત), ડૉ. લવિના સિંહા (ડી.સી.પી., અમદાવાદ), સુશ્રી ભાવનાબહેન પટેલ (ડી.સી.પી., સુરત), સુશ્રી રુહીબહેન પાયલા (ડી.વાય.એસ.પી., સી.આઈ.ડી. ક્રાઈમ, ગાંધીનગર), સુશ્રી કીર્તિબહેન દાનિધારિયા (મેયર, ભાવનગર), સુશ્રી ગીતાબહેન પરમાર (મેયર, જૂનાગઢ), ડૉ. માયાબહેન કોડનાની (પૂર્વ ધારાસભ્ય, અમદાવાદ), સુશ્રી નિમુબહેન બાંભણિયા (પૂર્વ મેયર, ભાવનગર), સુશ્રી ગૌરીબહેન પોપટ (પૂર્વ પ્રમુખ, ઈન્કમટેક્સ બાર એસોસિયેશન, અમદાવાદ), સુશ્રી જયશ્રી મહેતા (ડાઈરેક્ટર, ઈન્ફિનિયમ મોટર પ્રા. લિ.), સુશ્રી રત્ના જોષી (જનરલ મૅનેજર, ટાટા મોટર્સ), સુશ્રી શિવાંગી દેસાઈ (ડાઈરેક્ટર, ફીટ ભારત મિશન), સુશ્રી આશા કૌલ (પ્રૉફેસર, આઈ.આઈ.એમ., અમદાવાદ), ડૉ. બિન્ની સરીન (પ્રમુખ, અવેકનિંગ સ્પિરિચ્યુઆલિટી), શ્રી લતીફા અલમનાઈ (મહામહિમ અબ્દુલ રહેમાનનાં પૌત્રી, બાહરીન), સુશ્રી પ્રજ્ઞા પટેલ (બાળ સાહિત્યકાર), સુશ્રી ફાલ્ગુની ઠાકર (ડાઈરેક્ટર, પશુપાલન, ગુજરાત), સુશ્રી પબ્બીબહેન રબારી (મહિલા ઉદ્યોગસાહસિક), સુશ્રી કૃષિ લાઠિયા (આર્ટિસ્ટ ઑફ થ્રેડ પેઈન્ટિંગ), સુશ્રી કુસુમ કોલ વ્યાસ (મહિલા ઉદ્યોગસાહસિક), સુશ્રી મોનલ ગજ્જર (અભિનેત્રી), સુશ્રી આરોહી પટેલ (અભિનેત્રી), સુશ્રી સ્નેહા દેસાઈ (લેખક અને ઍક્ટર), સુશ્રી કિંજલ દવે (ગાયક), સુશ્રી ગીતાબહેન રબારી (ગાયક), સુશ્રી ભૂમિ ત્રિવેદી (ગાયક), સુશ્રી અનુરાધા પોંડવાલ (ગાયક), સુશ્રી જયશ્રી લાલભાઈ (શિક્ષણવિદ્), સુશ્રી સુષ્મિતા ચેટરજી અને દેબોપ્રિયા ચેટરજી (વાંસળીવાદક), સુશ્રી જ્યોત્સનાબહેન પટેલ, (માનદ સેક્રેટરી, રામકૃષ્ણ સેવામંડળ), સુશ્રી પ્રાપ્તિ મહેતા (સંગીતકાર, ફેશન ડિઝાઈનર), સુશ્રી ભૈરવી કોશિયા (ક્લાસિકલ ડાન્સર, ન્યૂઝ રીડર, દૂરદર્શન) ◆



### પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની શાનદાર સફળતાના યશભાગી ૮૦,૦૦૦ સ્વયંસેવકોના

# અજોડ સમર્પણની ગૌરવ ગાથા



‘તમે બધાએ કમાલ કરી છે. તમારી સેવાનું મૂલ્ય કોઈ નહીં કરી શકે. તમારી ઉપર રાજીપાનો વરસાદ વર્ષી રહ્યો છે. સ્વામિનારાયણ ભગવાન, મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી અને ગુણાતીત ગુરુપરંપરા બધાનો રાજીપો લઈ ગયા. આપ સૌ દ્વારા ભગવાને જ આ બધું કર્યું છે. સમૈયો ન ભૂતો ન ભવિષ્યતિ થઈ ગયો, કારણ કે તમે બધા સેવામાં જોડાયા અને તમારી સેવા ન ભૂતો ન ભવિષ્યતિ છે. હું તો તમારી ઉપર વારી ગયો છું.’

વિરાટ, અપૂર્વ અને અનિર્વચનીય પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના સૂત્રધાર અને પ્રેરણામૂર્તિ પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે તા. ૧૪-૧-૨૦૨૩ના રોજ લખેલા ઉપરોક્ત શબ્દોમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના એ ૮૦,૦૦૦ સ્વયંસેવકોના મસ્તકે એમણે ચઢાવેલી આભારવર્ષા છે.

હા, સ્વયં ગુરુહરિ વારી જાય એટલું જ નહીં, એ મહોત્સવમાં આવનારા એક કરોડ એકવીસ લાખથી વધુ દર્શનાર્થીઓ વારી જાય, વિરાટ શબ્દ પણ વામણો પડે - એવું એ ૮૦,૦૦૦ સ્વયંસેવકોનું સેવા-સમર્પણ હતું આ મહોત્સવમાં.

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની અનેક ગાથાઓમાં સ્વયંસેવકોની ગાથા સદા અમર બની રહેશે. આ મહોત્સવને સાકાર અને સફળ બનાવવામાં આબાલવૃદ્ધ, સ્ત્રીપુરુષ સ્વયંસેવકોએ જે સેવા-સમર્પણ કર્યું છે તે ક્યારેય પૂર્ણ રીતે આલેખી શકાશે નહીં. આમ છતાં, આ સ્વયંસેવકોની ગાથાનું એક આચમન અહીં પ્રસ્તુત છે.

શતાબ્દી મહોત્સવ ભવ્યતાથી ઊજવવાનું નિર્ધારિત થયું તે સાથે જ મહોત્સવના વિશાળ વ્યાપને પહોંચી વળવા માટે મોટા પ્રમાણમાં અને લાંબા સમય સુધી સ્વયંસેવકોની આવશ્યકતા હતી. પરંતુ આટલી મોટી સંખ્યામાં સ્વયંસેવકો મેળવવાનું એ કોઈ સામાન્ય કે સહેલું કામ નહોતું. સતત બે વર્ષ સુધી કોરોનાની આપત્તિને કારણે સૌના ધંધા-વ્યવસાય-નોકરી પર ઘણી મોટી અસર થઈ હતી. આથી મહોત્સવની સંચાલન સમિતિને શંકા હતી કે પૂરતી સંખ્યામાં સ્વયંસેવકો ઉપલબ્ધ થશે કે કેમ? પરંતુ મહંત સ્વામી મહારાજે હાકલ પાડી અને સંતો અને અગ્રેસરો દ્વારા સ્વયંસેવકોની નોંધણી કરવામાં આવી તો સૌની અપેક્ષા બહાર, સ્ત્રી-પુરુષ હરિભક્તો, યુવકો-યુવતી અને બાળકો-બાલિકાઓએ હોંશે હોંશે ૩૫ દિવસથી લઈ એક વર્ષ સુધીની સેવા નોંધાવી. ૮૦,૦૦૦ સ્વયંસેવકોની નોંધણી માત્ર એક મહિનામાં થઈ ગઈ. એવું લાગ્યું કે જાણે તમામ હરિભક્તો આ મહોત્સવની રાહ જોઈને જ બેઠાં ન હોય!

માર્ચ મહિનામાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના સાંનિધ્યમાં પ્રમુખસ્વામી મહારાજ નગરનું ખાતમુહૂર્ત થયું ત્યારથી સેવાને વિશેષ વેગ પ્રાપ્ત થયો. જોકે એ પૂર્વેથી પૂજ્ય નિખિલેશદાસ સ્વામી અને બાંધકામ વિભાગના સંતો-સ્વયંસેવકો દ્વારા નગરની સેવા તો શરૂ થઈ જ ગયેલી. શરૂઆતના તબક્કામાં તો જમીન સમથળ કરવામાં ઝાડ-ઝાંખરાં કાપવાં વગેરે અતિ શ્રમયુક્ત સેવા હતી. વળી, મર્યાદિત સગવડને લીધે ઉતારા, ભોજન, આરામ દરેક બાબતમાં અનેક અગવડતાઓ હોય તે સ્વાભાવિક હતું. અને ઉપરથી ઉનાળાનો આકરો તાપ, ક્યારેક તો ડિહાઈડ્રેશનની તકલીફ થઈ જાય, ધૂળ પણ એટલી ઊડે છતાં સ્વયંસેવકોએ સેવામાં પાછીપાની કરી નથી.

પ્રમુખ જ્યોતિ ઉદ્યાન(ગ્લો ગાર્ડન)ની સેવામાં સળિયા વાળવા, વેલ્ડિંગ કરવું વગેરેની સેવા અત્યંત ધીરજ અને સમય માંગે તેવી હતી. કલાકોના કલાકો આ સેવામાં ધીરજથી બેસી સેવા કરવાની થાય, દિવસના અંતે કોઈક

વખત આખી આકૃતિ ફરી બનાવવાની થાય તો પણ સ્વયંસેવકોએ ધીરજ અને ખંતથી સેવા કરી છે. ક્યારેક સતત વેલ્ડિંગના કામના કારણે આંખો પણ દુખે, પોતે બીમાર પડે તો ડોક્ટરને વિનંતી કરે કે, મને એવી દવા આપો કે જલદી સારું થઈ જાય અને હું વધુ સેવા કરી શકું. પણ ઘરે જવાનો કે આરામ કરવાનો સંકલ્પ કોઈએ નથી કર્યો. પેવર બ્લોક પાથરવાની સેવામાં સંતો સહિત નાના-મોટા સૌ સ્વયંસેવકો જોડાયા. આખો દિવસ પોતાના વિભાગની સેવા કરી હોય છતાં રાત્રે બ્લોક પાથરવાની સેવામાં અનેક સ્વયંસેવકો મહિમાપૂર્વક જોડાતા.

સ્વયંસેવકોએ ભર ઉનાળાની ભયંકર ગરમી સહન કરી છે, તો અનરાધાર વરસતા વરસાદની હેલીમાં પાણી ઉલેચીને પણ સેવા કરી છે. એકવાર તો વરસતા વરસાદમાં આખા દિવસની સેવા કરી ઉતારે આરામ માટે જતા હતા, ત્યાં સૂચના મળી કે લેન્ડસ્કેપ વિભાગમાં માંચડો પડી ગયો છે, એટલે તરત જ આરામને બદલે સ્વયંસેવકો લેન્ડસ્કેપ વિભાગમાં સેવામાં પહોંચી ગયા અને વરસતા વરસાદમાં આ માંચડો ઊભો કરી દીધો અને અનેક છોડને તણાતા બચાવી લીધા. સ્વયંસેવકોના ઉતારામાં પણ ગોઠણ સુધી પાણી ભરાઈ ગયાં અને સામાન પલળી ગયો હતો. છતાં સૌએ પોતાની સેવા એક પણ દિવસ થંભાવી નથી. ક્યારેક તો આ સ્વયંસેવકોને આરામ માટે, જમવા માટે આગ્રહ કરવો પડે કે હવે તમે સૌ જમવા-આરામમાં જાઓ, એવો અદમ્ય ઉત્સાહ સૌને હતો.

મોટી ઉંમરના વૃદ્ધ, વડીલ, અશક્ત અને બહુ નાની ઉંમરના સ્વયંસેવકોને સેવામાં જોડાવાની અનુમતિ નહોતી. છતાં 'શરીરનું જે થવું હોય તે થાય પણ શતાબ્દીની સેવા તો કરવી જ છે' એવા વિચારથી ઉંમર અને બીમારી છુપાવી છુપાવીને પણ કેટલાક સ્વયંસેવકો સેવામાં આવી ગયા. મહોત્સવની પૂર્વતૈયારી દરમ્યાન, મહોત્સવ દરમ્યાન અને મહોત્સવ પૂર્ણ થયા પછી મહોત્સવ સમેટવામાં પણ આ સ્વયંસેવકોએ સ્વામીશ્રીને રાજી કરવાની ભાવનાથી અપાર સેવા કરી. પારિવારિક સંકટો કે નાનાં મોટાં અનેક કષ્ટો ગણકાર્યાં નથી.

બાંધણીના હસમુખભાઈ મોચી તો દૂબળી ભટ્ટ જેવી સ્થિતિ છતાં પોતાનું સીવવાનું મશીન લઈને ૪ મહિના સેવામાં આવી ગયા. ચીખલીના ચેતનકુમાર વેલ્ડિંગ કરીને ઘરનો વ્યવહાર ચલાવતા હતા. છતાં ઘર વ્યવહાર માટે અન્ય વ્યવસ્થા કરીને નગરમાં વેલ્ડિંગની સેવામાં આવી ગયા. અમરેલી પાસેના બાબરાના એક યુવાન આર્થિક સ્થિતિને પહોંચી વળવા બે-બે નોકરી કરે છે. છતાં નોકરી મૂકીને છ મહિનાની સેવામાં જોડાયા. દાહોદના કિરણભાઈ રાવળે તો સેવામાં આવવા માટે પસ્તી-ભંગાર કલેક્શન માટેનો પોતાનો ટેમ્પો ખોટ ખાઈને વેચી દીધો. બોરીવલીના અજિતભાઈ સોલંકી તો સાઈકલ લઈને ફૂડ ડિલિવરી કરવાનું કામ કરે છે. પરંતુ તે કામ પડતું મૂકીને સેવામાં ઝંપલાવી દીધું. મહેસાણાના ભાવિકભાઈ સુથારે તો દુકાન બંધ કરી, ઘરનો વ્યવહાર ચલાવવા વ્યાજે લોન લીધી અને સેવામાં આવી ગયા. અનેક સ્વયંસેવકોએ આર્થિક સંકટ વચ્ચે સેવા કરી છે.

## ■ દેહની પરવા કરી નથી

સેવા દરમ્યાન ઘણા સ્વયંસેવકોને નાની મોટી શારીરિક તકલીફો રહેતી. છતાં સૌએ આ તકલીફોને ગણકાર્યા વગર સેવા કરી છે. અંજારના અમરદીપસિંહ જાડેજાનો તો કમરથી નીચેનો આખો ભાગ થોડા મહિના પૂર્વે દાઝી ગયો હતો. સિલિકોન સીટ પહેર્યા વગર ઊભા રહેવાની કે બેસવાની પણ તકલીફ પડે છતાં તેઓ સેવામાં જોડાયા. થાનગઢના રમણભાઈને તો એક હાથ જ નથી. છતાં તેઓ પાર્કિંગની સેવામાં જોડાયા હતા. કરખડીના અશ્વિનભાઈને કમરનો દુખાવો રહે છે, છતાં પોતાનો ટેમ્પો સાથે લઈને સેવા કરી. રાયસણના ગોવિંદભાઈ પટેલને સેવા દરમ્યાન અકસ્માતે હાથ ભાંગ્યો. તો બીજા દિવસે પ્લાસ્ટરવાળા હાથે પણ સેવામાં જોડાઈ ગયા. મીરારોડ, મુંબઈના નૈનેશભાઈ તો શનિ-રવિ રજામાં થર્ડ ક્લાસમાં મુસાફરી કરીને અમદાવાદ સેવામાં આવતા. રણછોડ નગર, રાજકોટના નારણભાઈને પગમાં ઈજા થઈ હતી. પગમાં ઓપરેશન પણ કરાવેલું અને છ સ્ક્રૂ મારેલા. સેવામાં આવવાની હાકલ થતાં તેમણે ડૉક્ટરને કહ્યું કે, મારા પગમાં છ સ્ક્રૂ છે, એમાં દુખતા પગમાંથી એક સ્ક્રૂ કાઢી નાખો. ડોક્ટરે કારણ પૂછતાં તેમણે કહ્યું કે, 'મને છ સ્ક્રૂમાંથી એક સ્ક્રૂ ચાલતી વખતે નડે છે, અને મારે શતાબ્દીની સેવામાં જવાનું છે.' ડૉક્ટરે કહ્યું કે જો તે સ્ક્રૂ કાઢી લઈશું તો આજીવન પગમાં ખોડ રહી જશે. તમે ત્યાં કોઈ પ્રકારની શારીરિક શ્રમયુક્ત સેવા નહીં કરી શકો.' ડૉક્ટરની આ સલાહને અવગણીને નારણભાઈએ તે સ્ક્રૂ કઢાવી નાખ્યો અને છેક સુધીની સેવામાં આવી ગયા. નગરમાં નિર્માણ પામેલા લગભગ તમામ ટોઈલેટ બ્લોકમાં પ્લાસ્ટર કરવાની સેવા તેઓએ કરી છે.

શાલિગ્રામ-બારડોલીના દીપકસિંહ દેસાઈને હાથમાં કંપારીની જન્મજાત બીમારી છે. તેમણે સેવામાં આવવાનો









સંતો અને સ્વયંસેવકોની દિવસ-રાતની પ્રચંડ શ્રમપૂર્વકની સેવાઓથી પ્રમુખસ્વામી મહારાજ નગર સાકાર થયું. નગરના નિર્માણ અને સંચાલનમાં સંતો અને સ્વંયસેવકોએ આપેલી આ સેવાઓ સદા અમર બની રહેશે...

સંકલ્પ કર્યો એના ૨૦ દિવસ પહેલાં દવાની કંઈક આડઅસર થવાથી બંને હાથમાં કંપારી વધી ગઈ. તેઓને એમ કે, સારું થઈ જશે. પરંતુ કંપારી વધતી ગઈ. સેવામાં આવ્યા બાદ જમવાની ડિશ પણ ન પકડી શકાય એટલી કંપારી વધી ગઈ. ક્યારેક બીજા કોઈ જમાડે ત્યારે જમી શકે છે. એવી સ્થિતિમાં પણ તેઓ ઉત્સાહથી સેવા કરવા આવ્યા.

વિદ્યાનગરના કુમારપાલસિંહ ચૂડાસમા સેવામાં આવ્યા તે પૂર્વે ૧૫ ઓક્ટોબરે તેઓને અકસ્માત થયો હતો. ખભામાં ફ્રેક્ચર થયું હતું, પગમાં પણ ૧૬ ટાંકા આવ્યા હતા. તેઓને થયું કે, જો હું પાટો રાખીશ તો મારી શારીરિક તકલીફોને જોઈને સંચાલકો મને સેવા નહિ કરવા દે. આમ વિચારીને બધા પાટા કાઢીને તેઓ પહેલી નવેમ્બરથી સેવામાં જોડાઈ ગયા. ખભા અને પગના અસહ્ય દુખાવા વચ્ચે પણ તેમણે સેવા છોડી નહીં. મીરા રોડ, મુંબઈના ડૉક્ટર સંજયભાઈ કરકરની સેવા પૂર્વતૈયારીના દિવસોમાં ભક્તિહૃદય સ્વયંસેવક ઉતારામાં દવાખાનામાં હતી. સેવા દરમિયાન સળંગ ઊંઘ અડધો કલાકથી વધુ ન મળે, એવો ભીડો રહે. ઘણી વખત સવારનો નાસ્તો કરવાનો સમય જ ન મળે. સીધું બપોરે ભોજન. આવો ભીડો વેઠીને અનેક સ્વયંસેવકોએ સેવા કરી છે.

## ■ વ્યવહારને ગૌણ કર્યા છે

ખેડબ્રહ્માના ગોવિંદભાઈ પટેલને ત્યાં પૌત્રનો જન્મ થયો. પરિવારજનોએ ઉત્સવ કર્યો. આ પ્રસંગે ગોવિંદભાઈ અને તેમના ભાઈઓમાંથી કોઈપણ સેવા મૂકીને ઘરે ગયા નહીં. આ પ્રસંગના થોડા જ સમયમાં તેઓનાં સગાં માસી ધામમાં ગયાં. છતાં તેઓ સેવામાં જ રોકાયા અને વિશેષ

વાત તો એ બની કે તેઓની માતાએ તેમને ફોન ઉપર જણાવ્યું કે 'જો હું પણ ધામમાં જાઉં, તોપણ તમારે સેવા મૂકીને ઘરે આવવાની જરૂર નથી.'

શાહપુર, અમદાવાદના જયંતીભાઈનાં પત્ની ધામમાં ગયા. તેઓ સવારે અંતિમ ક્રિયા કરી, બીજા જ દિવસે સાંજે નગરમાં સેવામાં જોડાઈ ગયા.

સિંહોલ, કરમસદના જયેશભાઈ પટેલ પત્ની સાથે સેવામાં જોડાયા હતા. સેવા દરમ્યાન તેઓનાં સાસુ ધામમાં ગયાં. છતાં પતિ-પત્નીએ સેવાને જ પ્રાધાન્ય આપ્યું. સેવા છોડીને ઘરે ન ગયાં.

રાજકોટના જયંતીભાઈ હાપડિયાનો સમગ્ર પરિવાર સેવામાં જોડાયો હતો. તેમણે નજીકના ત્રણ સંબંધીઓનાં લગ્ન પ્રસંગે જવાને બદલે સેવાને જ પ્રાધાન્ય આપ્યું.

ગોંડલ ગુરુકુળના ધ્રુવ પટેલને સગાં બહેનનાં લગ્ન હતાં. છતાં તેઓ સેવા છોડીને ન ગયા. મહેસાણાનાં દિવાળીબેનને ત્યાં ઘરે જેઠની દીકરીનો લગ્ન પ્રસંગ હોવા છતાં જેઠ-જેઠાણીની રજા લઈ તેઓ સેવામાં આવી ગયાં. સામાજિક પ્રસંગોને સેવા માટે ગૌણ કરનાર આ સ્વયંસેવકોની સમજણ આપણને નત મસ્તક કરી દે છે.

ઋતુઓની પ્રતિકૂળતાઓમાં પણ સૌએ ભક્તિભાવપૂર્વક સેવા કરી છે. સેવા દરમ્યાન નિર્માનીપણે અને દાસભાવે સેવા કરી છે. મોડાસાના જાણીતા ડૉક્ટર જિતેન્દ્રભાઈ ૪૦ વર્ષથી પ્રેક્ટિસ કરે છે. તેમની ઉંમર ૬૭ વર્ષ છે. પદ, પ્રતિષ્ઠા અને વૈભવ મૂકીને તેઓએ નગરમાં બ્લોક પાથરવાની સેવા કરી. કોબા, કલોલના કનકસિંહ ઝાલા પૂર્વે મામલતદાર હતા. છતાં રસોડામાં નાનામા નાની સેવા કરી. મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ (પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી) છતાં પોતાની જવાબદારીમાંથી સમય કાઢીને તેઓ શતાબ્દી મહોત્સવની સેવામાં જોડાયા.

આ સ્વયંસેવકોએ મનધાર્યું મૂકીને, અનુકૂળ થઈને, સંપીને, સહન કરીને સેવા કરી છે. નિકોલ, અમદાવાદના PSI જિજ્ઞેશભાઈ રજા મૂકી લાઈટ એન્ડ સાઉન્ડ શો વિભાગની સેવામાં જોડાયા. સેવા દરમિયાન એક પ્રેક્ષક જૂથને તેમણે દોરી ઓળંગીને જતાં રોક્યું ત્યારે તે પૈકી કેટલાક જેમતેમ બોલવા લાગ્યા, પરંતુ જિજ્ઞેશભાઈએ સહન કરીને તેમને પ્રેમથી સમજાવ્યા.

એકવાર કૂતરું મરી ગયું અને ખૂબ જ ગંધાવા લાગ્યું. કીડા પડી ગયેલા. કોણ આ ઉપાડવા તૈયાર થાય? પરંતુ ઘોડાસરના બાળકાર્યકર મનોજભાઈ વાઘેલાને ખબર પડી. તેઓ અને ભરૂચના હર્ષદભાઈ આ સેવા માટે તૈયાર થઈ ગયા. કૂતરાનો મૃતદેહ ઉપાડ્યો, ટ્રેક્ટરમાં નાંખ્યો, યોગ્ય જગ્યાએ લઈ ગયા, ખાડો કર્યો, દાટ્યો. બધી વિધિ પતાવીને નાહી-ધોઈને પછી અન્ય સેવાઓમાં પુનઃ પરોવાઈ ગયા. મોટા પુરુષના પગલે પગલે શાનદાર સેવા કરનાર આવા અનેક સ્વયંસેવકોની સેવાને સલામ છે !

ભારતના ગુજરાત અને જુદા જુદા પ્રાંતોમાંથી તો મોટા પ્રમાણમાં સ્વયંસેવકોએ સેવા કરી, પરંતુ પરદેશના હરિભક્તો પણ સેવામાં કેમ બાકાત રહે? તેમણે પણ તન-મન-ધન સમર્પીને સેવાનો લાભ લીધો. મૂકેશભાઈ ઑસ્ટ્રેલિયામાં ઓસ્ટ્રેલિયન રેલવે ઇન્સ્ટિટ્યૂટમાં લેક્ચરર છે. ત્યાં રજા મૂકીને સેવામાં આવ્યા હતા. એડિસનના કમલેશભાઈ ટિમ્બડિયા પણ અમેરિકાથી સેવામાં આવ્યા હતા. મનીષભાઈ લખાણી આફ્રિકાથી શતાબ્દી સમૈયામાં સેવા માટે આવ્યા હતા. નયનભાઈ છનિયારા દુબઈ સ્થિત Nested VFX કંપનીમાં સુપરવાઈઝર તરીકે માસિક અઢી લાખ જેટલી માતબર રકમના પગારથી કાર્યરત હતા. તેઓ નોકરી છોડીને બાળનગરીના ડિઝાઈનિંગની સેવામાં સમર્પિત થઈ ગયા. આવા અનેક સ્વયંસેવકો વિદેશથી અનુકૂળતા કરીને શતાબ્દી સેવામાં સમર્પિત થયા હતા.

ઑસ્ટ્રેલિયાના સંજયભાઈ પટેલ સિડનીમાં પેસેન્જર ટ્રેનના ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. તેઓએ સેવા માટે રજાઓ બચાવી રાખી હતી. સેવામાં આવવા માટે લોન લઈને ટિકિટ બુક કરી અને સેવામાં જોડાયા.

આમ, વિશ્વના ખૂણે ખૂણેથી અમદાવાદ ભણી દોટ મૂકનાર હજારો સત્સંગીઓનો અનેરો પ્રેમ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવે છલકાયો.

પૂણેના બિમલભાઈ મહેતા જેવા દેશ-વિદેશના કેટલાય સ્વયંસેવકો એવા હતા કે જેમણે છ મહિના અગાઉ પોતાના ધીકતા વ્યવસાયને બાજુએ મૂકીને ભાડૂતી મકાન લઈને સેવામાં ઝંપલાવી દીધું હતું. ઉદયનભાઈ પટેલ જેવા કેટલાક યુવાનો એવા હતા કે જેઓ પોતાનાં વ્યાવસાયિક કાર્યોની પરવાહ કર્યા સિવાય બાંધકામથી લઈને અનેક નાની-મોટી સેવામાં દિવસ-રાત પરોવાઈ ગયા હતા.

બાળકો-બાલિકાઓ, યુવકો-યુવતીઓ અને બાઈ-ભાઈ, અરે વૃદ્ધોને પણ સેવા કરવાનો અતિ ઉમંગ હતો! અમદાવાદના સંયોજક કિરીટભાઈનાં પત્નીને બાયપાસ ઑપરેશન કરાવેલું, ઘરકામમાં તેઓએ મદદ કરવી પડે, મોટી ઉંમર છતાં એવી સ્થિતિમાં છ મહિનાથી વધુ સેવામાં, યુવાનને પણ શરમાવે એવી સ્ફૂર્તિથી જોડાયાં. આવા અનેક ઉંમરલાયક સેવકોની સેવાએ શતાબ્દીને

દીપાવી છે. મહોત્સવની પૂર્વ તૈયારીમાં ખૂબ મોટી સંખ્યામાં વૃદ્ધોએ સેવા કરી હતી.

કેટલાય યુવાનો સેવા માટે નવી નવી બાબતો શીખી ગયા. કોઈકે ગ્લો ગાર્ડન માટેની આકૃતિઓ કેવી રીતે વાળવી, કોઈકે વેલ્ડિંગ કેવી રીતે કરવું, કોઈકે કન્સ્ટ્રક્શન કામ તો કોઈકે ઓટોમોબાઇલ્સનું કામ શીખી લીધું. અટલાદરા અને ઝાખોરાના બે યુવકો ગૌરાંગભાઈ અને દિવ્યભાઈ, જે.સી.બી.ના ટેક્નિશિયન ભરતભાઈ સાયલા અને ભાવેશભાઈ સાયલા પાસે ઉત્સાહપૂર્વક અને ખંતથી રિપેરિંગ કામ શીખ્યા. તેઓએ નગરમાં ખોટકાતાં વાહનો શક્ય એટલા ઓછા ખર્ચે રિપેર કરવાની અમૂલ્ય સેવા કરી. નગરમાં વપરાતા સેંકડો બાઈક, ગાડી, જે.સી.બી., ટ્રેક્ટર, બસ, ડમ્પર વગેરે તમામ પ્રકારનાં વાહનોનું સમારકામ આ ચાર નાની વયના યુવાનોની ટીમ મમત્વભાવ સાથે કરતી હતી.

આર્થિક રીતે સંપન્ન હરિભક્તો અને ઉચ્ચ અધિકારીઓ પણ પોતાની મોટપ મૂકીને નાનામાં નાની સેવામાં જોડાયા. પુરુષોત્તમભાઈ ભાલિયા ડેપ્યુટી ચીફ એક્ઝિક્યુટિવ ઓફ બી.ઓ.બી. બ્રાન્ચીસ લંડન ખાતે જોબ કરતા હોવા છતાં તેઓ સેવામાં જોડાયા. તેઓના હાથ નીચે ૧૭૫ કર્મચારીઓ કામ કરે છે! તો સુરતના ધીરેનભાઈ ચલોડિયાને ખૂબ મોટો વ્યવસાય એલ્યુમિનિયમ પ્રોફાઇલ બનાવવાનો છે છતાં બાંધકામ વિભાગની સેવામાં જોડાયા. ત્રિકમભાઈ, કલ્પેશભાઈ, રવિભાઈ પટેલ જેવા જાણીતા બિલ્ડરો પણ નાનામાં નાની સેવામાં જોડાયા.

અમદાવાદના રાજભાઈ મીરાણી બે સ્કૂલો ચલાવે છે. તેમાં ૮૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, ૨૦૦થી પણ વધારે શિક્ષકોનો સ્ટાફ છે. છતાં તેઓ બાંધકામ વિભાગમાં નાનામાં નાની સેવાઓ કપચી ભરવી, રેતી ભરવી, ઈંટો ઊંચકવી, સિમેન્ટની થેલીઓ ખાલી કરવી વગેરે સેવા કરવામાં લાગી ગયા. અમદાવાદના સર્જન ડૉક્ટર બ્રિજેશભાઈ પંચાલ પોતાની હૉસ્પિટલ બંધ કરીને ત્રણ મહિનાની સેવામાં જોડાયા. તેમણે મૅડિકલ વિભાગમાં સેવા માટે નામ નોંધાવેલું, પરંતુ નગર શરૂ થતાં ત્યાં કોઈ ભારે સેવા નહોતી, તેથી તેમણે સામેથી રસોડા વિભાગની ભીડાભરી સેવા સ્વીકારી, જેમાં તેમને જમવાનો પણ સમય મળતો નહીં. પગે ફોલ્લા પડ્યા તોપણ પગે કપડાં બાંધીને સેવા કરી. નવસારીના મનીષ પારેખ નાયબ મામલતદાર હોવા છતાં અનુકૂળતા કરીને ૬૦ દિવસ બાળનગરીની સેવામાં જોડાયા. રસોડા વિભાગના સ્વયંસેવકો કે પાર્કિંગ વિભાગના સ્વયંસેવકોની સેવા તો અદ્વિતીય હતી. કલાકોના કલાકો સુધી રસ્તા પર ઊભા રહીને લાખો વાહનોનું સંચાલન કરતા યુવાનોની સેવા જોઈને સૌ કોઈ નતમસ્તક બની જતા હતા. બાળનગરીના નાનાં નાનાં બાળકો-બાલિકાઓની સેવા પણ સૌને અચંબિત કરતી હતી. ખરેખર, આ સ્વયંસેવકોનું સમર્પણ તમામને વિસ્મય પમાડતું! મહોત્સવમાં આવેલા વિશાળ જનસમુદાયના લાખો દર્શનાર્થીઓ હોય કે ધુરંધર મહાનુભાવો હોય, સૌ કોઈ બે મોઢે સ્વયંસેવકોની પ્રશંસા કરતા અને આ સ્વયંસેવકોની પ્રેરણામૂર્તિ સમા પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજને મનોમન નમી પડતા. આ સ્વયંસેવકોનું સમર્પણ સમાજ ક્યારેય ભૂલશે નહીં.

## સ્વયંસેવક અભિવાદન સભા

શતાબ્દી મહોત્સવને સફળ બનાવનારા એ ૮૦,૦૦૦ સ્વયંસેવકોને બિરદાવવા પ્રમુખસ્વામી મહારાજ નગરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં બે શાનદાર સમારોહ યોજાયા હતા. તા. ૧૨-૧૨-૨૦૨૨ના રોજ યોજાયેલા સ્વયંસેવક સ્વાગત સમારોહમાં વરિષ્ઠ સદ્ગુરુ સંતોએ સૌને ખૂબ હૃદયથી વધાવ્યા હતા. આ મહોત્સવના પ્રારંભથી જ સ્વયંસેવકોને પ્રેરણા અને આશીર્વાદથી તૃપ્ત કરનાર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આજના સ્વાગત સમારોહમાં ખૂબ સુંદર આશીર્વાદ પત્ર પાઠવીને તેમણે પોતાની અંગત રુચિ અને અભિપ્રાય જણાવ્યા હતા. આજના કાર્યક્રમમાં સ્વામીશ્રી પણ એક સ્વયંસેવકનું ઓળખપત્ર ધારણ કરી, સ્વયંસેવકોની પંક્તિમાં ભળી ગયા. સેવકભાવ, દાસભાવ અને નમ્રભાવની મૂર્તિસમા સ્વામીશ્રીએ પોતાનાં આશીર્વચનો દ્વારા પણ સર્વ સ્વયંસેવકોમાં વિશેષ જોમ સીંચી આપ્યું. આજની સ્વાગત સભાના અંતિમ ચરણમાં ૮૦,૦૦૦ સ્વયંસેવકોને સમીપ દર્શન આપવા માટે સ્વામીશ્રી સ્વયંસેવકોની વચ્ચે પધાર્યા, સૌ સ્વયંસેવકો કૃતાર્થતાથી છલકાઈ ઊઠ્યા.

સતત એક મહિના સુધી ઊજવાયેલા શાનદાર શતાબ્દી મહોત્સવના અંતે આ સમર્પિત સ્વયંસેવકોને બિરદાવવા માટે તેમનો અભિવાદન સમારોહ તા. ૧૮-૧-૨૦૨૩ના રોજ યોજાયો હતો. શતાબ્દી મહોત્સવની સેવાની ફળશ્રુતિ એટલે આ અભિવાદન સમારોહ. સ્વામીશ્રીના સાંનિધ્યમાં શતાબ્દી મહોત્સવને શોભાડનાર હજારો સ્વયંસેવકો આજે સભામાં ઉપસ્થિત હતા. પૂજ્ય સંતો અને કાર્યકરોએ સ્વયંસેવકોના સમર્પણના વિશિષ્ટ પ્રસંગોની ગાથા વિશે પ્રવચન કર્યાં.

બી.એ.પી.એસ. સત્સંગપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલયના મુખ્ય કાર્યવાહક સંત પૂજ્ય યજ્ઞપ્રિયદાસ સ્વામીએ આ પ્રસંગે આભારવિધિ વ્યક્ત કરી જણાવ્યું: 'સ્વયંસેવકોની નોંધણી શરૂ કરવામાં આવી ત્યારે ચિંતા એ હતી કે આટલા સ્વયંસેવકો કેવી રીતે થશે! પરંતુ કેવળ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી અને પ્રેરણાથી પ્રથમ મહિનામાં જ સ્વયંસેવકોની નોંધણી પૂર્ણ થઈ ગઈ. ખરેખર! તમામ વિભાગોની અંદર સેવા કરતા સ્વયંસેવકોએ પોતાના વિભાગમાં પ્રામાણિકપણે સ્વામીશ્રીની અંગત રુચિ જાણી, સંપ રાખી, નિયમ-ધર્મ સાચવીને સેવા કરી છે. આ તમામ સ્વયંસેવકોનો હૃદયપૂર્વક આભાર!'

શતાબ્દી મહોત્સવના મુખ્ય સંયોજક ઈશ્વરચરણદાસ સ્વામીએ આભારવચન ઉચ્ચારતાં કહ્યું: 'દેશના મોટા મોટા ઉદ્યોગપતિઓ, નેતાઓ, લેખકો અને અનેક પ્રકારના મહાન પુરુષોએ મંચ ઉપરથી એક જ વાતની ખૂબ જ પ્રશંસા કરી હોય તો એ ૮૦,૦૦૦ સ્વયંસેવકોની સેવા છે. સૌ કોઈ અચંબિત થઈ ગયા, બધાએ સ્ટેજ ઉપર જાહેરમાં કબૂલ કર્યું કે આવું અમે ક્યાંય ક્યારેય જોયું નથી! ખરેખર આપ સ્વયંસેવકોએ નોકરી-ધંધા ગૌણ કરીને જે સેવા કરી છે, અનેક પ્રકારનો ભોગ આપ્યો છે, એનું વર્ણન થઈ શકે એવું નથી. એક કરોડથી વધારે લોકો નગરમાં આવ્યા. એ સૌ પ્રભાવિત થયા, એની પાછળ આપ સૌની સેવાએ મહત્ત્વનું પ્રદાન કર્યું છે. સ્વયંસેવકો જે રીતે ટ્રાફિકને કંટ્રોલ કરતા હતા, તો ટ્રાફિક પોલીસ પણ નવાઈ પામી ગયા કે આપણે તો કાંઈ કરવાનું જ નથી! ૬૦૦ એકર ભૂમિમાં જુદી જુદી જગ્યાએ રાત્રે કડકડતી ઠંડી હોય, દિવસે તડકો હોય તો પણ કંટાળ્યા વગર ૨૪ કલાક સ્વયંસેવકોએ સિક્યુરિટીની સેવા કરી છે તે ખરેખર દાદ માંગી લે તેવું છે. વળી, નગરની સ્વચ્છતા, જાજરૂ-બાથરૂમની સ્વચ્છતા, કોઈ જગ્યાએ ક્યાંય પણ કોઈ કચરો નહીં, માટી નહીં કે કોઈ ગંદવાડ નહીં! દિવસ દરમ્યાન અને મોડી રાત્રે સ્વચ્છતા વિભાગના સ્વયંસેવક ભાઈ-બહેનોએ એટલી સુંદર સેવા કરી છે કે નગરમાં આવનાર લાખો ભાવિકો પ્રસન્ન થઈ ગયા! રસોડા વિભાગે કરેલી કામગીરી આપણને નતમસ્તક કરી દે છે. કેટલાક મહેમાનો આપણું રસોડું જોવા આવતા. લાખો માણસોની રસોઈ થતી. પ્રેમવતીનું રસોડું પણ સતત ધમધમતું. આ બંને રસોડા ઉપર જે રીતે, જે પદ્ધતિથી, શિસ્તથી લાખો માણસોની સુંદર રસોઈ થતી હતી એમાં ભાઈઓ અને બહેનોની સેવા જોઈને મોટા મોટા માણસો અત્યંત પ્રભાવિત થયા.

આપ સૌ સ્વયંસેવકોએ ખરેખર તમારા પ્રાણ રેડીને પ્રમુખસ્વામી મહારાજ અને પૂજ્ય મહંત સ્વામી મહારાજને રાજી કરવાને માટે તન-મન-ધન ન્યોછાવર કર્યું છે. ૧૯૮૧માં પ્રમુખસ્વામી મહારાજ બોલેલા કે આપ સૌ સ્વયંસેવકોને કરોડ-કરોડ દંડવત કરીએ તોય ઓછું છે.

આપ સૌએ સેવા, ભક્તિ અને સમર્પણથી દરેકનાં દિલ જીતી લીધાં છે, પૂજ્ય ડોક્ટર સ્વામી, પૂજ્ય કોઠારી સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામી તમામ સંતોનાં દિલ પણ જીતી લીધાં છે. નાનાં-નાનાં બાળકો બાલનગરીની અંદર મહેમાનોને જે સમજાવતા હતા એ જોઈને મહેમાનો ખૂબ અભિભૂત થઈ જતા હતા કે આ બાળકો-બાલિકાઓમાં કેટલી બધી શક્તિ છે! કેટલી બધી એમનામાં સ્ફૂર્તિ અને કેટલો બધો એમના અંદર આનંદ છે! તમામ પ્રદર્શન ખંડોમાં મોટા-મોટા માણસો રડી પડતા અને એ લોકોનાં હૃદયમાં પ્રમુખસ્વામી મહારાજ સ્પર્શી જતા! તો આપ સૌની આ સેવાની ગાથા કોઈ શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. ખરેખર શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ૫૦૦ પરમહંસો, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજ એ બધાએ સેવાની રજેરજની નોંધ લીધી છે, આપની સેવા એમના હૃદયમાં નોંધાઈ ગઈ છે અને એમના આશીર્વાદ આપ સૌના ઉપર અત્યારે વરસી રહ્યા છે.'

ત્યારબાદ સ્વયંસેવકોના આ પુરુષાર્થનો, આ દિવ્યતાનો મહિમા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના અંતરમાં કેવો પડઘાયો હતો, તેનો એક પ્રસંગ વીડિયોના માધ્યમથી નજરે નિહાળ્યો. મહંત સ્વામી મહારાજે ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ ભદ્રેશદાસ સ્વામીને કહ્યું: 'પ્રમુખસ્વામી નગરની ધૂળ મારે માથે ચડાવવી છે, એટલે તમે ધૂળ લઈને આવો.' આ સાંભળીને ભદ્રેશદાસ સ્વામીને એકદમ આશ્ચર્ય થયું કે ધૂળ! પછી સ્વામીશ્રી કહે, 'ઘણા દિવસથી મારા મનમાં વિચાર છે કે નગરની ધૂળ-માટી છે એ હું માથે ચડાવું. મને યોગીજી મહારાજ યાદ આવ્યા કરે છે. તેઓ અક્ષરદેરીની ધૂળ લઈને પોતાના માથે ચડાવતા. આ શતાબ્દીની અંદર સ્વયંસેવકોએ ખૂબ સેવા કરી છે, સંતોએ ખૂબ સેવા કરી છે અને લાખો ભાવિકો આવ્યા છે. જે અહીં આવ્યા અને સેવા કરી એ બધા જ દિવ્ય છે. એમનાં ચરણની રજ મારે માથે ચડાવવી છે. એટલે કાલે તમે લઈને આવો.' અને સંતો નગરમાંથી ધૂળ લઈ આવ્યા.

૧૪ જાન્યુઆરી, ૨૦૨૩ના દિવસે બપોરે સ્વામીશ્રી સમક્ષ નગરની એ પ્રાસાદિક ધૂળ મૂકવામાં આવી. સ્વામીશ્રી

આ જોઈને અત્યંત અત્યંત રાજી થયા અને બહુ ભાવાર્દ્ર પણ હતા. સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજનાં પ્રાસાદિક પુષ્પો વડે ધૂળનું પૂજન કર્યું. અને પછી તેઓએ પોતાના હાથેથી એ ધૂળ લઈને આંખે અડાડી અને મસ્તકે ચડાવી.

ત્યારપછી પૂજ્ય સ્વામીશ્રીએ નારાયણમુનિદાસ સ્વામી અને ભદ્રેશદાસ સ્વામીને કહ્યું કે 'તમે મારા ઉપર નગરની આ ધૂળ નાખો.' સંતોએ પ્રાર્થનાપૂર્વક કહ્યુંઃ 'બાપા! અમારાથી આવું ન કરાય!' પરંતુ સ્વામીશ્રીની અત્યંત ભાવના હોવાથી સંતોએ ચંદનની અંદર ધૂળ મૂકી, ધૂળ અને ચંદન વડે સંતોએ સ્વામીશ્રીને ચાંદલો કર્યો. સ્વામીશ્રી અત્યંત રાજી થયા. તેમની અંતરની ઈચ્છા પૂર્ણ થતાં તેમના મુખારવિંદ ઉપર અત્યંત સંતોષ અનુભાવતો હતો. તેમણે પણ સંતોને આ પ્રાસાદિક રજનો ચાંદલો કર્યો.

સ્વામીશ્રીની આ દાસભાવનાએ સૌને નતમસ્તક બનાવી દીધા.

આજના અવસરે વરિષ્ઠ સંતો, મહોત્સવ સમિતિના સંતો, સ્વયંસેવક દળનું સંચાલન કરનાર મધ્યસ્થ કાર્યાલયના સંતો, વિવિધ વિભાગોના મુખ્ય જવાબદાર સંતો, બાળનગરીના સર્જનમાં સેવા આપનાર બાળ-પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલયના સંતો, એક વર્ષથી સેવામાં જોડાયેલા સંતો-પાર્ષદો-સાધકો, મહોત્સવ સમિતિના સંતો સાથે એક વર્ષથી સેવામાં જોડાયેલા મુખ્ય હરિભક્તો, મહિલા વિભાગનું કોર્ડિનેશન કરનાર મુખ્ય સ્વયંસેવકોએ કલાત્મક હાર-ચાદર સ્વામીશ્રીને અર્પણ કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

શતાબ્દી મહોત્સવમાં સેવા કરનાર તમામ સ્વયંસેવકોને મહોત્સવની સ્મૃતિરૂપે પ્રાપ્ત થનાર પ્રશસ્તિ પત્ર અને ધાતુમુદ્રાને સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કર્યાં. સ્વયંસેવકોના પ્રેરક પ્રસંગોનું સંકલન કરીને અને સમર્પણ ગાથાને ગૂંથીને તૈયાર કરવામાં આવેલા 'સ્વયંસેવક સમર્પણગાથા' પુસ્તકનું સ્વામીશ્રીએ વિમોચન કર્યું. આજની સભાના અંતમાં સૌ સ્વયંસેવકો પર આશીર્વાદ રૂપે વરસનાર પુષ્પ-પાંદડીઓને સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કરી હતી. સાથે 'પ્રમુખસ્વામી નગર'ની પ્રસાદીની રજ પર પણ પુષ્પો છાંટ્યાં.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્વયંસેવકોની સેવાભાવના રાષ્ટ્રહિતના કામમાં આવે તે હેતુથી, યુ.પી.એસ.સી.નું માર્ગદર્શન મળી રહે તે માટે અટલાદરા ખાતે નૂતન પ્રકલ્પ રૂપે પ્રારંભાઈ રહેલા 'બી.એ.પી.એસ. પ્રમુખ ઍકેડમી'નું પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ઉદ્‌ઘાટન થયું.

આજથી ચારેક દિવસ પહેલા સ્વયંસેવકોના અભિવાદનની સભાનો કાર્યક્રમ સ્વામીશ્રી સમક્ષ પ્રસ્તુત કરવામાં આવ્યો ત્યારથી સ્વામીશ્રીના મનમાં વિચાર રમતો થયો હતો કે સ્વયંસેવકોએ આટલો દાખડો કર્યો છે તો મારે પણ તેમનું અભિવાદન કરવું છે! એમની સાહજિક રીત પ્રમાણે સ્વયંસેવકોનું અભિવાદન કરવા માટે સ્વામીશ્રીએ પત્રલેખનનો પ્રારંભ કર્યો. સૌપ્રથમ સ્વામીશ્રીએ મુદ્દા તૈયાર કર્યા. આ કાચી નોંધમાંથી સ્વામીશ્રીએ સ્વયંસેવકોના અભિવાદન માટે છ પાનાનો એક સુંદર પત્ર લખ્યો હતો. આજે સ્વામીશ્રીએ શ્રીમુખે જ આ પત્ર-સંદેશનું પઠન આશીર્વાદરૂપે કર્યું હતું :

'આ બધી ભાવના ભેગી કરીને સાર કાઢીને આ પત્ર લખ્યો છે.

*સ્વામીશ્રીજી*

*પ.પૂ. પ્રમુખસ્વામી*

*અમદાવાદ*

*ઉત્તરાયણ*

*૧૪-૧-૨૩*

*પ્રમુખસ્વામી શતાબ્દીમાં સેવા કરનાર સૌ પ્રતિ*

*સાધુ કેશવજીવનદાસના દંડવત્ પ્રણામ સહ જયશ્રી સ્વામિનારાયણ.*

*તમે બધાએ કમાલ કરી છે. તમારી સેવાનું મૂલ્ય કોઈ નહીં કરી શકે. તમારી ઉપર રાજીપાનો વરસાદ વર્ષી રહ્યો છે. સ્વામિનારાયણ ભગવાન, મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી અને ગુણાતીત ગુરુપરંપરા બધાનો રાજીપો લઈ ગયા. આપ સૌ દ્વારા ભગવાને જ આ બધું કર્યું છે. સમૈયો ન ભૂતો ન ભવિષ્યતિ થઈ ગયો, કારણ કે તમે બધા સેવામાં જોડાયા અને તમારી સેવા ન ભૂતો ન ભવિષ્યતિ છે. હું તો તમારી ઉપર વારી ગયો છું. પૂજામાં અક્ષરપુરુષોત્તમ મહારાજને કહું છું કે અમે બધા આપના છીએ, તમે અમને સુખિયા કરો. બધા સ્વયંસેવકોના આશીર્વાદ મને મળે એવી મારી ઈચ્છા રહે છે. હું મનોમન બધાને દંડવત કરું છું અને બધાની ચરણરજ માથે ચઢાવું છું. યોગીબાપા હોય તો આપ બધાની ચરણરજ માથે ચઢાવે અને પ્રમુખસ્વામી મહારાજ હોય તો આપ સૌને દંડવત કરે.*

*મારે શરીર સાથ ન આપે, પરંતુ બીજા કોઈ પાસે તમારી વાત સાંભળું તો મને સંતોષ થાય અને ખૂબ આનંદ થાય, હાશ થાય.*

*આપણે દેખાવ માટે આ ઉત્સવ નહોતો કર્યો, સ્પર્ધા કે*

*છાપ પાડવાનો તો લેશ પણ વિચાર નહીં. આ ઉત્સવ જીવનને સાર્થક કરવાનો હતો. સંપ-સુહૃદભાવ અને એકતાનો ઉત્સવ હતો. કરોડો લોકોની સેવા કરવાનો ઉત્સવ હતો. દોષો ટાળી બ્રહ્મરૂપ થવાનો ઉત્સવ હતો. ભગવાન અને સંતને રાજી કરવાનો ઉત્સવ હતો.*

*મનમાં અને મનમાં પૂ. ઈશ્વર સ્વામી તથા બધા સદ્‌ગુરુ સંતોને યાદ કરું અને તેમને મસ્તકે ફૂલ ચઢાવું કે કેટલો ભીડો વેઠી સેવા કરે છે. નિખિલેશ સ્વામી, નારાયણમુનિ સ્વામી, યજ્ઞપ્રિય સ્વામી અને બીજા બધા સંતોને યાદ કરું. આ બધા સંતોએ દેહને નિચોવી નાંખ્યો છે. આ બધાને પોતાનું નામ આગળ આવે તેવી ઈચ્છા નહીં. ધન્ય છે. બધાનાં મનમાં એક જ વિચાર હતો કે સ્વામીબાપાની શતાબ્દી ન ભૂતો ન ભવિષ્યતિ કરવી છે, તે થઈ ગયું. આપણો ભેખ સાર્થક થઈ ગયો.*

*હે બાળ-બાળિકાઓ ! તમે તો મોટા-મોટાને મહાત કર્યા છે. તમારી સેવા તો વધારે પવિત્ર છે. તમારે ક્યાં માન જોઈતું હતું ? અરે, તમને તો માનની ખબર જ નથી ! એટલે તમે ફાવી ગયાં. પ્રસિદ્ધિની લાલચ નહીં. તમે નાનાં છો, પણ આત્મવિશ્વાસવાળાં છો. નહીં તો આવી રીતે સેવા ન થાય. તમે ભૂખ, તરસ સહન કર્યાં છે, રાત-દિવસ જોયાં જ નથી. તમે નાનાં છો, પણ સમજણવાળાં છો. તમે અક્ષરપુરુષોત્તમના યોદ્ધા છો તે તમે પુરવાર કર્યું. ભગવાનને તમે બહુ વહાલા છો કારણ કે તમે નિર્દોષ છો. તમે જે કરો તેમાં નિર્દોષભાવ હોય. જેટલું ફળ મોટાને મળે તેટલું જ તમને મળ્યું છે. તમને ખબર જ નથી કે કેટલું મહાન કાર્ય તમે કર્યું છે ! સભામાં તમને મોટા-મોટા યાદ કરતા હતા. તમારો મહિમા કહેતા હતા. તે સાંભળીને મારી છાતી ગજ ગજ ફૂલતી હતી. આ સામાન્ય સેવા ન હતી. દિવ્ય સેવા હતી. આ સેવાથી તમારું ઘડતર થયું છે. તમને ભવિષ્યમાં ખૂબ લાભ થશે. હવે તમારે તૈયાર થવાનું છે. તમે બધા અક્ષરપુરુષોત્તમના મહાન વિદ્વાન થશો તે મને વિશ્વાસ છે. તમે નાની ઉંમરના મોટા માણસ છો. તમારો જય જયકાર છે. તમારાં માતા-પિતાને પણ ધન્યવાદ છે. તમારી સેવાથી તમારાં માતા-પિતા ધન્ય બની ગયાં. હવે તમે ખૂબ ભણો, સત્સંગની અને દુનિયાની સેવા કરો. મેં તમને ચોકલેટ મોકલી છે તે પ્રસાદી તરીકે જમજો.*

*જે જે શતાબ્દીમાં આવ્યા તે બધાએ સાચા ભાવથી પોતાના અનુભવ કહ્યા છે. બધા અંતરથી બોલતા હતા. બધાને અહીં અંતરનો આનંદ થયો તે આપ સૌની ખૂબ મોટી સેવા છે. જે જે લોકો અહીં આવતા હતા તે બધાના જીવનમાં સુખ, શાંતિ હમેશાં રહે તે માટે હું રોજ પ્રાર્થના કરું છું. બધા શતાબ્દીમાં આવ્યા તેને હું એક સેવા જ માનું છું. તે બધાને સંતોષ થાય છે તે બધા દિવ્ય થઈ ગયા, તેમની ચરણરજ માથે ચઢાવું છું.*

*હે સંતો, હે સ્વયંસેવકો ! આજે તમારો દિવસ છે, તમે જ હકદાર છો. મેં તો કાંઈ કર્યું જ નથી. બસ બેઠાં બેઠાં અંતરથી તમારો મહિમા સમજું છું. તે જ સાચું સન્માન છે. તમારા બધામાં અક્ષરપુરુષોત્તમ મહારાજ દેખું છું. તમે સંપ રાખ્યો તે મારા મન મોટી સેવા છે. મનધાર્યું મૂક્યું તે તમે જીતી ગયા. એકલાનું કામ નથી. યશ માટે કરે તો બાપા રાજી ન થાય.*

*તમે સેવા સાથે નિયમ પાળ્યા ને આહ્‌નિક નિયમિત કર્યું તે મોટી વાત છે. તેમાં સૌથી મોટો રાજીપો છે. શાબાશ ! તમે દિવ્ય થઈ ગયા. ઘણું કહેવું છે અને ઘણું લખવું છે, તૃપ્તિ થતી જ નથી. હવે નિયમ પાળજો, નિષ્ઠા દૃઢ કરજો, સત્સંગદીક્ષા જીવમાં ઉતારજો. કર્તાહર્તા મહારાજને માનજો. સેવા કરી છે તો કેફ રાખજો. ચિંતા ન કરવી. બાપા રક્ષામાં બેઠા છે. બાપાનો દાખડો ભૂલ્યા વગર તને-મને-ધને સેવા કરજો તો સુખિયા થઈ જશો.*

*બોલો, શતાબ્દીમાં સેવા કરનાર સૌ સંતો-ભક્તોની જય જય જય.*

***સાધુ કેશવજીવનદાસના હેતપૂર્વક***
***જયશ્રી સ્વામિનારાયણ***

આશીર્વાદ-પત્ર રૂપે સ્વામીશ્રીની અપાર કૃપા તમામ સ્વયંસેવકો પર વરસી હતી. સ્વામીશ્રીના શબ્દે શબ્દે સ્વયંસેવકો પ્રત્યે અહોભાવ નીતરતો હતો. અને સાથે સાથે તેઓની અનન્ય દાસત્વભક્તિ અને ગુરુભક્તિ પણ ઝળહળતી અનુભવાતી હતી. એટલું જ નહીં, પણ આજે સ્વામીશ્રીએ તમામ સ્વયંસેવકોને એક સુંદર પુષ્પહાર અર્પણ કરીને અંતરનો ભાવ વ્યક્ત કર્યો હતો.

સ્વામીશ્રી આ તમામ સ્વયંસેવકોની સેવાથી એવા તો ઓવારી ગયા હતા કે તમામ સ્વયંસેવકોને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવાની સંતોને આજ્ઞા કરી. સ્વામીશ્રીની આ ભાવનાને હૃદયે ઝીલતાં કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, ત્યાગવલ્લભદાસ, વિવેકસાગરદાસ સ્વામી સહિત અહીં ઉપસ્થિત તમામ સંતો-પાર્ષદો-સાધકોએ સ્વયંસેવકોની વિરાટ સભા પ્રત્યે ભૂમિ પર સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને સૌ સ્વયંસેવકો પ્રત્યે અનન્ય આદરભાવ વ્યક્ત કર્યો. સેવકોની સેવાને સદા પોતાના હૃદયમાં સ્થાન આપનાર સ્વામીશ્રી પણ પ્રસન્નવદને મનોમન સ્વયંસેવકોને સાષ્ટાંગ







શતાબ્દી મહોત્સવના એ હજારો સ્વયંસેવકોનો વિરાટ સમુદાય, જેમની સેવા પર વારી જનાર સ્વામીશ્રીની પ્રેરણાથી વરિષ્ઠ સદ્‌ગુરુ સંતો સહિત સર્વે સંતોએ તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. એ સ્વયંસેવકો પર પુષ્પવર્ષા કરી તેમને બિરદાવતા સ્વામીશ્રી...

પ્રણામ કરી રહ્યા.

નિઃસ્વાર્થ સેવા-ભક્તિની પરાકાષ્ઠા રૂપે આ ક્ષણે તમામ સ્વયંસેવકોના અંતર-મન ગુરુહરિની આ કૃપા બદલ છલોછલ ભરાઈ ગયાં. તમામની આંખો ભીની થઈ ગઈ હતી. ત્યારબાદ સૌ સ્વયંસેવકોએ આરતીઅર્ઘ્ય દ્વારા અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુહરિને ચરણે ભાવવંદના કરી.

અંતે, આજના સમારોહની ધન્ય ક્ષણ આવી પહોંચી. સ્વામીશ્રી કલાત્મક રથમાં બિરાજમાન થઈને સ્વયંસેવકોની હરોળો વચ્ચે સમીપદર્શન આપવા માટે પધાર્યા. *'અમે સૌ સ્વામીના બાળક, મરીશું સ્વામીને માટે...'* સમર્પણ-ગીતની સાથે સ્વયંસેવકોની સેવા-ભાવનાને બિરદાવતા સ્વામીશ્રીએ પુષ્પ-પાંદડીઓની આશીર્વર્ષા કરી સૌને અભિષિક્ત કર્યા. સ્વયંસેવકોએ પણ ગુરુહરિનાં ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરીને અભિવાદન કર્યું. આમ, શતાબ્દી મહોત્સવના અંતિમ દિને સતત પોણો કલાક સૌ સ્વયંસેવકો ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના પ્રગટ સ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની કૃપાવર્ષામાં ભીંજાઈને અલંકૃત થઈ ગયા! સમગ્ર વાતાવરણમાં જાણે એક જ નાદ ગુંજતો હતોઃ પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજના, બી.એ.પી.એસ.ના સમર્પિત અને સેવાનિષ્ઠ સ્વયંસેવકોને હૃદયપૂર્વક વંદન... અભિનંદન...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ દરમ્યાન ૮૦,૦૦૦ જેટલાં આબાલ-વૃદ્ધ મહિલા-પુરુષ સ્વયંસેવકોએ કરેલા સમયદાન યજ્ઞનો એક સુવર્ણ ઇતિહાસ વિશ્વની ધાર્મિક સંસ્થાઓના ઇતિહાસમાં એક અદ્વિતીય અધ્યાય બનીને સમાઈ ગયો.



ધર્મ.સમાજ.સંસ્થ
દિવ્ય ભાસ્કર
15-12-2022
સાચી વાત બેધડક
ભાસ્કર
THE TIMES OF INDIA
Lakhs visit PSM100 on fest's fi
દૈનિક ભાસ્કર
શ્રીજીમય સંધ્યામાં શતાબ્દી મહોત્સવ
અમદાવાદ ફ્રંટ પેજ
GSTV
LIVE
नवभारत
अहमदाबाद के भीतर बसा दिया पूरा शहर
पंजाब केसरी
तीसरी बार 'आप'
North AMERICAN Newsline
Millions Attend Pramukh Swami Maharaj Centennial Celebrations
TIMES CITY
MUKH SWAMI 'PITA-TUL
दैनिक जागरण
हिंदुत्व माटे
સાધના
Western Times
TIMES CITY
SHAH, INDUSTRY HONCHOS VISIT PSM100
THE ECONOMIC TIMES News
राजस्थान पत्रिका
10 फीसदी कम
दी दलों की उलझन
Western Times
નવગુજરાત સમય
THE NEW INDIAN EXPRESS
Over 10 lakh visit Pramukh Swami
in 10 days
NBT
नवभारत टाइम्स
TIMES CITY
CHARTER FLIGHT MOVEMENT TOUCHES RECORD HIGH OF 1,000+ IN A MONTH
MANJALPUR MLA YOGESH PATEL PRO TEM SPEAKER
SWAMI 'PITA-TULYA
અભિયાન
NO.1
સંદેશ
PM મોદીએ પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનો પ્રારંભ
GUJARAT FIRST
NEWS 18 ગુજરાતી
TIMES NOW
ZEE
TV9 ગુજરાતી
NDTV इंडिया
आज तक
ABP न्यूज़

## પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવે
## પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય જીવન અને કાર્યને

# દેશ-વિદેશનાં પ્રસાર માધ્યમોએ આપેલી અભૂતપૂર્વ ભાવાંજલિ

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની દિવ્યતા અને ભવ્યતાનો પડઘો દેશ-વિદેશનાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક માધ્યમમાં પણ અપૂર્વ પડઘાતો રહ્યો હતો. દેશ-વિદેશનાં તમામ પ્રસાર માધ્યમોએ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવને પોતાનો એક અવસર ગણીને મહોત્સવની પળેપળની ખબર જનજન સુધી પહોંચાડવામાં જે આત્મીયતાપૂર્ણ રસ દાખવ્યો હતો તે ક્યારેય વીસરાશે નહીં.

તા. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૨ની પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની ઐતિહાસિક ઉદ્‌ઘાટન વેળાથી લઈને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૩ની મહોત્સવની ચરમસીમારૂપ સમાપન-સભા સુધી અને ૧૭ તથા ૧૮ જાન્યુઆરીના રોજ યોજાયેલા સહયોગી અભિવાદન સમારોહ અને સ્વયંસેવક અભિવાદન સમારોહ સુધીના તમામ અવસરોને આવરી લઈને વિશ્વના ખૂણે-ખૂણે તેની વાત પહોંચાડવામાં ગુજરાત અને ભારતનાં પ્રસાર માધ્યમોનો ઉત્સાહ, પ્રેમ અને સહયોગ અભિનંદનીય રહ્યો છે. સંતો અને ૮૦,૦૦૦ સ્વયંસેવકોના અજોડ સમર્પણ સાથે સમાજના કરોડો લોકોને પવિત્ર પ્રેરણાઓથી છલકાવી દેનાર સમાચારો સતત પ્રસારિત કરીને વિવિધ મીડિયા દ્વારા પ્રમુખસ્વામી મહારાજને એક ભવ્ય અંજલિ આપવામાં આવી હતી. અહીં એની એક સ્મૃતિ પ્રસ્તુત છે.

### મહોત્સવ પૂર્વે મહોત્સવનો ઉદ્‌ઘોષ

માત્ર મહોત્સવ દરમિયાન નહીં, પરંતુ પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય જીવન-કાર્ય અને સંદેશને લોકોનાં હૃદય સુધી પહોંચાડવા માટે પ્રસાર માધ્યમોએ એક વર્ષ પહેલાં ઢીમ ઢીમ ઘોષ શરૂ કરી દીધાં હતાં. મહોત્સવના એક વર્ષ પૂર્વેથી સંસ્થાના વિદ્વાન સંતો દ્વારા સંપાદકીય પૃષ્ઠ તેમજ અનેક ધાર્મિક પૂર્તિઓમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવન-કાર્યને ઉજાગર કરતી અનેકવિધ લેખમાળાઓ ગુજરાત અને ભારતનાં ૩૧ વર્તમાનપત્રોએ શરૂ કરી દીધી હતી. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૨થી 'MY FM' રેડિયો સ્ટેશન દ્વારા સવારે ૭ વાગ્યે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં જીવન અને કાર્ય પર જ્ઞાનવત્સલદાસ સ્વામી સાથે વિશિષ્ટ પ્રેરણાત્મક કાર્યક્રમ 'પ્રમુખ વાણી' શરૂ કરવામાં આવ્યો. દક્ષિણ ભારતના પ્રસિદ્ધ શંકરા ટીવી ચેનલમાં ભદ્રેશદાસ સ્વામીની ભગવદ્‌ગીતા પર શતાબ્દી હિન્દી વ્યાખ્યાનમાળા મહિનાઓ સુધી ચાલી.

એપ્રિલ-મે ૨૦૨૨થી શતાબ્દી મહોત્સવ સુધી ગુજરાત અને ભારતનાં મહાનગરો અને સેંકડો નગરોમાં ઍરપોર્ટ, રેલવે સ્ટેશન, હાઈવે, ફ્લાય ઓવર, ટ્રાફિક સર્કલ તેમજ અનેક વિખ્યાત સ્થળોએ હજારોની સંખ્યામાં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ કરતાં હોર્ડિંગ્સ ઝળકવાં લાગ્યાં. અમદાવાદમાં એસ. પી. રિંગ રોડ પર ઍક્સપ્રેસ હાઈવેથી લઈને શતાબ્દી સ્થળ સુધી અનેકવિધ હોર્ડિંગ્સ જનમાનસમાં શતાબ્દી મહોત્સવ પ્રત્યે આકર્ષણ વધારતાં રહ્યાં.

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે યોજાયેલા અનેકવિધ પ્રકલ્પો જેવા કે પારિવારિક શાંતિ અભિયાન, વ્યસનમુક્તિ અભિયાન, પર્યાવરણ જાગૃતિ અભિયાન જેવા વિશિષ્ટ કાર્યક્રમો અને ગુજરાત અને ભારતનાં અનેક શહેરો-નગરોમાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં એપ્રિલ-૨૦૨૨ તથા મે-૨૦૨૨માં યોજાયેલા ઉપરોક્ત પ્રકલ્પોના સ્વયંસેવકોના અભિવાદન સમારોહના સમાચારોને પણ પ્રસાર માધ્યમોએ વ્યાપક રીતે વહેતા કર્યા હતા.

૨૨ જૂન, ૨૦૨૨ના રોજ, 'દિવ્ય ભાસ્કર' પ્રિન્ટ આવૃત્તિને ગુજરાતમાં ૨૦ વર્ષ પૂર્ણ થયાં તે નિમિત્તે શતાબ્દી મહોત્સવ ઉપક્રમે યોજાયેલા 'પારિવારિક શાંતિ અભિયાન'ને કેન્દ્રમાં રાખીને વિશિષ્ટ આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી હતી, જેમાં લખવામાં આવ્યું હતુંઃ 'દિવ્ય ભાસ્કરનો આ સંગ્રહણીય અંક મહંત સ્વામીના માર્ગદર્શન, તેમના વિચારો, તેમનાં સૂચનો સાથે પરિવારની એકતાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે.'

આ ઉપરાંત આ અંકમાં અમદાવાદમાં યોજનાર પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ માટે શીર્ષક આપવામાં આવ્યું હતું — 'ધર્મનું કેપિટલઃ દુનિયાની સૌથી મોટી બિનસરકારી ઈવેન્ટનું આયોજન'.

૧૧ જુલાઈ, ૨૦૨૨ના રોજ અમદાવાદમાં ગુરુપૂર્ણિમા ઉત્સવે શતાબ્દી મહોત્સવની અધિકૃત માહિતી પ્રસારિત કરવા સંસ્થાનાં યુટ્યુબ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટર જેવાં સોશિયલ મીડિયા ઉપર 'psm100yrs' અને 'psm100' હેન્ડલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

શતાબ્દી મહોત્સવ અને નિર્માણાધીન પ્રમુખસ્વામી મહારાજ નગર વિષયક અધિકૃત માહિતી જનમાનસ સુધી પહોંચે તે હેતુથી પ્રમુખસ્વામી મહારાજ નગરમાં ૫ નવેમ્બર, ૨૦૨૨,

શનિવારના રોજ સમગ્ર ગુજરાત અને ભારતના મીડિયાકર્મીઓની પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી, જેમાં નગરનાં આકર્ષણોની રૂપરેખાની સાથે મીડિયાકર્મીઓને નગરદર્શન કરાવવામાં આવ્યું. પ્રથમ પ્રેસ કોન્ફરન્સ બાદ ઇલેક્ટ્રોનિક, પ્રિન્ટ, ડિજિટલ અને સોશિયલ મીડિયાના અગ્રણી હેંડલ્સ દ્વારા પ્રમુખસ્વામી મહારાજ નગરનો અભૂતપૂર્વ ઉદ્‌ઘોષ કરવામાં આવ્યો. પ્રથમ પ્રેસ કોન્ફરન્સ બાદ મીડિયા દ્વારા પ્રકાશિત સમાચારોની એક અલ્પ ઝલક:

ટાઇમ્સ ઑફ ઇન્ડિયાઃ Almost 'zero budget' centenary celebration for Pramukh Swami.

ઇન્ડિયન ઍક્સપ્રેસઃ Centenary fest of Pramukh Swami Maharaj from Dec 15.

અમદાવાદ મિરરઃ Pramukh Swami's birth centenary celebrations – 1100 seers, 70,000 volunteers will convey peace message of Pramukh Swami.

દિવ્ય ભાસ્કરઃ ૬૦૦ એકર જમીન પર પ્રમુખસ્વામી નગર.., પ્રમુખસ્વામી નગર ઊભું કરવા ૧૦૦થી વધુ ઍન્જિનિયરોએ લાખો રૂપિયાની નોકરી છોડી.

નવગુજરાત સમયઃ ‘પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ ભાડજ નજીક ‘કલ્ચરલ વન્ડરલેન્ડ’નું નિર્માણ થશે’.

ગુજરાત સમાચારઃ ‘પ્રમુખસ્વામી નગરમાં દરરોજ ૫ લાખથી વધુ મુલાકાતીઓ આવવાની સંભાવના’.

સંદેશઃ ‘૬૦૦ એકર જમીનમાં મહિના સુધી શતાબ્દી મહોત્સવ’.

મિડ-ડેઃ ‘મિનિ કુંભમેળા સમાન પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ માટે તડામાર તૈયારીઓ’.

શતાબ્દી મહોત્સવ પૂર્વે વિશ્વભરમાં શતાબ્દી મહોત્સવ નિમિત્તે ઊજવાયેલા વિશિષ્ટ કાર્યક્રમો જેવા કે ૭ ડિસેમ્બરે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં, તેમજ નાયગ્રા ધોધ પર રોશની દ્વારા પ્રમુખસ્વામી મહારાજને અપાયેલા વિશિષ્ટ ભાવાંજલિ વિષયક સમાચારો પણ વ્યાપક સ્તરે પ્રસારિત કરવામાં આવ્યા હતા.

મહોત્સવની તૈયારીઓ પૂર્ણતાના આરે પહોંચવામાં આવી ત્યારે પ્રમુખસ્વામી મહારાજ નગરમાં તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૨૨, શનિવારના રોજ પુનઃ પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. તેનો પણ પ્રસાર માધ્યમોએ વ્યાપક પડઘો ભારતભરમાં પાડ્યો હતો. તા ૧૪ ડિસેમ્બરે મહંત સ્વામી મહારાજ અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા થનાર ઉદ્‌ઘાટનથી લઈને મહોત્સવનાં વિવિધ પાસાંને પ્રિન્ટ, ઇલેક્ટ્રોનિક, ડિજિટલ અને સોશિયલ મીડિયાએ શતાબ્દી મહોત્સવને કરોડો લોકો સુધી પહોંચાડ્યો હતો.

દિવ્ય ભાસ્કર, નવગુજરાત સમય, ગુજરાત સમાચાર, સંદેશ, મુંબઈ સમાચાર, દૈનિક જાગરણ (ડિજિટલ), સાંજ સમાચાર, અકીલા, સૌરાષ્ટ્ર સમાચાર, જયહિંદ, સમકાલીન, ગુજરાત મિત્ર, ફૂલછાબ, જન્મભૂમિ પ્રવાસી, પ્રભાત, કચ્છમિત્ર, આજકાલ, ગુજરાત છાયા, સૌરાષ્ટ્ર ભૂમિ, સૌરાષ્ટ્ર ક્રાંતિ, આઝાદ સંદેશ, સ્વાભિમાન સંદેશ, વેસ્ટર્ન ટાઇમ્સ, ધબકાર, ગુજરાત ગાર્ડીઅન, મિડ ડે, ગરવી ગુજરાત, ગાંધીનગર સમાચાર, બી. કે. ન્યૂઝ, નેટવર્ક, ચરોતર સોગંદ, ચરોતર ભૂમિ, દિવ્ય સમાચાર, કાઠિયાવાડ પોસ્ટ, નયા પડકાર, ગુજરાત વિકાસ, વડોદરા સમાચાર, લોકપત્રિકા, શ્રી નૂતન સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્ર ક્રાંતિ, ગુજરાતસત્તા, પ્રાતઃ કાલ, ગરવી તાકાત, અબ તક, હેડલાઇન, સ્ટાન્ડર્ડ હેરાલ્ડ, ભારત ઉદય, આગમન દૈનિક, દોપહર, સત્યરાજ, સરદાર ગુર્જરી, ગુજરાતની ઓળખ, ગુજરાત વિકાસ, નમસ્કાર ટુડે, દિવ્ય કેસરી, નમસ્કાર ગુજરાત, આગમન, ચરોતરભૂમિ, દિવ્યસંસ્કાર, જંગ-એ-ગુજરાત, ગુજરાત ૩૬૦, પંચમહાલ સમાચાર, ખબર ગુજરાત, મહેસાણા ટાઇમ્સ, પ્રતાપ દર્પણ, બોટાદ સમાચાર, સૌરાષ્ટ્ર હેડલાઇન, સુપ્રભાત સૌરાષ્ટ્ર, ગુજરાત ક્રાઇમ બુલેટિન, સુરત મિત્ર, લોકભૂમિ, હસ્તી, જનયુગ, ગુજરાત સત્તા, માતૃભૂમિ, દ્વારપાલ, ગાંધીનગર ટુડે, ભૂમિસંગ્રામ, સૌરાષ્ટ્ર પ્રતિબિંબ, સોરઠ પ્રેસ, ઇમિગ્રેશન ટાઇમ્સ, કેસરી, બનાસ ગૌરવ, ઉત્તર ગુજરાત, સનવિલા સમાચાર, દમણગંગા ટાઇમ્સ, સાબર સંદેશ, યુગપ્રભાવ, મેટ્રો ટાઇમ્સ, આશ્રય ન્યૂઝ, સૌરાષ્ટ્ર આજતક, નવસારી ટાઇમ્સ, ગુજરાત મેઈલ વગેરે અનેક ગુજરાતી વર્તમાનપત્રોની પ્રિન્ટ અને ડિજિટલ આવૃત્તિઓમાં પ્રમુખસ્વામી મહારાજ નગરનાં આકર્ષણો, કાર્યક્રમો, મહાનુભાવોના ઉદ્‌ગારો, સ્વયંસેવકોનાં સમર્પણ અને મહોત્સવના સેવાવિભાગોને લગતા સમાચાર અનેકવિધ રસપ્રદ વિગતો સાથે સતત ત્રીસ દિવસો સુધી પ્રકાશિત થતાં રહ્યા.

આ ઉપરાંત અનેકવિધ વર્તમાનપત્રોએ અને સામયિકોએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં જીવન અને કાર્ય વિષયક તેમજ પ્રમુખસ્વામી મહારાજ નગર વિષયક સમાચાર, વિશિષ્ટ તંત્રી લેખો, કોલમો અને પૂર્તિઓ દ્વારા શતાબ્દી મહોત્સવને લાખો-કરોડો વાચકો સુધી પહોંચાડવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો હતો. ચિત્રલેખા, અભિયાન, ફીલિંગ્સ, ગરવી ગુજરાત - યુ.કે. અને યુ.એસ.એ, સાધના વગેરે ગુજરાતી સામયિકો દ્વારા તંત્રી લેખોમાં તેમજ મુખપૃષ્ઠ આર્ટિકલ તરીકે શતાબ્દી મહોત્સવ વિષયક વિશિષ્ટ વિસ્તૃત રજૂઆત કરવામાં આવી હતી.

અમેરિકાથી પ્રકાશિત થતાં અમેરિકન તથા ભારતીય વર્તમાનપત્રોએ પણ વિવિધ સ્તરે કવરેજ આપ્યું. ‘ધ સાઉથ એશિયન ટાઇમ્સ’ દ્વારા પ્રમુખસ્વામી મહારાજ નગરનાં તમામ આકર્ષણો, અનેક કોન્ફરન્સ અને સાંધ્ય સભાઓ તેમજ શતાબ્દી મહોત્સવ વિશે મહાનુભાવોના ઉદ્‌ગારોને સમાવતી ૩૨ પાનાંની બે દળદાર આવૃત્તિઓ પ્રકાશિત કરવામાં આવી હતી, જેનું શીર્ષક હતું - ‘A Celebration for the ages.’

અનેક ડિજિટલ ન્યૂઝ પોર્ટલ જેવાં કે – પીપા ન્યૂઝ,

લેટેસ્ટલિ, ધ પ્રિન્ટ, ધ વીક, નઈ દુનિયા, નેશન ગુજરાત, ન્યૂઝ૧૮, devdiscourse, NRIInstitute દ્વારા શતાબ્દી મહોત્સવના સમાચારો વહેતા મૂકવામાં આવ્યા હતા.

હિન્દી ઈ-પત્રિકા 'સુખ, શાંતિ, સમૃદ્ધિ' દ્વારા શતાબ્દી મહોત્સવ માટે શીર્ષક બાંધ્યું હતું – 'यहाँ वहाँ सारे जहाँ में बार-बार देखोगे, हज़ार बार देखोगे, फिर भी न मिलेगा धरती पर प्रेरणा का ऐसा स्वर्ग — अमदावाद के आँगन में प्रमुख स्वामी महाराज शताब्दी महोत्सव'. હિન્દી માસિક 'સનાતન સંદેશ'માં 'સંપાદકીય' લેખ 'सनातन संस्कृति की संपोषक स्वामिनारायण संस्था' શીર્ષક હેઠળ શતાબ્દી મહોત્સવ વિષયક લખવામાં આવ્યો હતો.

વિશ્વના એકમાત્ર સંસ્કૃત દૈનિક 'સુધર્મા'માં તા. ૨૮ ડિસેમ્બરના રોજ 'श्री प्रमुखस्वामीनां शतमानोत्सवः' શીર્ષક હેઠળ શતાબ્દી મહોત્સવ અને તેના ઉદ્‌ઘાટન સમારોહના સમાચાર પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

હિન્દી માધ્યમોએ પણ રાષ્ટ્રીય સ્તરે મહોત્સવના સમાચારો પ્રસારિત કર્યા હતા. દૈનિક ભાસ્કર, દૈનિક જાગરણ, અમર ઉજાલા, પંજાબ કેસરી, નવભારત ટાઇમ્સ, રાજસ્થાન પત્રિકા, રાષ્ટ્રીય સહારા, હિન્દુસ્તાન, મેટ્રો હેરાલ્ડ, લોકમત, ગુજરાત વૈભવ, માતૃભૂમિ, પાંચજન્ય, હમ હિન્દુસ્તાની, મધરલેન્ડ, હેરાલ્ડ, યંગ લીડર, સરહદ કેસરી, જન હિતૈષી, વિદર્ભ કી બાત વગેરે હિન્દી વર્તમાનપત્રોમાં શતાબ્દી મહોત્સવના સમાચારો સાથે પ્રમુખસ્વામી મહારાજને અંજલિ આપવામાં આવી. ભારતની અનેક પ્રાદેશિક ભાષાઓમાં પણ અનેક વર્તમાનપત્રો જેવાં કે સકલ, મહારાષ્ટ્ર ટાઇમ્સ, માતૃભૂમિ, ક્રીડા મરાઠી, લોકમત વગેરે મરાઠી વર્તમાનપત્રોમાં તેમજ ભારતની અન્ય પ્રાદેશિક ભાષાઓમાં પણ સમાચાર પ્રસારિત થયા.

હિન્દી વર્તમાનપત્રોમાં 'राष्ट्रीय गौरव, संस्कृति और वैश्विक मूल्यों के संरक्षक प्रमुखस्वामी महाराज की गणमान्य व्यक्तियों ने की सराहना', 'विलक्षण सांस्कृतिक पुरुष और प्राचीन सनातन हिन्दू धर्म के ज्योतिर्धर प्रमुखस्वामी महाराज को भव्य श्रद्धांजलि' જેવાં શીર્ષકો દ્વારા પ્રમુખસ્વામી મહારાજને અંજલિ આપવામાં આવી. 'પાંચજન્ય'માં 'संसार में सनातन संस्कृति का प्रसार' શીર્ષક હેઠળ ત્રણ પાનાનાં લેખમાં પ્રમુખસ્વામી મહારાજને ભાવાંજલિ આપવામાં આવી.

ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, ઇન્ડિયન એક્સપ્રેસ, અમદાવાદ મિરર, બેંગલોર મિરર, હિન્દુસ્તાન ટાઇમ્સ, ઇકોનોમિક ટાઇમ્સ, વેસ્ટર્ન ટાઇમ્સ, વાઇબસ્ ઑફ ઇન્ડિયા, ધ ડાયસ્પોરા (Biweekly), ધ ઇન્ડિયન આઇઝ (The Indian Eyes), ઈસ્ટર્ન આઈ (Eastern Eye) જેવાં અનેક અંગ્રેજી વર્તમાનપત્રો અને ડિજિટલ પોર્ટલ દ્વારા પણ અનેકવાર શતાબ્દી મહોત્સવ અને મહોત્સવમાં સેવારત સ્વયંસેવકોની સમર્પણ ગાથાને વિશિષ્ટ રીતે પ્રસારિત કરી હતી. આ અંગ્રેજી વર્તમાનપત્રોમાંથી ઘણાં દૈનિકોની ગુજરાતી ડિજિટલ આવૃત્તિમાં પણ શતાબ્દી મહોત્સવના સમાચાર પ્રસ્તુત થયા.

'દિવ્ય ભાસ્કર'ની ૧૧ ડિસેમ્બર, રવિવારની પ્રિન્ટ આવૃત્તિમાં સ્ટેટ ઍડિટર શ્રી દેવેન્દ્ર ભટનાગર દ્વારા 'ભાસ્કર ગ્રાઉન્ડ રિપોર્ટ'માં '૧૪ ડિસેમ્બરે જ્ઞાન, ધર્મ, સંસ્કૃતિનો મહાકુંભ', '૬૦૦ એકરમાં એક મહિના સુધી 'ફેસ્ટિવલ ઑફ ઇન્સ્પિરેશન' જેવાં શીર્ષકો સાથે વિશિષ્ટ અહેવાલ અને સમાચાર પ્રસારિત થયા. તા. ૧૭ ડિસેમ્બરના રોજ દિવ્ય ભાસ્કરના ઍડિટર શ્રી મૃગાંક પટેલ દ્વારા 'વાત બેધડક' તંત્રી લેખમાં 'બેમિસાલ આયોજનઃ સ્વામિનારાયણ નગર નહીં દેખા તો કુછ નહીં દેખા' શીર્ષક હેઠળ પ્રમુખસ્વામી મહારાજના જીવનને વિશિષ્ટ ભાવાંજલિ આપવામાં આવી. સતત ત્રીસ દિવસ સુધી વિવિધ ફોટો સ્ટોરી સાથે પ્રિન્ટ આવૃત્તિનાં બે થી ત્રણ પાનાંઓ ઉપર વિશિષ્ટ સમાચારો પ્રસ્તુત થતા રહ્યા.

દિવ્ય ભાસ્કર 'ડિજિટલ' આવૃત્તિમાં પણ અત્યંત રોચક રીતે સ્વયંસેવકો અને નગર વિષયક સમાચારો પ્રસ્તુત થતા રહ્યા. 'વેસ્ટમાંથી બેસ્ટઃ ૬૦૦ એકરના નગરમાં સ્વચ્છતાનો નવો અભિગમ', 'પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવ અંગે જાણવા માંગો છો એ બધું જ', 'સ્વયંસેવકોની પ્રેરણાદાયી ગાથાઓ' વગેરે અનેક આર્ટિકલ અને અનેકવિધ સંતો સાથેના સંવાદ પ્રસ્તુત થયા.

'નવગુજરાત સમય' ગુજરાતી દૈનિક અને 'અમદાવાદ મિરર' અંગ્રેજી દૈનિક દ્વારા સતત ત્રીસ દિવસ સુધી રોજ એક સંપૂર્ણ પાનું શતાબ્દી મહોત્સવના કવરેજ માટે આરક્ષિત રાખવામાં આવ્યું હતું. સંધ્યા સભાના કાર્યક્રમો તેમજ નગરમાં યોજાયેલી અનેક પ્રૉફેશનલ અને ઍકેડેમિક કૉન્ફરન્સના સમાચાર નિયમિત પ્રસારિત કરવામાં આવ્યા. 'અધૂરા જીવનને પૂર્ણ બનાવવા પ્રેરક બનતાં લાઇટ ઍન્ડ સાઉન્ડ શો', 'સ્વયંસેવક બાળકો સમવયસ્કોને આદર્શ બાળક બનવાની પ્રેરણા આપે છે', 'ફૂલોના દિવ્ય નગરમાં સેવાની સુવાસ', '૨૭ પ્રેમવતીનું સુકાન ૪૦૦૦ મહિલા સ્વયંસેવિકાના હાથમાં' વગેરે તેમજ 'અમદાવાદ મિરર'માં - 'BAPS shows way to manage waste', 'Why there's no chaos at PSM100?', 'Eat, Pray and Love – Dine Divine', 'Devotees' love for PSM bubbles over' જેવાં વિશિષ્ટ શીર્ષકો સાથે મહોત્સવના વિવિધ સેવા વિભાગો અને સ્વયંસેવકોની ગાથાઓ આકર્ષક રીતે પ્રસ્તુત કરવામાં આવી.

'ગુજરાત સમાચાર' દ્વારા પણ '૬૦૦ એકરમાં બનેલું પ્રમુખસ્વામી મહારાજ નગર IIM અને વિદેશની નામાંકિત બી-સ્કૂલ માટે મહત્ત્વનો કેસ-સ્ટડી બનશે' જેવાં શીર્ષકો સાથે શતાબ્દી મહોત્સવ વિષયક સમાચારોની સાથે તા. ૨૨ ડિસેમ્બર, ગુરુવારના રોજ 'અદ્‌ભુત આયોજન... અનોખો વહીવટ', 'હિંદુત્વ માટે વિશ્વવ્યાપી જ્યોતિર્ધર પ્રમુખસ્વામી મહારાજ'

જેવાં શીર્ષકો અને લેખો સાથે 'ધર્મલોક'ની વિશિષ્ટ પૂર્તિ પ્રકાશિત કરવામાં આવી હતી.

'સંદેશ' દૈનિક દ્વારા પ્રમુખસ્વામી મહારાજને ભાવાંજલિ અર્પણ કરતી વિશિષ્ટ પૂર્તિ પ્રકાશિત કરવામાં આવી હતી. ઉપરાંત 'પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવમાં આર્મી અને નેવીના નિવૃત્ત જવાનો પણ સુરક્ષા બંદોસ્તમાં જોડાયા', 'કેન્યાના પ્રથમ મહિલાએ પ્રમુખસ્વામી નગર પણ નિહાળ્યું' વગેરે શીર્ષકો દ્વારા સમાચાર પ્રસારિત કર્યા હતા.

અગ્રગણ્ય અંગ્રેજી દૈનિક 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' દ્વારા પણ શતાબ્દી મહોત્સવના સમાચાર અનેક વાર 'Travels of Pramukh Swami celebrated', 'PSM100 concludes with tributes from devotees' જેવાં અનેકવિધ શીર્ષકો સાથે પ્રસ્તુત કરવામાં આવ્યા. મહોત્સવ દરમિયાન સમયાંતરે ઉચ્ચ પ્રૉફેશનલ બેકગ્રાઉન્ડ ધરાવતા શ્રી મોહક શ્રોફ, શ્રી વ્યોમેશ જોષીથી લઈને પ્રમુખસ્વામી મહારાજ સાથે વિશિષ્ટ પ્રસંગો દ્વારા જીવન પરિવર્તનની પ્રેરણા મેળવી હોય તેવા હોલેન્ડના શ્રી હન કોપ જેવા ભક્તોના વિશિષ્ટ ઇન્ટરવ્યૂ લઈને સ્પેશિયલ સ્ટોરી પ્રકાશિત કરવામાં આવી. મહોત્સવના અંતિમ દિને, સમાપન સમારોહના દિવસે, ૧૫ જાન્યુઆરીની 'સન્ડે ટાઇમ્સ' અને ૧૬ જાન્યુઆરીની આવૃત્તિઓમાં લોકપ્રિય 'The Speaking Tree'માં મહંત સ્વામી મહારાજના પ્રમુખસ્વામી મહારાજ વિશેના સ્વાનુભવનો અંશ 'Making World Happier' દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, પુણે, કોલકતા, હૈદરાબાદ, લખનૌ, અમદાવાદ શહેરોની પ્રતોમાં પ્રકાશિત થયો.

'ઇન્ડિયન ઍક્સપ્રેસ' અંગ્રેજી દૈનિક દ્વારા પણ સતત શતાબ્દી મહોત્સવના સમાચાર પ્રસારિત કરવામાં આવ્યા. નગરનાં આકર્ષણો અને સંધ્યા સભામાં પધારતા મહાનુભાવોના ઉદ્‌ગારોને 'PM to launch culmination of BAPS former head's centenary celebrations', 'Over 10L visit Pramukh Swami Nagar in 10 days', 'Gujarat Sampark Kranti will now be Akshardham Express', 'Jaishankar: BAPS temples in Abu Dhabi, Bahrain miracles in Gulf', 'Ministers hail BAPS volunteers for help while evacuating students from Ukraine' જેવાં અન્ય અનેક શીર્ષકો હેઠળ પ્રસારિત કરવામાં આવ્યા.

## ઇલેક્ટ્રોનિક માધ્યમો

ઇલેક્ટ્રોનિક માધ્યમોએ પણ સતત પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનાં આકર્ષણો, સંધ્યા-સભાઓના અંશોને રજૂ કરીને મહોત્સવને દેશ-વિદેશના કરોડો લોકો સુધી પહોંચાડી દીધો હતો.

ટીવી ચેનલો દ્વારા 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવઃ વિરાટ મહોત્સવ, વિરાટ સર્જન', 'પ્રમુખનગરનાં દર્શન', 'અદ્વિતીય ગ્લો ગાર્ડન', 'કેવી રીતે ચૂકવાયું ગુરુ ઋણ?', 'હરિભક્તોના સમર્પણની શતાબ્દી' વગેરે ટાઇટલ્સ દ્વારા વિશિષ્ટ કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવ્યા.

DD National, ઇન્ડિયા ટીવી, ABP News, આજતક, ANI, Times Now, Navbharat, Republic Bharat, News 24, News Nation, આસ્થા જેવી અનેક રાષ્ટ્રીય ચેનલોએ શતાબ્દી મહોત્સવના ઉદ્‌ઘાટન વિષયક અને અન્ય સમાચારો પ્રસારિત કર્યા હતા.

વિશેષ કરીને પ્રાદેશિક ચેનલો જેવી કે ગુજરાત ફર્સ્ટ, Zee 24 કલાક, જી.ટી.પી.એલ., ABP અસ્મિતા, TV9 ગુજરાતી, GSTV, DD ગિરનાર, સંદેશ ન્યૂઝ, VTV ગુજરાતી, મંતવ્ય ન્યૂઝ વગેરેએ મહોત્સવના સતત શતાબ્દી સમાચારોની એક અતૂટ હારમાળા રચી દીધી હતી.

અમદાવાદમાં યોજાયેલો શતાબ્દી મહોત્સવ અને તે પૂર્વે વિશ્વના વિવિધ દેશોમાં ભવ્યતાથી ઊજવાયેલા શતાબ્દી ઉત્સવોને યુ.એસ., યુ.કે., આફ્રિકા, એશિયા-પેસિફિક અને ઑસ્ટ્રેલિયાનાં અનેક વર્તમાનપત્રોએ પ્રકાશિત કર્યા હતા.

## સોશિયલ મીડિયા

સોશિયલ મીડિયામાં મોટી સંખ્યામાં સબસ્ક્રાઇબર બેઝ ધરાવનાર અનેકવિધ યુટ્યુબ ચેનલ્સ દ્વારા, ફેસબુક પેજ અને ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ દ્વારા મહોત્સવ પૂર્વે અને મહોત્સવ દરમિયાન સતત અનેકવિધ વીડિયોઝ, રીલ્સ તેમજ ફોટો સ્ટોરીઝ દ્વારા મહોત્સવનો કરોડો લોકો સુધી ઉદ્‌ઘોષ કરવામાં આવ્યો હતો.

મહોત્સવમાં પધારનાર દેશ-વિદેશના હજારો મહાનુભાવોમાંથી સેંકડો મહાનુભાવો દ્વારા પણ તેઓનાં ટ્વિટર, યુટ્યુબ અને અન્ય સોશિયલ મીડિયા અકાઉન્ટ પર પોતાની પ્રમુખસ્વામી મહારાજ નગરની મુલાકાતના સ્વાનુભવો, નગરની ભવ્યતા અને દિવ્યતા અને પ્રમુખસ્વામી મહારાજ સાથે પોતાનાં સંસ્મરણોને મૂક્યાં હતાં, જેણે કરોડો લોકો સુધી શતાબ્દી મહોત્સવને પહોંચાડ્યો હતો.

ટ્વિટર પર પ્રમુખસ્વામી મહારાજ નગર અને શતાબ્દી મહોત્સવ વિષે પોતાનાં સંસ્મરણો મૂકનાર સેંકડો મહાનુભાવોમાંથી કેટલાંકની યાદીઃ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, વિદેશમંત્રી શ્રી ડૉ. એસ. જયશંકર, યોગગુરુ રામદેવજી, આચાર્ય મહામંડલેશ્વર સ્વામી અવધેશાનંદગિરિજી, સ્વામી ગોવિંદદેવગિરિજી (અયોધ્યા શ્રી રામમંદિર, કોશાધ્યક્ષ), જૈનાચાર્ય લોકેશ મુનિજી (અહિંસા ફાઉન્ડેશન), પરિમલ નથવાણી (રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ), જી. કિશન રેડ્ડી (પર્યટન, સાંસ્કૃતિક મંત્રી), મોતીલાલ ઓસ્વાલ (મોતીલાલ ઓસ્વાલ ગ્રૂપ), ડૉ. સુધાંશુ ત્રિવેદી (સાંસદ, રાષ્ટ્રીય પ્રવક્તા, ભાજપ), શ્રી પીયૂષ ગોયલ (વ્યાપાર અને વાણિજ્ય મંત્રી), શ્રી શક્તિસિંહ ગોહિલ (સાંસદ, રાષ્ટ્રીય પ્રવક્તા, કોંગ્રેસ), શ્રી સંબિત પાત્રા (રાષ્ટ્રીય પ્રવક્તા, ભાજપ), શ્રી

તેજસ્વી સૂર્યા (રાષ્ટ્રીય અધ્યક્ષ - ભાજપ યુવા મોરચા), શ્રી અનુરાગ ઠાકુર (કેન્દ્રીય મંત્રી, સ્પોર્ટ્સ, યુથ અફેર્સ), શ્રી અશ્વિની વૈષ્ણવ (કેન્દ્રીય રેલવે મંત્રી), શ્રી શ્વેતા ઝા (આજતક, ઍડિટર), જનરલ શ્રી વી. કે. સિંઘ (રાજ્યમંત્રી, રોડ ટ્રાન્સપોર્ટ, હાઈવે, સિવિલ એવિએશન), એલેક્સ એલિસ (બ્રિટિશ હાઈ કમિશનર), શ્રી હરદીપસિંઘ પુરી(કેન્દ્રીય મંત્રી, હાઉસિંગ, પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ), શ્રી સ્મૃતિ ઈરાની (કેન્દ્રીય મંત્રી, વુમન એન્ડ ચાઇલ્ડ ડેવલપમેન્ટ), શ્રી મધુપંડિતદાસ (ચૅરમૅન, અક્ષયપાત્ર ફાઉન્ડેશન, અધ્યક્ષ, ઈસ્કોન બેંગલોર), શ્રી બેરી ઓ' ફેરેલ (ઓસ્ટ્રેલિયન હાઈકમિશનર), શ્રી કેમેરોન મેકેય (કેનેડાના હાઈ-કમિશનર), શ્રી નાઓર ગિલોન(ઇઝરાયલના હાઈ કમિશનર), શ્રી શિવરાજસિંહ ચૌહાણ (મુખ્યમંત્રી, મધ્ય પ્રદેશ), શ્રી અમિશ દેવગન (મૅનેજિંગ ઍડિટર - ન્યૂઝ ૧૮ ) તથા અન્ય.

આ ઉપરાંત ઑલ ઇન્ડિયા રેડિયો ન્યૂઝ, ગુજરાત ટુરિઝમ, BJP, DD News, PMO India, MyGovIndia, Amul.coop, Hindu American Foundation (HAF) જેવી સેંકડો સંસ્થાઓનાં ઓફિશિયલ ટ્વિટર હેન્ડલ પરથી શતાબ્દી મહોત્સવ વિષયક ટ્વિટ કરવામાં આવી હતી.

આમ, પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની પવિત્ર પ્રેરણાઓને સૌ પ્રસાર માધ્યમોએ કરોડો લોકો સુધી લઈ જઈ પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય જીવન અને કાર્યને વિશિષ્ટ ભાવાંજલિ આપી. ◆

## મહોત્સવના સમાચારો પ્રસારિત કરવામાં જેમણે ત્રીસેય દિવસ પુરુષાર્થ કર્યો...

મહોત્સવના સમાચારો પ્રસારિત કરવામાં અનેક સમાચાર સંસ્થાઓએ આપેલો સહયોગ અવિસ્મરણીય છે. એ પૈકી અહીં કેટલાંક સમાચાર માધ્યમો વિશેષ ઉલ્લેખનીય છે.

પ્રથમ ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ ચેનલ. ગુજરાત ફર્સ્ટ ચેનલે સતત ત્રીસ દિવસ સુધી સંધ્યા-સભાઓના લાઇવ પ્રસારણને દર્શાવ્યું હતું. આ ઉપરાંત રોજ રાત્રે ૯-૦૦ થી ૯-૪૫ સુધી હિન્દીમાં શતાબ્દી મહોત્સવની જે-તે દિવસની ઝલક દર્શાવતી ૪૫ મિનિટનો હાઈલાઇટ્સ કાર્યક્રમ દર્શાવી લાખો દર્શકો સુધી મહોત્સવના વિશિષ્ટ સમાચારો પહોંચાડ્યા હતા. આ જ હાઈલાઇટ્સ કાર્યક્રમને ચેનલે પોતાના ઓટીટી પ્લેટફોર્મ પર વિશ્વભરમાં પ્રસારિત કર્યો હતો. આ કાર્યક્રમની પ્રસ્તુતિ માટે જ સતત ૩૦ દિવસ સુધી ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ ચેનલે પોતાનો સ્ટુડિયો તથા તેના કર્મચારીઓને આરક્ષિત રાખ્યા હતા. આ ન્યૂઝ ચેનલે વહેલી સવારે ૬-૦૦ થી ૭-૩૦ દરમ્યાન મહંત સ્વામી મહારાજની પ્રાતઃપૂજા સાથે સંતો-હરિભક્તોનાં ઈન્ટરવ્યૂ સતત ૩૦ દિવસ સુધી પ્રસારિત કર્યાં હતાં. આ ઉપરાંત મહોત્સવના ઉદ્‌ઘાટન સમારોહ અને સમાપન સમારોહનું જીવંત પ્રસારણ પણ દર્શાવવામાં આવ્યું હતું. ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ ચેનલના ચૅનલહેડ શ્રી વિવેકભાઈ ભટ્ટ તથા માલિકો શ્રી મૂકેશભાઈ અને જસ્મિનભાઈ પટેલ સહિત સૌનો સહયોગ અવિસ્મરણીય રહ્યો.

મહોત્સવની ઉપરોક્ત રોજની હાઈલાઇટ્સને આસ્થા ટી.વી. ચેનલ દ્વારા પણ સતત ૩૦ દિવસ સુધી બતાવવામાં આવી. આસ્થા ટી.વી. ચેનલના સૂત્રધાર અને સી.ઈ.ઓ. શ્રી પ્રમોદકુમાર જોશીએ અંગત રસ લઈને તેના વર્લ્ડવાઇડ પ્રસારણનું સેવાકાર્ય કર્યું.

આ જ રીતે 'દિવ્ય ભાસ્કર'ની પ્રિન્ટ અને ડિજિટલ આવૃત્તિએ મહોત્સવ પૂર્વેથી અને મહોત્સવના પ્રથમ દિવસથી લઈને છેલ્લા દિવસ સુધી વિશિષ્ટ સમાચારો રોચક રીતે પ્રસ્તુત કર્યા. ડિજિટલ આવૃત્તિએ તો મહોત્સવ માટે જ ખાસ ડિજિટલ એપ-પેજ તૈયાર કરીને સતત નવી નવી માહિતી પીરસવા માટે ખૂબ પુરુષાર્થ કર્યો. દિવ્ય ભાસ્કરના માલિક શ્રી પવનજી અગ્રવાલ, ગિરીશજી અગ્રવાલના સહયોગ સાથે તંત્રીઓ શ્રી દેવેન્દ્રજી ભટનાગર, શ્રી મનીષભાઈ મહેતા, શ્રી મૃગાંકભાઈ પટેલ તેમજ પત્રકારો અને સંવાદદાતાઓએ ત્રીસે ત્રીસ દિવસ ખૂબ પુરુષાર્થ કર્યો. મહોત્સવનાં તમામ પાસાંઓને આવરી લેવા માટે દિવ્ય ભાસ્કરની ડિજિટલ અને પ્રિન્ટ આવૃત્તિની ટીમોએ સતત નગરમાં રહીને અંગત રસ લઈને મહોત્સવને પોતાનો માનીને પરિશ્રમપૂર્વક કાર્ય કર્યું.

'નવગુજરાત સમય' ગુજરાતી દૈનિક અને 'અમદાવાદ મિરર' અંગ્રેજી દૈનિક દ્વારા સતત ત્રીસ દિવસ સુધી રોજ એક સંપૂર્ણ પાનું શતાબ્દી મહોત્સવના કવરેજ માટે આરક્ષિત રાખવામાં આવ્યું હતું. મહોત્સવના સમાચારોની સાથે સાથે પ્રમુખસ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સંસ્થાનાં આનુષંગિક પાસાંઓ ખૂબ સુંદર રીતે આવરી લેવામાં આવ્યાં. મહોત્સવની રોજબરોજની કાર્યવાહીને તંત્રીશ્રીએ એવી રીતે સમાહિત કરી લીધી કે નવગુજરાત સમય ત્રીસેય દિવસનું એક સર્વાંગી રિપોર્ટિંગનું નોંધપાત્ર દસ્તાવેજીકરણ થઈ ગયું. આ જ રીતે અમદાવાદ મિરર દ્વારા નવી પેઢીને વિશેષ આકર્ષે તે રીતે મહોત્સવની રોજબરોજની ગતિવિધિઓને સારામાં સારી રીતે આવરી લેવામાં આવી. તેના ચીફ ઍડિટર શ્રી અજયભાઈ ઉમટ તથા માલિકો શ્રી સુરેશભાઈ પટેલ અને વસંતભાઈ પટેલે આત્મીયતાપૂર્વક મહોત્સવના સંદેશને પ્રસારવામાં મહિમાપૂર્વક સેવા કરી.

ગુજરાત સમાચારે પણ સતત ત્રણ ત્રણ પૂર્તિઓ પ્રકાશિત કરીને સેવાનું એક વિશિષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું. તેના માલિક અને તંત્રી શ્રી શ્રેયાંસભાઈ, શ્રી બાહુબલિભાઈ, નિર્મમભાઈ તથા અમમભાઈ શાહે નોંધપાત્ર સેવાકાર્ય કર્યું.

ઉપરોક્ત સમાચાર સંસ્થાઓ અને અન્ય તમામ પ્રસાર માધ્યમોના અમે હૃદયપૂર્વક આભારી છીએ. ◆

## વિશ્વના અનેક દેશોના ધુરંધરોએ શતાબ્દી મહોત્સવે

# પ્રમુખસ્વામી મહારાજને અર્પી ભાવાંજલિ

પ્રમુખસ્વામી મહારાજની વૈશ્વિક પ્રતિભા શતાબ્દી મહોત્સવના અનેક આયામોમાં ઝળહળતી અનુભવાઈ હતી. સ્વામીશ્રીનાં જીવન, કાર્ય અને સંદેશથી પ્રભાવિત વિશ્વના અનેક દેશોના વડાઓએ સ્વામીશ્રીને ભાવપૂર્ણ હૃદયાંજલિ અર્પીને સ્વામીશ્રીની વૈશ્વિક પ્રતિભાનો એક વધુ પરિચય આપ્યો હતો. ઇંગ્લેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોના વડાપ્રધાનોએ વીડિયો સંદેશ દ્વારા, અન્ય કેટલાય દેશોના વડાઓએ પત્ર-સંદેશાઓ દ્વારા, તો કેટલાય દેશોના વડાઓએ પોતાના રાજદૂતોને મહોત્સવમાં મોકલીને સ્વામીશ્રીને ભાવાંજલિ અર્પી હતી. યુનાઇટેડ નેશન્સથી લઈને બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોની પાર્લામેન્ટમાં કે બૌદ્ધ ધર્મગુરુ શ્રી દલાઈ લામા અને આર્મેનિયન ચર્ચના વડા ધર્મગુરુ સહિત પણ સ્વામીશ્રીને અંજલિ અપાઈ હતી. અહીં તેનું એક આચમન પ્રસ્તુત છે.



**શ્રી ઋષિ સુનક**
વડાપ્રધાનશ્રી, યુ.કે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, આદરણીય મહાનુભાવો, નમસ્તે અને જય સ્વામિનારાયણ.

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના આ શુભ અવસરે આપ સૌને મારી શુભેચ્છાઓ પાઠવી રહ્યો છું તે મારા માટે એક ગૌરવની બાબત છે.

'બીજાના આનંદમાં આપણો આનંદ છે' - એ જીવનસૂત્ર પ્રમુખસ્વામી મહારાજ જીવ્યા હતા. યુ.કે.માં નિસડન ખાતે બંધાયેલા ભવ્ય મંદિરના તેઓ પ્રેરણામૂર્તિ હતા, જે મંદિર લંડનની સ્કાયલાઇનનું એક પ્રસિદ્ધ સ્થાન બની ચૂક્યું છે. આ મંદિર માત્ર સુંદરતા માટે જ નહીં, પરંતુ સ્થાનિક સમુદાયની સેવા માટે પણ સુપ્રસિદ્ધ છે. આ સમર્પણ અને સેવા સમગ્ર યુ.કે.માં પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રેરિત તમામ ૧૪ મંદિરોમાં જોવા મળે છે. સમગ્ર કોવિડ મહામારી દરમિયાન પણ તેઓ માત્ર હિન્દુ સમુદાયને જ નહીં, પરંતુ એવા હજારો લોકોને મદદ કરવા દોડી આવ્યા હતા, જેમને ખરેખર મદદની જરૂરિયાત હતી. છેલ્લાં ૫૦ વર્ષોથી ચાલી રહેલી આ સેવાઓની નોંધ લેવાઈ છે. એટલે જ અહીંના માર્ગોને પ્રમુખસ્વામી મહારાજનું નામ આપવામાં આવ્યું છે. એટલું જ નહીં, આપણા દેશ માટે તેમની સેવાઓ અને તેમના સહયોગને અંજલિ આપવા માટે અમારા પ્રતિષ્ઠિત વેમ્બલી સ્ટેડિયમની આઇકોનિક કમાનને ભગવા રંગની રોશનીથી ઝળહળતી કરવામાં આવી છે. આપ સૌ પ્રમુખસ્વામી મહારાજની ૧૦૦મી જન્મજયંતી ઊજવવા માટે એકત્રિત થયા છો ત્યારે હું પણ તેમની હૃદયંગમ સ્મૃતિઓના સ્મરણ સાથે, તેમણે આપેલા અદ્‌ભુત વારસાની સ્મૃતિ સાથે, તેમને મારી ભાવભીની અંજલિ અર્પું છું. સાથે સાથે, આ શતાબ્દી મહોત્સવની ઉજવણીની સફળતા માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. •



**શ્રી જસ્ટીન ટ્રુડો**
વડાપ્રધાનશ્રી, કેનેડા

આજે આપણે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સમૃદ્ધ જીવનનો ઉત્સવ ઊજવી રહ્યા છીએ. બી.એ.પી.એસ.ના વિકાસ માટે તેમણે પોતાના સમગ્ર જીવન દરમ્યાન જે પુરુષાર્થ કર્યો, તેની આજે સ્મૃતિ કરી રહ્યા છીએ.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે કેનેડા અને સમગ્ર વિશ્વ પર ઊંડો પ્રભાવ પાડ્યો છે. તેઓનો સંદેશ 'બીજાના સુખમાં આપણું સુખ' ખૂબ હૃદયસ્પર્શી છે. બી.એ.પી.એસ. ચેરિટી હોય કે મંદિરની પ્રવૃત્તિ હોય કે સમાજ ઘડતરની પ્રવૃત્તિ હોય, આપ બધાએ એમનાં મૂલ્યો માટે આપનું જીવન હોમી દીધું છે. કેનેડાના લોકોએ આપને સેવા કરતાં નિહાળ્યા છે. આના લીધે અમારો દેશ વધારે સુદૃઢ બન્યો છે. આપની વિનમ્રતાથી ખરેખર હું પ્રભાવિત થયો છું. •



**શ્રી એન્થોની આલ્બેનીઝ**
વડાપ્રધાનશ્રી,
ઑસ્ટ્રેલિયા

પ્રમુખસ્વામી મહારાજની જન્મ શતાબ્દીએ ઑસ્ટ્રેલિયાના બધા જ નાગરિકો વતી હું મહંત સ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.
'બીજાના સુખમાં આપણું સુખ છે' - એ જીવનસૂત્ર આપીને બીજાની સેવા કરવાનો સંદેશ આપનાર પ્રમુખસ્વામી મહારાજને હું મારી ભાવાંજલિ અર્પું છું. પ્રમુખસ્વામી મહારાજે બીજાની સેવા કરવાનો આપેલો આ વારસો અહીં ઑસ્ટ્રેલિયામાં પણ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ આજે જાળવી રાખ્યો છે, જેના માટે અમને ગૌરવ છે.
ઑસ્ટ્રેલિયામાં ફેલાયેલાં બી.એ.પી.એસ.નાં સુંદર મંદિરોએ ઑસ્ટ્રેલિયન સમાજને વધુ સમૃદ્ધ બનાવ્યો છે.
સિડનીમાં બંધાઈ રહેલા વિશાળ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું નિર્માણકાર્ય વહેલામાં વહેલી તકે પૂર્ણ થાય તે માટે હું શુભેચ્છાઓ પાઠવું છું. ઑસ્ટ્રેલિયા અને ભારત વચ્ચે ગાઢ મૈત્રીનો સંબંધ છે, જે બે દેશોની જનતા વચ્ચે એક સેતુ સમાન છે.
મને એ જાણીને અત્યંત ગર્વ થયો કે શતાબ્દી મહોત્સવમાં ભાગ લેવા માટે હજારો ઑસ્ટ્રેલિયનો આવી રહ્યા છે. આ મહોત્સવની પૂર્ણ સફળતા માટે હું મારી શુભેચ્છાઓ પાઠવું છું. •



**શ્રી સ્ટીફન હાર્પર**
પૂર્વ વડાપ્રધાનશ્રી,
કેનેડા

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના અવસરે હું આપ સૌને મારી શુભેચ્છાઓ પાઠવું છું.
પ્રમુખસ્વામી મહારાજ એક મહાન સિદ્ધિઓ મેળવેલા મહાપુરુષ હતા, જેમના શિરે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ગૌરવનો યશ જાય છે. તેમના વિઝન અને નેતૃત્વમાં બી.એ.પી.એસ. સંસ્થા સહિષ્ણુતા, શાણપણ અને એક એવા સમાજનું પ્રતીક બની રહી છે, જે માત્ર પોતાના સમાજની જ સેવા કરતી નથી, પરંતુ કેનેડાની પણ સેવા કરે છે. મારા વડાપ્રધાન પદના કાર્યકાળ દરમ્યાન બી.એ.પી.એસ.ના કાર્યક્રમોમાં હું ત્રણ વખત શામેલ થયેલો છું. કેનેડામાં બંધાયેલા સુંદર બી.એ.પી.એસ. મંદિરના ઉદ્ઘાટન અવસરે ઉપસ્થિત રહેવાનું પણ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. છેલ્લાં કેટલાંય વર્ષોમાં આપનું ઉષ્માસભર આતિથ્ય, આપનો ઉદાત્ત સહયોગ અને આપની મૈત્રીએ વડાપ્રધાન તરીકેના મારા કાળ દરમ્યાન મને ખૂબ પ્રેરણા આપી છે. આ સંસ્થા પર મને હમેશાં ભરોસો રહ્યો છે. શતાબ્દી પર્વે પ્રત્યક્ષ હાજર રહી શક્યો નથી, પરંતુ પ્રમુખસ્વામી મહારાજના જીવન અને સંદેશનો ઉત્સવ મનાવવામાં હું આપની સાથે ખભે ખભો મિલાવીને જોડાઉં છું. તેમનું શાણપણ અને શાંતિપૂર્ણ મૂલ્યોનો વારસો હંમેશાં જીવંત રહેશે અને સૌને શક્તિ આપતો રહેશે. •



**પૂજ્ય શ્રી દલાઈ લામા**
બૌદ્ધ ધર્મગુરુ


MESSAGE



**શ્રી આઇઝેક હરઝોગ**
રાષ્ટ્રપ્રમુખશ્રી,
ઇઝરાયેલ





**શ્રી**
**વહાન ખચતુર્યાન**
રાષ્ટ્રપ્રમુખશ્રી, આર્મેનિયા





**શ્રી**
**રણિલ વિક્રમસિંઘે**
રાષ્ટ્રપ્રમુખશ્રી, શ્રીલંકા





**શ્રી**
**પૃથ્વીરાજસિંગ રૂપન**
રાષ્ટ્રપ્રમુખશ્રી, મોરેશિયસ





**શ્રી**
**ડૉ. ફૈઝલ અલ મેકદાદ**
ધ સિરિઅન આરબ રિપબ્લિક





**શ્રી બુલાત સાર્સેનબાયેવ**
ચેરમેન, ઇન્ટર સિવિલાઇઝેશન ડાયલોગ, કઝાખસ્તાન





**શ્રી**
**કેરેકિન દ્વિતીય**
આર્મેનિયાના સર્વોચ્ચ ધર્મગુરુ



# સુરીનામ દેશના રાષ્ટ્રપ્રમુખશ્રી શતાબ્દી મહોત્સવની દર્શનયાત્રાએ...





તા. ૧૨-૧-૨૦૨૩ના રોજ દક્ષિણ અમેરિકા ખંડમાં આવેલા સુરીનામ દેશના રાષ્ટ્રપ્રમુખ શ્રી ચંદ્રિકાપ્રસાદ સંતોખી પ્રમુખસ્વામી મહારાજ નગરમાં દર્શનયાત્રાએ પધાર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી આનંદસ્વરૂપ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી વગેરે સંતોએ તેમનું હાર્દિક સ્વાગત કર્યું હતું. પ્રમુખસ્વામી મહારાજની મહામૂર્તિ તથા અક્ષરધામ મહામંદિરમાં તેઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ભાવપુષ્પાંજલિ અર્પણ કરી હતી. મહોત્સવની દર્શનયાત્રા કર્યા બાદ તેઓ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દર્શનથી અત્યંત પ્રભાવિત થયા હતા. મહોત્સવ તથા મહોત્સવના પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દર્શન કરીને તેઓએ જણાવ્યું હતું કે –

'હું જ્યારે અહીં આવ્યો ત્યારે મારા મનમાં એવી ધારણા હતી કે એક મંદિરે જઈ રહ્યો છું, પરંતુ જ્યારે હું અહીં આવ્યો ત્યારે મેં જોયું કે માત્ર મંદિર જ નથી, પરંતુ અહીં તો આધ્યાત્મિકતા ભરપૂર છે. સંતોની આધ્યાત્મિકતા અને હજારો હજારો ભક્તોની પ્રાર્થનાપૂર્વકની આધ્યાત્મિકતા છે. અહીં આવીને મને અત્યંત સારું લાગ્યું હતું. મને આશીર્વાદ મળ્યા. એક રાષ્ટ્રપ્રમુખ તરીકે અમારા દેશને સાચી દિશામાં દોરવાનું અને પ્રજાને ભગવાનની ઇચ્છા મુજબ વધુ સમૃદ્ધ બનાવવાનું, અમારી પ્રજાનાં મન-હૃદયમાં વધુ રાહત અને શાંતિ લાવવાનું પ્રોત્સાહન મળ્યું છે. અહીંથી હું આધ્યાત્મિકતા અને વધુ શક્તિ લઈને પાછો જઈશ. અમારા દેશની પ્રજા માટે ભગવાનના આશીર્વાદ લઈને હું અહીંથી પાછો જઉં છું. આ આશીર્વાદથી અમારી જનતા વધુ સમૃદ્ધ બનવાની દિશામાં પ્રગતિ કરશે.

અહીં આવીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સાથે મુલાકાત થઈ. મને એવું લાગ્યું કે એ મુલાકાત ભગવાન અને મારી વચ્ચે કનેક્શન છે. એમનું સાંનિધ્ય ખૂબ શક્તિ આપે છે. તેઓ ખૂબ શાંત છે. તેઓ શબ્દોથી નથી બોલતા. તેઓ આપણને શક્તિ પ્રદાન કરે છે. એ શક્તિ એમનાં હૃદયમાંથી, સાક્ષાત્ ભગવાનમાંથી આવે છે. તેમની પ્રાર્થના અને આશીર્વાદથી હું અત્યંત આનંદિત થયો છું.

મને લાગે છે કે આ મહોત્સવમાં સ્વયંસેવકો જે સેવા કરી રહ્યા છે, તે આપણા જીવનને સાર્થક બનાવે છે. ભગવાને આપણને આ પૃથ્વી ઉપર મોકલ્યા ત્યારે સેવાનું કાર્ય કરવા માટે જ મોકલ્યા છે, જે અહીં સ્વયંસેવકો કરી રહ્યા છે. ભગવાન તેમને પોતાના આશીર્વાદ આપશે. કારણ કે એ લોકો ભગવાનના સ્વયંસેવકો છે.' ◆

## પાંચેય ખંડોની અનેક સંસ્થાઓએ પ્રમુખસ્વામી મહારાજને આપ્યાં બહુમાનો...

**પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દીના ઉપક્રમે ભારત અને વિશ્વના પાંચેય ખંડોની ધરતી પર હિન્દુ-જૈન-બૌદ્ધ-શીખ કે અન્ય ભારતીય સંસ્થાઓએ સ્નેહ-સૌહાર્દ દાખવીને શતાબ્દીના ગૌરવમાં એક વધુ કલગી ઉમેરી છે. શતાબ્દીના પર્વે ઠેર ઠેર મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી ભદ્રેશદાસ સ્વામી અને અન્ય અગ્રણી સંતોની ઉપસ્થિતિમાં યોજાયેલા યુનિટી ફોરમનાં સંમેલનોમાં પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં અનેક સંસ્થાઓએ ભાવવંદના કરી હતી. અનેક સંસ્થાઓએ બહુમાન-પત્રો અર્પણ કરીને સ્વામીશ્રી, મહંત સ્વામી મહારાજ અને સંસ્થા પ્રત્યે સ્નેહ-આદર પ્રકટ કર્યા હતા. આફ્રિકાના દેશો, યુકે. અને યુરોપના દેશો, અમેરિકા, કેનેડા, આરબ દેશો, ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, થાઈલેન્ડ, હોંગકોંગ વગેરે એશિયા-પેસિફિક દેશો વગેરે દેશોની મળીને સેંકડો સંસ્થાઓએ સ્વામીશ્રીનાં ચરણે અંજલિ અર્પી હતી.**

**સનાતન ધર્મનાં શાસ્ત્રોની જ્યોતિને પ્રજ્વલિત કરનાર પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ઑસ્ટ્રેલિયામાં પર્થ ખાતે 'ઈસ્વા' (ISWA) સંગઠન દ્વારા 'સનાતન શાસ્ત્ર જ્યોતિર્ધર'નું બહુમાન અર્પણ થયું હતું. ફીજી ખાતે સુવા શહેરમાં તા. ૨૨-૯-૨૦૧૯ના રોજ એક વિશિષ્ટ સમારોહમાં અહીંની અગ્રણી સામાજિક સંસ્થાઓએ પ્રમુખસ્વામી મહારાજને 'ભાષ્ય પરંપરા સંરક્ષક' એવું બહુમાન અર્પણ કર્યું હતું. આમ, આ શતાબ્દી મહોત્સવ ખરા અર્થમાં વૈશ્વિક મહોત્સવ બની રહ્યો અને પ્રમુખસ્વામી મહારાજની વૈશ્વિક પ્રતિભાને ઉજાગર કરનારું એક પર્વ બની રહ્યો.** ◆





# અમે આપના અંતઃકરણપૂર્વક આભારી છીએ...

આ ભવ્ય અને દિવ્ય પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં સ્થાનિક ખેડૂતોથી લઈને સરકારના ઉચ્ચ અધિકારીશ્રીઓ કે સામાન્ય વ્યક્તિથી લઈને અનેક નાના-મોટા વેપારીઓ-ઉદ્યોગપતિઓ સહિત અસંખ્ય ભાવિકો-ભક્તોએ હૃદયના ભાવોથી સહકાર આપ્યો છે. આપ સૌના ઉદાત્ત સેવા-સહયોગ બદલ પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, મહોત્સવ સમિતિ આપ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માને છે...

- ભારત સરકાર, ગુજરાત સરકાર, તમામ સરકારી અધિકારીઓ અને સરકારનાં સૌ કર્મચારી વૃંદ.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ હાઉસિંગ કોર્પોરેશન, ઔડા, એ.એમ.ટી.એસ. તથા ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ - એસ.ટી.ના તમામ સંચાલનકર્તાઓ.
- મહોત્સવમાં આવનાર વિશાળ સમુદાયની સુરક્ષા માટે ડી.જી.પી., આઈ.જી.પી. તેમજ તમામ પોલીસ કર્મચારીઓ અને અગ્નિશામક દળ વગેરે સુરક્ષાકર્મીઓ.
- જી.ઈ.બી., પી.ડબલ્યુ,ડી. તેમજ આરોગ્ય, સ્વચ્છતા વગેરે ક્ષેત્રના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓ.
- પ્રેસ-મીડિયા વિભાગઃ તમામ સમાચારપત્રો, સાપ્તાહિકો, તંત્રીઓ, માલિકો, પત્રકારો તથા ટી.વી. ચેનલોના સંચાલકો, માલિકો અને સંવાદદાતાઓ.
- ભારતના વિવિધ પ્રાંતમાંથી તથા સમગ્ર વિશ્વમાંથી પધારેલા સંતો, મહંતો અને તમામ ક્ષેત્રોના મહાનુભાવો.
- નગરના ભૂમિદાતાઓ – રકનપર, લપકામણ, ભાડજ, ઓગણજ વગેરે ગામોના જમીનદાતા તમામ ખેડૂત ભાઈઓ, બિલ્ડરો અને જમીનના માલિકો.
- નગર નિર્માણ માટે જેસીબી, હિટાચી, ગેડર, રોલર, હાઈડ્રા, ક્રેઈન, એચ ફ્રેમ વગેરે સાધનો સેવામાં આપનાર માલિકો, કોન્ટ્રાક્ટરો તથા રોડ કોન્ટ્રાક્ટરો.
- લલ્લુજી ઍન્ડ સન્સ તથા પરમાર મંડપ સર્વિસ, ગાંધી ડેકોરેશન, જગદીશ સાઉન્ડ, લાઈટ માટે સ્ટેજ ગ્રાફ તેમજ ઈલેક્ટ્રિકના તમામ કોન્ટ્રાક્ટરો
- મહાપ્રસાદ માટે અનાજ, તેલ, ઘી વગેરે ખાદ્ય સામગ્રી દાનમાં આપનાર વેપારી તથા ખેડૂત દાતાઓ.
- રસોડા વિભાગમાં બોઈલર વગેરે સાધનોની સેવા કરનાર વેપારીભાઈઓ.
- કેબલ, લાઈટ, બલ્બ વગેરે ઈલેક્ટ્રિકલ તથા ઈલેક્ટ્રોનિક્સ સામગ્રીના દાતાઓ.
- પાણી વિભાગ માટે ટાંકી, પાઈપ વગેરેની સામગ્રીના દાતાઓ.
- હજારો હરિભક્તો, સ્વયંસેવકો અને સંતોના ઉતારા માટે નવા બિલ્ડિંગોમાં સગવડ કરી આપનાર બિલ્ડર ભાઈઓ.
- ટ્રાન્સપોર્ટ માટે એ.એમ.ટી.એસ., એસ.ટી., બસ, આઈશર, ટ્રેક્ટર વગેરે સાધનોના માલિકો
- દર્શનાર્થીઓનો ટોલટેક્સ માફ કરનાર સદ્‌ભાવ કન્સ્ટ્રક્શન કંપની.
- લેન્ડસ્કેપ વિભાગમાં છોડ-રોપા, બિયારણ, તગારાં વગેરેની સેવા કરનાર ભાઈઓ.
- બંગાળી કારીગરો, મિસ્ત્રીઓ, લુહાર ભાઈઓ, કાપડની અને કલરની સેવા કરનાર વેપારી ભાઈઓ.
- પ્રદર્શન ખંડોની રચનામાં સહાય કરનાર દિગ્દર્શકો, લેખકો, કવિઓ અને સંગીતકારો.
- ખુરશી, ટેબલ, પ્લાયવૂડ, ડોલ, ટબલર, વાંસ, વળી જેવી અનેક વસ્તુઓનું દાન કરનાર દાતાઓ.
- યજ્ઞના તમામ યજમાનો.
- નાના-મોટા સૌ દાતાઓ, હરિભક્તો અને સ્વયંસેવકો-સ્વયંસેવિકાઓ. ◆

(**અનુસંધાન પૃ. ૮૧ પરથી**) પ્રેરણાત્મક પ્રસ્તુતિમાં પ્રમુખસ્વામી મહારાજનું જીવન પ્રતિબિંબિત થતું હતું. પ્રમુખસ્વામી મહારાજ એક એવા પૂર્ણ પુરુષ હતા કે જેમણે અનેકની અપૂર્ણતાને મિટાવીને તેમાં પૂર્ણતા ભરી દીધી હતી; એ કોઈ વ્યક્તિ હોય કે પરિવાર, સમાજ હોય કે માનવતાનું ભવિષ્ય. આ ભાવને રજૂ કરતા લાઇટ એન્ડ સાઉન્ડ પ્રોજેક્શન મેપિંગ શોની પ્રસ્તુતિ માટે ૧૮૦ ફૂટ લાંબો અને ૫૫ ફૂટ ઊંચો ભવ્ય મંચ તૈયાર કરવામાં આવ્યો હતો, જેના ઉપર ૩૦૦થી વધુ બાળ-યુવા કલાકારો દ્વારા પ્રોજેક્શન મેપિંગના સંયોજન સાથે દિલધડક અને બેનમૂન પ્રસ્તુતિ રોજ કરવામાં આવતી. આ શો માટે ખુલ્લા મેદાનમાં ૧૦ મોટાં પ્રોજેક્ટર્સ ગોઠવવામાં આવ્યાં હતાં અને એક સાથે ૨૫,૦૦૦ પ્રેક્ષકો બેસીને માણી શકે તેવી બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ વિભાગમાં સેવા કરનાર સંતો અને યુવકો માટે આવું કન્ટેન્ટ ક્રીએશન તૈયાર કરવું એ અનુભવ બહારનો વિષય હતો, પરંતુ સ્વામીશ્રીના આશીર્વાદથી શોનું સંપૂર્ણ સર્જન બી.એ.પી.એસ.ના સંતો અને યુવકો દ્વારા જ ભક્તિભાવપૂર્વકના પુરુષાર્થ સાથે સંપન્ન થયું. આ શો માટે વિચારણા, સ્ક્રિપ્ટ લેખન, ૩ડી કન્ટેન્ટ ક્રીએશન, ઑડિયો અને મ્યૂઝિકનું રેકોર્ડિંગ, કંપોઝિશન, મિક્સિંગ, મંચ પર રજૂ થનાર કલાકારોની કોરિયોગ્રાફી, કલાકારોની વેશભૂષા વગેરે તમામ કાર્યો સંતો-સ્વયંસેવકો દ્વારા જ થયાં હતાં ! સ્વયં મહંત સ્વામી મહારાજે રસ લઈને આ રજૂઆત માટે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. મહોત્સવ દરમ્યાન ૨૫ મિનિટની કુલ ૧૨૫ પ્રસ્તુતિ દ્વારા ૨૮,૪૭,૦૦૦થી વધુ ભાવિકો સુધી સ્વામીશ્રીનો સંદેશ પહોંચ્યો હતો.

એક સાથે ૨૫,૦૦૦ દર્શનાર્થીઓ બેસી શકે તેવી ૪૫૦ × ૨૭૫ ફૂટ વિસ્તારમાં આ શોની બેઠક વ્યવસ્થા હતી. ૭૫૦ × ૪૦૦ ફૂટ જેટલો વેઇટિંગ એરિયા પણ આરક્ષિત રાખવામાં આવ્યો હતો. રોજ કુલ ૪ શો દર્શાવાતા હતા. દર્શનાર્થીઓની વ્યવસ્થા માટે કુલ ૬૦૫ સ્વયંસેવકો ખડે પગે સેવા આપતા હતા. માત્ર ૧૦-૧૨ મિનિટમાં ૨૫,૦૦૦ માણસ સરળતાથી બહાર નીકળી શકે તેવી સુંદર વ્યવસ્થા હતી. ૩૦ મિનિટમાં ૨૫,૦૦૦ દર્શનાર્થીઓ વિદાય થાય અને બીજા નવા ૨૫,૦૦૦ દર્શનાર્થીઓને પ્રવેશ અપાય, આ બહુ જ અઘરું કાર્ય સ્વયંસેવકોએ સારામાં સારી રીતે પાર પાડ્યું હતું. રોજના એક લાખ કરતાં વધારે લોકો આ શો જોતા હતા છતાં પણ કોઈ અઘટિત ઘટના બની નથી, એ એક નોંધપાત્ર બાબત બની.

**નગરમાં વહી બૅન્ડની સૂરાવલિઓ :**

સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત નગરમાં વિવિધ પ્રકારનાં ત્રણ બૅન્ડ પણ ધૂમ મચાવતાં હતાં. નગરમાં પધારનાર મહાનુભાવોનું સ્વાગત હોય કે લાઇટ એન્ડ સાઉન્ડ શોની પ્રસ્તુતિઓ વચ્ચેનું મનોરંજન હોય, આ બી.એ.પી.એસ. બૅન્ડનાં બાળકો-યુવકો સૌમાં ઉત્સાહ ઊભરાવી દેતા. બી.એ.પી.એસ. ગોંડલનું 'અક્ષર બૅન્ડ' સ્કોટિશ બૅન્ડ તરીકે ૧૩૦ બાળ-યુવા વાદકો સાથે ૧૮ પ્રકારનાં વિવિધ કીર્તનો અને દેશભક્તિ ગીતો રેલાવતું હતું.

બીજું બૅન્ડ હતું 'પ્રમુખરાજ ઢોલ વૃંદ.' ધુલિયા ખાતે વસતા ખાનદેશી હરિભક્તોએ તૈયાર કરેલું 'નાસિક ઢોલ' શૈલીનું આ ઢોલ વૃંદ પણ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી નગરમાં ૧૦૦ યુવા-વાદકો સાથે ઉપસ્થિત હતું. ઢોલ, ત્રાંસાં, મોટા ઝાંઝ, મોટી ઝાલર, ડફ જેવાં કુલ પાંચ પ્રકારનાં ૯૬ વાજિંત્રો સહિત પ્રમુખરાજ ઢોલ વૃંદ જ્યારે નગરમાં વાદન કરતું ત્યારે ગગન ગાજી ઊઠતું.

ત્રીજું પૂર્વ આફ્રિકા, નૈરોબીથી પધારેલું 'યોગી માર્ચિંગ બૅન્ડ' હતું. કુલ ૫૫ કિશોરો-યુવકો દ્વારા ચાલતું આ બૅન્ડ તેની વિશિષ્ટ માર્ચિંગ શૈલીને કારણે નગરમાં ધ્યાનાકર્ષક બન્યું હતું. ૧૨ પ્રકારનાં કુલ ૫૫ વાજિંત્રો સાથે નગરનાં વિવિધ સ્થળોએ માર્ચિંગ કરતું આ બૅન્ડ ૨૪ પ્રકારનાં કીર્તનોની ધૂન રેલાવતું હતું. મહોત્સવમાં આ બૅન્ડ-સ્વયંસેવકોએ પોતાની કળા પાવન કરી અનોખી ભક્તિ-અંજલિ અર્પણ કરી હતી.

## પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના વાહકો...

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ એટલે એક એવો વિરાટ પ્રકલ્પ, જેને સાકાર કરવામાં અનેક લોકોએ પોતાની આહુતિ આપીને ભારતની મહાન સંતપરંપરાના વાહક વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે પોતાની ભક્તિ-ભાવાંજલિ અર્પી છે. મહોત્સવના ૫૪ કાર્ય-વિભાગોના સંચાલનકર્તા સંતો તથા સૂત્રધાર કાર્યકરો અને સેવા કરતા કુલ ૮૦,૦૦૦થી વધુ સ્વયંસેવકોનું તંત્ર સંચાલિત કરવું તે મૅનેજમેન્ટની દૃષ્ટિએ એક પડકારજનક કાર્ય હતું; પરંતુ સૌ કોઈનો અનુભવ હતો કે આ મહોત્સવ એ મૅનેજમેન્ટના સિદ્ધાંતો કરતાં સાચા હૃદયની ગુરુભક્તિનો અને દિવ્ય ગુરુકૃપાની અનુભૂતિનો મહોત્સવ હતો.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો દિવ્ય પ્રભાવ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું પાવનકારી નેતૃત્વ, પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી જેવા વરિષ્ઠ સદ્ગુરુવર્યનું સતત અનુભવપૂર્ણ માર્ગદર્શન, મહોત્સવ-સમિતિનું ભક્તિપૂર્ણ સંયોજન, ૧૦૦૦થી વધુ સમર્પિત સંતો તથા ૮૦,૦૦૦ સ્વયંસેવકોની અપાર સેવા – આ હતું મહોત્સવની સફળતાના પાયાનું તત્ત્વ. એ સૌના નામ-ઉલ્લેખનો અહીં અવકાશ નથી, પરંતુ એ સૌને જેટલાં વંદન કરીએ તેટલાં ઓછાં છે.

આ વિરાટ મહોત્સવનું, પ્રમુખસ્વામી મહારાજ નગરનું નિર્માણ, સંચાલન અને સંયોજન કરવા માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં નીચે મુજબ રચાયેલી મહોત્સવ સમિતિ સેવાકાર્ય સંભાળી રહી હતી.

અધ્યક્ષઃ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ.

માર્ગદર્શનઃ પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી, પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી.

મહોત્સવ કન્વીનરઃ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી.

સંયોજનઃ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી, પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી, પૂજ્ય નિખિલેશદાસ સ્વામી, પૂજ્ય નારાયણમુનિદાસ સ્વામી, પૂજ્ય યજ્ઞપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ઋષિરાજદાસ સ્વામી, પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી વગેરે.

**બી.એ.પી.એસ. ટેલેન્ટ મંચ પર ઝળકી પ્રતિભાઓ:**

બાળનગરીના વિસ્તારમાં રચાયેલા બે બી.એ.પી.એસ. ટેલેન્ટ મંચ સૌને માટે ખૂબ આકર્ષણરૂપ બન્યા હતા. કુલ ૮૧૦ પ્રતિભાશાળી કલાકારોએ ૨,૧૭૮ જેટલી વિશિષ્ટ પ્રસ્તુતિઓ ટેલેન્ટ મંચ પર રજૂ કરી હતી. બાળકો-યુવકોના ટેલેન્ટ મંચ પર જિમ્નાસ્ટિક્સ, વાજિંત્ર વાદન, જુગલ બંધી, સંસ્કૃત શ્લોક ગાન, ગાયન કળા (વ્યક્તિગત અને સમૂહગાન), મૅજિક શો, કઠપૂતળી પ્રસ્તુતિ, નૃત્ય, ટૉક શો, યોગાસન, ઍરોબિક્સ વગેરે પ્રસ્તુતિઓ થઈ. જ્યારે બાલિકા-યુવતીઓના ટેલેન્ટ મંચ પર ભરતનાટ્યમ્, કથક, રાજસ્થાની ઘુમ્મર, સંગીતમય યોગાસન, સત્સંગદીક્ષા શ્લોક ગાન, ઍરોબિક્સ, નાટ્ય પ્રસ્તુતિ, એકપાત્રી અભિનય, દોરડા સંતુલન જેવી વિશિષ્ટ પ્રસ્તુતિઓ થઈ. મહોત્સવ દરમ્યાન થયેલી બંને મંચની પ્રસ્તુતિઓ નિહાળવાનો લહાવો કુલ ૩૦,૧૮,૩૦૦થી વધુ દર્શનાર્થીઓએ લીધો હતો.

**સાંસ્કૃતિક કાર્યક્રમોમાં આફ્રિકન એક્રોબેટ્સ:**



શતાબ્દી મહોત્સવમાં દાર-એ-સલામ, ટાંઝાનિયાથી 'મ્પોટો થિયેટર ગ્રૂપ'ના સ્થાપક શ્રી મ્રિશો મ્પોટો સહિત ૧૦ યુવાનો પ્રમુખસ્વામી મહારાજ નગરમાં પોતાની એક્રોબેટિક્સની કળા રજૂ કરવા પધાર્યા હતા. પ્રમુખસ્વામી મહારાજના સ્નેહથી વ્યસન-મુક્ત, પવિત્ર જીવન જીવતા આફ્રિકન યુવક શ્રી સેમ્સી લેંગરાઈમ સહિત અન્ય યુવાનો આ વૃંદમાં શામેલ હતા. નગરમાં રોજ વિવિધ સ્થળોએ અને સભાઓમાં એક્રોબેટિક્સના હેરત પમાડી દેનારા પ્રયોગો કરીને આ આફ્રિકન યુવકોએ શતાબ્દી મહોત્સવમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. મહોત્સવ દરમ્યાન તેમના કાર્યક્રમોની કુલ ૧૧૧ પ્રસ્તુતિઓ કરવામાં આવી હતી.

## સુશોભન વિભાગ

- સુશોભન વિભાગમાં સેવારત સ્વયંસેવકો-કલાકારો: ૧૮૦
- તૈયાર થયેલી કલાકૃતિઓ: ૧,૭૦૦થી વધુ
- પ્રમુખસ્વામી મહારાજની વાંસમાંથી હસ્ત મુદ્રાઓ: ૧૦
- પ્રદર્શન ખંડોની અગ્રદીવાલો: ૯
- યજ્ઞ કુટિર તથા ભજન કુટિર: ૨ વિશાળ વાંસ કુટિરો
- ભક્તિમય પુરુષાર્થ: ૩,૦૨,૦૦૦ માનવ કલાકો

વિશ્વભરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આયોજિત અનેક મહોત્સવોમાં કલાકૌશલ્યો અને નગર સુશોભન ખૂબ ધ્યાનાકર્ષક રહ્યાં છે. પ્રમુખસ્વામી મહારાજે અધ્યાત્મની સાથે ભારતીય કળાઓનું પણ સંવર્ધન કર્યું છે. એ માટે તેઓએ કલાકારોને ખૂબ પ્રોત્સાહન આપ્યું છે. બી.એ.પી.એસ. સંસ્થા અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથે અનન્ય ભક્તિભાવ અને શ્રદ્ધાથી જોડાયેલા આ કલાકારોએ વિશ્વવિહારીદાસ સ્વામી, કીર્તિસાગરદાસ સ્વામી વગેરે સંતોના માર્ગદર્શન હેઠળ સુશોભન સેવાઓનો આરંભ છ મહિના પહેલાથી જ કરી દીધો હતો.

તેઓએ નગરમાં જ વિશાળ વર્કશોપમાં શિલ્પ-કલાકૃતિઓ તૈયાર કરવા માટે વાંસ, જિપ્સમ, કપડું, કાગળ, નેતર વગેરેનો ઉપયોગ કરીને સંતોએ કરેલી સંકલ્પના મુજબ અનેકવિધ કલાકૃતિઓ તૈયાર કરી. આ કલાકૃતિઓએ સમગ્ર નગરમાં ઠેર ઠેર અને બાળનગરીમાં અનોખું આકર્ષણ જમાવ્યું હતું.

પ્રમુખસ્વામી મહારાજની મહામૂર્તિ, બસ્ટ મૂર્તિ, હસ્ત મુદ્રાઓ, બાળનગરી પ્રવેશ ટાવર, બાળનગરીના પ્રદર્શન ખંડોની કલાત્મક અગ્રદીવાલો, છ પ્રદર્શન ખંડોની અગ્રદીવાલો, યજ્ઞ અને ભજન કુટિર, શાંતિનું ધામ ચાણસદ ગામ, બાળનગરી સંસ્કૃતિ રત્ન શિલ્પ, બાળનગરી એનિમલ કોર્નર્સ તેમજ નગરનાં અન્ય પ્રેરણા શિલ્પો વગેરે વિવિધ શિલ્પ-કલાકૃતિઓ રચીને સુશોભન વિભાગે પ્રચંડ પુરુષાર્થ કરીને નગરમાં કલાકૃતિઓનો અનોખો વૈભવ પાથરી દીધો હતો.

## ડેકોરેશન વિભાગ

સુશોભન વિભાગની જેમ ડેકોરેશન વિભાગ પણ કાર્ય તો સુશોભનનું જ કરતો હતો, પરંતુ અહીં મુખ્યત્વે કાર્યની અલગ વહેંચણી હતી. નારાયણમુનિદાસ સ્વામી, બ્રહ્મચરણદાસ સ્વામી, આદર્શચિંતનદાસ સ્વામી વગેરે સંતોના નેતૃત્વમાં દોડતા સુશોભન વિભાગમાં ડિઝાઇન વિભાગથી લઈને કાપડ વિભાગ જેવા ૧૧ પેટા વિભાગો હતા. આ વિભાગ દ્વારા મુખ્યત્વે નીચેની અદ્‌ભુત કૃતિઓનું સર્જન કરવામાં આવ્યું:

• ૬૭ ફૂટ ઊંચું અક્ષરધામ મહામંદિર (દિલ્હીના અક્ષરધામની હૂબહૂ પ્રતિકૃતિ) • મહામૂર્તિ સર્કલ • ભવ્ય મુખ્ય પ્રવેશદ્વાર • પ્રમુખસ્વામી મહારાજ ટાઇમ લાઇન • છ ઉપપ્રવેશ દ્વાર • પ્રદર્શન ખંડની અગ્રદીવાલો • બે ભવ્ય સુશોભનયુક્ત મંચ: નારાયણ સભામંડપ અને શતાબ્દી સ્ટેજ • સહજાનંદ જ્યોતિ મંડપમ્ • જ્યોતિ ઉદ્યાન • લાઇટ એન્ડ સાઉન્ડ શો પશ્ચાદ્‌ભૂ • બાળનગરી • પાણીની ટાંકી વગેરે.

આ વિભાગમાં ૫૫થી વધારે સંતો-પાર્ષદો અને સેંકડો સ્વયંસેવકો એક સાથે કાર્યરત હતા. આ વિભાગ દ્વારા રચાયેલાં કેટલાંક વિશિષ્ટ સર્જનો પડકારજનક હતાં. ટૂંકા સમયમાં, બિનઅનુભવી સ્વયંસેવકો દ્વારા, અનેક વિઘ્નો વચ્ચે આવું વિરાટ કાર્ય કરવું અશક્ય હતું, પરંતુ તે સાકાર બન્યું.

આ વિભાગ દ્વારા રચવામાં આવેલાં કેટલાંક વિશિષ્ટ સર્જનો:

**અક્ષરધામ :** ઊંચાઈ ૭૧ ફૂટ, પહોળાઈ ૨૧૦ ફૂટ, લંબાઈ ૨૧૦ ફૂટ, સ્તંભ ૮૮, મૂર્તિઓ ૫૫૫, ઘુમ્મટ ૯, સામરણ ૨૦.

**મુખ્ય પ્રવેશદ્વાર :** ઊંચાઈ ૫૨ ફૂટ, પહોળાઈ ૩૫ ફૂટ, લંબાઈ ૩૮૦ ફૂટ, સ્તંભ ૭૨, સંતશિલ્પ ૨૮, ઘુમ્મટ ૩૦.

**મંચ સુશોભન (નારાયણ સભામંડપ):** ઊંચાઈ ૪૫ ફૂટ, પહોળાઈ (ઊંડાઈ) ૧૦૦ ફૂટ, લંબાઈ ૧૭૫ ફૂટ.

**શતાબ્દી સ્ટેજ (મુખ્ય રંગમંચ):** ઊંચાઈ ૫૭ ફૂટ, પહોળાઈ (ઊંડાઈ) ૧૨૫ ફૂટ, લંબાઈ ૧૮૫ ફૂટ.

**લાઈટ એન્ડ સાઉન્ડ શોની પશ્ચાદ્‌ભૂ :** ઊંચાઈ ૫૫ ફૂટ, પહોળાઈ (ઊંડાઈ) ૯૦ ફૂટ, લંબાઈ ૧૮૫ ફૂટ.

**૭ પ્રદર્શન ખંડોની અગ્રદીવાલો :** ઊંચાઈ ૩૦ ફૂટ, પહોળાઈ (ઊંડાઈ) ૫ ફૂટ, લંબાઈ ૨૫૦ ફૂટ.

આ સિવાય નગરમાં સુશોભન માટે ઠેર ઠેર મુકાયેલાં સુશોભિત માટલાં, જૂનાં ગાડાં, કોઠીઓ, પટારાઓ, ઘંટુલાઓ, છાશ વલોણાંઓ વગેરે પણ નગરની શોભામાં વિશેષ ઉમેરો કરતાં હતાં.

ડેકોરેશન વિભાગે આટલું વિરાટ સર્જન કરવા માટે પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો. મહાકાય મુખ્ય પ્રવેશદ્વાર, અક્ષરધામ અને લાઇટ એન્ડ સાઉન્ડ શોની પશ્ચાદ્‌ભૂ વગેરે તો અત્યંત પડકારજનક કાર્યો હતાં. વળી, મોટા ભાગના સ્વયંસેવકો આ ક્ષેત્રમાં બિનઅનુભવી હતા. વળી, ઋતુઓનો પ્રકોપ પણ અસાધારણ હતો. આવા સંજોગોમાં ડિઝાઇન અને સ્ટ્રક્ચરથી લઈને આવી મહાકૃતિઓ ઊભી કરવાનું કાર્ય આટલા ટૂંકા સમયમાં અસંભવિત હતું, પરંતુ સંતોનાં નેતૃત્વ અને સૌનાં સંપ-સમર્પણથી આ કાર્ય સંપન્ન થઈ ગયું. વળી, આ વિભાગે પ્રમુખ જ્યોતિ ઉદ્યાનની સજાવટમાં પણ ખૂબ મહત્ત્વનું કાર્ય કર્યું હતું.

## બી.એ.પી.એસ. સ્ટોર વિભાગ

મહોત્સવમાં ઊમટનારા લાખો દર્શનાર્થીઓને પ્રેરક સાહિત્ય તથા પૂજાસામગ્રી અને બી.એ.પી.એસ. હર્બલ કેરની સામગ્રી પ્રાપ્ત થઈ શકે તે માટે નગરમાં વિશાળ બી.એ.પી.એસ. સ્ટોર ઊભો કરવામાં આવ્યો હતો. યોગીવલ્લભદાસ સ્વામી, વિમલસ્મરણદાસ સ્વામી, અક્ષરપીઠના કાર્યકર્તાઓ તેમજ ૧૧ સંતો અને ૧,૨૦૦ સ્વયંસેવકો સાથે સંચાલિત આ વિભાગે પણ કુલ ૨૦ બુકસ્ટોલ ખડા કર્યા હતા. તેમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, બંગાળી, તમિલ, તેલુગુ વગેરે મળીને ૪૭૫ પ્રકાશનો ઉપલબ્ધ હતાં. સ્વામિનારાયણીય પરંપરા, પ્રેરક જીવન ચરિત્રો, બાળસંસ્કાર, ચારિત્ર્ય ઘડતર, વ્યસનમુક્તિ વગેરે વિષયો પર પ્રકાશિત થયેલાં સ્વામિનારાયણ અક્ષરપીઠનાં આ પ્રકાશનોએ લોકોને ખૂબ આકર્ષ્યા હતા. આ ઉપરાંત પૂજા-સામગ્રી, ઘર-મંદિરો, અગરબત્તીઓ કે આયુર્વેદિક - હર્બલ કેર પ્રોડક્ટ્સ મળીને કુલ ૧,૫૦૦થીય વધુ આઇટમો અહીં પ્રાપ્ય હતી. આ વિભાગના સંચાલન માટે આધુનિકતમ કમ્પ્યૂટર વ્યવસ્થાથી લઈને ઓનલાઇન ખરીદીની સુવિધાઓ ખડી કરવામાં આવી હતી. સંસ્થાના વિદ્વાન સંતો-યુવકોએ મહોત્સવ સ્થળનાં અલગ-અલગ પાસાંને આવરી લઈને તૈયાર કરેલાં પ્રકાશનોએ, ખાસ કરીને બાળનગરીનાં પ્રકાશનોએ લોકોમાં વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. મહોત્સવ દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજનાં જીવન, કાર્ય, સંદેશને લક્ષમાં રાખીને પણ લગભગ ૩૫થી વધુ પ્રકાશનો પ્રકાશિત થયાં. આ તમામ પ્રકાશનોમાં સૌથી વધુ લોકપ્રિય પ્રકાશન એટલે ન્યૂયોર્કના વિદ્વાન અને સંનિષ્ઠ યુવક શ્રી યોગીભાઈ ત્રિવેદી લિખિત અને વિશ્વપ્રસિદ્ધ પ્રકાશન સંસ્થા પેંગ્વિન દ્વારા અંગ્રેજીમાં પ્રકાશિત પુસ્તક. In Love, At Ease નામનું આ પુસ્તક પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વને એક અલગ રીતે ઉપસાવે છે. આ પુસ્તકનું ઉદ્‌ઘાટન પણ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા મહોત્સવમાં કરવામાં આવ્યું, જેની આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધિ થઈ છે. (વિશેષ પરિચય આગામી અંકોમાં)




## દૃશ્ય-શ્રાવ્ય વિભાગ

- સ્વયંસેવકો : ૩૫૦થી વધુ
- વીડિયોનું નિર્માણ : ૭૮૦
- કુલ વીડિયો ડેટા : ૨૬૧ ટીબી
- કુલ વીડિયો સંગ્રહ : ૧,૨૧,૭૯૧
- કુલ લેવાયેલા ફોટોગ્રાફ્સ : ૨૧,૧૭,૪૦૨

આવા ભવ્ય અને દિવ્ય મહોત્સવને આવનારી અનેક પેઢીઓ સુધી ચિરંતન બનાવવા માટે દૃશ્ય-શ્રાવ્ય વિભાગે ખૂબ જ મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી. આ વિભાગે મહોત્સવની તમામ કાર્યવાહીઓનું, શતાબ્દી નગરના નિર્માણની કાર્યવાહીઓનું તેમજ રોજ અલગ અલગ સ્તરે યોજાતા કાર્યક્રમોનું વીડિયો દ્વારા દસ્તાવેજીકરણ કરવાનું મહત્ત્વનું કાર્ય કર્યું. રોજ થતા જુદા જુદા કાર્યક્રમોનું વીડિયો સંકલન કરીને 'આજની હાઇલાઇટ્સ' તરીકે 'ગુજરાત ફર્સ્ટ' ન્યૂઝ ચેનલ, 'આસ્થા' ચેનલ, અમેરિકાની 'ટીવી એશિયા' વગેરે દ્વારા નિયમિત રૂપે હિન્દી અને અંગ્રેજીમાં પ્રકાશિત કરવામાં આવતી હતી. આ વીડિયો નિર્માણનું કાર્ય દૃશ્ય-શ્રાવ્ય વિભાગે ખૂબ સક્ષમતાથી નિભાવ્યું. આ માટે ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ ચેનલના સ્ટુડિયોનું એન્કરિંગ તથા લાઇવ ઇન્જેસ્ટ સિસ્ટમનો ઉપયોગ કરીને રોજની હાઇલાઇટ્સ લાખો લોકો સુધી પહોંચાડવામાં આવતી હતી. રોજ રાત્રે ૮:૩૦ વાગે સભા કાર્યક્રમ પૂર્ણ થાય તે સાથે જ આ વીડિયોનું એડિટિંગ કરીને તેને બ્રૉડકાસ્ટ માટે મોકલી આપવામાં આવતી હતી.

આ ઉપરાંત, રોજ સંપૂર્ણ સંધ્યા કાર્યક્રમોનું જીવંત પ્રસારણ

કરવામાં પણ આ વિભાગે ખડે પગે રહીને કાર્ય કર્યું. મહંત સ્વામી મહારાજની રોજની ગુરુહરિ દર્શન વીડિયો, રોજ અનેક મહાનુભાવો અને દર્શનાર્થી જનતાના ઇન્ટરવ્યૂથી લઈને મહોત્સવના દસ્તાવેજીકરણ સુધીની અનેક કાર્યવાહીઓનું પણ આ વિભાગે 4K ગુણવત્તાનું વીડિયોકરણ કર્યું હતું. આ વિભાગ દ્વારા એક સેન્ટ્રલ સર્વર સિસ્ટમ ઊભી કરવામાં આવી હતી. તેના કારણે મીડિયા વિભાગ, પી.આર. વિભાગ વગેરે વિભાગો સાથે મહાકાય વીડિયો ડેટાની સહજતાથી આપ-લે કરી શકાતી હતી. તેના કારણે સોશિયલ મીડિયાથી લઈને જીવંત પ્રસારણ સુધીનાં અનેક કાર્યો સુગમ બન્યાં. આ માટે આઇ.ટી. વિભાગે ૨૬ કિ.મી. ફાઇબર લાઇનનું નેટવર્ક કર્યું હતું.

વળી, આ વિભાગે છ જગ્યાઓ પર લાઇવ બ્રૉડકાસ્ટ કરતી બ્રૉડકાસ્ટ સિસ્ટમ દ્વારા મહોત્સવના ઉદ્‌ઘાટન કે સમાપન સમારોહથી લઈને વિવિધ કાર્યક્રમોને પ્રસારિત કર્યા હતા.

આ ઉપરાંત, લાઇટ એન્ડ સાઉન્ડ શો અને અન્ય કાર્યક્રમોનું વીડિયો શૂટિંગ, તેના મહાકાય પ્રોજેક્ટરની વ્યવસ્થા વગેરે કાર્યોમાં પણ આ વિભાગે ખંતપૂર્વક સેવાઓ બજાવી હતી. આ વિભાગમાં સેવા કરવા માટે દિવસ-રાત મહેનત કરતા ૩૭૫ જેટલા યુવકોમાંથી ખૂબ મોટી સંખ્યામાં યુવાનો વિદેશથી આવ્યા હતા. તેમાંથી કેટલાકે આ સેવા માટે પોતાની પ્રતિષ્ઠિત નોકરી છોડી હતી. અન્ય ભાવિકોની સેવા પણ અવિસ્મરણીય છે. મુંબઈના પ્રસિદ્ધ લાઇટિંગ કોન્ટ્રાક્ટર શ્રી રવિભાઈએ છ ઇલેક્ટ્રિશિયન માણસો સાથે અત્યંત મોંઘી લાઇટો સેવામાં આપી હતી, તો કોઈએ કમ્પ્યૂટરો સેવામાં આપ્યાં હતાં.

નિખિલેશદાસ સ્વામી, નિષ્કામજીવનદાસ સ્વામી, વિમલયોગીદાસ સ્વામી, ત્યાગપુરુષદાસ સ્વામી, સરલહૃદયદાસ સ્વામી વગેરે ૧૬ સંતોએ મહોત્સવ સમિતિના માર્ગદર્શન મુજબ કાર્યભાર સંભાળ્યો હતો.

## આઇ.ટી. અને ટેલિકોમ વિભાગ

મહોત્સવની અનેકવિધ ગતિવિધિઓને ઝડપી, સરળ અને અસરકારક બનાવવા માટે આધુનિકતમ ટેક્નોલોજીનો પણ ભરપૂર વિનિયોગ કરવામાં આવ્યો હતો. તેમાં આઇ.ટી., કમ્પ્યૂટર અને ટેલિકોમ વિભાગનો ફાળો મહત્ત્વનો હતો. મહોત્સવના દરેક કાર્યવિભાગને કસ્ટમાઇઝ્ડ સૉફ્ટવેર સાથે ડેટા નેટવર્ક, ઇન્ટરનેટ, કમ્પ્યૂટર, ટેલિકોમ વગેરે સુવિધાઓ પૂરી પાડવાની જવાબદારી આ વિભાગે નિભાવી હતી. મહોત્સવ સમિતિના માર્ગદર્શન હેઠળ પરમવિવેકદાસ સ્વામી, નિર્ગુણ-ચરિતદાસ સ્વામી, નીલકંઠમુનિદાસ સ્વામી વગેરે ૧૪ સંતો તેમજ સ્વયંસેવકોએ નગરના ચેતાતંત્ર સમી આ વ્યવસ્થાનું સુંદર સંચાલન કર્યું હતું. સમગ્ર નગરમાં આશરે ૨૫ કિ.મી. જેટલો ફાઇબર કેબલ, ૨૭ કિ.મી. કેટ-૬નું જાળું રચવામાં આવ્યું હતું. આટલા વિશાળ નેટવર્ક સાથે ૭૦૦થી વધુ કમ્પ્યૂટર્સ, ૩૭૫થી વધુ પ્રિન્ટર્સ, ૪૬૫થી વધુ યુપીએસ, ૧૩૦ ફાઇબર લોકેશન, ૨૦ સર્વર્સ અને ૧૯ ક્લાઉડ સર્વર્સનું વિશાળ તંત્ર સંચાલિત કરવાનું આસાન નહોતું. સમગ્ર નગરમાં સેન્ટ્રલાઇઝ્ડ નેટવર્ક સ્થાપીને દરેક વિભાગને તેમની જરૂરિયાત મુજબ ખાસ સુવિધાઓ આપવામાં આવી હતી. દરેક વિભાગને લૅન અથવા વાયરલેસ સાધનો દ્વારા હાઇસ્પીડ ઇન્ટરનેટ પણ પૂરું પાડવામાં આવ્યું હતું. નેટવર્ક ડિવાઇસ મૅનેજમૅન્ટથી લઈને ડેટા સેન્ટર ડિઝાઇન અને તેના સર્જન સુધીની તમામ જવાબદારીઓ સંતો અને સ્વયંસેવકોએ સુંદરતાથી સંભાળી હતી.

આ બધી સુવિધાઓની સાથે સાથે વાઈફાઈ બેઝ્ડ ફાયર ડિટેક્શન સિસ્ટમ, વિશાળ જનસમુદાયને માર્ગદર્શન આપતી ડિજિટલ સાઇનેજ મૅનેજમૅન્ટ સિસ્ટમ, પ્રદર્શન મૅનેજમૅન્ટ સિસ્ટમ વગેરે ઉપરાંત જુદા જુદા વિભાગોની ૩૭થી વધુ એપ્લિકેશનનું સર્જન પણ આઇ.ટી. વિભાગે સંયોજિત કર્યું હતું. મહોત્સવની વિશાળ ડેટા ટ્રાન્સફરિંગ સિસ્ટમમાં સૌથી વધુ અગત્યની બાબત દૃશ્ય-શ્રાવ્ય વિભાગના ડેટાનું સંચાલન કરવાની હતી. આઇ.ટી. વિભાગે તેનું સુંદર નેટવર્ક કરી આપીને એ કાર્યવાહીને ખૂબ સરળ, સક્ષમ અને ઝડપી બનાવી હતી.

## મહિલા વિભાગ

પ્રમુખસ્વામી મહારાજ નગર ખાતેના વિવિધ સેવા વિભાગોમાં ભાઈઓની સમાંતરપણે બહેનોની સેવાઓનું યોગદાન પણ અનન્ય રહ્યું હતું. સ્વયંસેવક દળ, રસોડા વિભાગ, પ્રેમવતી ઉપાહાર ગૃહ, વિવિધ પ્રદર્શન ખંડો, સાંસ્કૃતિક વિભાગ, સ્વચ્છતા વિભાગ, ઉતારા વિભાગ, ફૂલહાર વિભાગ, સભાવ્યવસ્થા વિભાગ, ડેકોરેશન વિભાગ, પ્રેસ અને પી.આર. વિભાગ, મૅડિકલ વિભાગ, સલામતી વિભાગ વગેરે ૩૪ જેટલા વિભાગોમાં ૩૩,૦૦૦ કરતાં પણ વધુ યુવતીઓ અને મહિલાઓની સેવાઓનું પ્રશંસનીય યોગદાન રહ્યું હતું. (વિશેષ માટે જુઓ : પ્રેમવતી શતાબ્દી વિશેષાંક)

## સ્વાગત કક્ષ વિભાગ

શતાબ્દી મહોત્સવમાં સહયોગ આપનાર નાના-મોટા અનેક ખેડૂતો, સહયોગીઓ તેમજ નાનાં-નાનાં કેન્દ્રોથી લઈને મહાનગરો સુધીના હજારો સ્થાનિક મહાનુભાવોની સેવા-સરભરા કરતો વિભાગ એટલે સ્વાગત કક્ષ. ગરીબ હોય કે તવંગર, સૌની સેવા-સરભરા કરવાનું પ્રમુખસ્વામી મહારાજનું એક આગવું અંગ હતું. મહાનુભાવો સાથે આવનાર નોકરોની પણ ચિંતા કરીને સ્વામીશ્રી તેઓની સંભાવના કરાવતા! તે મહિમાથી સ્વાગત કક્ષ વિભાગે ઝીણવટભર્યું આયોજન કરીને મહોત્સવ દરમ્યાન લાખો લોકોની સેવા-સંભાવના કરી હતી. મહોત્સવમાં ઊમટનારા જુદા જુદા પંથ-સંપ્રદાયના હજારો સંતો-મહંતોની પણ સેવા-સરભરા આ વિભાગે કરી હતી.

આ વિભાગની કાર્યવાહી રૂપે શતાબ્દી મહોત્સવમાં નાના-મોટા કોઈપણ સ્તરે સાથ, સહકાર, સેવા આપનાર ભાવિકો તથા નાના-મોટા વિસ્તારના ધર્માત્માઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. નગરમાં પધારેલા આમંત્રિત મહાનુભાવનું રજિસ્ટ્રેશન કરીને સ્વાગત કક્ષમાં તેમની સંભાવના કરવામાં આવી હતી. અહીં સ્વયંસેવકો તેમને નગરનાં આકર્ષણો વિષયક માહિતી આપે, ત્યારબાદ તેમણે ફાળવેલા સમય અને રુચિ અનુસાર સ્વયંસેવકો તેમની દર્શનયાત્રાનું આયોજન કરી આપતા હતા. દિવ્યાંગ અને વયસ્ક મહાનુભાવો માટે વ્હીલચેર અને ઈ-રિક્ષાની પણ વ્યવસ્થા કરવામાં આવી હોવાથી સૌ ખૂબ રાજી થયા હતા. કોઈ મહાનુભાવોને જે તે વિસ્તારના સ્થાનિક સંતોને મળવું હોય તો તે માટે પણ અલાયદા કક્ષ આરક્ષિત રાખવામાં આવ્યા હતા.

સંતો-મહંતો દેશના ખૂણે-ખૂણેથી અહીં પણ પધાર્યા હતા. તે સૌનું સંસ્થા વતી સંતો પરંપરા પ્રમાણે પુષ્પહાર, શાલ, ભેટ આપીને તેઓનું સ્વાગત કરતા હતા. સૌ સંતો માટે ભોજનની પણ વ્યવસ્થા અહીં એક અન્ય કક્ષમાં કરવામાં આવી હતી.

સ્વાગત કક્ષ વિભાગમાં જ્ઞાનેશ્વરદાસ સ્વામી, રાજેશ્વરદાસ સ્વામી, શ્રીજીપ્રકાશદાસ સ્વામી, ભક્તિતનયદાસ સ્વામી, ચિન્મયદાસ સ્વામી, યજ્ઞસેતુદાસ સ્વામી વગેરે સંતો અને ૫૦૦ સ્વયંસેવકોએ આવનાર સૌની ખૂબ ખંતથી, વિનમ્રતાથી કરેલી સેવાથી સૌનાં અંતરમાં ઊંડી છાપ પડી હતી.

## આઈ.આર.સી. વિભાગ

દુનિયાભરમાં ખૂણે ખૂણે વસતા બી.એ.પી.એસ. હરિભક્તો શતાબ્દી મહોત્સવનો લાભ લેવા ઊમટવાના હતા. વિદેશથી પધારનારા એ હજારો હરિભક્તોની વ્યવસ્થા સચવાય તે માટે પ્રમુખસ્વામી નગરમાં ઈન્ટરનેશનલ રિસેપ્શન સેન્ટર (આઈ.આર.સી.) વિભાગ કાર્યરત હતો. આ વિભાગના પૂર્વ આયોજન ઉપક્રમે અલગ અલગ ટાઈમ ઝોનમાં રહેતા સંતોએ કોન્ફરન્સ કોલ દ્વારા સુંદર આયોજન કર્યું હતું. ઋષિરાજદાસ સ્વામી, યજ્ઞવલ્લભદાસ સ્વામી, વિવેકમૂર્તિદાસ સ્વામી, યોગવિવેકદાસ સ્વામી, પ્રબુદ્ધમુનિદાસ સ્વામી, પ્રિયવ્રતદાસ સ્વામી, અમૃતસ્વરૂપદાસ સ્વામી, પરમચિંતનદાસ સ્વામી વગેરે સંતોએ વિદેશથી આવનારા હજારો ભક્તોની સંભાવના કરી હતી.

આટલી મોટી સંખ્યામાં હરિભક્તો પધાર્યા હોવાથી આયોજન કરવું એ પણ પડકાર ભર્યું હતું. સૌ પ્રથમ મહોત્સવમાં પધારનાર હરિભક્તોનું કમ્પ્યૂટર પ્રોગ્રામ દ્વારા રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું. આઇ.આર.સી. વિભાગમાં જુદા જુદા દેશોના રજિસ્ટ્રેશન કાઉન્ટર કરવામાં આવ્યાં હતાં. અહીં હરિભક્તોની પ્રાથમિક જરૂરિયાત જેમ કે મોબાઈલ સીમકાર્ડ, ટ્રાન્સપોર્ટ, ટેક્સી બુકિંગ, ટ્રેન બુકિંગ, ફ્લાઇટ બુકિંગ વ્યવસ્થા, અન્ય ધાર્મિક સ્થળોની દર્શન વ્યવસ્થાનું માર્ગદર્શન વગેરેની સહાય કરવામાં આવતી હતી. સાથે સાથે આ ભક્તો માટે પાર્કિંગ, ઉતારા, ભોજન માટેના પાસ ઉપરાંત સૌની વિશેષ સવલત માટે એક ટેલિગ્રામ ચેનલ શરૂ કરવામાં આવી, જેમાં મહોત્સવને લગતી વિવિધ માહિતીઓ સતત અપાતી રહેતી. ઈશ્વરચરણદાસ સ્વામીએ આ હરિભક્તો માટે સ્વામીશ્રીની પ્રાતઃપૂજા દર્શનની પણ વ્યવસ્થાનું આયોજન કરી આપ્યું. વિદેશના હજારો સમર્પિત હરિભક્તોની સેવા સ્વયંસેવકોએ ખૂબ મહિમાપૂર્વક કરીને તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સૌને અપેક્ષા કરતાં વધારે વિશેષ સેવા, સહયોગ અને સગવડ પ્રાપ્ત થતાં સૌ વિશેષ આનંદિત થયા હતા.

## પી.આર. વિભાગ

- કુલ અતિથિ મહાનુભાવોની સરભરા: ૧,૬૩,૮૯૬
- મુખ્ય મંચ અને કોન્ફરન્સમાં પધારેલા મહાનુભાવો: પ્રૉફેશનલ કોન્ફરન્સ: ૧૩,૨૧૩, ઍકેડૅમિક કોન્ફરન્સ: ૧,૬૭૬, કુલ મંચસ્થ મહાનુભાવો: ૨,૦૩૭

સ્વાગત કક્ષ અને ઇન્ટરનેશનલ રિસેપ્શન સેન્ટર દ્વારા મહોત્સવમાં સહયોગ આપનારા ખેડૂતો કે નાનાં નાનાં કેન્દ્રોના સ્થાનિક અગ્રણીઓથી માંડીને વિદેશોમાંથી આવેલા હજારો દર્શનાર્થીઓની સેવા-સંભાવના કરવામાં આવી...






- કુલ દેશોમાંથી આવેલા મહાનુભાવો: ૪૦ દેશો
- સોશિયલ મીડિયા આઉટરીચ: (ડિસે. '૨૨થી જાન્યુ. '૨૩ દરમ્યાન) ૩.૬૯ અબજ
- મહાનુભાવોના લેવાયેલાં વીડિયો ઇન્ટરવ્યૂ: ૮૮૬
- મહાનુભાવોની કુલ ગાઈડેડ ગ્રૂપ ટ્રિપ્સ: ૯,૯૨૮

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં ૩૦ દિવસ સુધી ચાલનારા વિવિધ મંચ કાર્યક્રમોથી લઈને કોન્ફરન્સ અને અન્ય કાર્યક્રમોમાં કે નગરદર્શન માટે પધારનાર મહાનુભાવો માટે આ ગેસ્ટ રિસેપ્શન વિભાગ કાર્યરત હતો. બ્રહ્મવિહારીદાસ સ્વામી, જ્ઞાનવત્સલદાસ સ્વામી, શુકમુનિદાસ સ્વામી, અમૃતવિજયદાસ સ્વામી, પ્રસન્નમુનિદાસ સ્વામી વગેરે સંતોએ આ વિભાગનું સંચાલન કર્યું.

આ વિભાગની કામગીરી જાન્યુઆરી-૨૦૨૨થી શરૂ થઈ હતી. સૌ પ્રથમ વિભાગના સંતોની જનરલ મીટિંગ યોજાઈ, તેમાં ફક્ત મંચ પરના મહાનુભાવો અને નગરની મુલાકાતે આવનાર પ્રતિષ્ઠિત મહાનુભાવોની યાદી નિર્ધારિત કરવામાં આવી. આયોજન પ્રમાણે વેબ પોર્ટલ દ્વારા દરેક મંદિરના કોઠારી સંતો, વિભાગીય વડાઓ, સહાયક સંતો, સહાયક કાર્યકરોને જોડવામાં આવ્યા. સૌએ પોતપોતાના ક્ષેત્રના મહાનુભાવોનાં નામ પોર્ટલ પર મૂક્યાં. આ રીતે પ્રથમ ડેટાબેઝ તૈયાર કરાયો. તે પ્રમાણે કુલ ૧૫,૦૦૦ આમંત્રણ પત્રિકાઓ સાથે જે તે વિસ્તારમાં આવેલા બી.એ.પી.એસ. મંદિરના કોઠારી સંતોએ મહાનુભાવોને ત્યાં રૂબરૂ જઈને મહોત્સવનું આમંત્રણ પાઠવ્યું. આ પત્રિકા પર બારકોડ લગાવવામાં આવ્યો હતો, જેથી નગરમાં તેને સ્કેન કરીએ તો બધી જ ડિટેલ્સ સરળતાથી મળી જતી. ત્યારબાદ ફરીથી મહાનુભાવોનું કન્ફર્મેશન લેવામાં આવ્યું અને બારકોડ યુક્ત કાર પાર્કિંગ પાસ વગેરેની વ્યવસ્થા ગોઠવવામાં આવી. કન્ફર્મેશનને આધારે પી.આર. વિભાગના સ્વયંસેવકોનાં ગ્રૂપ નક્કી કરવામાં આવ્યાં.

પી.આર. વિભાગમાં સેવા આપનાર સ્વયંસેવકોને ચાર ઓનલાઈન સત્ર અને નગરમાં પણ ઝીણવટભરી તાલીમ આપ્યા બાદ આઇ.ડી. કાર્ડ તેમજ ખાસ તૈયાર કરાયેલી વેશભૂષાથી સજ્જ કરાયા.

આમંત્રિત મહાનુભાવો જ્યારે નગરમાં દર્શનાર્થે પધારતા ત્યારે રજિસ્ટ્રેશન બાદ સ્વાગત કક્ષમાં અલ્પાહાર બાદ સ્વયંસેવકો મહાનુભાવોની અનુકૂળતા મુજબ નગરયાત્રા માટે લઈ જતા હતા. પ્રદર્શન ખંડો કે લાઇટ એન્ડ સાઉન્ડ શોમાં અગ્ર હરોળમાં મહાનુભાવોને સ્થાન મળે તે માટે ખાસ રિસ્ટ બેન્ડની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. મહાનુભાવો નગર વિશેના પોતાના અનુભવો પ્રસ્તુત કરી શકે તે માટે વિભાગની બાજુમાં જ ભોજન ખંડ અને વીડિયો ઇન્ટરવ્યૂ ખંડ રચવામાં આવ્યા હતા. મહાનુભાવોના મિલન કક્ષથી લઈને ભોજનની પણ સુંદર વ્યવસ્થા અહીં કરવામાં આવી હતી.

**પ્રોફેશનલ કોન્ફરન્સનું સુંદર આયોજન:**

આ જ વિભાગની સાથે સંકળાયેલો વિભાગ હતો – કોન્ફરન્સ વિભાગ. જ્ઞાનવત્સલદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી વગેરે સંતોના નેતૃત્વમાં મૅડિકલ નિષ્ણાતો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, આર્કિટેક્ટ્સ વગેરે વિવિધ પ્રૉફેશનલ્સનાં એસોસિએશન દ્વારા નગરના કોન્ફરન્સ ખંડમાં જે તે કોન્ફરન્સ યોજાય તેવું આયોજન કરવામાં આવ્યું. આ કોન્ફરન્સમાં ભારતભરમાંથી રાષ્ટ્રીય સ્તરના પ્રતિષ્ઠિત મહાનુભાવોને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. જુદી જુદી કોન્ફરન્સ માટે નવેમ્બર મહિનામાં આમંત્રણ પત્રિકા અને રજિસ્ટ્રેશન લિંક તૈયાર કરવામાં આવી, જેમાં સૌએ ખૂબ મોટી સંખ્યામાં રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આમંત્રિત મહેમાનો માટે કાર પાસ વગેરેની અનેકવિધ વ્યવસ્થાઓ આ વિભાગે ગોઠવી દીધી.

કોન્ફરન્સ ખંડ માટે વાતાનુકુલિત જર્મન ડોમ બનાવ્યો હતો. વિશાળ મંચ, વોલ ટુ વોલ કાર્પેટ અને એલ.ઇ.ડી. સ્ક્રીનથી

પી.આર. વિભાગના સ્વયંસેવકોએ સભા મંચના મહાનુભાવોને નિમંત્રિત કરવાથી માંડીને દેશ અને દુનિયાના ૧,૬૩,૦૦૦થી વધુ મહાનુભાવોની પ્રમુખસ્વામી મહારાજ નગરમાં સેવા-સંભાવના કરી...










**સૌના આકર્ષણનું કેન્દ્રઃ પ્રમુખસ્વામી મહારાજનું વિશાળ બબલ પેઇન્ટિંગ**

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવના ઉપક્રમે લંડનના યુવક મંડળના શ્રી ચિરાગભાઈ, અક્ષરભાઈ વગેરે ઉત્સાહી યુવકોને ઇચ્છા થઈ કે આ શતાબ્દી મહોત્સવ નિમિત્તે પ્રમુખસ્વામી મહારાજની છબિનું બબલ પેઇન્ટિંગ બનાવીને એક નવો કીર્તિમાન રચીએ. અને લંડનના સૌ યુવકો તેમાં હોંશે હોંશે જોડાઈ ગયા. પ્રમુખસ્વામી મહારાજની ખૂબ જ વિખ્યાત છબિ આ પેઇન્ટિંગ માટે પસંદ કરવામાં આવી. સંતોના માર્ગદર્શન અનુસાર ૨૫ × ૪૫ ફૂટનું કદ નક્કી કરવામાં આવ્યું. આ છબિ અનુસાર તેનો કમ્પ્યૂટર પ્રોગ્રામ બનાવાયો. તે પ્રમાણે આ વિશાળ પેઇન્ટિંગને ૧૦૪ ફ્રેમમાં વિભાજિત કરવામાં આવ્યું. બબલની સાઈઝની પસંદગી થયા પછી પ્રથમ લાકડાની ફ્રેમ પર બબલ રેપ ચોંટાડવામાં આવ્યા. દરેક બબલનું કમ્પ્યૂટર પ્રોગ્રામ પ્રમાણે માર્કર પેન વડે ચોક્કસ નંબરિંગ અને તેમાં પૂરવાના રંગનો નંબર લખવામાં આવ્યો. આ કાર્ય ખૂબ ઝીણવટ, મહેનત અને ધીરજ માંગી લે તેવું હતું. ત્યારબાદ તે નંબર પ્રમાણે નિશ્ચિત કરાયેલો રંગ ઇંજેક્શન દ્વારા ધીમે ધીમે દરેક બબલમાં ભરવામાં આવ્યો. આમ, ૮,૫૦,૦૦૦ બબલ્સમાં વિવિધ ૩૨૦ રંગ ભરવામાં આવ્યા. દરેક બબલ ભરતી વખતે ધ્યાન રાખવાની બાબત એ હતી કે જો બબલમાં રંગ વધારે ભરાઈ જાય તો તે નાજુક બબલ ફૂટી જતો, જેથી અમુક નિશ્ચિત ભાગ નવેસરથી કરવો પડતો. તેથી સાવચેતી રાખીને સૌ રંગ ભરવાનું કાર્ય કરતા હતા. રંગ ભરાઈ ગયા પછી તેને ૪૫ દિવસ સુધી એક અલાયદા સ્થાન પર સૂકવવામાં આવ્યું હતું. આમ, ૧૫૦થી વધુ યુવક-યુવતીઓની છ મહિનાની મહેનતના અંતે આ વિશાળ પેઇન્ટિંગ તૈયાર થયું. આ વિશાળ પેઇન્ટિંગમાં ૩૫૦ લિટર રંગ અને ૨૧,૦૦૦થી વધુ સોય ને ૫ એમ.એલ.નાં હજારો ઇંજેક્શનોનો ઉપયોગ થયો હતો.

આ ૪,૫૦૦ કિલોનું પેઇન્ટિંગ લંડનથી અમદાવાદ લાવવું એ પણ એક પડકાર હતો. સૌએ બબલ ફૂટી ન જાય એ રીતે તકેદારી રાખીને વિવિધ ફ્રેમોને પેકિંગ કરી. ત્યારબાદ હવાઈ માર્ગે આ પેઇન્ટિંગને મહોત્સવ સ્થળે લાવવામાં આવ્યું. અહીં પ્રદર્શન ખંડ 'સંત પરમ હિતકારી'ની બહારની દીવાલ પર લંડનના યુવકોએ આઠ દિવસ સુધી દિવસ-રાત મહેનત કરીને આ પેઇન્ટિંગને આખરી ઓપ આપ્યો હતો. લાખો દર્શનાર્થીઓ આ ભક્તિસભર આબેહૂબ પેઇન્ટિંગ નિહાળીને અભિભૂત થઈ ગયા. આ પેઇન્ટિંગે એક વિશ્વવિક્રમ સર્જ્યો છે.

સજ્જ કોન્ફરન્સ ખંડમાં નિર્ધારિત દિવસે મહાનુભાવો ૯-૩૦ વાગ્યે પધારતા. રજિસ્ટ્રેશન અને અલ્પાહાર બાદ ટેકનિકલ સત્ર શરૂ થતું, જેમાં રાષ્ટ્રીય સ્તરના આમંત્રિત વક્તાઓ રજૂઆતો કરતા. ૧૨-૦૦ થી ૧૨-૩૦ ટી-બ્રેક બાદ ૧૨-૩૦ થી ૧-૧૫ સુધી બીજું સત્ર યોજાતું, જેમાં ૨૦ મિનિટ સંત પ્રવચન અને નગરના આયોજન અને પ્રમુખસ્વામી મહારાજનાં જીવન અને કાર્ય વિષયક વીડિયોની પ્રસ્તુતિ થતી. ત્યારબાદ દ્વિતીય ટેકનિકલ સત્રમાં ચર્ચા-વિચારણા થતી. કોન્ફરન્સની પૂર્ણાહુતિ બાદ સૌ ભોજન ગ્રહણ કરીને નગર દર્શને પધારતા હતા. ગેસ્ટ રિસેપ્શન વિભાગના સ્વયંસેવક-સેવિકાઓ મહાનુભાવોને નગર દર્શને લઈ જતાં. રાત્રિભોજનનો સમય થતાં સૌ પરત ફરતા ત્યારે સૌને સ્મૃતિભેટ અર્પણ થતી હતી. નારાયણ સભાગૃહમાં નિત્ય ઉપસ્થિત રહેતા મંચસ્થ મહાનુભાવોને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવતું હતું. તા. ૧૬ ડિસેમ્બર થી ૧૦ જાન્યુઆરીની વચ્ચે કુલ ૧૪ કોન્ફરન્સ યોજાઈ હતી.

મંચસ્થ મહાનુભાવોને ગોલ્ફકાર્ટમાં એક બાળ-બાલિકા નગર પરિચય કરાવતાં હતા. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષામાં છટાદાર રીતે નગર પરિચય આપતાં બાળકોને નીરખીને મહાનુભાવો ખૂબ જ પ્રસન્ન થતા હતા.

**એકેડેમિક કોન્ફરન્સ દ્વારા વિદ્વાનોને અપાયો મંચઃ**

શતાબ્દી મહોત્સવની અનેક વિશેષતાઓમાંની એક વિશેષતા હતી – મહોત્સવ દરમ્યાન યોજાયેલી સાત ઍકેડૅમિક કોન્ફરન્સ. પ્રમુખસ્વામી મહારાજે અનેકવિધ કાર્યો દ્વારા ઍકેડૅમિક ક્ષેત્રે અનોખાં પ્રદાનો આપ્યાં છે. એટલે જ શતાબ્દી મહોત્સવે તેઓને અંજલિ આપવા માટે જુદા જુદા વિષયની ઍકેડૅમિક કોન્ફરન્સમાં દેશ-વિદેશના વિદ્વાનોને નિમંત્રિત કરવામાં આવ્યા હતા. ગેસ્ટ રિસેપ્શન વિભાગની સાથે ઍકેડૅમિક કોન્ફરન્સ માટે એક ખાસ કોન્ફરન્સ ખંડ રચવામાં આવ્યો હતો. ઇતિહાસ, મંદિર સ્થાપત્ય, નારી ઉત્કર્ષ, આદિવાસી ઉત્કર્ષ, દલિત ઉત્કર્ષ, સંત-સાહિત્ય અને દર્શન-શાસ્ત્ર વગેરે વિષયો પર યોજાયેલી આ કોન્ફરન્સમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (દિલ્હી) સાથે વિવિધ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ, નામાંકિત ઍકેડૅમિક શોધ સંસ્થાનો અને કલા સંસ્થાનો પણ જોડાયાં હતાં. કોન્ફરન્સમાં દેશ-વિદેશના પ્રતિષ્ઠિત વિદ્વાનોને નિમંત્રણ આપવાથી લઈને તમામ કાર્યવાહી કરવા માટે ભદ્રેશદાસ સ્વામી, શ્રુતિપ્રકાશદાસ સ્વામી, આત્મતૃપ્તદાસ સ્વામી અને અક્ષરવત્સલદાસ સ્વામી વગેરે સંતો સાથે સ્વયંસેવકોએ નોંધપાત્ર સેવા કરી હતી.

**(અન્ય વિભાગોઃ આ ઉપરાંત સભા કાર્યક્રમ અને સભા વ્યવસ્થા વિભાગ, લિગલ અને એકાઉન્ટ્સ વિભાગ, અહેવાલ વિભાગ તથા નાના-મોટા અન્ય વિભાગોની કાર્યવાહી પણ પ્રશંસનીય રહી હતી. સ્થળ સંકોચને કારણે આ વિભાગોના અહેવાલો અત્રે સમાવી શકાયા નથી.)** ◆



## પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવની ચિરંતન ફલશ્રુતિઓ...

સનાતન ધર્મ પરંપરા, પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલી મહાન આધ્યાત્મિક પરંપરા તેમજ વિશ્વની ધાર્મિક વિભૂતિઓમાં આ સદીનું એક તેજસ્વી નામ એટલે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ. તેમનાં જીવન, કાર્ય અને સંદેશનો પ્રભાવ આવનારી અનેક પેઢીઓ ઉપર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે છવાયેલો રહેશે. આ પ્રાતઃસ્મરણીય સંતવિભૂતિ એટલે ભારતની મહાન સંતપરંપરાના આ યુગના એવા પ્રતિનિધિ કે જેમને અંજલિ અર્પવાથી જાણે ભારતની વિરાટ સંતપરંપરાનાં ચરણોમાં સહજ વંદન થઈ જાય.

એવા યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજના જન્મ શતાબ્દી મહોત્સવની શાનદાર ઉજવણી તેમના આધ્યાત્મિક અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં કરોડો ભક્તો-ભાવિકો, શુભેચ્છકો, સ્વયંસેવકો અને સંતોનાં સેવા-સમર્પણથી સંપન્ન થઈ ગઈ. અહીં રોજ ઊમટનારા સામાન્ય વર્ગના દર્શનાર્થીઓથી લઈને દેશ અને દુનિયાનાં અલગ અલગ ક્ષેત્રોના અનેક ધુરંધરો કે પ્રસાર માધ્યમોને મહોત્સવનું વિશ્લેષણ કરતાં અનેક વિશેષણો પણ ઓછાં પડ્યાં. સૌએ આ મહોત્સવને પવિત્ર પ્રેરણાઓના એક અદ્વિતીય વૈશ્વિક અવસર તરીકે ગણાવ્યો.

આંતરરાષ્ટ્રીય સ્તરે ઊજવાયેલા માનવ ઉત્કર્ષના આ ભવ્ય મહોત્સવની ફલશ્રુતિ ક્યારેય આંકડાઓમાં કે શબ્દોનાં વર્ણનોમાં માપી શકાશે નહીં. આ મહોત્સવની ખરી ફલશ્રુતિ તો અહીંથી પ્રેરણા પામનારા લાખો લોકોના રોજબરોજના જિવાતા જીવનમાં અનુભવાશે. નાત, જાત, રંગ, વર્ગ, ધર્મ, દેશ વગેરે તમામ ભેદભાવોથી પર જઈને માનવમાત્રની નિઃસ્વાર્થ સેવા કરનાર મહાન સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજે આપેલો સેવા, ભક્તિ, સત્સંગનો આધ્યાત્મિક વારસો આવનારી અનેક પેઢીઓ સુધી જીવંત રહેશે, એ શતાબ્દીની ફલશ્રુતિ છે.

મહોત્સવ પૂર્ણ થયાને વર્ષો વીતશે, પરંતુ તે હંમેશાં ભાવિકોનાં હૈયે સદા તાજગીભર્યો રહેશે અને પ્રેરણાની ગંગા વહાવતો રહેશે. શતાબ્દીનાં છેલ્લાં સાત વર્ષ દરમ્યાન લાખો આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષોએ તપ, વ્રત કે ભક્તિમય અનેક નિયમોનું અર્ઘ્ય અર્પણ કર્યું છે, તેનું કોઈ દસ્તાવેજીકરણ સંભવિત નથી. આમ છતાં, પ્રકાશના આ શતાબ્દી વિશેષાંકનું આ છેલ્લું પૃષ્ઠ ફલશ્રુતિની અલ્પ આંકડાકીય માહિતી મૂકે છે, જે અંકો મહોત્સવની ભવ્યતાનો કે દિવ્યતાનો પરિચય આપવા માટે સદા વામણાં બની રહેશે.

- **નગરના દર્શનાર્થીઓ : ૧,૨૧,૦૦,૦૦૦થી વધુ.**
- **વિવિધ દેશોના દર્શનાર્થીઓ : કુલ ૪૦ દેશો.**
- **નગરમાં જીવન-પરિવર્તનની પ્રતિજ્ઞાઓ : ૧,૨૩,૦૦૦.**
- **સપ્તવર્ષીય શતાબ્દી પર્વે સંસ્થા દ્વારા શિક્ષણ સેવાઓ :**
  - **■ સ્કોલરશિપના કુલ લાભાર્થી વિદ્યાર્થી : ૨૫,૭૪૮.**
  - **■ નૂતન શૈક્ષણિક સંકુલો : વડોદરા, ગોંડલ (ગર્લ્સ સ્કૂલ, બોય્ઝ સ્કૂલ), જૂનાગઢ, સુરત, ખેડબ્રહ્મા, બોડેલી, ધરમપુર, સારંગપુર સંસ્કૃત મહાવિદ્યાલય.**
- **સપ્તવર્ષીય શતાબ્દી પર્વે સંસ્થા દ્વારા આરોગ્ય સેવાઓ :**
  - **■ સંસ્થાની અમદાવાદ, સુરત, વડોદરા, મુંબઈ, બોટાદ, ડભોઈની હૉસ્પિટલો તથા સેવાભાવી તબીબો દ્વારા નિઃશુલ્ક આરોગ્ય સેવાઓ : ૯૩,૮૦૦થી વધુ દર્દીઓ. ■ ફરતાં દવાખાનાં દ્વારા નિઃશુલ્ક સારવાર : ૧૪,૪૮,૬૦૪ દર્દીઓ.**
  - **■ શતાબ્દી પર્વે કુલ રક્તદાન : ૯૧,૯૪,૬૭૦ સીસી.**
  - **■ કોરોના કાળમાં કુલ સેવા-લાભાર્થીઓ: ૧,૨૫,૦૦,૦૦૦.**
- **શતાબ્દી પર્વે નૂતન મંદિરો : શિખરબદ્ધ મંદિર : ૪, સ્મૃતિ-મંદિર : ૩, હરિમંદિર : ૪૦૧.**
- **શતાબ્દી પર્વમાં વ્યસનમુક્તિ : ૪,૦૦,૦૦૦થી વધુ વ્યક્તિ.**
- **શતાબ્દી પર્વે પારિવારિક એકતાની પ્રેરણા : ૬૦,૫૭,૬૩૫ પરિવારોને.**
- **પ્રકૃતિ સંવર્ધન અભિયાન સંકલ્પ : ૭,૫૦,૦૦૦ વ્યક્તિ.**
- **વીજળી-પાણી બચત સંકલ્પ : ૧૨,૦૦,૦૦૦ વ્યક્તિ.**

ઉપરોક્ત અને અન્ય અનેક વણકહી સેવાઓ દ્વારા જેમનાં ચરણે એક વિનમ્ર ભાવાંજલિ અર્પણ કરાઈ છે, એ સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે શતાબ્દીના પર્વે શત કોટિ વંદન... ◆












## પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનો શાનદાર સમારોહ

**તા. ૧૪-૧૨-૨૦૨૨ના રોજ અમદાવાદ ખાતે સરદાર પટેલ રિંગ રોડ ઉપર ૬૦૦ એકરની ભૂમિમાં નિર્મિત પ્રમુખસ્વામી મહારાજ નગરનું વિધિવત્ ઉદ્ઘાટન કરીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ તથા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સહિત મહાનુભાવોએ શતાબ્દી મહોત્સવનો શાનદાર આરંભ કર્યો. આ પ્રસંગે વિરાટ મેદનીને સંબોધતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભાવુક બનીને પોતાના પિતાતુલ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથેનાં પોતાનાં સંસ્મરણો યાદ કર્યાં હતાં અને તેમનાં ચરણે સમગ્ર રાષ્ટ્ર વતી શતાબ્દી-અંજલિ અર્પી હતી. આ શાનદાર ઉદ્ઘાટન સમારોહનાં કેટલાંક સ્મરણીય દૃશ્યો...** (ઉદ્ઘાટન સમારોહનો વિગતપૂર્ણ અહેવાલ ગતાંકમાં પ્રકાશિત થઈ ચૂક્યો છે.)

આ અંકના લેખન-સંપાદનમાં સહયોગઃ સાધુ અક્ષરવત્સલદાસ, સાધુ અક્ષરજીવનદાસ, સાધુ પરમકીર્તિદાસ, સાધુ વેદકીર્તિદાસ તથા અન્ય સ્વયંસેવકો

Swaminarayan Prakash Gujarati, February-March-2023, Combined Issue Published on 1-3-2023. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month.
Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.





## તીર્થધામ સારંગપુરમાં પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે ચાલી રહેલા સપ્તવર્ષીય પર્વનું એક છેલ્લું ચરણ એટલે તીર્થધામ સારંગપુરમાં પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ. તા. ૨૬-૧-૨૦૨૩ના રોજ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા, સંસ્થાના વરિષ્ઠ સદ્‌ગુરુ સંતો અને હજારો ભક્તોની મેદની વચ્ચે પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિરના ગર્ભગૃહમાં ભગવાન સ્વામિનારાયણ, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે પ્રમુખસ્વામી મહારાજની વિશિષ્ટ મૂર્તિની વેદોક્તવિધિપૂર્વક પ્રાણપ્રતિષ્ઠા થઈ હતી. આ પ્રસંગે પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય સંસ્મરણો દ્વારા તેમના અનંત ઉપકારની સ્મૃતિ કરીને સૌએ તેમને ભાવવંદના કરી હતી. તીર્થધામ સારંગપુર આ સ્મૃતિ મંદિરના સર્જનથી આધ્યાત્મિક દૃષ્ટિએ વધુ સમૃદ્ધ બન્યું છે.

---

Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith.
Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and
published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas